કામિની અને કાંચન.

(ભાગ ૧ થી ૩.)

છ. ના. મેથી

કામિની અને કાંચન.

(સાંસારિક નવલકથા.)

લેખક અને પ્રકાશક,

છગનલાલ નારાયણભાઈ મેશ્રી.

"ગૃહ-લક્ષ્મી, નંદનવનનો નાશ, ઈન્દુકુમારી, રંકનું રત્ન," ઇ. નો કર્તા.

મુ. નાંદોદ.

"Truth is sometimes Stranger than fiction; as the idea that the transmutation of base metals into gold is more likely to be accomplished by the knowledge of forms than by all the rostrums of alchemists and magicians." From selby on

LORD BACON.

વિ. સં. ૧૯૬૯. ઇ. સ. ૧૯૧૩.

આવૃત્તિ ૧લી. પ્રત ૧૦૦૦.

મૂલ્ય, પેપર કવર એક રુપિયો.

„ ક્લોથ બાઈંડીંગ દોઢ રુપિયો.

Registered under Act XXV of 1867.

PRINTED AT
The Diamond Jubilee Printing Press
by
DEVIDAS CHHAGANLAL PARIKH,
AHMEDABAD.

ઉદ્દેશ.

ગુજરાતી સાહિત્યમાં નવલકથાઓનો પ્રચાર વધતો જાય છે. પરંતુ જનસમાજને ધર્મ, નીતિ અને જ્ઞાનને માર્ગે દોરનારી નવલકથાઓનો આપણા સાહિત્યમાં અભાવ છે. એ અભાવ મ્હારા જેવાથી પૂર્ણ થાય એવો નથી. છતાં મને કંઈક એવી ઈચ્છા થઈ; જો કે મ્હારી ઈચ્છા સાહિત્યના શ્રેષ્ટ ઉપાસકોના પ્રયત્નને પહોંચી વળે તેમ નથી, છતાં એ ઈચ્છાને દાબી દેવા કરતાં, તેના પ્રમાણમાં કંઈક પ્રયત્ન થાય તો તે અયોગ્ય નહિ ગણાય, એમ ધારી મ્હેં આ પ્રયત્ન કર્યો છે. આ નવલકથા શ્રીમદ્ રામકૃષ્ણ પરમહંસના અમૂલ્ય ઉપદેશો, તેમણે પ્રસંગવસાત્ કહેલી વાતો અને તેમના સાધક-જીવનના મહાન્ આદર્શો ઉપર લખવામાં આવી છે. કારણ કે ભક્તોનો ભાવ, સાધક-જીવનની શ્રેષ્ટતા, અને સર્વ જીવમાં મહામાયાની પ્રતિ છબી નીહાળવાનો મહાન્ આદર્શ, તેમના જીવનમાં લેખકને જણાયો છે. તેથી જ એ મહાત્માને બ્રહ્માનંદ પરમહંસને નામે આ નવલકથાની વસ્તુમાં મૂક્યા છે અને તેમ કરવામાં તેમના ભક્ત શિષ્ય રાયબહાદુર હારાણચંદ્ર રક્ષિતના પુસ્તકનો મ્હેં આધાર લીધો છે. એ માટે હું તેમનો અત્યંત આભાર માનું છું. કારણ કે આ નવલકથા લખવામાં મને તેમના પુસ્તકે મોટી સહાયતા કરી છે. એ સિવાય બીજું જે કંઈ મ્હારે કહેવાનું છે, તે એટલુંજ છે, કે જે ઈચ્છાએ મને આવો પ્રયત્ન કરવા પ્રેર્યો છે, તે પ્રયત્ન સફળ થશે કે કેમ, તે કહેવાનું કામ પ્રયત્નમાં પ્રેરનારી ઈચ્છાનું નથી, પણ અન્ય વિદ્વાનોનું છે.

નાંદોદ.
(રાજપિપળા)
વસંત પંચમી સં. ૧૯૬૯.

છ. ના. મેશ્રી.



શ્રીયુત ડૉક્ટર દીનશાહ. જે. એદલબેહેરામ.

એલ. એમ. એન્ડ એસ.

સુરત.

ઉત્સર્ગ.

પાંડિત્ય, જ્ઞાન અને સદ્‌ગુણના સૌરભે, જેઓ દેશ
વિદેશમાં પુજનિય છે,
જેઓની તેજસ્વિતા, મનસ્વિતા અને નિઃસ્વાર્થ પરોપકારિતા
મોટામાં મોટા અધમાત્માને પણ નીચા નમાવે છે;
જેઓનો અમાયિક વ્યવહાર અને સામાજિક શિષ્ટાચાર
રંક અને રાયનાં ચિત્ત ઠરાવે છે;
એવા પરોપકારી, ઉદારચેતા, મહાનુભાવ, સજ્જન,

ડૉકટર દીનશાહ જે. એદલબહેરામ.

એલ. એમ. એન્ડ એસ; એફ. આર. જી. એસ. [લંડન.]
મહોદયના પવિત્ર કર કમળમાં

આ

કામિની અને કાંચન

માન અને આભારની લાગણી સાથે

કર્તાએ અર્પણ કર્યું છે.

શ્રીયુત ડૉકટર દીનશાહ જે. એદલબહેરામ.

आदानं हि विसर्गाय सतां वारिमुचामिव ।

रघुवंश. स. ४.

આ નવલકથા ધર્મ અને નીતિને અવલંબીને લખાએલી છે. અને તે એવા જ એક યોગ્ય આદર્શનીય પુરૂષને અર્પણ કરી છે. વાચકવૃંદને તેઓનું ઓળખાણ—અનુકરણીય વૃત્તાંત હોવાથી—આ સ્થળે આપવું ઉચીત ગણ્યું છે.

સુરતના નામાંકિત શહેરી શ્રીયુત ડૉકટર દીનશાહ જીવાજી એદલ બહેરામ મુંબઈ યુનિવર્સિટીના એલ. એમ. એન્ડ એસ. છે. તેઓ સુરતમાં એક બાહોશ અને પ્રખ્યાત ડૉકટર ગણાય છે. રોગીની ઉત્તમ સુશ્રુષા કરનાર એક બાહોશ ડૉકટર તરીકે જ આ ગ્રંથ અર્પણ કરવા તથા વાચકોને તેઓનું ઓળખાણ આપવા અમે પ્રેરાયા નથી. પરંતુ તેઓમાં જે કાંઈ સવિશેષ ગુણો છે, તેથી જ તેઓના તરફ અમારૂં આકર્ષણ થયેલું છે. તેઓનું જીવન વૃત્તાંત આ સ્થળે મૂકવામાં અમે કાંઈપણ અયુક્ત કર્યું નથી, એમ અમારા વાચકવૃંદ તેમનું આ ચારિત્ર્ય વાંચવાથી અમારા સાથે સંમ્મત થશે, એવી અમને આશા છે.

वसुधैव कुटुम्बकम् એ સૂત્રના અનુયાયી આ સમદષ્ટા, જેટલી તવંગર માણસ માટે લાગણી ધરાવે છે, તેથી અધિક લાગણી ગરીબો પ્રત્યે ધરાવે છે. સર્વેને સમદષ્ટિએ નીહાળવા, દીન દુઃખીઓની સેવા કરવી અને પોતાનું જીવન પારકાને માટે ઉત્સર્ગ કરવું એ જ એમનો જીવન—મંત્ર છે. હિતકર અને પ્રિયકર વાણીથી એમણે અનેક દાંભિક અને જડ હૃદયોને મનુષ્ય કર્તવ્ય શીખવી રસવાન કર્યા છે! જાતે પારસી હોવા છતાં તેઓએ પોતાના કુટુંબને વેજીટેરિયન બનાવ્યું છે. મધપાન રહિત જીંદગી મનુષ્યને મનુષ્યત્વ અપાવે છે, એ

એઓનો મુદ્રાલેખ છે. અને તેથી જ મદ્યપાન નિષેધક મંડળોમાં તેઓ પોતાના અમૂલ્ય વખતનો ફાળો આપે છે. પોતે મદ્યપાનથી વિરક્ત છે, એટલું જ નહિ પણ પોતાના કુટુંબમાંથી પણ તેને તિલાંજલી આપી છે. જાણવા જોગ થઇ પડશે કે, એઓ પોતાના દવાખાનામાં પણ સ્પીરીટનો ઉપયોગ કરતા નથી !

પોતે વિદ્વાન થીયોસોફીસ્ટ છે અને તત્વજ્ઞાન મેળવવામાં પ્રબળ ઉત્સાહ ધરાવે છે. એટલું જ નહિ પણ પોતે તત્વજ્ઞાન મંડળીના એક માનવંત અગ્રગણ્ય હોઈ, એ માર્ગના અનુયાયી પંડિતો અને વક્તાઓને પોતાના "શાન્તિ–ભુવન"માં આમંત્રણ કરી, અન્ય જિજ્ઞાસુઓને તેમનો લાભ અપાવે છે. તેઓ પોતાના ધાર્મિક જીવન–વ્યાપારથી, હિંદુ, પારસી, મુસલમાન, આદિ વર્ણોમાં માનનીય પદ ધરાવે છે. વિદુષી બાઈ એની બીસાંટનો ચાહ એઓ પ્રત્યે વિલક્ષણ જ છે. અને તે જ પ્રમાણે થીયોસોફીકલ સોસાઈટીના જાણીતા માનવંત પ્રેસીડેન્ટ કર્નલ ઓલકોટ સાહેબનો આ આદર્શ પુરુષ પ્રત્યેનો ભાવ કાંઇક અલૌકિક જ હતો ! આ દયાળુ અંતઃકરણે ઢલાલખાનાથી તે રાજદ્વારી મંડળો સુધી પોતાનો માનનીય દરજ્જો સ્થાપિત કર્યો છે. ક્રોધ અને અસુયાનું બલીદાન આપી તેમણે જગતમાં ધારેલી સિદ્ધી પ્રાપ્ત કરી છે. **कर्मण्ये वाधिकारस्ते मा फलेषुकदाचन** એ ગીતા વાક્યાનુસાર તેઓએ મનુષ્ય ફરજ બજાવવામાં ધન કે માનની આશા રાખી નથી.

વેદ ઉપનિષદાદિ હિંદુશાસ્ત્રો, વંદીદાદાદિ જરથોસ્તી ધર્મ ગ્રંથો, બાઇબલ, કુરાન, જૈન અને બૌદ્ધ જ્ઞાન ગ્રંથોના તેઓ અભ્યાસી છે. વળી સર્વ ધર્મ પ્રભુના ધામનાં જુદા જુદા માર્ગ માત્ર છે એ વાત પોતાની યુવાવસ્થાથી જ તેઓના હૃદયમાં રમી રહી છે. એથી જ **आत्मवत् सर्व भूतेषु** એ એમનો બીજમંત્ર થઈ પડયો છે.

એઓનાં સુરતમાં ત્રણ ઔષધાલયો છે. તેમાં પોતે પોતાના માતપિતાએ અર્પેલા **દીનશાહ** નામને સાર્થક કરવા અવિશ્રાંત શ્રમ

કરે છે. સાંભળવામાં આવ્યું છે કે; "ડૉકટર દીનશાહના દેખીતાં દવાખાનાં ત્રણ છે. પરંતુ સૌથી ઉત્તમ દવાખાનું એમના હૃદય અને મુખમાં છે!" સારાંશ કે તેમની મધુરી વાણીથી દરદીનું અર્ધું દરદ નાશ પામે છે. એઓનું બહુશ્રુત અનુભવી જ્ઞાન એટલું તો સર્વોત્તમ અને વિશાળ છે કે, લંડનની રોયલ જ્યૉગ્રફીકલ સોસાઈટી જે ઘણી માનનીય અને જગત્ પ્રસિદ્ધ છે, તેના તેઓ ફેલો છે. અને ત્યાંથી તેમને એફ. આર. જી. એસ. લંડનની પદવી પ્રાપ્ત થઈ છે.

પરંતુ આ સર્વ પદવીઓમાં, એક અત્યુત્તમ પ્રભુપદવી એમણે લોકોના હૃદયમાંથી મેળવી છે! લોકો એઓને અનેક અવનવી પદવીઓથી સંબોધી એમના ગુણગાન કરે છે! જગતની અનેક પદવીઓમાં લોકોનો ચાહ અને હૃદયમાંથી ઉભરાતી પદવીઓ જ, ખરી પદવીઓ છે. બાકી અન્ય ઉપાધિઓ તે ઉપાધિઓ જ છે!

તેમની જ્ઞાતિ તેમને એક માનવંત વીરલ ગૃહસ્થ માને છે, તદ્‌પરાંત અન્ય જ્ઞાતિઓ પણ તેઓમાં વિકસતુ પ્રભુત્વ પીછાણી તેમને માન આપે છે, શહેર સુધારક કાર્યોમાં પણ અન્ય ગૃહસ્થો સાથે તેઓ સામેલ રહે છે, અને તેઓની સલાહ કીંમતી મનાય છે, રાજ્યાધિકારીઓના તો તે પ્રિય છે જ. નામદાર સરકાર તેમને રાજ્ય ભક્ત માની રાજ્યતંત્રના અવઘડયુક્ત કાર્યોમાં તેમની સામેલગીરી ઇચ્છે છે. આ નિર્વિકારી નર, પોતાને સોંપાયેલો ભાગ ઉત્તમ રીતે પૂરો કરે છે. તેઓની લોક સેવા અને રાજ્યભક્તિના બદલામાં તેમને સન ૧૯૧૧ ના વર્ષમાં, "કોરોનેશન સીલ્વર મૅડલ" રા. બા. નગીનચંદ હૉલમાં સુરતના કલેકટર મિ૰ એંડરસન સાહેબના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

એઓની કાર્ય કુશળતા અદ્‌ભુત છે, સાંભળવા પ્રમાણે પોતે જ્યારે શહેર સુધારક મંડળના ઉપપ્રમુખ હતા, ત્યારે કૉરપોરેશનના મમતે ચઢેલા કાર્યને તેઓ પોતાની મધુરી વાણી અને અસાધારણ યુક્તિથી પાર પાડતા હતા. અને કુસંપને સુસંપમાં ફેરવી નાંખી અનેક રીતે શહેરનું હિત

જાળવતા હતા. એમની કાર્ય કુશળતાથી જ સુરત મ્યુનિસિપાલીટી, નોન ઑફીસીયલ પ્રેસીડેન્ટ મેળવવાને ભાગ્યશાળી બની હતી.

એઓનો આવો પરોપકારી વ્યવહાર આમ અસ્ખલિત ભાવે ચાલુ જ છે. આ પરોપકારી ગૃહસ્થ હાલ વાનપ્રસ્થાશ્રમ સેવતા દૃશ્ય થાય છે. થોડા જ સમયપર તેઓ પાશ્ચાત્ય પ્રદેશોમાં ફરી આવ્યા છે. વળી મદ્રાસ ખાતે ભરાયેલા થીઓસોફિકલ મંડળને હાજરી આપી હાલ તેઓ પાછા ફર્યા છે. આવી રીતે વિવિધ સ્થળે સ્વાર્થ રહિત ઇષ્ટ કાર્યોમાં તેઓ સદા ફરતા જ રહે છે. આ ભ્રાતૃભાવસાધક નર, હાલ દુર્વ્યસન નિષેધક, જીવદયા પ્રબોધક, અને નીતિ વર્ધક મંડળો પ્રત્યે પોતાના તન મન અને ધનનો વ્યય કરી રહ્યા છે. વળી તેઓ હાલ "વસંત" રાત્રી શાળા સ્થાપી તે માર્ગે નીતિ પ્રવર્તાવવા અને અજ્ઞાન જનોના જ્ઞાન ચક્ષુ ઉઘાડવા મથન કરે છે. એ ઉપરાંત તેમણે સુરતમાં એક "અશક્તાશ્રમ" સ્થાપ્યું છે. જેમાં લુલા, લંગડા, આંધળા, પતિયાં આદિ અપંગ દુઃખી જનોની તેઓ આજ આઠ નવ માસથી સુશ્રુષા કરે છે!

કોઈ પણ જાતના માનની આશા રાખ્યા વિના, દીનજનોની સહાય કરનારા જગતમાં વિરલ જ છે. વાચકવૃંદ! આ પરોપકારી ધાર્મિક ગૃહસ્થ માટે, તમારી પાસે આ લેખકની એટલી જ પ્રાર્થના છે કે,

गेयं गीता नाम सहस्त्रं धेयं श्रीपांते रूपम जस्त्रम् ।
नेयं सज्जन संगाति चित्तम् देयं दीनजनायच वित्तम् ॥

એ શ્રી શંકર ભગવાનના આદેશ પ્રમાણે વર્તનાર, આ આદર્શ ચરિત્ર પુરુષનું ચિત્રપટ પ્રારંભમાં મૂક્યું છે, તે ફરી જો. અને આ પરોપકારી નરરત્ન માટે, આ વૃત્તાંત વાંચી ત્હારા હૃદયમાં ઉચ્ચભાવ સ્ફુરે તો, આવા ઉત્તમ આદર્શ જીવનનું અનુકરણ કરવા સંકલ્પ કર અને પ્રભુ પાસે પ્રાર્થના પૂર્વક માગ કે આવાં અનેક ઉત્તમ નરરત્નો અમારી ભારત ભૂમિમાં પ્રકટો!! અસ્તુ.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૩	૫	ગીષ્મ	ગ્રીષ્મ
૩	૬	ફલ	ફળ
૭	૨	તારો	ત્હારો
૭	૮	કૃતિમ	કૃત્રિમ
૮	૨	મનની	મનના
૮	૩	કહાડી	કહાડયો
૨૩	૯	મારું	મ્હારું
૨૪	૨૪	દેવીમર્તિ	દેવીમૂર્ત્તિ
૩૧	૧૫	સુંદરા	સુંદરી
૫૦	૬	અંતર્યામી	અંતર્યામીને
૫૧	૨૨	નાહ	નહિ
૭૭	૨૩	કહે	કરે
૮૨	૪	મને	મન
૮૩	૧૩	તે અવાજે	અવાજે તે
૮૮	૧	તનમય	તન્મય
૯૨	૧૨	અશ્રપૂર્ણ	અશ્રુપૂર્ણ
૯૪	૧૩	નાહ	નહિ
૯૭	૧૯	સન્યાસીનીના	સંન્યાસીનીના
૯૯	૨૨	સન્યાસીના	સંન્યાસીના
૧૦૩	૧૪	સન્યાસ	સંન્યાસ
૧૦૭	૨૨	શાખવા	શીખવા
૧૦૮	૨૪	થેડા	થોડા

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૦૯	૧૦	તે	તેને
૧૧૨	૧	વાચકોને	વાંચકોને
૧૧૩	૧૯	ખ્યાત	ખ્યાતિ
૧૧૬	૧૫	સન્યાસી	સંન્યાસી
૧૧૮	૧૪	નાહ	નહિ
૧૩૪	૨૦	વિલાસની	વિલાસિની
૧૪૭	૧૩	ધાડયાળ	ઘડિયાળ
૧૪૯	૫	તારો	ત્હારો
૧૫૨	૭	રાજ	રાજ્ય
૧૫૩	૨૫	માહનામાં	મહિનામાં
૧૫૫	૨૦	નાહ	નહિ
૧૬૨	૭	વત્તમાનપત્રમાં	વર્ત્તમાનપત્રમાં
૧૭૮	૨૦	રહ્યા	રહ્યો
૧૮૫	૨૧	ાવચાર	વિચાર
૧૯૯	૨૦	કાલના	કળિના
૨૦૬	૨૨	આહંયાની	અહિંયાની
૨૧૧	૧૦	આવું	આવો
૨૧૨	૧૫	ત્રાપૂટીમાંથી	ત્રીપૂટીમાંથી
૨૨૪	૧૫	તારી	ત્હારી
૨૩૯	૨૩	ખાલ	ખાલી
૨૫૧	૧૨	ચણુમાં	ચર્ણુમાં
૨૫૧	૨૦	સંદરી	સુંદરી
૨૫૩	૧૨	રૂ:ખ	દુ:ખ
૨૫૫	૨૪	કુમદા	કુમુદા

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૬૩	૧	—	છે કે
૨૬૭	૧૦	પોતપોતાન	પોતપોતાનાં
૨૭૧	૧૩	નથા	નથી
૨૭૭	૧૩	હશે	હસે
૨૮૬	૧૩	જમાંમર્દ	જવાંમર્દ
૨૮૮	૫	થઈ	થયો
„	૧૦	સમુદ્રની	સમુદ્રનો
„	૧૦	ગઈ	ગયો
„	૨૨	પાછી	પાછો
„	૨૩	કરી	કર્યો
૨૯૨		—	જોઈ
૨૯૪	૪	હશી	હસી
૨૯૭	૩	આવી	આવો
„	૩	લાગી	લાગ્યો
૩૦૫	૩	સાંભળી	સાંભળ્યો
„	૩	હતી	હતો.
„	૪	પ્રાતધ્વનિ	પ્રતિધ્વનિ
૩૧૪	૧૫	ધ્વનિની	ધ્વનિનો
„	૧૫	કરી	કર્યો
„	૨૩	નીકળી	નીકળ્યો
૩૧૫	૫	જનનાએ	જનનીએ
„	૧૦	મહાધ્વનિની	મહાધ્વનિનો

કામિની અને કાંચન.

ભાગ ૧ લો.

કામિની—જનની.

કામિની અને કાંચન.

પ્રકરણ ૧ લું.

સંત સમાગમ.

મનહર મુંબાઈ નગરીની ચોપાટીથી થોડે દૂર, હાલ જ્યાં બાબુલનાથનું ભવ્ય અને વિશાળ મંદિર છે; ત્યાં જ્યારે વેરાન જેવું હતું, અને શ્રી બાબુલનાથ સુંદર દેવાલયને બદલે, બાવળના ઝાડ નીચે વિશ્રામ કરતા હતા; ત્યારે એટલે એ મંદિર બંધાતાં પહેલાં આસરે પચીશ વર્ષની વાત ઉપર, ત્યાં એક જીવનમુક્ત મહાત્મા આવીને રહ્યા હતા. તેઓ એક સિદ્ધ પુરુષ હતા અને તેમનામાં કેટલીએક એવી દૈવી શક્તિઓ હતી કે, જેથી ઘણા લોકો તેમની અંતઃકરણથી ભક્તિ અને શ્રદ્ધા રાખતા હતા. તેમનું નામ બ્રહ્માનંદ પરમહંસ હતું. કેટલાકો તેમને એકલા પરમહંસને નામે પણ ઓળખતા હતા.

એક દિવસે સાયંકાળે ચોપાટીપર ફરતાં ફરતાં, બે યુવકો કંઈક કૌતુકથી એ મહાત્માના દર્શન માટે તેમના આશ્રમમાં આવી ચડયા. દૂર સમુદ્રની ગંભીર ગર્જના થતી હતી, અને તે સમુદ્રના કાંઠાને સુશોભિત કરતો પરમહંસનો આશ્રમ અથવા, "શાન્તિ નિકેતન" શોભી રહ્યો હતો. આ વખતે પરમહંસ એક વિશાળ વડની શીતળ છાયા નીચે બેઠા બેઠા આવેલા ભક્તમંડળની સાથે ધર્મચર્ચા કરતા હતા.

પરમહંસનો ઉપદેશ સાંભળવા બેઠેલા, પાંચ દશ માણસોમાંથી એક માણસે કંઈક ભાવથી વાત ઉપાડી. "પ્રભુ! આપ જે કહો છો તે ખરું છે. ભગવાનની કરુણાની સીમા નથી. જીવના રક્ષણને માટે તેણે અન્ન અને પાણી સિવાય, જે કાળે જે વસ્તુ જોઇએ તે તેણે જોઈના પ્રમાણમાં સૌને આપી દીધી છે. આહા! આ ગીષ્મઋતુ જુઓને; કેવાં કેવાં ફલફૂલથી તથા મંદ અને મધુરા પવનથી આપણને સુખકર લાગે છે!"

પોપટની પેઠે બોલાયેલાં આવાં કૃતિમ, આંતરિકતા શૂન્ય વચનો, પરમહંસને તો ઠીક લાગ્યાં નહિ. તેઓ તેને બોલતા અટકાવીને બોલ્યા. "ફક્ત એટલું જ કેમ? આવા દિવસોમાં સુંદરીનું શીતળ અંગ-તે વળી ચંદન ચર્ચીત હોય તો, કેવું સુખકર લાગે?"

પરમહંસ બોલવા બેસતા, ત્યારે આઘુંપાછું જોતા ન હતા. પોતાને જે ખરું લાગતું તે કહી દેતા હતા. હાલની સભ્યતા તેઓ જાણતા ન હતા. અને એવા જીવનમુક્ત મહાત્માને એવી આડંબરવાળી સભ્યતા જાણવાની જરુર પણ ન હતી.

પરમહંસનાં આવાં વચનો સાંભળી, તે તત્વ જિજ્ઞાસુ માણસ શરમથી ગળગળો થઈ ગયો. તેનો ક્ષણિક સ્મશાન વૈરાગ્ય જરી વારમાં જતો રહ્યો. તે પોતાના મન સાથે સમજ્યો કે, આ અન્તર્દર્શી સાધકે, પોતાની પ્રખર અન્તરદૃષ્ટિના બળે, તેના અંતરની વાત ચોખ્ખી કહી દીધી છે. તે મનમાં ને મનમાં પસ્તાયો અને શરમાઇને બેસી રહ્યો!

પરમહંસ તે સમજી ગયા, તેથી અમૃત સમાન શીતળ કંઠે હસતા હસતા તેઓ ફરી તેને કહેવા લાગ્યા. "જુઓ ભાઇ; આ વાત મ્હેં તમારા એકલા માટે જ કહી નથી. આ દુનિયા પણ એમાં જ રમી રહી છે. તેમાં હું પણ આવી ગયો હોં! હું કંઈ તમારાથી જુદો નથી! મ્હારા મ્હોંડા સામું શું જુઓ છો? હું ધોળાં વસ્ત્રોએ પ્હેરૂં

છું અને કોપીનએ ધારણ કરું છું. પણ તેથી કોઈ કોઈ વાર વીજળીની પેઠે મારા શરીરમાં ધક્કો લાગે છે! ઓ: મા–મા–મા– !–"

દડ દડ ધારે પ્રેમાશ્રુ પડતાંની સાથે, આ મહા પ્રેમીક સમાધિસ્થ થયા. એક શિષ્ય વહેલો વહેલો આવી, તેમના કાનમાં ગંભીર સ્વરે "મા–મા" ધ્વનિ કરવા લાગ્યો.

માતૃનામનાં મહામૃતપાને સજીવ થઇ, આ ભક્ત સંતાન પાછા બેઠા થયા. અને ફરી તેવા હસ્તા મ્હોંડે તેઓ કહેવા લાગ્યા, "જુઓ ભાઇઓ; મનમાં જે જે વાસનાઓ હોય, તે તે સૌ મન ખોલીને માને જણાવો. મા તે જરૂર સાંભળશે. મનમાં કંઈ ચોરી રાખીને માગશો તો તે મળવાનું નથી. અરે સિદ્ધેશ્વર! પેલું તું શું ગાતો હતો? "ભાવના ધરમાં જે ચોરી કરે" તે ગાતો વારું."

શિષ્ય સિદ્ધેશ્વરે, ગુરૂની ઉત્કંઠા પ્રમાણે ગાવા માંડયું.

ભાવના ધરમાં જે ચોરી કરે;
તે અહીં ને તહીંથી રખડી જાય!
વ્યર્થ વીતાડી જીવન પોતે;
જ્યાં જાય ત્યાં ઠોકર ખાય!

આચાર્ય ઉત્સાહભેર બોલી ઉઠયા, "ખરેખર; ઠોકર ખાય એમાં નવાઈ નહિ. તમે એક તરફ મનમાં ને મનમાં કોઇ સુંદરીનું મનોહર મુખડું સંભારો; વળી બીજી તરફ આના પાઇનો હિસાબ કરો અને મ્હોંડે "મા મને તાર!" એવું કહો; તે શું મા સાંભળે? ના, કદી નહિ! જે તે એકને વળગો. તે તમને પાર ઉતારશે! મા કલ્પતરુ જેવી છે! કલ્પતરુની પાસે માગવા જઇએ અને ભાવના ધરમાં ચોરી કરીએ તે કેમ બને? તે વખતે તો ભાવ–સાધનમાં અકપટ, એકનિષ્ટ થવું જોઇએ. ભાઇ! તમે બન્ને જણા કોણ છો, ક્યાંથી આવો છો?"

આપણા પેલા બે યુવકો આજે કંઈક કૌતુકથી, અહિંયાં આવ્યા હતા. અને અત્યાર સુધી શાન્તપણે પરમહંસની અમૃતમયી વાણી સાંભળતા બેઠા હતા, તેમાંનો એક યુવક પરમહંસના પૂછવાથી નમ્રપણે બોલ્યો, "મહારાજ, મ્હારું વતન સુરત છે, પણ ઘણો વખત થયાં હું અહિંયાં રહું છું. સ્વામીજીના દર્શન માટે અમે આવ્યા છિયે."

"એમ કે? તમારું નામ શું?"

"મ્હારું નામ મનુભાઈ છે; અને આ મ્હારા મિત્રનું નામ ધનુભાઇ છે."

"હં, ઠીક, પણ જુઓને ભાઈ! આ પાંચ માણુસોએ મળીને મને અવતારી પુરુષ ઠોકી બેસાડયો છે, હું સમજું છું કે, એ લોકો મ્હારું બગાડવા બેઠા છે. પણ કરું શું? એમની આગળ મ્હારું કંઈ ચાલતું નથી. પણ તમે એમનામાં ભળીને, એમના જેવા થશો નહિ! નહિ તો તમારો આ લોકે બગડશે અને પર લોકે બગડશે. હું તો એક નિરક્ષર મૂર્ખ છું. તે મ્હારી વાતચીત ઉપરથી તમે સમજી ગયા હશો!"

"આપ એવું ન બોલો. એથી અમારું અશુભ થશે. આપ તો ઇશ્વરને જાણનારા મહાપુરુષ છો!" મનુભાઈ બોલ્યો.

"તમે પણ આ લોકો જેવું જ બોલો છો—બોલો બોલો—મહાપુરુષ—પુણ્યશ્લોક—ઇશ્વર અવતાર—સાક્ષાત્ શિવ—બોલો જે બોલવું હોય તે બોલો! પણ જુઓ ભાઇ, તમે તમારું હિત જુઓ કે ન જુઓ, પણ ધર્મના અહંકારે ફુલાવીને, તમે કોઇને મારી નાખશો નહિ; તેનું અહિત કરશો નહિ! જીવને અધોગતિએ પ્હોંચાડનારો, એના વિના બીજો કોઈ માર્ગ નથી!"

"મહારાજ! એમ ન બોલો. અમે તો આપના દર્શનને માટે અને કંઇક જાણવાને માટે અહિં આવ્યા છિયે!" મનુભાઈ દીનપણે બોલ્યો.

"પણ બાપુ, હું તો મારણ–મોહન કંઇ જાણતો નથી. જ્યોતિષનો ધંધો પણ મ્હારો નથી. તમે નકામા અહિં અથડાવા આવ્યા."

તે કૌતુકી યુવકોમાંનો એક યુવક–ધનુભાઈ; પરમહંસના આ ઉત્તરથી કંઇક ચમક્યો. કારણ કે તે પોતાના ઘેરથી નીકળ્યો ત્યારે, એક પ્રશ્ન ધારીને નીકળ્યો હતો; અને હમણા પણ તેના જ વિચારમાં તે રમતો હતો!

બીજો યુવક મનુભાઇ, હજુ પણ ઉત્કંઠિત છે. તે પહેલાંની પેઠે દીન વચને બોલ્યો, "આપના મ્હોંડેથી બે ચાર ધર્મની વાતો સાંભળીશું તો કૃતાર્થ થઇશું."

તે નિરહંકાર–સાક્ષાત્ સરળતાની પ્રતિમૂર્તિ,–દિવ્ય પુરુષ, મોટેથી હસીને બોલ્યા,–"બાપુ, હું તો એક મૂર્ખ નિરક્ષર બળદ જેવો છું. હું શાસ્ત્ર કે ધર્મ કંઈ જાણતો નથી, તો બીજાને શું ઉપદેશ આપું? મ્હારે પોતાને શો જવાબ દેવો તે જ હું સમજી શકતો નથી."

એવામાં સમુદ્ર કાંઠે દૂરથી કોઈના ગાવાનો અવાજ સંભળાયો.

यह संसार धोकेकी बाजी!
आनंद लूटो रहो नित राजी!

રોમાંચિત થઇને પરમહંસ મનુભાઇ પ્રત્યે બોલ્યા, "આ શાસ્ત્રની વ્યાખ્યા સાંભળો–સાર કથા સાંભળો–કેવળ આનંદ લૂટો અને આનંદમાં રહો!!"

મનુ—પ્રભુ; એ આનંદ કઇ રીતનો?

પરમ—એ આનંદ કઇ રીતનો? એની હું તમને સમજણ પાડું? હં; ઠીક વાત સાંભરી આવી. હું એક દિવસે સમુદ્ર કાંઠે ફરતો હતો, ત્યાં કેટલીક સ્ત્રીઓ ન્હાતી હતી. તેમાંની એક સ્ત્રી બીજી સ્ત્રીને પૂછવા લાગી, "બ્હેન! તારો કાલનો દિવસ કેવા આનંદમાં ગયો?" હું સમજ્યો કે, તેનો પતિ ઘણે દિવસે ઘેર આવ્યો હશે, તેથી તેણે

આવો પ્રશ્ન પૂછ્યો છે. તેના ઉત્તરમાં તે સ્ત્રી બોલી, "બ્હેન; એ આનંદની વાત હું તને કેવી રીતે સમજાવું. જ્યારે તારો વખત આવશે ત્યારે તું એ આનંદની વાત પોતાની મેળે જ સમજીશ!" મ્હેં મનમાં વિચાર્યું કે, ખરેખર એ દામ્પત્ય મિલનનો આનંદ બીજાને સમજાવાય તેમ નથી. બાપુ શું સમજ્યા? ઈશ્વરને જે કાન્ત ભાવે ભજે અને પોતે તેની કાન્તા થાય; તો તે આ બન્ને રમણીનો જે આનંદ તમે સાંભળ્યો છે, તે દામ્પત્ય રમણના આનંદ કરતાં પણ વધારે તૃપ્તિકર આનંદ તેને મળે! પણ કહેવાનું એટલું જ કે, એક સામટા એ બે આનંદ મળે તેવા નથી. આનંદનું એ સ્વરૂપ હું તમને કેવી રીતે સમજાવું? તમે જ્યારે એ માર્ગના પ્રવાસી થશો, ત્યારે સૌ પોતાની મેળે સમજશો!"

મનુ—પ્રભુ! તે શુભ દિવસ શું આ અભાગીના ભાગ્યમાં સર્જેલો છે? મા શું મ્હારી પર કૃપા કરશે?

પરમ—તમે શું કહ્યું? મા કૃપા કરશે? માનો શું તમે કદી વિચાર કરો છો? માની આનંદમયી મૂર્તિ તમે કદી જોઇ છે? હા; તે પણ ખરું! જેને તમે કદી જોઈ નથી, તેને તમે ધારી પણ કેવી રીતે શકો? તમે જોઇ છે કેવળ * * * * * * બીજું આગળ કહું—"

આ સાંભળી મનુભાઇ એકદમ કંપી ઉઠયો. તેના મનની ખાત્રી થઇ કે, મ્હારા હૃદયમાં અતિ નિર્ભય સ્થાને સંતાયેલી છબી,-પરમહંસના સ્વચ્છ માનસ-દર્પણમાં, ઉજ્જવળ રૂપે પ્રતિબિંબિત થઇ છે!

તો પણ તે હિંમત ધરીને બોલ્યો, "પ્રભુ! જે કહેવું હોય તે નિશંકપણે કહો. મને આશા છે કે, આપના પાદસ્પર્શે, મ્હારા મનનો મેલ હું એક દહાડો ધોઈ નાંખીશ!"

પરમ—પૂર્વ જન્મની સુકૃતિ વડે, તમે પોતે પોતાનું સુધારી શકશો. હવે મ્હારી ખાત્રી થઇ છે કે, તમે તમારા મનની વ્યાધિને પારખી કહાડી છે. કેવળ દુર્જય સંસ્કારોથી, તમે તે વ્યાધિનો પ્રતિકાર કરી શકતા નથી. એક હાથ આગળ વધતા નથી ત્યાર પહેલાં દશ હાથ તમે પાછા હઠો છો. કેમ, એમ જને ? તમારી આશા ફળીભૂત થશે, પણ હજુ તેને વાર છે. હજુ કેટલોક વખત તમારે સંસારના ભોગો ભોગવવા પડશે. પછી પોતાની મેળે તમે ઠેકાણે આવશો.

મનુ—પ્રભુ જો ચર્ણમાં સ્થાન આપે તો, હું ફરી સંસારમાં પડું નહિ ! પરમહંસ એકદમ ગભરાઇને બોલી ઉઠયા, "બાપરે બાપ ! સો સાપને હું સાથે રાખી શકું, પણ તમારા જેવાને એક ઘડી પણ મ્હારાથી રખાય તેમ નથી !" આટલું કહ્યા પછી, પાછો તેમને કંઈક વિચાર થયો; તેથી મધુર વચને ફરી તેઓ બોલ્યા,—"ભાઇ; માઠું લગાડશો નહિ ! હું તો મૂર્ખ છું. મારો સ્વભાવ જ એવો છે. એટલે હું કેમ કરૂં ? તમે કૌતુકથી બન્ને મિત્રો મને જોવાને માટે આવ્યા છો—તે તમે મને જોયો. હવે ઘેર જાઓ; જાઓ, જેનું મ્હોડું જોઇને આવ્યા છો–ગભરાશો નહીં–તે જલદીથી તમને મળશે. તે પણ તમારા જેવી જ સ્થિતિ ભોગવે છે !

આ વખતે મનુભાઇનું મ્હોડું ઉતરી ગયું !

પરમહંસે તે જોયું. હસ્તા હસ્તા ફરી તેઓ બોલ્યા, "તેથી જ કહું છું બાપુ ! તમે જોયું છે, કેવળ સુંદરીઓનું સુંદર સ્વરૂપ, અને તેમના મનોહર હાવભાવ ! પણ તેની અંદર માની આનંદમયી મૂર્તિ વિરાજ કરે છે, તેનો વિચાર તમને રૂપના નિશાને લીધે થતો નથી ! પણ થાય ક્યાંથી ? તમારી તૃષ્ણા બહુ છે. એક રોગી કરતાંએ તમારી તૃષ્ણા વધારે છે; તમારી તે દુર્જય રૂપ તૃષ્ણા સહેજ પણ ઓછી થયા વિના, શું તમે કદી પણ બીજે માર્ગે જઇ શકશો ? કદી પણ

નહિ, તેવી શક્તિ તમારામાં ક્યાંથી હોય ? અહિં બેઠાં બેઠાં પણ તમે તેના સુંદર મુખાર્વિંદનું ધ્યાન ધરો છો; કેમ હું ખરું કહું છું ને ? તમે ગુસ્સે થાઓ અથવા મનમાં આવે તેવી ગાળો દો; પણ જે ખરું હતું, તે મ્હેં કહી દીધું છે. હવે તમે તમારા ધર્મ પ્રમાણે વર્ત્તો. તોપણ અંતે તમારો જય છે. તમારું ભાગ્ય સારું છે એટલે તમે સુધરશો–સતિ સ્ત્રીના પુણ્યથી તમે સુધરશો !"

આ વખતે તે યુવકને જાણે નવું બળ આવ્યું હોય, તેમ તે કંઈક ઉત્સાહથી બોલ્યો, "મને તેવી આશા ન હોત તો, હું આપની પાસે આવી વાત કરત જ નહિ. તો પણ પ્રભુ; મ્હારાપર કૃપા દ્રષ્ટિ રાખજો–સેવકને સંભાળજો !–"

પરમ—મ્હારી સંભાળ તમને શું કામ લાગશે ? જેમ બને તેમ મન મૂકીને માને સંભારજો, તે તમને માર્ગ બતાવશે ! જ્યારે વખત મળે ત્યારે માના પાદપદ્મ અંતરમાં સ્થાપી, પશ્ચાતાપનાં ઉન્હાં આંસુથી તેની અર્ચના કરજો ! તમે સર્પટ પાષાંડ છો તેથી પરિત્રાણ પામશો !"

મનુ—પાષાંડનું પણ પરિત્રાણ છે ?

પરમ—હા; કેમ નહિ ? પાષાંડ જો સર્પટ એટલે સરળ બને, તો, શું મા તેના પર કૃપા કર્યા વિના રહે ખરી ?

ત્યાર પછી મનુભાઇના પેલા મિત્ર, તરફ જોઇને પરમહંસ બોલ્યા.

"કેમ ભાઈ; તમે તો કંઇ બોલતા જ નથી ? મનમાં ને મનમાં શાનો વિચાર કરો છો ? પૈસાનો ? તે તો તમને મળશે. ખૂબ મળશે. માગો છો તે કરતાંએ વધારે મળશે. અરેરે ! પૈસા સિવાય, દુનિયાની બીજી કોઈ વસ્તુ તરફ તમારું લક્ષ જ નથી ! માન અપમાન, દયા માયા, ધર્મ કર્મ, એ સૌને તમે ઘોળીને પી ગયા છો ! પણ ભાઈ; પૈસાને માટે એટલી બધી ફિકર ન કરો. તમને પૈસો મળશે. કારણ કે લોકોનાં ગળાં રહેંશનારા ચોર અને લૂટારા કરતાં તમારી છાતી જબરી છે. પણ ભાઇ ! અંતે તમારો જય નથી ! "

મનુ—સ્વામીજી એ મ્હારા મિત્ર છે તેથી—

પરમ—ભાઈ; એમાં સરશીફારસનું કામ નથી. તમને ઘણા મિત્રો મળશે. અને ઘણા થશે. તમે મૂર્ખના શિરોમણિ છો. માણસ ઓળખવાનું કામ તમારું નથી. તે માટે તમે નકામી માથાફોડ કરશો નહિ! તમારા આ મિત્રને પૈસાનો બહુ લોભ છે. તે ધૂળની મૂઠી ભરશે તો સોનાની થશે. કેમ બાપુ; ઘેરથી એજ પૂછવાનું ધારીને તમે નીકળ્યા હતાને ?

ધનુભાઈ નામનો તે યુવક, આ સાંભળી બહુ આશ્ચર્ય ચકિત થઈ ગયો. "આ શું? આ ગાંડો બ્રાહ્મણ કંઈ વાક્‌સિદ્ધિવાળો તો નહિ હોય?!"

ભયથી તેનું સર્વ શરીર કંપી ઉઠયું. તેણે ઉઠવાની તૈયારી કરવા માંડી.

પરમહંસની તે જાણ બહાર ન હતું. તેઓ હસતા હસતા બોલ્યા, "હં; સમજ્યો. તમે શરમાઓ છો શું કરવા? અને ઠાલી માથાફોડ પણ શું કરવા કરો છો? તમે તમારા ઘેર બેઠા હશો, ત્યાં એક કરોડપતિ આવીને તમારો હાથ ઝાલશે અને તે તમારી ત્રીજોરી તર કરી આપશે! લાખો અને કરોડોની તમે ઉથલપાથલ કરશો. પણ આની સોબત તમે કરશો નહિ, કારણ કે એને પૈસાની પીછાન નથી!"

એ સાંભળી મનુભાઈ બોલ્યો, "એઓ વિદ્વાન છે. બી. એ. પાસ થયેલા છે."

"એમ કે? ત્યારે તો વળી વધારે સારું! બન્ને જોર એકઠાં મળ્યાં છે. એટલે બેમુખી શસ્ત્રના જોરે, એઓ પોતાનો રસ્તો ઠીક મોકળો કરી શકશે!"

ધનુભાઈ હજુ પણ નિરુત્તર હતો. જો કે આ વાતચીત તેને મન રુચતી થતી હતી, પણ શરમને લીધે તે કંઈ બોલતો ન હતો. તે કેવળ નીચે મ્હોંડે સાંભળ્યા કરતો હતો.

પરમહંસ બોલ્યા, "માયાની બલીહારી છે! આવું આકર્ષણ મ્હેં કંઈ પણ જોયું ન હતું તે આજે જોયું! જુઓને લોઢાને ચુંબકનું આકર્ષણ છે. પતંગને દીપકનું આકર્ષણ છે અને કીડીને સાકરનું આકર્ષણ છે. પણ આ તો બે મૂર્તિના એકજ માણસને જુદાં જુદાં આકર્ષણ છે. એકને કામિનીનું અને બીજાને કાંચનનું!"

ફરી ધનુભાઈ તરફ જોઇને તેઓ કહેવા લાગ્યાઃ—

"તમારા પૂર્વ જન્મના સંસ્કાર પ્રમાણે તમને મળશે, કાંચન તમને મળશે. તમે બબ્બે હાથે પૈસો ઉછાળશો અને તમારો આ મૂર્ખ મિત્ર, પ્રથમના નિશામાં મસ્ત થઈ પોતાનું સર્વ નાશ કરશે! તે પોતાનો તેમજ પારકાંનો વિચાર કરશે નહિ. પણ તમે બન્ને મિત્રો ઠીક મળ્યા છો. વાહ! નામ પણ કેવાં મનુ અને ધનુ? જાણે બન્ને માણેકની જોડ અને કામિની, કાંચનની સોડમાં સુતેલા દેખાઓ છો! અરેરે! મા રે! ઓ મા રે! મને સંભાળ; તારે ખોળે લે!! આ વીજળીની પેઠે મારા શરીરમાં અહંકારનો અગ્નિ સળગી ઉઠયો છે. તેને નીવાર, શાન્ત કર! ના ભાઇઓ; તમે મ્હારા કરતાં મ્હોટા છો, વિદ્વાન છો, મૂર્ખાઇથી ફુલાઇને હું તમને શીખામણ આપું છું, પણ મ્હારુંજ કયાં ઠેકાણું છે? મને ક્ષમા કરો, ભાઇઓ; મને તમારા પગમાં પડવા દો! સંસારમાં કામિની અને કાંચનનો મોહ કોને નથી હોતો? જેને ન હોય તે સાધુ—મા—મા!—"

અશ્રુજળે વક્ષઃસ્થળ ભીંજવી, આ માતૃભક્ત મહાત્મા, પાછા સમાધિ પ્રાપ્ત થયા. અહા; કેવું અનિર્વચનિય—તે સૌમ્ય, શાન્ત સરળ મુખારવિંદ! સમાધિ અવસ્થામાં પણ, તેમના મુખ પર મધુર હાસ્ય વિરાજ કરી રહ્યું છે!

એક શિષ્ય, પહેલાંની પેઠે ગુરૂના કાનમાં અમૃતમય માતૃ નામ ઉચ્ચારવા લાગ્યો. જીવનમુક્ત મહાપુરુષ, પ્રકૃતિસ્થ થઇને પાછા વાતચીત કરવા લાગ્યા.

પાછી તે ભાવની વાતો, ભક્તિની વાતો, મધુર ભાષામાં થવા લાગી. ફરી પાછાં દર્શક અને શ્રોતાવૃંદ એક ચિત્તે પરમહંસની અમૃતમયી વાણી સાંભળવા લાગ્યાં.

એટલામાં આકાશ વાદળાંઓથી ઘેરાઈ ગયું. ભગવાન્ દિનમણિ પણ એ કાળાં વાદળાંઓમાં સંતાઈ ગયા. પક્ષીઓ કલરવ કરી ઉડયાં. પ્રકૃતિએ એકદમ મ્લાનમૂર્તિ ધારણ કરી દીધી!

દુરથી ઘૂ ઘૂ કરતો અવાજ સૌને કાને પડયો. એટલામાં એક ડોસી દોડતી દોડતી આવી પરમહંસને કહેવા લાગી, "ભાઈ, ચાલ ચાલ. સમુદ્રમાં મોજાં આવે છે, ચાલ જોવાં હોય તો ચાલ!"

"હં: મોજાં આવે છે?" કહી તરત જ પરમહંસ ઉભા થયા અને એક બાળકની પેઠે કૌતુક પામીને મોજાં જોવા દોડયા! પણ તેથી તેમની કેડે વીંટાળેલું વસ્ત્ર ઢીલું હોવાથી નીચે સરી પડયું, તેની ખબર પણ તેમને રહી નહિ! નિર્વિકાર મહાપુરુષ તેવા દિગંબર વેષે, સમુદ્રમાં ઉપરાછાપરી આવતાં મ્હોટાં મ્હોટાં મોજાં જોઇને પરિતમ થયા! ચિત્તને ઉન્માદ સ્થિતિમાં લાવી નાંખે એવો તે વખતનો દેખાવ હતો. અગાધ જળરાશિએ સમુદ્રને પરિપૂર્ણ કરી, આકાશ અને પૃથ્વી વચ્ચે જળમય સૃષ્ટિ રચી હોય તેમ જણાતુ હતું. જો જોતામાં મોજાં આવતાં ઓછાં થયાં એટલે પરમહંસ પ્રીતિ પ્રફુલ્લિત ચિત્તે આશ્રમ ભણી આવવા લાગ્યા. તે વખતે પણ તે નિઃસંકોચ નગ્ન મૂર્તિ હતી. જેમાં વિકારનો લેશ માત્ર પણ અંશ ન હતો!

રસ્તામાં તેમને શ્રોતા વૃંદ મળ્યો. તેઓમાંથી કોઈ પાઘડીઓને દાબતા તો કોઈ ધોતીયાંનો છેડો હાથમાં લઈ, ડોલતા ડોલતા સમુદ્ર ભણી જતા હતા!

પરમહંસથી આ જોઈ રહેવાયું નહિ. તે ધિક્કારથી તેમની તરફ જોઈ કહેવા લાગ્યા, "જાઓ સાળાઓ! હમણા તમને ફુરસદ મળી?

સમુદ્રમાં આવનાં મોજાં કંઇ તમારા બાપનાં બંધાયેલાં છે કે, તે તમારી વાટ જોઇને ઉભાં રહે! **અરે;** અભાગીઓ! ઈશ્વરને જોવા હોય તો આવી જ રીતે જોવા જોઇએ. આવી એકાગ્રતા, વ્યાકુળતા અને એકનિષ્ટ થઇને દોડવું જોઇએ. એક ઠેકાણે કહ્યું છે કે, "**લજ્જા, માન અને ભય એ ત્રણ હશે તો નહિ!**"

શ્રોતા વૃંદ શરમાઇને પાછો વળ્યો. એક શિષ્યે પરમહંસની કેડે પાછું વસ્ત્ર વીંટાળી દીધું.

તે વખતે પરમહંસને શુદ્ધિ આવી. "અરેરે! એમાં તમારો દોષ નથી. તમે તો સંસારી છો. તમારો અભ્યાસ જ એવો છે, ત્યાં તમને હું કેમ દોષ દઉં? મ્હેં તો લોક લાજ મૂકી દીધી છે–મ્હોંડાનો અને આંખનો પડદો પણ તેવી રીતે ઉડી ગયો છે. તેથી બાપ બોલતાં હું સાળો બોલી જાઉં છું! હં; ખરેખર, હું નગ્ન થઇને દોડયો હતો? પણ તેમાં શો દોષ છે? જન્મ પણ નગ્ન સ્થિતિમાં થયો છે અને જવું છે પણ તેવી જ નગ્ન સ્થિતિમાં. કેવળ વચ્ચે કર્મની બેડી પડી છે. એ બેડી શું હવે નહિ તૂટે? હાયરે! ઓ મા રે! ઓ–મા–મા–મ્હારે ક્યાં સુધી—!"

એટલું કહી પરમહંસ અટક્યા અને રોમાંચિત થઇને મનમાં માની પ્રાર્થના કરવા લાગ્યા.

પ્રકરણ ૨ જું.

હા, કે ના?

"લજ્જા, માન અને ભય, એ ત્રણ જ્યાં સુધી હશે, ત્યાં સુધી નહિ બને એવું જ ત્હારું કહેવું છે ને?"

"હા."

"એ ત્રણે કદાચ રહે ત્યારે કેમ કરવું?"

"કરવાનું શું વળી? બધી આશાઓ છોડી દેવી!"

"તું મ્હારું માને તો, હું બધી આશાઓ છોડી દઉં!"

"જુઠ્ઠી વાત! તે તમારાથી નહિ બને. પહેલાં એ આશા મૂકી દો!"

"શું તારી આશા મૂકી દઉં? દેહમાં પ્રાણ છે ત્યાં સુધી તો નહિ બને!"

"જુઓ; તમારું કામ એ નથી. હું તમને ફરી ફરીને કહું છું કે, મ્હારી આશા મૂકી દો!"

"સુંદરી; તું શું કહે છે? ત્હારા માટે તો મ્હેં મ્હારી બીજી બધી આશાઓ મૂકી દીધી છે, તો હું ત્હારી આશા કેમ મૂકી દઈશ!"

સુંદર મુખે સુંદર હાસ્ય કરતી સુંદરી બોલી, "તમે તમારી કોઈ પણ આશા મૂકી નથી. તમારા મનમાં બધી આશાઓ હજી જીવતી છે! તો શા માટે મને સતાવો છો!" એટલું કહી તે પોતાના મન સાથે બોલી, "જોઉં તો ખરી, કયાં સુધી એ પોતાના વિચારમાં દ્રઢ છે!" રૂપ તૃષ્ણાથી જર્જરિત થયેલો યુવક, કંઈક આવેશથી બોલ્યો, "તું છેક આવી નમેરી શું થાય છે? શું હું તને ચહાતો નથી?"

સુંદરીએ પહેલાંના જેવા જ હસતા મુખડે ઉત્તર દીધો, "હાલ તમે મને ચહાવ છો ખરા, પણ ફરી એ નિશો રહેવાનો નથી."

"ત્હેં શું કહ્યું ?—નિશો–? પ્રેમનું નામ શું નિશો ?!"

"હા—નિશો;–ફક્ત આંખનો નિશો:–પ્રાણનો નિશો–અંતરનો નિશો તમારી અને મ્હારી વચ્ચે થયો નથી. તે જો થાત તો, હું તેને પ્રેમ કહેત !"

"એક બે દિવસમાં તે કંઇ થઇ શકે ? આંખે જોતાં જોતાં મનમાં ઠસે. વળી મનમાંથી પ્રાણમાં—"

"કહેતા જાઓ;—કહેતા જાઓ;—અટકયા કેમ ? પ્રાણથી આત્મામાં અને આત્મામાંથી–"

તે યુવક બોલ્યો, "એ હસવાની વાત નથી. મોટા મોટા વિદ્વાનો પણ કહી ચૂકયા છે કે, પ્રેમજ સ્વર્ગ છે; અને સ્વર્ગનું નામ જ પ્રેમ છે!"

"એ બધી પોથીમાંની વાતો છે!"

"ત્યારે હવે કરવું છે કેમ?"

"કરવાનું શું વળી? બે દિવસને માટે એવો નિશો કરવાની શી જરુર? સંસારમાં સૌ કોઇ સહન કરતું આવ્યું છે, તેમ આપણે પણ સહન કરવું !"

નવ અનુરાગથી પ્રમત્ત બનેલો યુવક, એક દીર્ઘ નિશ્વાસ મૂકી બોલ્યો, "ત્યારે ત્હેં મને શા માટે મોહિની લગાડી? ત્હારી લાવણ્ય-મયી મૂર્તિ દેખાડીને, ત્હેં શા માટે આ અભાગીના અંતરમાં, સ્વર્ગની સુંદર છબી આંકી ?!"

સૌંદર્યથી સોળ કળા પૂર્ણ,–સુંદરી પોતાના મનમાં બોલી, "મ્હેં તને મોહિની લગાડી તેવી ત્હેં મને કયાં નથી લગાડી? હવે તો જે થાય તે ખરું. પરિણામ શું આવશે, તે હું જાણું છું. ત્હારે તો કંઇ

નથી; તું તો ચંચળ મધુકર છે, ત્હારી ઇચ્છામાં આવે તો એક ફૂલપરથી ઉડીને તું બીજા ફૂલપર બેસે તો, તને કોણ અટકાવી શકે તેમ છે? પણ મ્હારી શી ગતિ થશે?" પાછો એક મધુર કટાક્ષ ફેંકી, તે મંદ હાસ્ય કરતાં બોલી. "જગતમાં કાંઇ બધાંની આશાઓ પૂરી થાય છે? સ્વપ્નામાં એક કંગાળ કરોડપતિ થાય છે. અને સ્હવાર થતામાં, તે પોતાની પહેલી જ સ્થિતિમાં હોય છે તેનું કેમ?"

યુવક કંઈક અધીરતાથી બોલ્યો, "મ્હારૂં એ સ્વપ્ન નથી સુંદરી!–એ તો અતિ જાગ્રત કઠોર સત્ય છે; હવે આશા આપીને કેમ નિરાશ કરે છે?—"

ઉત્તેજિત હૃદયે પોતાના બન્ને બાહુ પસારી યુવક, તેને આલિંગન કરવા દોડયો. યુવતી તરત જ ખસી ગઈ. ચકીત ચંચળ હરિણીની પેઠે, તે શિકારીની જાળમાંથી છટકી ગઈ!

"અરે! આ શું કરો છો? તમને કંઈ ભાન છે કે નહિ?"

"ફક્ત એક જ ચુંબન!–એથી વધારે હું માગતો નથી. આપ;–મ્હારા દગ્ધ હૃદયને શીતળ કર!–જો એમાં મ્હોટું પુણ્ય છે!"

હાસ્યમાં જ સુધા વરસાવતી સુંદરી બોલી, "તમે ગાંડા છો કે શું?"

"હું ગાંડો છું કે ડાહ્યો છું, તેની મને ખબર નથી. પહેલાં તો હું ડાહ્યો હતો અને હવે જો ગાંડો થયો હોઉં તો, તે કરનાર પણ તું જ છે!'

"ત્યારે હવે મને મળશો નહિ!–હું પણ તમને હવે નહિ મળું!"

"ના, તેમ નહિ બને! તેમ થશે તો હું જીવીશ શી રીતે? દિવસમાં એક વાર તો જરુર દર્શન દેજે જ!"

"એમ અધીરા ન થાઓ—ઘરનાં બૈરી છોકરાં છે તેનો પહેલાં વિચાર કરો!"

વેગવતી નદીના ન્હાના મુખમાં, અચાનક એક મોટો પત્થર પડવાથી, જેમ થોડી વાર તેની પ્રબળ ગતિનો રોધ થાય છે; તેમ સુંદરીના ઉપલા શબ્દોથી આ યુવકને થયું! ઘરમાં બૈરી છોકરાં છે એ શબ્દો તેની છાતીમાં ઘા જેવા લાગ્યા. જો કે તે તેણે ગણકાર્યો નહિ, તોપણ તેનું મ્હોંડું સુકાઇ ગયું!

"તેઓ પણ રહેશે ને તું પણ રહીશ. તું મ્હારી ચિર આદરણી—નયનમણિ થઈશ!—"

"ના, તેમ નહિ બને."

"શા માટે નહિ બને?"

"એક હૃદયમાં કંઇ બે દીવા બળે નહિ!"

"એક જ આકાશમાં, અનંત તારાઓ પોતાનો પ્રકાશ પાડે છે!"

"તારાઓ પ્રકાશ પાડે છે. પણ ચંદ્રમા પાડતો નથી. ચંદ્રમા તો એક જ છે!"

"અંતરમાં પ્રેમ હોય તો, સૌ પોતાનું ગણીને ચલવી લેવાય. એમ સમજજે કે, તું જ મ્હારા પ્રેમનો ચંદ્રમા છે;—વારું ત્હારી પાસે તારાઓ ન હોય તો ત્હારી મ્હોટાઇ અને શોભા ક્યાંથી રહે?"

"એ બધી કહેવાની વાતો છે. પણ તમે તો કહેતા હતા ને કે, મ્હને બીજી કોઈની આશા નથી!"

ફરી પાછો મધુર કટાક્ષ અને તે કટાક્ષની સાથે હૃદયને ઉન્માદ સ્થિતિમાં લાવી મૂકે એવું મૃદુ હાસ્ય!—રૂપોન્મત યુવકનું માથું ભમવા લાગ્યું, અને તેની સાથે આખું વિશ્વ બ્રહ્માંડ પણ ભમતું હોય એમ તેને જણાયું!

તે રમણી રૂપની પ્રફુલ્લિત પદ્મનિ હતી. પોતાના મધુર હાવભાવથી ધીરે ધીરે તે તેને વધારે આકર્ષણ કરતી ગઈ, અને તે આકર્ષણની અગ્નિમાં સૌંદર્ય પીપાસુ યુવક, પતંગની પેઠે મૃત્યુ—સુખ અનુ-

ભવવા લાગ્યો. તે પોતાના મનમાં સૌ સમજતો હતો, છતાં કોઈ પણ રીતે પોતાની આવી ચિત્ત વૃત્તિને તે રોકી શકતો ન હતો; ચિત્ત વૃત્તિ રોકવી અશક્ત છે એમ સમજીને તે એમ કરતો હતો, એવુ ન હતું. પણ તે જાણી જોઇને પોતાની વૃત્તિને, નિરંકુશપણે આગળ વધવા દેતો હોય એવું તેના આચરણો ઉપરથી જણાતું હતું. સુંદરીનું સુમધુર હાસ્ય–રંભાને ઘડી વાર વીસરાવે એવું તેનું રૂપ;—શી રીતે આ સૌંદર્ય સુધાનો તરસ્યો યુવક, પોતાની ચિત્ત વૃત્તિને રોકી શકે? કઇ શક્તિ કામે લગાડવાથી એનો પરાજય થાય?

થોડી વાર બન્ને જણાં મૌન રહ્યાં. એકી નજરે તે અપરૂપ શોભા જોતો જોતો, અને મનમાં ને મનમાં તે રૂપ માધુરીનું ધ્યાન ધરતો ધરતો, આ યુવક મંત્ર મુગ્ધની પેઠે બોલી ઉઠયો, "હવે તો જે થવાનું હોય તે થાય; પણ આજથી હું પ્રતિજ્ઞા કરું છું કે, તને મ્હારી જીવન આધાર ગણીશ. ત્હારા માટે હું મ્હારી બધી આશાઓ તજીશ.—કહે, હવે તુ મ્હારી થઈશ?"

પોતાના નિર્વાહને માટે નીચ ધંધો લઈ બેઠેલી, વારાંગનાઓનાં કર્મનો તો છેડો છે, પણ કુળ કામિની ગુપ્તપણે અથવા પોતાના મનમાં ને મનમાં કલંકિની બને તો તે બહુ જ ભયાનક છે!

નાટકનો આરંભ થતા પહેલાં, પોતાના હાવભાવથી ચતુર નટી, નાટ્ય પ્રયોગનું સુચન કરતી જેવી દક્ષતાથી, પ્રેક્ષકોનાં મન હરી લે છે; તેવી દક્ષતાથી સુંદરી આ કામલીલામાં નટીનો પાઠ ભજવતી હતી! તેની રંગલીલા વધારે મોહક હતી; તેના હાવભાવ, કળાકૌશલ્ય સૌ વિચિત્ર હતાં!

ચતુર સુંદરીએ હવે સરળપણાનો અભિનય કર્યો. જાણે શરમને લીધે નીચેથી ઉંચું જોવાતુ ન હોય, તેવી રીતે પોતાની કોમળ તરુણ

દ્રષ્ટિ નીચી કરી, તે ધીરે ધીરે હસ્તાં હસ્તાં બોલી. “ પુરુષને છાતીનું બળ વધારે હોય છે, મ્હારાથી એમ બંધાવાય નહિ.”

“તું છૂટી રહે; ફક્ત મ્હોંડેથી કહે કે, હું તને ચાહું છું.”

“તેવું પણ કહી શકાય નહિ. ફક્ત મ્હોંડે કહેવાથી જ એક બીજાને ચાહી શકાતું હોય તો પછી શું જોઇએ? સૌ એક બીજાને ચાહી શકતે!”

“પણ ત્હારો મને વિશ્વાસ છે.”

“હું એવો વિશ્વાસ માનતી નથી. જ્યાં વધારે વિશ્વાસ હોય છે, ત્યાં વધારે ઘાત થાય છે!!”

“બીજાને માટે તેમ હશે; પણ સુંદરીના પ્રેમમાં હલાહલ નહિ ઉઠે!”

“સુંદરી શું વિશ્વાસઘાતી નહિ હોય? સુંદરતામાં જ વધારે ઝેર હોય છે. જુઓને હીરો કેવો મોહક છે, પણ તે ઝેરનો ભરેલો છે!”

“એ બધી વિજ્ઞાનની વાતો છે. પ્રેમની વાતો નથી. પ્રેમ નીતિ કથા જાણતો નથી. નીતિની વાતો વિષયી લોકોના વ્યવહારમાં જ હોય છે!”

“આપણે પણ વિષયી છિયે—આપણે પણ આગળ પાછળનો વિચાર કરીને કામ કરવું જોઇએ.”

“તે વળી શું?”

સુંદરી બોલી નહિ પણ એક વાર ઝીણી નજરે, તેણે પોતાના મનના માન્યાને નીરખી લીધો. તેણે જાણ્યું કે શિકાર જાળમાં સપડાયો છે; પણ થોડી વાર હજુ વધારે રમાડવાની તેની ઇચ્છા થઇ!

યુવક ફરી આવેશથી બોલ્યો, “બોલ તું શું કહે છે? જો ત્હારા માટે, ત્હારા પ્રેમને માટે—હું બધાંને માથે પાણી મૂકું છું!”

“મ્હારા માટે—મ્હારા પ્રેમને માટે, શું તમે બધાંને માથે પાણી મૂકશો? સંસારનાં અતુલ સુખો—વિદ્યા, માન, યશ; એ સૌનો તમે ત્યાગ કરશો? એમ તે કદી બને?”

" વિદ્યા માન અને યશને ત્યાગ કરવાં, એ હું કંઈ મોટી વાત સમજતો નથી. પણ ત્હારા પ્રેમને માટે હું સ્ત્રી પુત્ર સુદ્ધાંની માયા મૂકીશ; એ તને અસંભવ જેવું લાગતું હશે, પણ એ અસંભવને હું સંભવ કરીશ ! "

તેનાં આવાં વચનો સાંભળી, સુંદરી ચમકી. પણ તે વધારે વાર નહિ, એક પળ વાર. જો કે કુસંસ્કાર અથવા મોહના પંજામાંથી બચવા જેવી તેનામાં હવે શક્તિ ન હતી. તોપણ તે ચતુર અને સમય વર્ત્તીને ચાલનારી હોવાથી તેણે પોતાનું રૂપ બદલ્યું.

" જુઓ હું પર સ્ત્રી છું. પાડોશીની રીતે તમે મ્હારી સાથે બીજી વાત કરો તે ઠીક છે; પણ આવી વાત કરવી તમને ઘટતી નથી એમાં તમારુંએ ખોટું કહેવાશે અને લોકમાં મ્હારુંએ ખોટું કહેવાશે. કદાચ લોકોની આંખમાં ધૂળ નાંખીને આપણે ધંધો કીધો, પણ ઉપરવાળો તો જુએ છેને; ના; મને માફ કરો ! હું મ્હારો પરલોક નહિ બગાડું. તમે મને રાજાની રાણી જેવી સાહ્યબી આપો, પણ તે મ્હારે મન નકામી છે ! "

સુંદરી નીચી નજરે, પણ ઝડપથી એટલું કહી ચાલી ગઇ ! સ્થાન, કાળ અને પાત્ર, સૌ અનુકુળ છતાં, આવું પ્રતિકુળ કેમ બન્યું ?

સંસારનાં ગૂઢ તત્વો સમજવાને, જે અનુભવ અને જ્ઞાન જોઇએ, તે અનુભવ અને જ્ઞાન આ યુવકમાં ન હતાં. તેથી સ્ત્રીચરિત્રથી તદ્દન અજાણ્યો આ રૂપનો પૂજારી, સુંદરીની આવી વાતચીત સાંભળીને એકદમ સ્તબ્ધ બની ગયો ! એક મોટામાં મોટા અપરાધીની પેઠે લાચાર, નિરુપાય બનીને, અતિશય વિસ્મય ભાવે, તે ચંચળ ચતુરાના ગમન તરફ જોઈ રહ્યો ! જાણે તે પોતાના મન સાથે કહેતો હોય કે, " હે ! વસુંધરા તુ મને માગ આપે તો હું ત્હારામાં સમાઇ જાઉં ! " આવી તેની આ વખતે સ્થિતિ હતી !

ગમે તેમ હોય, પણ વધારે વાર તેને આવી કઠોર માનસિક યાતના ભોગવવી પડી નહિ! કારણ કે તે મુગ્ધા ચતુરાએ જતાં જતાં, એક વાર પાછળ ફરીને જોયું. તેણે એવી માયામૂર્તિ દેખાડી, એક એવી આકર્ષણ શક્તિથી, તેણે યુવકને પોતાની તરફ ખેંચ્યો કે, અંધારા કાળા વાદળામાં જેમ વીજળી ચમકે, તેમ બન્નેનાં મુખ ઉપર એકી વખતે હાસ્ય પ્રકટી નીકળ્યું! એક જ સાથે બન્નેનાં હાસ્ય ઉઠયાં અને એક જ સાથે બન્નેના હાવભાવના અભિનય થયા! તે હાસ્યની મધુરતા, તે મૌન અભિનયની ચતુરતા, ગુપ્ત પ્રેમી સિવાય બીજાને સમજાય તેવી નથી! તે સંકેત–તે આકર્ષણ–તે હાવભાવ, આંખની ભાષાથી વાંચી શકાય છે. જગતની બીજી કોઇ પણ ભાષાનું ત્યાં ચાલતું નથી! તેથી જ આવાં ચક્ષુ પ્રેમને વિદ્વાનોએ અંધ રૂપે વર્ણવ્યો છે. બલીહારી છે પ્રેમની લીલાને!!

યુવક યુવતી આવી રીતે પ્રેમમાં પચતાં ચાલ્યાં. તેમનો પ્રેમ ગુપ્ત હતો. તે સ્પષ્ટ અથવા પૂર્ણ વ્યક્ત ન હતો; તેથી તે વધારે આકર્ષણ કર્તા હતો. બન્નેનાં હૃદય લુબ્ધ હતાં, મુગ્ધ હતાં, તેથી તેઓ નવ અનુરાગમાં મત્ત થઇને અથાગ સમુદ્રમાં તણાતાં જતાં હતાં!

જો કે બન્નેના હૃદયમાં પ્રેમનો અંકુર ફૂટયો હતો, પણ હજી સુધી તેનો બહાર વિકાશ પામ્યો ન હતો. બહાર તો કંઇક બીજો જ ભાવ જોવામાં આવતો હતો. તે શું હશે?

શિયળ મહિમા, કે પતિવ્રત ધર્મ?

તે અમારાથી હાલ કહી શકાય તેમ નથી. વાચક અધીરા નહિ બનશે તો, એ પશ્નનો ઉત્તર તેમને આગળ મળશે.

પ્રકરણ ૩ જું.

સતિની વિનવણી.

"હું તમારે પગે પડું છું. તમે એ પાપી વિચારને પડતો મૂકો!"

"મને માફ કર, એ મ્હારી શક્તિની બહાર છે. મ્હારાથી એ નહિ બને!"

"નહિ બને? કેમ નહિ બને? નક્કી બનશે. કહો એ પાપી વિચાર હું મૂકી દઈશ!"

"સતિ! હું તને અયોગ્ય છું. ત્હારા સામું જોવાની પણ મ્હારામાં શક્તિ નથી—મ્હારી આશા મૂકી દે!"

"શું તમારી આશા મૂકી દઉં? ત્યારે કોની આશાએ આ સંસારમાં હું રહું? કોને આધારે હું તમારા અલેતા બાળકને મોટો કરું?"

"પરમેશ્વરને આધારે. તે સૌનો રક્ષક છે. તેનું સ્મર્ણ કરીને મોહનનું પાલન કરજે—તું હવે મનમાં એમ ધારજે કે હું નથી!!"

અશ્રુજળથી પોતાનું વસ્ત્ર ભીંજવી સતિ બોલી, "આવા કઠોર શબ્દો બોલતાં પહેલાં કંઇ વિચાર કરો. શું, તમારી સાથે મ્હારો આવો જ સંબંધ છે? હજારો માણુસ સમક્ષ ધર્મની સાક્ષી રાખી તમે મ્હારો હાથ પકડયો તે શું આવું કરવાને માટે?"

"તે જ મોટી ભૂલ થઈ છે. મ્હારા જેવા અધમ માણુસને ગૃહસ્થાશ્રમમાં અધિકાર નથી!"

"તમે આવા વિદ્વાન્ અને સદ્‌ગુણી થઇને, એક પર સ્ત્રીના પ્યારમાં આમ ઉન્મત્ત કેમ બની ગયા?"

"તને હું શું કહું? મ્હારું ચિત્ત અવશ છે. તેની સુંદરતાએ મ્હારું ચિત્ત ચોરી લીધું છે—એ બધી વાતો, ત્હારા જેવી સાત સાધ્વીને સાંભળવી યોગ્ય નથી!"

"હું સમજું છું કે, તે કૂલટાએ તમને ખરેખરા ભમાવ્યા છે!"

"ના, તેનો કંઈ વાંક નથી—તે એવી નથી—પણ હું જ જાણી જોઇને મ્હારું બગાડવા બેઠો છું!"

"ત્યારે હજુ એ વખત છે, મન શુદ્ધ રાખો, તેનો વિચાર મનમાંથી કહાડી નાંખો, પોતાનો બચાવ કરો અને તેનેએ બચાવો!"

હું તને કહું છું કે, મારું મન અવશ છે—હું બહુ દુર્બળ છું—તેથી જ તરણાની પેઠે અથાગ સમુદ્રમાં તણાયો જાઉં છું!!"

"એ વાતને વિસરી જાઓ—પરમેશ્વરને સંભારો—તે તમને સુમાર્ગ સૂઝાડશે!"

"પ્રિયે! તને હવે હું વધારે શું કહું? આ હૃદયનાં સઘળાં સ્થાન પર તેનો સમાન અધિકાર છે. પણ ત્યાં પરમેશ્વરનું આસન નથી, તે હોત તો આવી વિડંબના થાત?!"

સતિ થોડી વાર મૌન રહી, અંતે બોલીઃ—

"ત્યારે મને સંભારો—મોહનનાં મોહક મૂખડાંને સંભારો—શું તોએ તમે તેને ભૂલી શકશો નહિ?"

યુવક વિચારમાં પડયો. એક દીર્ઘ નિશ્વાસ મૂકી તે ધીરેથી બોલ્યો, "હું ભૂલી શકું તેમ નથી. તેને ભૂલી શકાતું હોત તો, આટલા દિવસમાં ભૂલત અને આ સંતાપની સગડીને છાતી પરથી દૂર કરત!"

"ત્યારે હવે?"

"આપઘાત જ મ્હારા પાપનું પ્રાયશ્ચિત્ત છે!"

સાધ્વી સ્તબ્ધ બની ગઈ! સ્વામીના ખભાપર હાથ મૂકી તે મમતાથી બોલી, "એવું ન બોલો. આપઘાત મહાપાપ છે. તમે આવા ગાંડા કેમ થઇ ગયા?"

"તને હવે હું કેવી રીતે સમજાવું? તેના દીપ્ત યૌવને–તેના અતુલનીય રૂપે–મને ગાંડો કર્યો છે–તેના રૂપના નિશાથી હું મ્હારું ભાન ભૂલ્યો છું!!"

સાધ્વી ગંભીર નિશ્વાસ મૂકી, પોતાના સ્વામી તરફ સ્થિર દ્રષ્ટિ રાખીને બોલી; "રૂપનો નિશો?–દીપ્ત યૌવન?–કેમ તે તમને ઘરમાં નહિ મળ્યું? નિર્લજ બનીને મ્હારે કહેવું પડે છે કે, શું આ દેહમાં તેવું રૂપ નથી? આ નયનમાં પ્રાણને ઉન્મત્ત કરનારી તે દીપ્તી નથી? ત્યારે શું જોઇને તેની પાછળ ગાંડા થાઓ છો? શું જોઇને એવો નાશકારક નિશો પીઓ છો? હું તમારી પાસે તમારાં પ્રાણધનને–મ્હારાં નયન મણિને–મ્હારાં મમતાળુ મોહનને, લઇને ઉભી રહું છું–જુઓ વારું; મ્હારા કરતાં સંસારમાં બીજું કોણ તમને સુંદર લાગે છે?"

"વ્હાલી, કોઈ નહિ–કોઈ પણ નહિ!"

"ત્યારે જાણી જોઇને શા માટે પાપમાં પડો છો? જુઓ તમારી છાયાથી હું સુંદર છું–મોહન એ સુંદર છે, અને મ્હારો આ રૂપનો ગર્વ પણ એથી જ સુંદર છે! તો એ છાયાને તમે શા માટે અમારા પરથી દૂર કરો છો? હું તમારી સ્ત્રી છું. હું જોઉં છું, કોનામાં એવી શક્તિ છે કે, મ્હારા એ સૌભાગ્યને કોઈ કુલટા–સુંદરી, કે સાપણી મલિન કરી શકે છે?"

"ત્યારે આમ અધીરી કેમ થાય છે અને મને પણ અધીરો કેમ બનાવે છે. હું ખરેખરું કહું છું કે, ત્હારી આ તેજસ્વી દેવીમૂર્તિ જોઇને હું બહુ ભયભીત થાઉં છું!"

"દેવીમૂર્તિ ? જો તેમ હોત તો તમારી પર સ્ત્રીના પ્યારમાં પ્રવૃત્તિ કેમ થઈ ? હું તમારી ધર્મપત્ની છું-મને મૂકીને, પર સ્ત્રીપર તમારી આવી આસક્તિ કેમ થઈ ? જેનો વિચાર કરવાથી પણ પાપ લાગે, તે પાપની પરિપૂર્ણતા માટે, તમારી આવી દઢ ઇચ્છા કેમ થઇ ?"

"કેમ થઇ તે મ્હારાથી કહી શકાતું નથી. હું ધારું છું કે, તે મ્હારા પૂર્વ જન્મના સંસ્કારથી થઇ હશે, અથવા મોહનો વિકાર હશે. કોણ જાણે, આવું આકર્ષણ મને કોણ કરે છે. હું મનમાં ઘણોએ વિચાર કરું છું, ઘણુએ ઉપાય કરું છું, તોપણ હું મ્હારા મનને વશ કરી શકતો નથી ! આ ઉપરથી હું ધારૂં છું કે, એમાં કોઇનો પણ હાથ છે અને તેજ મને આવી માયામાં રમાડે છે !"

"જો તેમ હોય તો મ્હારું નસીબ ફૂટયું-મ્હારા સુખ સ્વપ્નનો અંત આવ્યો !"

"તે શું ?"

"તે એજ કે, આ પુણ્યવંતો સંસાર, પાપનો તાપ સહન કરશે નહિ-સૌ બળીને રાખોડી થઇ જશે !"

"શું એટલે સુધી ત્હારું ધારવું છે ?"

"હા; તમારું આ "શાન્તિ-તપોવન" છે. એ "શાન્તિ-તપોવન" શું વ્યભિચાર કે ધર્મનાશ સહન કરશે ?"

આ સાંભળી યુવકનું મુખ મ્લાન થઇ ગયું. એક દીર્ઘ નિશ્વાસ મૂકી તે મોટા વિચારમાં પડયો.

સતિએ કહ્યું, "શું વિચાર કરો છો ? પહેલાં આ તપોવનની સંભાળ રાખો. ધર્મ અને નીતિ વડે એને જાળવી રાખો. નહિ તો આપણે બધાં બળી મરીશું !"

યુવક ગભરાઇને બોલ્યો, "ત્યારે શું હું પણ બળી મરીશ ?"

"હા; નક્કી. હું તમને વિનવી વિનવીને કહું છું કે, તમારું આ તપોવન છે. એ તપોવન પાપનો તાપ સહન કરશે નહિ. અરેરે! તેમાં તમે પણ બળી મરશો. હું એ બળી મરીશ. અને તમારો એકનો એક આ નિર્દોષ બાળક પણ બળી મરશે !!"

"ત્યારે જગદીશ્વર મ્હારી રક્ષા કરો !"

"હું પણ ખરા અંતઃકરણથી ઇચ્છું છું કે, જગદીશ્વર રક્ષા કરે! નહિ તો સઘળું જતું રહેશે—સઘળું રાખોડી બની જશે—આ સંસાર સ્મશાનના રૂપમાં ફેરવાઈ જશે—આ શું? તમે રડો છો? ત્યારે મને આશા ઉપજે છે કે, તમે હવે સુધરશો, એ પાપ માર્ગે નહિ જશો !!"

યુવક થોડી વાર સ્તબ્ધ રહી કર્કશ સ્વરે બોલ્યોઃ—

"હાય! રડવાથી શું વળે? એ માયાનું રડવું છે, છળવાનું રડવું છે, છેતરવાની નીશાની છે. એવું તો હું ઘણી વાર રડયો છું. આ આંસુ ખરા પરિતાપનાં નથી!"

"હાય! ત્યારે હવે ઉપાય?"

"ઉપાય; આ જન્મમાં તો નહિ જડે!"

"ત્યારે તમારું આ "શાન્તિ-તપોવન," હવે રહેવાનું નથી!"

વ્યથિત અંતઃકરણે આટલું કહી, સતિએ એક નિશ્વાસ મૂક્યો.

"આ તું શું બોલે છે?"

"આ જે બોલું છું, તે હું બોલતી નથી; પણ મ્હારો અંતર-આત્મા બોલે છે. જુઓ હું તમારી શાન્તિ છું અને તમારો પ્રાણપ્રિય મોહન તપોવન છે. તમે જાણી જોઇને એ તપોવનને સ્મશાન કરશો નહિ. એ પાપમાં પડશો તો મોહન મરી જશે!"

એટલામાં ન્હાનો મોહન ત્યાં રમતો રમતો આવી ચડયો. પિતાના ખોળામાં બેસી તેના મ્હોંડા સાથે પોતાનું મ્હોંડુ રાખી તે રડતાં રડતાં બોલ્યો, "બાપાજી, બાપાજી; હું શું મરી જઇશ ?!"

આ વખતે જનનિ ચોધાર આંસુએ રડી! તેનું રડવું કોઇ પણ રીતે બંધ રહ્યું નહિ! સ્વામીના ખોળામાંથી મોહનને ખેંચી લઇ, તેણે મમતાથી મોહનને ચુંબન કર્યું. માને રડતી જોઈ, મોહન વધારે વધારે રડવા લાગ્યો!

વ્યથિત અંતઃકરણે યુવકે આ દેખાવ જોયો. તેને ઘણો પરિતાપ થયો. તેના હૃદયમાં મોટો આઘાત લાગ્યો. તેણે મનમાં ને મનમાં પ્રતિજ્ઞા કરી, "સુંદરીને ભૂલીશ–પ્રાણ જતાં એ ભૂલીશ. હવે આ સંતાપ મ્હારાથી સહન થતો નથી. પ્રભુ, મ્હારી રક્ષા કર!!"

પ્રકરણ ૪ થું.

સુંદરી!

એ સુંદરી, સાપણી કે કાળમુખી? ના સાપણી નહિ; કાળમુખી એ નહિ, પણ સુંદરી! ખરેખરી સુંદરી! તેનો તપ્ત કાંચન જેવો રંગ અને તે રંગને દીપાવે એવું તેનું ખીલતું યૌવન; સોનાને સુગંધ મળ્યા બરાબર શોભા આપે છે! તેની મદભરી આંખો, તેના પાતળા પરવાળા જેવા હોઠ, ઉંચી મોરના જેવી ડોક;–જાણે એ રૂપની પ્રતિમાને વિધાતાએ નવરાસની વેળાએ ઘડી હોય તેમ લાગે છે! પણ ભાગ્ય દોષે એ પ્રતિમાની પૂજા થતી નથી! તેના પૂજારીનું ઠેકાણું નથી! તે સંસારપર વિરાગ પામી દેશ વિદેશ રખડે છે! તેના મુઆ જીવતાની પણ કોઇને ખબર નથી

આ રૂપની પ્રતિમાનું તેના પિતાએ, ઘણા આદરથી સુંદર એવું નામ પાડયું હતું. અને તેણે આપણા પૂર્વ પરિચીત યુવક, મનુભાઈનું મન હરી લીધું હતું! પાડોશીના સંબંધથી તેઓ ભાઈ બ્હેન જેવાં

હતાં, અને બે વર્ષ નાનાં મોટાં હતાં. તેઓ ન્હાનપણમાં એક સાથે રમતાં હતાં, મારામારી કરતાં હતાં; આંખ મીંચામણી–દાઇનો ઘોડો અને વર વહુની રમત પણ તેમની વચ્ચે રમાઇ હતી! ત્યાર પછી બન્ને વયમાં આવ્યાં અને એક બીજાના વિવાહની વાત સુદ્ધાં બહાર આવી, પણ વિધાતાએ તે વાતને બનવા દીધી નહિ! સુંદરી બીજાની સાથે પરણી, અને મનુભાઇએ પોતાના જેવાજ કુળશીળ અને સંપત્તિવાળા ગૃહસ્થની પુત્રી સાથે લગ્ન કીધા. તે આજ બાર વર્ષની વાત છે; અને એ અરસામાં ઘણા ફેરફાર થઈ ગયા છે.

મનુભાઈ–કુલીન નાગર બ્રાહ્મણનો સંતાન છે. પિતાની મોટી સંપત્તિનો તે એકલો અધિકારી છે. તેનાં માતપિતા અકાળે કાળ ગ્રસ્ત થયેલાં છે એટલે તેના ઘરમાં ન્હાનું મોટું કોઇ નથી. કેવળ તેની પત્નિ સવિતાગવરી, ગૃહ–લક્ષ્મી રૂપે બિરાજ કરે છે. આ લક્ષ્મીને ખોળે એક માત્ર સંતાન–મોહન, પોતાના સુંદર મુખડાથી તથા કાલાકાલા શબ્દોથી માતપિતાની આશા અને આનંદનો વધારો કરે છે. એ સિવાય બીજી સંતતિ તેમને ન હતી.

આ તરફ સુંદરી,—જ્યારે તે યૌવનના આરંભમાં–મોટી ઉત્કંઠાથી પતિને ઘેર ગઈ; ત્યારે તેનો સ્વામી શિવશંકર વેરાગી થઇને કંઇ ચાલ્યો ગયો! ન્હાનપણથી તેને સંસારપર કંઇક અનાસક્તિનો ભાવ હતો. સાધુ સંન્યાસી જોતાં તે તેના સંગમાં ભળતો, હંમેશાં ધર્મચર્ચા કરતો, અને પોતાના સહપાઠીઓને સંસારની અનિત્યતા સપ્રમાણ બતાવતો હતો. તેની આવી વૃત્તિ જોઇને, તેની વિધવા માએ એક સુંદર કન્યા ખોળી કહાડી અને પોતાનું રહ્યું સહ્યું ખર્ચી તેને પરણાવ્યો. એ સુંદર જ તેની ધર્મપત્ની થઈ!

પરંતુ આ વનનું પંખીડું, સોનાના પિંજરામાં રહી શકયું નહિ! એક દિવસ વખત મળતાં તે પિંજરૂં છોડી ઉડી ગયું! બધાંની આંખમાં

ધૂળ નાંખી ક્યાં ઉડી ગયું તે કોઇએ જાણ્યું પણ નહિ ને કોઇએ જોયું પણ નહિં !

દુઃખી વિધવા ત્યારથી ભાગ્યને દોષ દેતી, પથારીમાં પડી. યુવતી તરુણી ભાર્યા–આશા ભંગ થઇ સાસુની સેવા કરવા લાગી !

પરંતુ ભુંડા ભાવીથી સાસુનું એ સૌભાગ્ય પણ સહન થયું નહિ. એક કાળ સર્પ એ અમૃતના ભરેલા પાત્રમાં વિષ નાંખવા તૈયાર થયો ! વિધવા તે જોઇને ભયભિત થઈ અને નિરુપાય બનીને તેણે પુત્રવધુને પિયેર મોકલી દીધી. ત્યારથી સુંદરીએ મનુભાઇનું મનહરણ કરવા માંડયું !

પહેલાં મનહરણ થયું, અને પછી ચિત્ત વિવશ થયું. પ્રથમ દ્રષ્ટિએ દયા આવી. પછી તે દયા પ્રેમમાં ફેરવાઈ ગઈ! તે પ્રેમે શું કર્યું ? બાલ્યાવસ્થાની સઘળી સ્મૃતિને જાગૃત કરી ! તે નિર્દોષ રમત ગમત–એક બીજાનો લગ્ન સંબંધ અને ત્યાર પછીની સઘળી સ્મૃતિ, તેમને પરિપૂર્ણ થવા લાગી ! હાય ! તેજ સ્નેહની સુંદરી–તેજ રૂપની પ્રતિમા–આજે નિરાધાર–વિધવા જેવી મલિન દશામાં મનુભાઇની સામું ઉભી છે ! મનુભાઇ પોતાના મનને વશ રાખી શકયો નહિ !

મનુભાઈ મનને વશ રાખી શકયો નહિ, તેમ અભાગી સુંદરીથી પણ પોતાના મનને વશ રાખી શકાયું નહિ. મનમાં ને મનમાં તેને ઘણી ગડભાંગ થઇ. પણ અંતે તેણે પોતાના બાળ સખા મનુભાઇને, પોતાના મનમાં ને મનમાં આત્મ સમર્પણ કર્યું ! આવી રીતે બન્ને અનુરાગી થયાં તોપણ બન્ને જણાં પાપકર્મથી બચ્યાં હતાં. કેવળ તેઓના હૃદયમાં એક બીજાની મૂર્તિ અંકિત થઇ હતી.

ધીરે ધીરે કળીમાંથી ફૂલ ફૂટયું અને તે ફૂલની સુગંધે, બન્નેનાં મન પ્રાણ હરી લીધાં ! મ્હોંડે મ્હોડે, આંખે આંખે, અને હાવભાવે

એક બીજાની નીરવભાષા ફૂટવા લાગી! કદી ઉંડા નિશ્વાસે, કદી સજળ અને અનિમેષ નયને એક બીજાની મનોવ્યથા પ્રકટ થવા લાગી! પ્રેમના આ સુક્ષ્મ ઇતિહાસનું, અનુરાગના આ સજીવ અને પૂર્વ લક્ષણનું, સવિસ્તર વિવેચન થાય એમ નથી. ટુંકામાં આ બાળસ્નેહીઓએ, પ્રેમના આકર્ષણથી એક બીજાને આત્મ સમર્પણ કર્યું!

ત્યાર પછી બન્ને વચ્ચે પ્રેમ–પત્રો ચાલ્યા. પત્રના શબ્દે શબ્દમાં એક બીજાની મર્મ વ્યથા જણાવા લાગી. "તું મ્હારી અને હું ત્હારો." મૂળ વાત જ આ! તેમાં જો આકાશનો ચંદ્રમા નીચે લાવવો હોય, તેનીએ હાઃ—બન્ને જણાં પ્રેમની આગળ સંસારની કે સ્વર્ગની કોઇ પણ વસ્તુને નમૂલી અને તુચ્છ સમજવા લાગ્યાં! આવી રીતે સૌ વાતચીતથી અંગીકાર થઇ ગયું! તોપણ હજુએ સૌ ગુપચુપ અને બ્હીકથી થતું હતું! તેમાં ધીરે રહીને એકે જગ્યા લીધી. ચકીત ચંચળ નયને–અર્ધી પડધી વાત કરવા માંડી! જોકે તે સંકેતથી થતી હતી, તોપણ તે બન્નેના મર્મસ્થાન સુધી પહોંચી જતી હતી!

દિવસે દિવસે આ પ્રેમ–તરુ, નવી કુંપળોથી, કલીઓથી અને ફૂલફૂલથી સુશોભિત થઇ ગયો! પ્રથમ કંઇક બ્હીક, કંઇક ભય, કંઇક હિતાહિત જ્ઞાન, કંઇક પરિણામ ચિંતા થઈ ખરી; પરંતુ તેનું કંઈ ફળ મળ્યું નહિ! જ્યારે પ્રેમ–નદીમાં પૂર આવ્યું ત્યારે એ સઘળું તણાઈ ગયું! હવે એકના અભાવે બીજાના પ્રાણ જવા લાગ્યા! એકના વિયોગે બીજાનું અસ્તિત્વ રહેશે કે નહિ, તેનો પણ સંદેહ થવા લાગ્યો! નવ અનુરાગથી જે કંઈ થઈ શકે, તે તેણે બધુંએ કર્યું; કંઇ પણ બાકી રહેવા દીધું નહિ!

પ્રકરણ ૫ મું.

પ્રેમ-યાચના.

પ્રેમમાં આર્દ્ર થયેલાં પ્રેમીઓનાં મન, ક્યારે મૌન રહી શક્યાં છે? જગતની આંખે કદાચ તેઓ મૌન જણાશે, પણ ખરી રીતે જોવા જતાં, તેઓ મૌન નથી ! અનુકુળ પ્રસંગને શોધતી, તેમની વાચા અંતરમાં ને અંતરમાં એટલી બધી વાચાળ હોય છે કે, તેના કરતાં વધારે પ્રકટપણે તેઓ બોલી શકે એવું અમારું ધારવું નથી ! જો કે, પ્રેમનું સૂક્ષ્મ સ્વરૂપ, શબ્દથી વર્ણવી શકાય તેમ નથી; તો પણ જ્યારે ત્યારે પ્રેમીઓને શબ્દ વિના ચાલે તેમ નથી. મનુભાઇ અને સુંદરીના પ્રેમમાં પણ આવું જ બન્યું ! પહેલાં તો જેમ તેમ ચાલ્યું; પણ હવે તો મનની મુંઝવણે વાતચીતનો પ્રસંગ પોતાની મેળે શોધી લીધો ! પ્રેમની વાતોમાં જેટલા હાવભાવ છે, જેટલાં કાવ્ય-કૌશલ્ય છે; તેટલાં બધાં ધીરે ધીરે આવવાં લાગ્યાં ! એ બધી વાતો શબ્દથી સમજાવાય તેમ નથી. એટલે તેને માટે અમે નિરુપાય છીયે !

તો પણ સરળ સ્વભાવનો મનુભાઇ પોતાનો મનોભાવ, કંઇ પણ ગુપ્ત રાખ્યા વિના પ્રકાશ કરતો હતો; પણ સુંદરા તેમ કરતી ન હતી. તે કંઈક રાખીને-કંઇક ચોરીને વાત કરતી અને વાતમાં ને વાતમાં તેના મનની વાત કહાડી લેતી હતી ! મુંબઈ યુનિવરસિટીનો ગ્રેજ્યુએટ, બી. એ. ઉપાધિ ધારી; અંગ્રેજી નૉવેલો અને કાવ્યો વાંચીને પોતાને ખરેખરો પ્રેમિક અને રસિક ચુડામણિ માનતો આપણો નાયક; સુંદરીની આવી ચાલાકી સમજી શકતો ન હતો. તે વખતે તેના મ્હોડામાંથી પ્રેમની વાતો, કાવ્ય લ્હેરીની પેઠે ફુટતી ચાલી જતી હતી !

વળી સુંદરીનું ખીલતુ યૌવન, તેનું રંભાને વીસરાવે એવું રૂપ, તેનું પ્રીતિ અને હાસ્યભર્યું મધુર કટાક્ષ, જોઇને આ રૂપનો પૂજારી કેવી રીતે, શબ્દોનું સમતોલપણું રાખી શકે? આવેગ અને અનુરાગ, એ સમતોલપણાને ક્યાં સુધી રહેવા દે તેમ છે? જ્યારે પાણીના સ્રોતની પેઠે, શબ્દોનો સ્રોત વહેતો હોય ત્યાં, સારા કે નઠારાનું ભાન રહેતું નથી ! ચતુરા પણ મુગ્ધા સુંદરી આ બધું જોઇને મનમાં ને મનમાં હસતી હતી અને કદી પોતાને કૃતાર્થ માની સજળ નયને, પોતાના હૃદયમાં આનંદકાનનની રચના કરતી હતી !

આવો પ્રસંગ જેમ જેમ વધારે આવતો ગયો, તેમ તેમ સ્થાન અને કાળનો યોગ પોતાની મેળે મળતો ગયો. એક બીજાનો એકાંત મેળાપ–વાતચીત આવી રીતે નિરંકુશ થતી ચાલી !

સુરતમાં વાડીફળીયાની પાસે મનુભાઇની મોટી હવેલી હતી. એ હવેલીને ફરતો કોટ હતો અને તેની વચ્ચે એક બાગ હતો. બાગમાં મીઠા પાણીનો કૂવો હોવાથી ફળીયામાંની સ્ત્રીઓ ત્યાં દરરોજ પાણી ભરવાને માટે આવતી હતી. હવેલીના નીચલા ખંડમાં મનુભાઇની ન્હાની લાયબ્રેરી હતી. ત્યાં તે ઘણો વખત એકાંતમાં ગાળતો હતો. અને આવા એકાંતમાં પ્રેમિક પ્રેમિકાનો પૂર્વરાગ વિકશિત થતો હતો !

સુંદરી કદી પાણી ભરવાને બ્હાને બ્હેડું લઇને, તો કદી ન્હાવાને બ્હાને ખભા ઉપર લુગડું નાંખીને આવતી હતી. કોઇ દિવસ જે કામને માટે તે આવતી, તે કામ સમેટી લઇ ઘેર ચાલી જતી. પણ ઘણાખરા દિવસ તો, તેના બાળસખાને નીહાળવા માટે જ જતા હતા. વળી કોઇ દિવસ તો તે ભીંના વસ્ત્રે કેડપર પાણીની ભરેલી ગાગર લઇને, પોતાના આરાધ્ય દેવતાની આરાધનામાં જતી હોય તેમ ઠસકમસક કરતી, યુક્તિથી મનુભાઇની મનહર મૂર્તિનાં દર્શન કરતી અને મનમાં લવતી કે, “ આજે તમે હાથમાં ચોપડી લઇને, પલંગમાં સુતા

સુતા જેનું ધ્યાન ધરો છો-તેનું ધ્યાન જો વિધાતા વાંકી ન થાય તો, આ અભાગિણી એક દિવસ જરુર ભંગ કરશે!!"

મનુભાઈ તેવી અવસ્થામાં, સુંદરીના દર્શન માટે અતિશય વ્યાકુળ હોવા છતાં, સુંદરી સહેજ પણ વિલંબ કર્યા વિના બળતામાં ઘી હોમી ચાલી જતી હતી.

તૃષાથી મનુભાઇની છાતી ચીરાઇ જતી હતી–તો પણ અભાગીને પાણી મળતું ન હતું. ઘરમાં સુધા જેવું પાણી જોઇતા પ્રમાણમાં હતું–તે સુધા તેને રુચતી ન હતી. દુર્ભાગી હલાહલ પીને પોતાની તૃષા નિવારવા મથતો હતો!

જેમ જેમ દિવસ જવા લાગ્યા, તેમ તેમ તેની તૃષા વધવા લાગી. મનુભાઇ સુંદરીના પ્રેમમાં ઉન્મત્ત બની ગયો. આવી ઉન્મત્ત અવસ્થામાં, એક દિવસ સુંદરી સાથે તેનો એકાંત મેળાપ થયો. નિર્જન બાગમાં તેણે સુંદરીને, પોતાના મનની બધી વાત કહી દીધી. તે સાંભળી સુંદરી ગભરાઇ ગઈ–જાણે તે કોઇ વાતમાં ન હોય–કંઈ સમજતી ન હોય–એવો તેણે ભાવ બતાવ્યો! તે દિવસે તેણે કંઇ પણ જણાવા દીધું નહિ. આથી પ્રણયોન્મત્ત મનુભાઇની મત્તતા બહુ વધી ગઈ!

પણ ચતુરાની ચતુરાઈ વધારે દિવસ ચાલી નહિ. ચતુરા હોવાથી શું થયું? તે પોતે પણ મુગ્ધ હતી! તેના અંતરમાં પ્રેમાગ્નિ બળતો હતો. બહાર સહનશીલતાનું ડોળ બતાવી, કયાં સુધી એ અગ્નિનો અસહ્ય દાહ તે સહન કરી શકે એમ હતું? લોભ, મોહ, અને કામનાથી તેનું હૃદય બળતું હતું. મનવાંચ્છિત ભોગ સન્મુખ હતો–અસહ્ય અબળા રમણીનું શું ગજું, કે એ લોભને તે જતો કરી શકે?

આવી સ્થિતિમાં જે લોભ દેખાડે, અથવા તેને લલચાવે તે મહા પાપી છે. મનુભાઈ મહા પાપી છે. કેમ તેણે સુંદરીને–સુંદરી હોય કે,

કાળમુખી હોય;-પાપ માર્ગે જતી અટકાવી નહિ? અને ઉલટો તેને આશ્રય આપ્યો?

પાપ કરનારો અને પાપીને આશ્રય આપનારો, બન્ને એક સરખાં પાપી છે. કોઇ ઠેકાણે આશ્રય આપનારો જ વધારે પાપી ગણાય છે. આ પાપનું ફળ મનુભાઇને પણ વિધી મતે ભોગવવું પડશે! પણ તે પહેલાં હજુ આપણે ઘણું આગળ ચાલવું પડશે. નહિ તો આ ચિત્ર અપૂર્ણ રહી જાય.

પહેલા દિવસે મનુભાઇની વાતને ઉડાવી દઇ સુંદરી ચાલી ગઇ; અને તેથી મનુભાઇની રૂપ તૃષ્ણા વધી ગઇ. એ આપણે આગળ જોઇ ગયા. બીજે દિવસે સુંદરી પાણી ભરવાને આવી નહિ. જાણે તે મનુભાઈના આવા વ્યવહારથી ખરેખર ગુસ્સે થઈ હોય; તેમ ઉપ. રાછાપરી બે ચાર દિવસ સુધી તેણે બાગમાં ફરકીને જોયું નહિ. હવે જાણે મનુભાઇનું મ્હોડું સુદ્ધાં તેને ગમતું ન હોય, તેમ તેણે કરવા માંડયું. તૃષાતુર મનુભાઈ એથી વધારે ચંચળ બનતો ગયો!

આવી ચંચળ સ્થિતિમાં અચાનક એક દિવસે, તેણે સુંદરીને બાગમાં એકલી જોઈ. સ્નાન કર્યા પછી ભીંનું વસ્ત્ર બદલ્યા વિના, સુંદરી દેવ સેવાને માટે ફૂલ ચૂંટતી હતી. બન્નેની આંખો મળી. મનુ. ભાઇએ એક નિશ્વાસ મૂકયો. સુંદરીએ તેમ કર્યું કે નહિ, તે જણાયું નહિ. પણ બીજી પળે મનુભાઇએ સુંદરીની આંખોમાં આંસુ જોયાં!!

આ શું? સુંદરીની આંખોમાં આંસુ? આવો મધુર પ્રભાત, આવો સુંદર સમય, આવાં ભીનાં વસ્ત્રે, સુગંધીત પુષ્પો લઇને, આરાધ્ય દેવતાની આરાધનામાં જતી, દેવાંગનાની આંખમાં આંસુ? શાથી? શા કારણથી? મનુભાઈની છાતી ચીરાઇ જવા લાગી! પરંતુ તે વખત એવો ન હતો. સ્થાન પણ અનુકુળ ન હતું. તેથી સુંદરીના અચાનક અશ્રુપાતનું કારણ તેનાથી પૂછાયું નહિ. તેમ પોતાને હાથે મમતાથી

તેનાં આંસુ લુછી શકાયાં પણ નહિ. મનની વાત મનમાં રહી ગઇ! વ્યથિત અંતઃકરણે મનુભાઇ પાછો પોતાને ઠેકાણે જઇને બેઠો. હાય! સુંદરીના અશ્રુપાતનું કારણ શું તે પોતે જ છે?!

તે જ દિવસે બપોર નમતાં, ફરી સુંદરી પહેલાંના જેવી પાણી ભરવા આવી. બ્હેડું માંજ્યું, સ્નાન કર્યું, અને ફરી પાછું બ્હેડું ભરી, ભીંના વસ્ત્રે ગજેંદ્ર ગમને તે બાગમાંથી જવા નીકળી.

એકી નજરે ઘણી વાર સુધી મનુભાઇ, સુંદરીની ગતિ વિધિ જોતો હતો. તેની છાતી ધડકતી હતી, અને ચિત્ત ઉછાળા મારતું હતું; આવી સ્થિતિ થોડી વાર રહી. પ્રેમની પાષાણ–રેખા અંતરમાં અંકિત કરી, આંખ આગળ પોતાની પ્રેમ પ્રતિમાને જતી જોઇ, એક વાર તે કાંપતા હૃદયે ઉઠીને ઊભો થયો. સુંદરીએ તેને જોયો. પળમાં બન્નેની આંખો મળી. એક બીજાની વેદના એક બીજાએ જાણી. પણ મ્હોડું ફાડી કોઇથી કંઈ બોલી શકાયું નહિ.

કોણ પહેલાં બોલે? સંકોચ, ભય, અને લજ્જા આવીને ઉભી રહી. પણ મનનો અદમ્ય આવેગ,–મનુભાઇ ધીરજ ધરી શક્યો નહિ. લથડતા અવાજે ધીરે ધીરે તે બોલ્યો, "સુંદરી–"

આટલું બોલી તે આશાપૂર્ણ હૃદયે, મમતાપૂર્ણ દ્રષ્ટિએ, સુંદરીને જોઇ રહ્યો. સુંદરીએ પણ તેવા જ ભાવે મનુભાઇ તરફ એક વાર ઉંચી નજર કરી જોયું. ફરી ચાર આંખો મળી. ફરી પાછા પ્રેમ–તરંગો ઉઠયા. આ વખતે સુંદરીએ જોરથી નિશ્વાસ મૂકી મનુભાઇ તરફ નજર કરી; અને ધીમે પગલે ત્યાંથી ચાલી ગઇ! મનુભાઇથી હવે વધારે વાર ઉભા રહી શકાયું નહિ. તે પોતાના ઓરડામાં જઇને નિરાશ થઇને સુતો!

તે દિવસ–તે રાત, મનુભાઇએ કેવા દુઃખથી કહાડી, તે મનુભાઇ વિના બીજું કોણ જાણી શકે એમ છે? બીજે દિવસે સવારે પથારી-

માંથી ઉઠતાંની સાથે, મનુભાઇએ પ્રતિજ્ઞા કરી, “ જે થવાનું હોય તે થાય; પણ આજે તો હું એનો નીવેડો લાવીશ ! ”

તેમ જ થયું. તે જ દિવસે બપોરે સુંદરી બાગમાં એકલી મળી. બાગમાં થઇને જે રસ્તેથી કૂવા તરફ જવાતું હતું, તે રસ્તાપર બોરસલીનું એક ઝાડ હતું. ઝાડની મોટી ડાળીઓ અને તેની ઘટા એટલી બધી હતી કે, તેની ઓથે કોઇ ઉભું રહે, તો કોઇને કંઈ જણાય નહિ. પાપ માર્ગે ચ્હડેલો યુવક ઝાડને ઓથે ઉભો રહી, લજ્જા અને શરમને બાજુપર મૂકી, આજે ફરી સુંદરીની સન્મુખ થયો ! ચારે તરફ જોતાં તેની ખાત્રી થઇ કે, અહિં કોઇ આવે તેમ નથી; એટલે તેને હિંમત આવી. તે સુંદરીની સામું હાથ જોડીને ઉભો રહ્યો. મ્હોંડે એક શબ્દ નહિ—એક વાક્ય નહિ—અતિ દીનભાવે તે તેની તરફ જોઇ રહ્યો. કાળ-મુખી સુંદરીનું ચિત્ત પણ અવશ હતું. મનમાં ને મનમાં તે પણ પ્રલુબ્ધ હતી. તેથી તેણે પણ જોઇતો ભાવ ભજવ્યો. આવેગથી અને કંઇક આનંદથી તે મૃદુ મધુર સ્વરે બોલી, “ આ શું ? કોઇ જોશે ત્યારે ? ચાલો; અંદર ચાલો ! ”

આકાશનો ચંદ્રમા હાથમાં આવ્યો હોય, કુબેરનો ભંડાર હાથ ચડયો હોય, તેમ આનંદમાં આવી જઈ મનુભાઇ પોતાની લાયબ્રેરી તરફ દોડયો. પાણીનું ખાલી બ્હેડું, બોરસલીના ઝાડ નીચે મૂકી સુંદરી પણ તેની પાછળ ગઇ. તેને ઓરડામાં આવેલી જોઇને મનુભાઇએ વ્હેલાં વ્હેલાં બારણાં બંધ કરવા માંડયાં; પણ સુંદરીએ તેને તેમ કરતાં અટકાવીને કહ્યું, “ પહેલાં હું પૂછું તેનો જવાબ આપો; પછી બીજી વાત ! ”

સાત દિવસના ભૂખ્યા માણસને મનગમતાં પકવાન્ન પીરસ્યા પછી, તે ખાવા માંડે એટલે તેની આગળથી થાળી ખસેડી લેતાં, તેના મનમાં જેવો ઉદ્વેગ ઉપજે, તેવો ઉદ્વેગ અથવા તેથી વધારે

ઉદ્વેગ, સુંદરીના આવા વ્યવહારથી મનુભાઇને ઉપજ્યો! કારણ કે ભૂખ્યાની તૃપ્તી ભોજનથી થાય છે. પણ આ ભૂખની તૃપ્તી ન હતી; અતૃપ્તી જ તેનું જીવન હતું. આવી પ્રાણઘાતક અતૃપ્તીથી મનુભાઈ મરવા જેવો બની ગયો!

એક ઘડીમાં આવો ફેરફાર કેમ થઇ ગયો? એક ઘડી પહેલાંની સંમતિ વિરક્તિમાં કેમ ફેરવાઈ ગઇ? બારણું દેવાનું તો દૂર રહ્યું, પણ તે સામું સુંદરી બારણાની વચ્ચે કેમ ઉભી રહી? મનુભાઇથી આ અભિનય, આ પ્રેમ–રહસ્ય, કંઈ સમજાયું નહિ! તે દિગ્મૂઢ બનીને પલંગપર બેઠો. સુંદરીના રૂપે તે દિશા જાણે આલોકિત થઇ રહી, તે સ્થાન જાણે ઝળહળી ઉઠયું!

સ્થાન કે, મનુભાઇના પ્રાણ?

આવો એકાંત સમાગમ છતાં, સુંદરીએ એકદમ વિરૂપભાવ કેમ બતાવ્યો? સ્થાન કાળ સૌ અનુકુળ છતાં આવું પ્રતિકુળ કેમ બન્યું? સુંદરીએ વિરક્તપણું શાથી દેખાડયું? મનુભાઈ કંઇ પણ સમજી શકયો નહિ. અને તેથી તે અધોવદને જ્યાં ને ત્યાં બેસી રહ્યો.

સુંદરીએ કહ્યું, " તમે જ્યારે ને ત્યારે મ્હારી તરફ આવી રીતે કેમ જુઓ છો? તમે મને કેવી જાણી? જુઓ પાડોશીની રીતે આપણે ભાઈ બ્હેન જેવાં છીએ. છતાં તમે આમ કરશો તો મ્હારે આ કૂવો મૂકવો પડશે!"

આ વખતે મનુભાઇ બોલ્યો, વિસ્મિતની પેઠે, અપરાધીની પેઠે, તે બોલ્યો, " સુંદરી; તુ આ શું કહે છે? હજુ પણ તું મ્હારી પરીક્ષા કરે છે? ત્હારા માટે મ્હેં બધું તજ્યું છે. ત્હારો વિચાર જ હવે મ્હારા નિત્ય કર્મ જેવો થઈ રહ્યો છે. તો હવે આશા આપીને કેમ નિરાશ કરે છે વ્હાલી?"

પાછું "વ્હાલી"નું સંબોધન! સાંભળ્યું ન સાંભળ્યું કરીને સુંદરી પહેલાંના ભાવે બોલી, "મ્હેં શાની આશા આપી હતી? તમે પત્રમાં મ્હારું દેવી રૂપે વર્ણન કરતા હતા; અને હું તેનો જવાબ આપતી હતી બસ–બીજું શું?"

મ૦—એ સિવાય બીજું કંઇ નહિ?

સું૦—ના કંઇ નહિ. પછી તમે મનમાં ગમે તેમ ધારો.

મ૦—તે શું?

સું૦—તેનો જવાબ તમારી પાસે–હું શું કહું?

મનુભાઈ થોડી વાર સ્તબ્ધ રહી, અતિ દુઃખી સ્વરે બોલ્યો; "અંતે આવું જ કર્યું? બાળપ્રેમનું ત્હેં આવુંજ પ્રતિદાન આપ્યું? મ્હારી આટલા દિવસની આશાને ત્હેં અંતે પગની નીચે કચરી નાંખી!!"

સું૦—ઘણાએ એવી આશાઓ કરે છે, તેથી કંઈ તેમની આશાઓ પૂરી થાય છે? મ્હારી આશા પણ કયાં પૂરી થઈ છે!

આટલું કહી સુંદરીએ, મધુર હાસ્યથી એક કટાક્ષ નાંખ્યો. તે કટાક્ષ મનુભાઇના મર્મસ્થાનમાં જઇને વાગ્યો. આવેગ અને અનુરાગથી ઉન્મત્ત યુવક બોલ્યો, "વ્હાલી! ત્હારી શી આશા છે તે કહે! પ્રાણ જતાંએ તે હું પૂરી કરીશ!"

મનુભાઈ હવે પલંગ પરથી ઉઠીને સુંદરીની સામો આવ્યો. ફરી પાછો તે હાથ જોડીને ઉભો રહ્યો. મૌનભાવે સંમતિ લાભની આશાએ તેને ઉત્કંઠીત કર્યો!

સુંદરી સહેજ પાછળ ખસીને બોલી, "આમ ઉતાવળ કરશો નહિ. આગળ પાછળનો વિચાર કરો. તમે મને હમણા શા નામે બોલાવી કહો જોઇએ?"

મ૦—વ્હાલીના નામથી! તે શું ખોટું છે? ના હવે તો દયા કર અને પ્રીયતમ કહીને પ્રાણ શીતળ કર!

સુંο—આ ઠીક કહેવાતુ નથી.

મο—જો ત્હારા ઉપર મ્હારો બાળપણનો સ્નેહ છે, અને હવે તો તુ મ્હારી જીવન આધાર છે. તો તને વ્હાલી કહું તેમાં ખોટું શું છે?

શરમથી સુંદરીનુ મ્હોડું લાલચોળ બની ગયું! અકારણે આંગળીના નખ ખોતરતાં ખોતરતાં તે બોલી, "તમે શું આ અભાગણીને એટલી બધી ચાહો છો?"

રૂપની પ્રતિમા–અભાગણી? મનુભાઇએ એક દીર્ઘ નિશ્વાસ મૂક્યો! "હજુ શું તેમાં તને સંદેહ છે? આ હૃદય ચીરીને બતાવાતુ હોત તો બતાવત કે, હું તને કેટલો ચાહુ છું!!"

એટલું કહી મનુભાઈ આગળ વધ્યો; સુંદરીની પાસે આવીને ઉભો રહ્યો. એક બીજાનો સ્પર્શ થયો. છાતી ધડકવા લાગી. શરીર કંપવા લાગ્યું!

ગમે તે કારણે હોય, પણ આ વખત એ સુંદરીએ ચુકવી દીધો! તે તરત જ દૂર ખશીને ઉભી રહી. પ્રેમાંધ મનુભાઈ હાથ જોડીને, ઘૂંટણીએ પડીને, દીન વચને પ્રેમ યાચના કરવા લાગ્યો! મનના માન્યા નાયકને આવી અવસ્થામાં જોઈ, ચતુર નાયકા તેને વધારે મુગ્ધ કરવાને બોલી, "જાઓ જાઓ; મ્હારા જેવી એક સાધારણ અબળાને માટે તમે આવું કરો છો તે ઠીક નહિ! તમે ધારો તો મ્હારા જેવી સો સુંદરીને દાસી રાખી શકો તેમ છે!"

પ્રમત્ત યુવક અતિ ઉદાસ ભાવે બોલ્યો, "ના ના; સુંદરી મને એવો ખોટો ગર્વ કરાવીશ નહિ. હું સારી રીતે સમજું છું કે, ત્હારી તુલના કોઈની સાથે થાય તેમ નથી. અને તેથી જ ત્હારી સાથે મ્હારા લગ્નની વાત થયેલી, પણ તે અંતે ઉડી ગઈ. આવું છતાં ત્હારી આશા મ્હારાથી મૂકાતી નથી. ત્હારી આ મોહિની મૂર્તિ, મ્હારા અંતરમાં ઠસી છે. તુ હવે મને નકામી ઉરાડ નહિ!!"

સું—શું હું તમને ઉરાડું છું? ના; એવું જુઠું બોલશો નહિ. હું એક અબળા સ્ત્રી છું. મ્હારી શક્તિ કેટલી? પણ હવે હું સમજું છું કે, તમારી સાથે મ્હારો મેળાપ, જેટલો ઓછો થાય તેટલો સારો, હવે તમે મને આવી રીતે ઘડી ઘડી જોશો નહિ. કારણ કે તમારી આંખમાં– કંઇક એવું છે કે, તે મ્હારાથી ખમાતું નથી. આટલું કહેવાને માટે જ હું આવી હતી. હવે હું જાઉં છું. મ્હારી સખીઓ આવવાનો વખત થયો છે.

મ૦—મને આમ રીબાવી રીબાવીને મારવાનો ત્હારો વિચાર હોય તો, જા–નિર્દય–રાક્ષસી–ભલે જા. પણ યાદ રાખજે કે, ત્હારા આ બાળ પ્રેમીના વધનું પાતક તને લાગશે!

ઉપલા શબ્દો મનુભાઇના મ્હોંડામાંથી એવી રીતે નીકળ્યા કે, સુંદરી તે સાંભળીને અંતરમાં ને અંતરમાં ચમકી. તેની છાતી ધડકવા લાગી. અંતરમાં સંતાડેલી છબી બહાર નીકળી પડી. તેણે જાણ્યું કે, આ શબ્દો તેના અંતરના છે–તેની આંખમાં આંસુ આવ્યાં!

સુંદરીની આંખમાં આંસુ જોઇને, મનુભાઇનું બધું અભિમાન, બધો ગર્વ ઉતરી ગયો. એક પળમાં તે નવો માણસ બની ગયો. અંતરની લાગણી દર્શાવતાં, અમૃત સમાન મધુર કંઠે તે બોલ્યો, "તું શું રડે છે? મ્હેં તો તને કંઈ કહ્યું નથી. રડે છે કેમ?"

તે પોતાના મનમાં બોલ્યો, "હાય, નિર્દય વિધાતા! સુંદરીની આવી દશા?" ફરી તે પ્રકાશપણે બોલ્યો, "મ્હેં ગુસ્સામાં તને કંઈ કહ્યું હોય તો મને માફ કર. હવે હું તારી સાથે આવી રીતે નહીં વર્તું!"

મુગ્ધા સુંદરી તે સાંભળીને મનમાં બોલી, "મ્હારા જીવન આધાર! ત્હારા વિના મ્હારા પ્રાણ કેમ રહેશે? હું કોને આધારે રહીશ? કોની આશાએ આ દુઃખી જીવન ગાળીશ?!"

ફરી તે પ્રકાશપણે બોલી, "એમ ન કહો; હું તો ફક્ત આનું પરિણામ વિચારીને બહુ બીહું છું!"

મ૦—હા તે વાત ઠીક છે. પણ હુ પ્રતિજ્ઞા કરીને કહું છું કે, તું મ્હારી છે તે મ્હારી જ રહીશ. હું તને દગો નહિ દઉં !!"

સું૦—પણ છેલ્લીની ઘડી સુધી તમે બચાવ કરી શકશો ?

મનુભાઈ વિચારમાં પડયો. થોડી વારે તે બોલ્યો, "હુ તને લઇને દેશ ત્યાગી થઈશ."

સું૦—દેશત્યાગી થશો ? કેમ ?

મ૦—હું તને ખરું કહુ છું કે, લજ્જા માન, અને ભયથી હું કંઇક બીહુ છું !

સુંદરી સહેજ હસી. સુંદર મ્હોંડે તે સુંદર હાસ્ય પ્રકટી ઉઠયું. એ હાસ્યથી તે જગ્યા આલોકિત બની ગઇ. મનુભાઇના અંતરમાં પણ તે આલોકની છાયા પડી. સૌંદર્ય પ્રિય તરુણ યુવક, ફરી અધીરો બન્યો. વખત જોઈ રસપ્રિય સુંદરી બોલી ઉઠી.

"લજ્જા માન અને ભય એ ત્રણ હશે તો નહિ!"

મ૦—તે શું ?

સુ૦—તે જ.

મ૦—તો પણ.

સું૦—આજે નહિ, એક દિવસ કહીશ.

મ૦—આજે કેમ નહિ ? કહેને ?

સું૦—એ ત્રણે વસ્તુ તમારી પાસે છે. તેએ થોડી ઘણી નહિ પણ વધારે છે.

મ૦—હા; તુ ખરું કહે છે.

તેણે મન સાથે વિચાર કર્યો, "હા; તે દિવસે પરમહંસે પણ આવા શબ્દો મને કહ્યા હતા."

સું૦—શું વિચાર કરો છો ?

મ૦—આ વાત મ્હેં એક દિવસ સાંભળી હતી. પણ તે ઇશ્વિરપ્રેમ સંબંધી હતી. એ વાત જેમણે મને કહી હતી, તેઓ એક મહાપુરુષ હતા.

સું૦—ત્યારે તમે તેમની પાસેથી એનો ખુલાસો કેમ નહિ કરી લીધો–માણુસ માણુસનો પ્રેમ, તે શું ઇશ્વિર–પ્રેમથી જુદો છે ?

મ૦—ના.

સુંદરીએ બાજી હાથ કરી. હસ્તાં હસ્તાં તે બોલી.

" પણ મૂળ મુદ્દે વાત એટલી જ કે, " લજ્જા, માન અને ભય એ ત્રણ હશે તો નહિ ! "

મ૦—વારું તને તે નથી ?

સું૦—નથી કેમ ? છે. સોળે સોળ આના છે.

તે પોતાના મન સાથે બોલી, " તેને માટે તો આટલી પંચાત થાય છે. હાય ! છાતી ચીરાઈ જાય છે. મ્હોંડા આગળ સમુદ્ર ભરેલો છે. છતાં તરસ મટાડવાને માટે એક પાણીનું ટીપું પણ મળતુ નથી ! આ શું થોડું દુઃખ ?–"

ફરી તે પ્રકાશપણે બોલી, " આ ફળીયાની સ્ત્રીઓ પાણી ભરવા આવે છે, હવે હું જાઉં છું !"

પ્રેમ–વ્યાકુળ હૃદયે, મનુભાઇએ દુઃખી થઇને કહ્યું; " આ અભાગીને ભૂલી જઇશ નહિ ! "

બાણથી વિંધાયેલી હરણીએ, પ્રેમમુગ્ધા સુંદરીએ, જતાં જતાં પાછળ ફરીને મનુભાઈ તરફ જોયું; અને પાછો એક મધુર કટાક્ષ નાખ્યો. પાપ પંથનો પ્રવાસી–ઈંદ્રિય લાલસાનો લોભી યુવક, બારણાં બંધ કરી પલંગમાં સુતો. અને મોટા વિચારમાં પડયો. આ વખતે તેના કાનમાં ફક્ત નીચલા શબ્દોના જ ભણકારા વાગવા લાગ્યા.

" લજ્જા માન અને ભય એ ત્રણ હશે તો નહિ ! "

પ્રકરણ ૬ ઠ્ઠું.

પ્રતિજ્ઞા.

શું સુંદરી, ખરેખર નટીનો અભિનય કરીને જાય છે? મનુભાઇને સંપૂર્ણ રીતે ઘાયલ કરવાને માટે, શું તે નવી નવી લીલાઓ દેખાડે છે?

ના; તે પણ ખરી રીતે જોતાં લુબ્ધ હતી. પરંતુ કોઇ કોઇ વખતે તેને આલોક અને પરલોકનો ભય થતો હતો. તે સારા કુળમાં જન્મી હતી. તે કુળને કલંક લાગશે; વળી તેનો પતિ–ઇશ્વિર પ્રેમી સ્વામી–જે ભગવત્ પ્રેમને માટે વિરાગી થયો છે–તે પતિદેવ—હાય! કદી પાછા આવે, અને સુંદરીની સાથે ફરી ગૃહસ્થાશ્રમ માંડે; સુંદરીને ખોળે એક સુંદર સંતાન થાય! આવા આવા વિચાર ઘડી ઘડી સુંદરીના હૃદયમાં ઉઠતા હતા. ત્યાર પછી પરકાળ;—ગમે તેવી પણ હિંદુ અબળા–પરકાળનો ભય તેનાથી જતો કરાયો નહિ. તેથી તે સંપૂર્ણ રીતે લુબ્ધ હોવા છતાં, અને મનનો માન્યો નાયક મળ્યા છતાં, તેણે આટલા દિવસ સુધી પોતાનું પોત પ્રકાસ્યું ન હતું. પણ હવે આ ધર્મ બંધન ઢીલું થઇ જશે. હવે ભગવદ્ પ્રેમી સ્વામીનો—તે જીવતો હોય અથવા મરી ગયો હોય;—તે ધર્મ પ્રાણ સ્વામીનો મહાન આદર્શ— તેના હૃદયમાં હવે વધારે વખત સ્થાયી રહેશે નહિ. પણ તે પ્રબળ ઇંદ્રિય તાડના, અને ઘોર ચિત્ત વિકારની આગળ ભુંસાઇ જશે!

ઉંડા ઉતરીને જોતાં બન્નેનાં મન, જુદાં જુદાં કારણોને લીધે, આગળ પાછળ પડતાં હતાં. મનુભાઇનું મન એટલું બધું નીચ ન હતું. જો કે તે પોતાના મનને વશ રાખી શકતો ન હતો. તોપણ તે ભલો અને ભોળો હતો. તે તેની સાધ્વી સ્ત્રી સાથેની એક જ દિવસની

વાતચીતથી આપણે જોયું છે. તેનામાં બીજા ગમે તેવા અવગુણો હોય, પણ એક મોટામાં મોટો ગુણ તેનામાં સરળપણાનો હતો. તેણે કોઇને ન્યાય કર્યો હોય કે અન્યાય કર્યો હોય; તે કોઇ સાથે ધર્મથી વર્ત્યો હોય કે અધર્મથી વર્ત્યો હોય; પણ બધી વખતે તેનું સરળપણું તે-નામાં કાયમ રહેતું હતું. તેની સરળતા અને સત્યનિષ્ટા કોઇ પણ વખતે તેને છોડીને જતી ન હતી. તત્વજ્ઞાની મહાપુરુષની પાસે, પણ તેણે ખુલ્લી રીતે આત્મદોષ—આત્મ દુર્બળતા કહી દીધી હતી. વળી ઘેર આવીને પોતાની પત્નીની પાસે પણ, તેણે પોતાનું પાપ સંતાડયું ન હતું. સુંદરી ઉપરની તેના મનની અવૈધ આસક્તિની વાત, તેણે કંઈ પણ છુપી રાખ્યા વિના કરી હતી. એ બધું તેણે પોતાની ચિત્ત શુદ્ધિની આશાએ કહ્યું હતું,—પોતાના અંતરનું કલંક ધોવાને માટે કહ્યું હતું. તે ધોવાય કે ન ધોવાય; પણ તે પોતાના મનમાં કોઇ પણ જાતનો મેલ રાખતો ન હતો; અને તે રાખવાનું પોતે જાણતો પણ ન હતો. વળી મનુભાઈ સારી રીતે સમજતો હતો કે, સવિતા સાધ્વી અને ધર્મશીળ છે. તે સતિ સ્ત્રીને આ પાપ વાર્તા કહેતાં, કદી ઉપાય બતાવે અને તે મને બચાવે; એવી તે આશા કરતો હતો. કેમકે અં-તરના તાપથી તે અનુતપ્ત થયો હતો. પરંતુ દુર્જય લાલસા આગળ તેનું કંઇ ચાલ્યું નહિ. નાનપણથી તેને એવી કેળવણી મળી ન હતી. તેથી તે તરણાની પેઠે પ્રબળ સ્ત્રોતમાં તણાતો જતો હતો!

આ તરફ સુંદરીના મનમાં પણ બહુ ગડભાંડ થતી હતી. આગળ કહેવામાં આવ્યું છે કે, તે કુલીન બાળા હતી. કુળ કલંકની સાથે પરલોક બગડશે એ વિચાર તેના મનને ડંખ્યા કરતો હતો. તે વખતે સુંદરી ખરા અંતરથી અન્યના અગોચરપણે બોલતી હતીઃ—

"હે! પતિદેવ તમે ક્યાં છો? એક વાર ઘેર આવો! તમારો સંન્યાસ, તમારો યોગ, તમારી ઈશ્વર આરાધના, સહુ અહિં થશે!

તમે એક વાર આવો! હું તમારી સહધર્મણિ છું, વિવાહીતા પત્ની છું; આ જીવન યૌવન તમારા માટે ઉત્સુક છે. દાસીની સેવા સ્વીકારો! તેના આલોક અને પરલોકની રક્ષા કરો! હે જીવતેશ્વર! એક વાર આવો! દયા કરીને એક વાર આવો !!"

પણ હાય! તેની આ દીન પ્રાર્થના ઉપર, અદ્રષ્ટ ક્રૂરપણે હસ્તુ હતું. ક્યાં આશાનું આ ક્ષીણ રસ્મિ જાળ જેવું, દૂર ગયેલું ભવિષ્ય,– અને ક્યાં આ જાજવલ્યમાન પ્રત્યક્ષ સુખદ વર્તમાન? વળી સંપદ, સૌભાગ્ય, ભોગવિલાસ અને આનંદ–તેને પૂર્ણ રીતે ખેંચતા હતા. અ-સહાય અબળા રમણી–યૌવન દશામાં કેવી રીતે તેના પ્રબળ વેગને રોકી શકે?

વળી તેની સામું કોઇ ઉન્નત આદર્શ પણ ન હતું. જે જોઇને માણસ ગમે તેવી સ્થિતિમાં પણ સ્થિર રહી શકે, તેવું કોઇ ઉજ્જ-વળ ઉદાહરણ પણ તેની આજુબાજુ ન હતું. પરંતુ એથી વિપરીત ભાવનાઓનો વિકાશ થતો જોવામાં આવતો હતો. પાપ અને પ્રલોભન, પાશવાચાર અને પતન, ભોગ અને પ્રવૃત્તિની પાપી છબી, તેની નજર આગળ હંમેશાં તર્યા કરતી હતી! પરંતુ તેવું છતાંએ માણસ ધારે તો નીતિ માર્ગને અનુસરીને રહી શકે; પણ તેવી ઉંચી કેળવણી સુંદરીને મળી ન હતી. અને એવું મોટું ભાગ્ય સુંદરીનું હતુ પણ નહિ જ. ત્યારે એ ભાગ્ય દોષ નહિ તો બીજું શું?

એ ભાગ્ય દોષ જ કહેવાય! કેમ સુંદરીને સૌ છતાંએ કંઈ ન હતુ? મહા મોંઘી આશાઓથી તેનું હૃદય પરિપૂર્ણ હતું; તેવી સ્થિતિમાં તે હૃદય–નૈવેદ્ય પતિને ધરાવવા ગઇ. પણ ભાગ્યદોષે દેવતા રીસાયા! તે નૈવેદ્ય તેણે ગ્રહણ કર્યું નહિ! એથી અબળાના અંતરમાં આઘાત લાગ્યો. ધીરે ધીરે તે આઘાતમાંથી અભિમાન આવ્યું. અભિમાન-માંથી મોહ, મોહમાંથી આસક્તિ અને આસક્તિમાંથી જે જે આવે;

તે તે એક પછી એક આવીને તેને ઘેરી લીધાં! આવી સ્થિતિમાં મનુભાઇના અયોચિત સ્નેહે, તેના દગ્ધ હૃદયપર શીતળ પ્રલેપ કર્યો! બાલ્યાવસ્થાની તે સુખ સ્મૃતિ, તે સુખ સ્વપ્ન, હવે તેને અમૃત સ્પર્શની પેઠે મધુર અને તૃપ્તિકર લાગવા માંડયાં. હાય! સ્વપ્ન કદી સફળ ન થાય?

ધીરે ધીરે સુંદરીના હૃદયમાં, મનુભાઇની મોહિની છબી અંકિત થઇ ગઇ! તે વખતે આંખ મીંચામણી, દાઇનો ઘોડો, વરવહુની રમત, હસી ખુશીની વાતો, વાતવાતમાં નિર્દોષ પ્રેમ અને આડાઇ, વિગેરે અનેક મધુર સ્મૃતિથી, તેનું અંતર ઉછાળા મારવા લાગ્યું. ત્યાર પછી એક બીજાનો લગ્ન સંબંધ–તે સંબંધનું તૂટવું–વિધાતાનું વાંકું જવું–એ વિગેરે વિચારો તેના અંતરમાં ઉભરાવા લાગ્યા. સુંદરી તે વખતે પોતાના મન સાથે વિચારો કરતી હતીઃ

હાય! મ્હારી આવી દશા કેમ થઈ? મ્હેં શાં પાપ કર્યાં હશે કે, મ્હારી સધળી આશાઓ નિષ્ફળ નીવડી? હવે શું તેવા દિવસ ફરી નહિ આવે? વખત તો આ જ છે–સુખ સૌભાગ્યનો ખરો વખત તો આ જ છે! ત્યારે એ વખત હું શા માટે જતો કરું છું? એ વખતનો ઉપયોગ હું શામાટે કરતી નથી? એક ઇસારાથી હું, ધારું તે કરી શકું તેમ છે; ત્યારે હાથ આવેલા અવસરને હું કેમ જતો કરું છું? હાઃ હું મનુભાઇની થઇશ; તે મને ચાહે છે. આ જીવન યૌવન, હું તેના ચર્ણમાં વેચીશ. પરકાળ–સતી ધર્મ–ના; તે હવે મ્હારાથી રખાય તેમ નથી. મન ગભરાય છે. પ્રાણ ઉડુ ઉડુ થાય છે. મ્હારાથી હવે રહેવાય તેમ નથી! અરે; આજે હું મનુભાઇની હોત તો, લોકો મને જોઇને અદેખાઇ કરત. એ રૂપ, એ ગુણ, એ સંપત્તિ, સૌ મ્હારી થાત. હું પણ આટલા દિવસમાં સુંદર બાળકને ખોળામાં લઇને, સંસારને સ્વર્ગ સમાન બનાવત, ભાગ્યવતી સવિતાની પેઠે, હું પણ બધાંનો આ-

ફરમાન પામત. એક સુખી ગૃહિણી તરીકે, બાળકને ખોળામાં લઇને, હું પણ જન્મનું સાર્થક કરત. પણ તેમ થયું નહિ! ભાગ્યદોષે સૌ ઉંધું બની ગયું! આજે તે ભાગ્યને હું ફરી અજમાવીશ. જોઉં વારું કેમ થાય છે?!

કુલટાએ પોતાના મનમાં નર્ક કુંડ સળગાવ્યો; અને તેની અગ્નિમાં પોતે બળવા લાગી!

જે વખતે માણસને પાપી વિચાર થાય છે, તે વખતે પાપી બનાવ પણ તેની નજર આગળ તરી આવે છે. " આ કમળા-પેલી નવલ કાકાની વિમળા-શું કરે છે? હજુ પણ તેઓ જે છે, તે જ છે. તેનું કોઇએ શું કર્યું? ગમે તેમ થાય પણ હવે હું તો મનુભાઇની જ થઇશ! તે મને ચાહે છે. તો હું તેની જ થઇશ. પણ તે પહેલાં હું તેને તપાસીશ, તેની પરીક્ષા કરીશ. ત્યાર પછી તેની થઇશ-પછી જે થાય તે ખરું!"

આવા વિચારથી જ સુંદરી રોજ નવા નવા ઢોંગ કરતી હતી, અને નવા નવા ભાવ ભજવતી હતી.

ભોળો અને સ્ત્રી ચરિત્રથી અજાણ્યો મનુભાઈ, આમાંનું કંઇ સમજતો ન હતો, અને તેથી જ તે અધીરો અને ઉન્મત્ત બન્યો હતો. પોતાની આવી અવસ્થામાં તેણે ચંચળ બાળકની પેઠે, વ્યાકુળ હૃદયે કંઇ પણ છાનું રાખ્યા વિના, પોતાની સ્ત્રીને સુંદરી સંબંધી સૌ વાત કહી દીધી હતી; અને તેનો આભાસ આગળ આપવામાં આવ્યો છે. પણ તે છેલ્લી અવસ્થાનો છેલ્લો આભાસ હતો. એની પહેલાં એવી રીતે અનેક વાતચીત તેમની વચ્ચે થઇ હતી.

એક વખતે કોઇ કામ પ્રસંગે, મનુભાઇ મુંબઇ ગયો હતો. ત્યાં કોઈ મિત્રને મ્હોંડે તેણે સાંભળ્યું હતુ કે, ચોપાટી ઉપર એક ભગવદ્ ભક્ત મહાત્મા આવીને રહ્યા છે. તેઓ માણસના મનની વાત કહે

છે. અને તેમની કૃપાથી ઘણાં માણસો સુધરી ગયાં છે. કંઇક કૌતકથી અને કંઇક સારી આશાથી મનુભાઇ, પોતાથી તદ્દન જુદી જ પ્રકૃતિના એક બાળ મિત્રની સાથે, જે બાળમિત્રનો પરિચય વાચકને આગળ ઉપર થશે; તેને લઇને મહાત્માના આશ્રમે ગયો હતો. ત્યાં આગળ જે કંઇ બન્યું, તે નવલકથાના આરંભમાં વાચકે જોયું છે. કહેવાની જરુર છે કે, ઘેરથી નીકળતી વખતે મનુભાઇએ સુંદરીનું મ્હોંડું જોયું હતું. તે પણ અંતરયામી મહાપુરુષે તેના મ્હોંડાપર કહી દીધું હતું.

ઘેર આવ્યા પછી મનુભાઇ, સુંદરીને ભૂલવાને માટે પ્રયત્ન કરવા લાગ્યો. તેની સાથેનો આડો વ્યવહાર; જે તે પ્રેમ તરીકે ગણે છે, તે પ્રેમ નથી પણ વ્યભિચાર છે, અને તેમાં મહા પાપ છે, એવું તેના સમજવામાં આવ્યું હતું. પરંતુ થોડા દિવસ પછી અવાર નવાર એવા બનાવો બન્યા કે, જેથી તેનું મન પાછું ફરી ગયું. અને પાછી તેની પાપમાં પ્રવૃત્તિ થઇ ગઇ! ફરી સુંદરીના દર્શન માટે તેનું મન આકુળ-વ્યાકુળ થવા લાગ્યું! મનમાં અહરનિશ તેની જ ચિંતા થવા લાગી. તેનું જ ધ્યાન અને તેનું જ જ્ઞાન, તેના મનમાં રમી રહ્યું! એકાંત વાસમાં તે પોતાના મનમાં પાછો, "પરકીયા આસ્વાદન"નું અમૃત સુખ ઉપભોગ કરવા લાગ્યો. પણ જ્યારે પાપ રૂપી કીડો તેને ડંખવા લાગ્યો, ત્યારે તે પાપ અસહનીય થઇ પડ્યું. પરંતુ તેનાં ભાવી અશુભ ફળ જ્યારે તેને દેખાવા લાગ્યાં, ત્યારે તે ભયભીત બની ગયો; અને તે જ દિવસે ઇંદ્રિય પરવશ—પણ સરળ અને સત્ય નિષ્ટ યુવક, મન મૂકી પોતાની સ્ત્રીને સઘળી મર્મ વ્યથા કહી દીધી! તેનું ફળ બીજું કંઇ મળ્યું નહિ; પણ અવૈધ પ્રણયનાં અધઃપતનમાં કંઇક વિલંબ થયો. અને બન્ને પક્ષે કંઈક નવો જ ભાવ બતાવવા માંડયો!!

સુંદરી મનુભાઇને કેવી રીતે રમાડતી હતી તે આગળ કહેવામાં આવ્યું છે. "લજ્જા માન અને ભય એ ત્રણ હશે તો નહિ." એ

તેનાં મર્મ યુક્ત વચનો બોલાયા પછી, પણ કેટલાક દિવસ એમને એમ વહી ગયા હતા. છેલ્લો પાછો એક દિવસ તેમનો મેળાપ થયો; જેનું વિવેચન યથાક્રમે આગળ કરવામાં આવ્યું છે.

તે દિવસે મનુભાઇના મનમાં ભય ઉપજ્યો, અને લજ્જાએ તેની પ્રવૃત્તિને નરમ કરી નાખી. પરસ્ત્રીના પ્યારમાં મોટું પાપ છે, મોટો અધર્મ છે, અને તેમાં મોટા મોટા નાશ પામ્યા છે; એ તેના સમજવામાં આવ્યાથી, તેણે અત્યંત વ્યથિત થઇને પોતાના સુખે સુખી, અને દુઃખે દુઃખી થતી, પોતાની સાધ્વી સ્ત્રીને સઘળી વાત કહી. પુણ્યવતી સાધ્વીને ઉચિત હોય એ પ્રમાણે પતિવ્રતા સવિતાએ સ્વામીને વિનયથી સમજાવીને બહુ બોધ દીધો. એ વાત ત્રીજા પ્રકરણમાં આવી ગઈ છે. વળી મનુભાઇએ ભવિષ્યની અમંગળ છબી જોઇને પ્રતિજ્ઞા કરી હતી કે, " સુંદરીને ભૂલીશ; પ્રાણ જતાંએ ભૂલીશ. હવે આ સંતાપ મ્હારાથી સહન થતો નથી, પ્રભુ રક્ષા કર ! "

પરંતુ મનુભાઇની આ પ્રતિજ્ઞા સફળ થશે કે? અનુતાપના આ તપ્ત અશ્રુ ઇશ્વરના ચર્ણમાં સ્થાન પામશે કે ?

પ્રકરણ ૭ મું.

સંકલ્પ.

ગમે તેવો પાપી, પણ જ્યારે પાપથી પ્રજળી, પરમેશ્વરની ખરા અંતરથી પ્રાર્થના કરે છે, તેની ક્ષમા યાચના કરે છે; ત્યારે તે કદી પણ અફળ જતી નથી. કારણ તે ભક્તવત્સલ છે, કરુણામય છે, અને ભક્તોની વાંચ્છના પૂરી કરનાર કલ્પતરુ છે. તે કદી પણ કોઇને વિમુખ કરતા નથી.

અનુતપ્ત મનુભાઇ, અંતરથી આર્દ્ર થઇને જે પળે પરમેશ્વરની પ્રાર્થના કરી, તેજ પળે પરમેશ્વર તેના અંતરમાં આવિર્ભૂત થયા. જો કે તેઓ માનવના મનમાં સદાકાળ આવિર્ભૂત હોય છે, તોપણ જીવના મલિન આત્મામાં, તેઓ અતિશય અપ્રકટિત ભાવે રહે છે. પણ જ્યારે માનવનું મન નિર્મળ અને સ્વચ્છ હોય છે, જ્યારે તેના પ્રેમમાં માનવનું મન તદ્રુપ હોય છે, ત્યારે તેજ અંતર્યામી અંતરમાં થયેલો નિવાસ તેને પ્રત્યક્ષ રીતે જણાય છે. મનુભાઇનું મન હમણા સ્વચ્છ હતું, કોઇ પણ જાતના કલંકનો ડાઘ, અથવા બીજી કોઇ પણ પાપકામનાનો ત્યાં વાસ ન હતો. તેથી જ પરમેશ્વરે પોતાના પદ્મહસ્ત તેના દગ્ધ હૃદય ઉપર મૂકી તેને શાન્ત કર્યો. ત્યાર પછી તેનું મન વર્ત્તી કંઇક ઇચ્છા શક્તિ પ્રદાન કરી. હવે એ શક્તિ રહે કે ન રહે, તે મનુભાઇના ભાગ્યાધીન છે અથવા તેના જન્માંતરના કર્મોને આધીન છે.

અને મન? હા; તે પણ વિચારવા જેવી વાત છે. મન નિર્મળ હોય, કોઇ પણ જાતના લોભથી, અથવા કોઇ પણ જાતના મોહના આકર્ષણથી તે મલિન ન હોય તો, તે ગમે તેવા લોભને, ગમે તેવી દુરાકાંક્ષાને જીતી શકે છે. સારાંશ એજ કે, તે મન રૂપી સારથીની કૃપા અને અનુગ્રહ જોઇએ. તેની ઇચ્છા વિના કોનામાં એવી શક્તિ છે કે, ચિત્ત સ્થિર કરી શકે, અને ચિત્ત વિકારને રોકી શકે? તોપણ પુણ્ય માર્ગમાં પ્રવૃત્તિ થાય, પ્રભુની અહોનિશ પ્રાર્થના થાય, તેનામાં ચિત્ત પરોવાય, તો આ પાર્થ–સારથીને પરમેશ્વરને શરણાંગત થવું પડે છે. અને તેજ જ્યારે ત્યારે વાંચ્છીત ફળને મેળવી આપે છે.

આવી સ્થિતિમાં મનુભાઇએ ખરા અંતરથી પ્રભુની પ્રાર્થના કરી, અંતરની અસહ્ય યાતનાથી વ્યાકુળ થઇ તેણે પ્રાર્થના કરી; તેણે અશુભ પરિણામ વિચારીને, અધીર થઈ ને પ્રાર્થના કરી; કરુણામય કલ્પતરુએ તે પ્રાર્થના સાંભળી. આર્તના હૃદયમાં આવિર્ભૂત થયા. તેને

અભય વચન આપ્યું. પણ એ ભાવ સ્થાયી રહે છે કે નહિ, તે જોવાનું છે!

સ્થાયી રહે અથવા ન રહે, એ આર્તના મન ઉપર, કે તેના જન્મના અને જીવના વદ્ધમૂળ સંસ્કારપર આધાર રાખે છે. કારણકે જે મન લઇને, જે સંસ્કાર સાધન કરીને, તે સંસારમાં આવ્યો છે; તેજ ભાવે અને તેજ પ્રણાલીએ સારથી તેને ચલવશે. તેજ નિયમે તે સુમાર્ગે અથવા કુમાર્ગે જશે. હજારો પ્રયત્નો કરતાંએ તેને તેમાંથી વારી શકે એવું કોઇ નથી. તે એક એવી શક્તિ છે કે, ઇચ્છા ન હોય તોપણ તે પોતાના ધારેલા માર્ગે, માણુસને ખેંચી તાણીને પણ લઇ જાય છે. એનું નામ તે અદ્રષ્ટ; અથવા પૂર્વ જન્મનાં અભુક્ત અને અવ્યર્થ કર્મ ફળ!

ત્યારે શું, એક જડની પેઠે નિશ્ચિત પડી રહી, તે દોડાવે તેમ દોડવું અને તે ચલાવે તેમ ચાલવું?

ના; તેમ નહિ! પ્રવૃત્તિનું દમન કરવું. પુરુષાર્થ સાધવો, અને મનુષ્ય-તત્વને ઓળખીને સત્યમાર્ગ ગ્રહણ કરવો. જય પરાજય વિધિ લિપિ છે!

આ વિધિ લિપિ ઉપર જેની અચળ આસ્થા છે, તે જ ખરો પુરુષ અથવા પુરુષસિંહ છે. ઇશ્વર પ્રેમી મહાત્માઓ જ એ પુરુષાર્થનું ખરેખરું માહાત્મ્ય સમજે છે. એ પુરુષાર્થ દેવાશ્રિત છે—દેવની દયાથી પુષ્ટ છે. કાયર, દંભી અને આત્માના સત્ય સ્વરૂપથી અજાણ્યા અત્યાચારીઓ, આવા ધર્મભીરુ ઇશ્વર પ્રેમીને દુર્બળ ચિત્તના ગણે છે!!

હતભાગી મનુભાઇએ સતિ સ્ત્રીના પુણ્ય ફળે, પ્રથમ જે સંકલ્પ કર્યો હતો, તે છેલ્લી ઘડી સુધી દ્રઢ રાખી શક્યો નહિ. તેની પરીક્ષામાં તે ખોટો ઠર્યો. વિષય વાંચ્છના આગળ, તે સંકલ્પ સમૂળગો જતો રહ્યો. સુંદરીનો મોહ તેને પાછો વળગ્યો!

પ્રકરણ ૮ મું.

વ્યાધી અને તેનું ઔષધ.

સતિએ સ્વામીનો રોગ પારખ્યો, અને એ રોગનું ભયંકર પરિણામ સંભારી સ્વામીને સચેત કર્યો. સ્વામીએ સંકલ્પ કર્યો, હું "સુંદરીને ભૂલીશ–પ્રાણ જતાંએ ભૂલીશ!"

પણ ભૂલવું એ કંઈ મ્હોંડાની વાત નથી! જેની સાથે પ્રેમ બંધાયો, પછી તે ઉચિત હોય, કે અનુચિત હોય; પણ તેની સ્મૃતિ મનમાંથી કહાડી નાંખવી, એ કંઇ જોરનું કે જબરજસ્તીનું કામ નથી! એક દિવસ નહિ, બે દિવસ નહિ, પણ જીવનના નિર્મળ ઉષાકાળથી, તે યૌવનના મધ્યાનકાળ સુધી, જેને પ્રાણ સમાન ગણી છે; જેના રૂપ, ગુણ અને યૌવનની સ્મૃતિ હૃદયમાં અંકિત થઈ છે; જેને જીવન આધાર તરીકે, ગ્રહણ કરવા અંતરમાં ને અંતરમાં અભિલાષ જન્મ્યો છે; અને તે અભિલાષે, દ્રઢ સંસ્કાર રૂપે, મનને ઘેરી લીધું છે; તેને એકદમ હવે ભૂલી જવી એ કંઈ બનવા જોગ છે?

બનવા જોગ હોય કે ન હોય, પણ પ્રાણથી અધિક પ્રીય જનની જીવન રક્ષાની આશાએ, મનુભાઇને આવી રીતે કડવું ઓસડ પીવું પડશે! કેમકે સતિ વાક્ય અને પ્રાણથી અધિક વ્હાલા પુત્રના તે મર્મ ભેદી શબ્દોએ, તેના મનની ખાત્રી કરી હતી કે, સુંદરીને ભૂલીશ નહિ તો તેનું સર્વનાશ પામશે. અને તેનાં "શાંત તપોવન" નું અસ્તીત્વ સુદ્ધાં રહેશે નહિ! મર્માહત્ ભયવ્યાકુળ મનુભાઇ, એથી જ્ઞાન-શૂન્ય બનીને આર્ત હૃદયે બોલ્યો, "જગદીશ્વર; રક્ષા કર!!"

મનુભાઇની આ અંતરની પ્રાર્થના, પરમેશ્વરે સાંભળી. અને તેના દુર્બળ હૃદયને બળ આપ્યું. તેના ઉદ્ધારનો, તેની મુક્તિનો માર્ગ

તેને દેખાડયો. સુંદરી નજરે ન પડે અને આંખનો નિશો ઓછો થાય, તે માટે મનુભાઇએ મુંબઈ જઇને રહેવાનો વિચાર કર્યો.

સવિતાએ પણ સ્વામીની એ શુભ ઇચ્છાને અનુમોદન આપ્યું. તેણે ધાર્યું કે, મ્હારો સ્વામી ધર્મનીષ્ટ છે. ધર્મ જ તેની રક્ષા કરશે. તેથી જ તેમને આવી સુબુદ્ધિ સૂઝી છે.

મનુભાઇએ વિચાર્યું, " ના; મ્હારા " શાંતિ–તપોવન " આગળ, મ્હારું આત્મસુખ તુચ્છ છે. એ " શાંતિ–તપોવન"ની રક્ષા થાઓ. હું કલ્પિત સુખને જલાંજલી આપું છું. "

ભક્ત અને ભગવાનનો યોગ થયો.

તે કેવી રીતે થયો ? પ્રભુએ મન જોઇને, ધન–શક્તિ આપી અને મનુભાઇએ તેનો સદ્‌વ્યવહાર કર્યો !

પણ—

વળી 'પણ' શું ?

બીજી જ પળે, મનુભાઇના મનમાં "પણે" જગ્યા લીધી.

" પણ અભાગી સુંદરી,—હાય ! અનાથ રમણી,–ત્હારી શી દશા થશે ? "

ધીરે, અતિ ધીરે, અતિ ભયે, સહૃદય યુવકના મનના એક ખૂણામાં, આ ભાવ ઉપજ્યો ! મન રૂપી નારાયણે તે જોયો. તેના મનની આવી ચંચળ સ્થિતિ જોઇને તેમને હસવું આવ્યું ! કંઇક લીલા દેખાડવાની તેમની ઇચ્છા થઈ !

પણ એ લીલા હમણા નહિ. હજુ તેને વાર છે. વખત આવે એ લીલા થશે. અને તેની સાથે પરીક્ષા પણ થશે–પરીક્ષક બીજો કોઇ નહિ; પણ તેજ લીલામય નારાયણ છે !

બીજી પળે મનુભાઇનું મન પાછું દ્રઢ થયું. " ના આત્મસુખ

કરતાં મ્હારું આ શાંતિ તપોવન શ્રેષ્ઠ છે! સુંદરીના વિચારથી, હવે હું મ્હારું મન મલિન નહિ કરું !"

પણુ આ શું ? ઘડી પછી પાછી, તેજ અનાથ અબળાની સ્મૃતિ અંતરમાં ઉપજી ! ફરી તે સ્મૃતિએ કંઈક લાગણી, કંઈક સ્નેહ, કંઈક દયા અને કંઈક મધુરતાએ જગ્યા લીધી !

આ વખતે મનુભાઇની છાતી ચીરાવા લાગી ! તેના અંતર પટમાં એક અસ્પષ્ટ મ્લાન છાયા પડી—હાય ! તે વળી કઈ ?!

મનુભાઇનું મન ડગમગવા લાગ્યું ! પ્રાણાધિક પ્રિય પુત્રનું સુંદર વદનકમળ તેની નજર આગળ તરવા લાગ્યું ! તેના કાલાકાલા શબ્દો, અને તેની સાથે સતિ સ્ત્રીનાં વચનો તેને સાંભરી આવ્યાં ! તે કંપી ઉઠયો. અને પ્રતિજ્ઞા કરી, "સુંદરીને ભૂલીશ–નહિ તો, મ્હારી રક્ષા થશે નહિ—હું તેને ભૂલીશ !"

"દૈવરૂપી પુરુષકાર" અનુકુળ થયો. અનાથનો નાથ, અનાથને સહાય થયો ! તે "સ્વભક્તનો ભક્ત" ગણાય છે. તેથી ક્ષણને માટે તેણે સ્વભક્તિનો જય દેખાડયો !

આ વખતે પતિપ્રાણા સવિતા, મનુભાઇની પાસે આવીને ઉભી રહી. સતિની પવિત્ર મૂર્તિએ, તેના હૃદયમાં એક મધુર રેખા અંકિત કરી દીધી. સવિતાએ અતિ સ્નેહથી કહ્યું—

"શું વિચાર કરો છો ? ધર્મ બંધન તોડીને શું ન્હાસવાનો વિચાર કરો છો કે ? પાપ પુણ્ય એ તો ખોટી વાતો છે—એમ ગણીને કંઈ નવો માર્ગ લ્યો છો કે ?"

પહેલાં તો મનુભાઈ જડ જેવો બની ગયો. શું ઉત્તર દેવો તેના વિચારમાં તે પડયો. પણ પાછળથી તે કંઇક દ્રઢપણે બોલ્યો "ના; હું મ્હારા વિચારથી નહિ ડગું. ત્હારા પુણ્યે, જીવનની આ મહા સમસ્યામાંથી હું પાર ઉતરીશ !"

"એમાં જ મ્હારા જન્મનું સાર્થક છે." સવિતા શાંતપણે બોલી.

મનુભાઇ વળી કંઈક વિચારમાં પડયો. થોડી વાર પછી તે ઉદાસભાવે બોલ્યો, "કદાચ મ્હારાથી તેમ નહિ બને ત્યારે ?"

"ત્યારે હું સમજીશ કે, મ્હારું ભાગ્ય ફૂટયું છે!"

પુણ્ય પ્રતિમાએ લુગડાંનો પાલવ આંખોપર લઇ, આવેલાં આંસુ લુછવા માંડયાં! મનુભાઇએ તે જોયું. તેને બહુ માઠું લાગ્યું. તેને માટે જ આ પતિવ્રતા વિના કારણ સંતાપ સહે છે!

વળી પાછો તે પ્રઢ થયો. મનમાં ને મનમાં તેણે અનેક અધરી પ્રતિજ્ઞાઓ કરી; અને અંતે પ્રભુની ક્ષમા માગી. તે ઉંચે સ્વરે બોલ્યો, "પ્રભુ મ્હારી રક્ષા કરો—મને પાર ઉતારો!"

સતિએ વિચાર્યું કે, "સ્વામીનું મન હજુ પણ શંસયરૂપી તિમિરથી ઘેરાયલું છે. વિધિના વિધાનપર હજુ પણ તેમની પૂર્ણ આસ્થા જન્મી નથી. હે અનાથના નાથ ! મ્હારા સ્વામીને સુબુદ્ધિ આપો!"

બન્ને જણા આંતરિક નિષ્ટામાં—એક ભાવમાં નિમગ્ન હતા. એનું ફળ શું નહિ મળે ?

મનુભાઇએ કહ્યું, "ના વ્હાલી! ત્હારું પુણ્યફળ કદી પણ વૃથા જવાનું નથી. મ્હારો મોહન બચશે!"

સવિના—આ વાત તમે ખરા અંતરથી કહેતા હોય તો, હું સમજીશ કે મ્હારા જેવી ભાગ્યશાળી બીજી કોઈ નથી!"

મનુ૦—તું ખરેખરી ભાગ્યશાળી છે!

સવિ૦—ભાગ્યવાનને પાલવે પડી છું—એજ મ્હારી સુકૃતિ છે!

મનુ૦—તું જે કહે છે તે ખરું છે. તું જ મ્હારી શાંતિ અને મ્હારો નયનમણિ મોહન તે મ્હારું તપોવન છે. આટલા દિવસ સુધી હું આંધળો હતો. ત્હેંજ મ્હારી આંખો ઉઘાડી છે।

સવિ૦—તે તમે ગમે તેમ કહો—પણ ઘરની સુંદરતાપર આટલે દિવસે તમારું ચિત્ત ચોટયું છે; એ જોઇને મ્હારી આંખોમાં આનંદનાં આંસુ આવે છે! હવે શું કરવું છે?

મનુભાઇએ દ્રઢતાથી ઉત્તર આપ્યો, "મુંબઈ ગયા સિવાય બીજો ઉપાય નથી. તે પણ તુરતા તુરત; એક બે દિવસમાં—"

સવિ૦—અને હું—?

મનુ૦—તું પણ મ્હારી સાથે જ. ત્હારા વિના હું કોને આધારે રહું?

સવિતા ભક્તિભાવે, સ્વામીના ચર્ણમાં પડી બોલી, "આજે મ્હારા જન્મનું સાર્થક થયું!"

મનુભાઇ પોતાના મનમાં તીવ્ર યાતના અનુભવતો બોલ્યો, "બીજું ગમે તેમ થાઓ. પણ મ્હારા પાપે મ્હારા મોહનનું અનિષ્ટ ન થાય; એ જ હું પ્રભુ પાસે માગું છું!"

મનુભાઈને "ધન" આપીને, પ્રભુ છળતા હતા. જોકે સતિના પુણ્ય ફળે, મનુભાઇ પહેલી પરીક્ષામાં પાર ઉતર્યો હતો પણ—

વળી પણ શું?

દૈવની આ કેવી છળના? વળી મનુભાઇને ચિત્તવિક્ષેપ થયો. એક સાધારણ બનાવે તેને પાછો ભમાવ્યો!

હવેલીના પહેલે માળે ઉભા ઉભા, પતિ પત્ની આવી રીતે વાતચીત કરતાં હતાં. એવામાં મનુભાઈની નજર બારીમાં પડી. ખરેખરી અશુભ પળે તેની નજર પડી. અને પળ માત્ર ત્યાંજ ચોંટી રહી. આ પળ માત્રમાં મનુભાઇએ બારીમાંથી જોયું, તો સૌંદર્યની સીમા, રૂપરૂપની પ્રતિમા, તેની સ્નેહ સુંદરી, પોતાના કેશ છુટા મૂકી, મોહની રૂપે આંગણામાં ઉભી છે! તેણે એક ઝીણું વસ્ત્ર પહેર્યું છે. માથાના કેશ ભીંના હોવાથી, તે તડકામાં સુકવતી હતી. એટલામાં આંખે આંખ મળી.

સુંદરીએ લજ્જાથી, કંઈક મધુર ભાવથી, વ્હેલાં વ્હેલાં માથાપર છેડો લઈ લીધો. એક અપૂર્વ શોભાથી તે આંગણું શોભી રહ્યું. પળવારમાં વિજળીની ગતિની પેઠે, મનુભાઈના મનમાં તે મોહિની છબી અંકિત થઇ ગઇ! હમણા તે છબી તેને કંઇક નવી નવી જણાવા લાગી!

"હાયરે! આ રંભાનું ભાગ્ય શું આવું ફૂટલું જ છે!"

ફરી પાછી તે લાગણીએ જન્મ લીધો. ફરી પાછો સ્નેહનો મધુર ભાવ ઉપજ્યો. મનુભાઈએ ભયથી આંખો મીંચી દીધી! તે તરફથી મ્હોંડું ફેરવી લીધું! અને બીજા વિચારમાં મન પરોવવાનો તેણે પ્રયત્ન કરવા માંડયો. પરંતુ તેનું અંતર ચીરી–તે છુટા કેશવાળી, મધુર હાવભાવવાળી, સુંદરીના સુંદર રૂપે તો, ત્યાં કયારનીએ જગ્યા લઈ લીધી હતી!

તેના રૂપે મુગ્ધ બનેલો, પણ પરિણામથી બીધેલો યુવક, પાછો વિચારમાં પડયો. તેના હૃદયમાં ફરી સંગ્રામ ચાલ્યો. અંતરમાં તરંગોપર તરંગો ઉઠયા. પણ તે તેણે કોઇને જણાવા દીધા નહિ. હવે અહિંથી જેમ બને તેમ વ્હેલા, મુંબઇ જવું એમાં જ સારું છે, એમ પોતાના મનની ખાત્રી કરી, તેણે જવાની સઘળી તૈયારીઓ કરવા માંડી.

અહિંયાં એક પ્રશ્ન થાય છે કે, દૈવે એવી છળના શા માટે કરી હશે? એના ઉત્તરમાં એટલું કહેવાનું કે, તે મનુભાઈના મનના ગુણે કરીને થઈ હતી. તે પોતાના મનમાં સુંદરીને ચાહતો હતો અને બહાર તેને ભૂલવાનો પ્રયત્ન કરતો હતો. એ પ્રયત્ન તે શું સફળ થાય?

તેથી જ પ્રભુએ, આપેલું "ધન" પાછું લઇ લીધું! અપાત્રે દેવધન રહેતું નથી. તેથી પાર્થિવ ધનથી લોભાવી, તેમણે અપાર્થિવ ધન તેની પાસેથી લઇ લીધું! એ તેમની માયા કહો કે છળના કહો!!

પ્રકરણ ૯ મું.

સાધન સંગીત.

તે દિવસે છેક મોડી રાત્રે, મનુભાઈ પથારીમાં સુતો. પણ માનસિક વ્યાધિને લીધે તેને નિદ્રા આવી નહિ. થોડો વખત આવી રીતે ગયા પછી, દુર કોઇ ગાતું હોય એવું તેને સંભળાયું. ધીરે ધીરે તે ગાન આકાશ અને મેદની ગજાવી, શાંત અને સુષુપ્ત શેરીને, કંપાવીને વધવા લાગ્યું. કરુણ બેહાગના સુમધુર સુરથી તે ગાન ચાલતું હતું. આવી મોડી રાત્રે બેહાગના સુમધુર સુરથી, મનુભાઇનું દગ્ધ અંતર દ્રવીભૂત થવા લાગ્યું. તે સુધા વર્ષાવતું સ્વર સંગીત, અંતે ગંભીર નિસ્તબ્ધતા ભંગ કરી, પંચમમાંથી સપ્તમમાં ઉઠયું. મનુભાઇ એકાગ્રચિત્તે સાંભળવા લાગ્યો.

> વ્યર્થ ગુમાયો જન્મ, ગાયો નહિં માત્ નામ !
> મગનભિમાનમેં, તનમન તાનમેં.
> કયોં ભયો તું અસ્ત મદમસ્તરે !
> ગૃહસ્થ બની ધૂળ કમાયો ! ગાયો.
> રમત રહ્યો તરુણી સંગ;
> અંગમેં ઉમંગ ધરી,
> ઢંગમેં બેઢંગ રંગ છાયોરે !
> ન પાયો કછુ ન આયો ન આયો ! ગાયો.

મનુભાઇ સુતો સુતો સાંભળતો હતો, તે ઉઠીને બેઠો થયો, પણ તેને ચ્હેન પડયું નહિ. વળી તે પથારીમાંથી ઉઠયો. અને બારી ઉઘાડી ત્યાં ઉભો રહ્યો. તોપણ સારી રીતે સાંભળવાની ઇચ્છાથી, તે પાછો છજામાં આવ્યો. ગાનાર સુધા-કંઠે ગાતો હતો—

લોહ લે આયો મની હરાયો;
ઉલટ ખેલ ખુબ મચાયો !
છોટમ ફેરો મુક્ત કો તે ગુમાયોરે,
એકારજ જનિતાને જાયો ! ગાયો.

મનુભાઈનું હૃદય તો ઘણીવારથી દ્રવતું હતું. હવે આંખોમાં આંસુ આવ્યાં. પણ તેના અંતરના ઉંડાં શ્વાસે, તે આંસુને શોષવા માંડયાં. ગાનારના શબ્દે શબ્દે, તે પોતાને ચિતરવા લાગ્યો.

ગાનારના મ્હોંડાંમાંથી હજુ પણ ધ્વનિ નીકળતો હતો.

વ્યર્થ ગુમાયો જન્મ, ગાયો નહિં માત્ર નામ
મગનભિમાનમેં, તનમન તાનમેં;
કયોં ભયો તું અસ્ત મદમસ્તરે !
ગૃહસ્થ બની ધૂળ કમાયો! ગાયો.

હવે મન અધીરું બન્યું. બ્હેબાકળું બન્યું. દડદડ કરતાં મનુભાઇની આંખોમાંથી આંસુ પડયાં. તે આંસુથી છાતી ભીંજાઈ અને ધડકતી છાતી તેથી કંઇક શાંત, કંઇક શિતળ બની. તે વખતે મનુ ભાઇએ સજળ નયને, આંસુથી ધોવાયેલા ઉદાર નિર્મળ મને, ઉંચુ—આકાશ તરફ જોયું. તેની મા નહતી. આજે તે મા સાંભરી આવી. સ્વર્ગે સીધાવેલી જનનિની જ્યોતિર્મયી મૂર્તિનું ધ્યાન ધરતાં ધરતાં, કોઇ ખરેખરી શુભપળે, તે ત્રિલોક જનનિ, વિશ્વ પ્રસવનિ માની મૂર્તિ, મનુભાઇના મનમાં અંકિત થઇ. તેથી મન આલોકિત થયું; હૃદય પુલકિત થયું.

તે વખતે પુલકિત હૃદયે, તેને પૃથ્વી ઘણી સુંદર દેખાઇ. બાહ્ય પ્રકૃતિનો સાથે, આંતર પ્રકૃતિનો યોગ થયો. રજની જ્યોત્સ્નામયી હતી, હાસ્યમયી હતી. મનુભાઇના હૃદયમાં પણ ભક્તિની કૌમુદી ફૂટી હતી. બન્ને સુર એક થયા. એક રાગે વાગવા લાગ્યા.

મનુભાઇ પોતાના મન સાથે વિચારવા લાગ્યો, એ કોણ ગાતું હશે? મને ઉદ્દેશીને એ કોણ ગાતું હશે? મ્હારા દુઃખે દુઃખી એવું કોણ છે, કે મ્હારા મનને રુચતું ગાય અને તેથી મ્હારા મનની શાંતવના થાય? આવી અંધારી રાત્રે અગોચરપણે, મ્હારો એવો કીયો બંધુ છે કે, તે નિઃસ્વાર્થપણે મને આવો ઉપદેશ આપે છે? જાણે ગાનારના પ્રાણમાં આવિર્ભૂતિ થઇને, મ્હારી મર્મકથા નીકળતી હોય, એવો મને ચોખ્ખો ભાસ થાય છે! ખરેખર, હું આંધળો છું. મા, ત્હારું રૂપ કેવું છે, તું કેવી દયામય છે; તે મ્હેં આજે જાણ્યું. અત્યાર સુધી મને ત્હારાં દર્શન થયાં નહતાં; અને તેથી હું સંસારના કલ્પિત સુખ દુઃખમાં પચી, હાય હાય કરતો ફરતો હતો. ખરેખર; મા! તું અનંતરૂપિણી છે. પરમેશ્વરી છે!"

ફરી આંખોમાં આંસુ આવ્યાં. વ્યથિત અંતઃકરણે, અનિમેષ નયને, મનુભાઈ આકાશ તરફ જોઈ રહ્યો. જાણે માની શાંત શીતળા, વરાભયા, મૂર્તિ જોવાની આશાથી, અને તે મહામાયાના મ્હોંડેથી અભયવાણી સાંભળવાની આશાથી, તે પહેલાંના જેવો ત્યાં જ ઉભો રહ્યો. થોડી વાર પછી તેણે બન્ને હાથ જોડયા; અને ઘૂંટણીએ પડયો. મનુભાઈ માનસ પૂજામાં રત થયો.

બે ચાર પળ આવી રીતે અતિ આનંદમાં, અતિ શાંતમાં ગઈ. મનુભાઇએ આંખો મીંચી દીધી. ચારે તરફ મધુમય ભાસ્યું. પ્રાણ—મન ભક્તિરસે પરિપૂર્ણ થયાં. આજની રાત્રિ તેને બહુ આનંદમયી લાગી.

પણ હાય; અચાનક આ શું? હરિ હરિ! આવા વખતે, ન ધારેલા સંજોગે, ફરી સુંદરીનાં દર્શન? જેને ભૂલવાને માટે આટલો અનુતાપ અને આટલો સંતાપ; તે પાછી તેની નજરે પડી! આવું અણધાર્યું શાથી બન્યું? કેમ અત્યાર સુધી તો મનુભાઇને સુંદરી સાંભરી પણ નહતી? સુંદરીની વાત, સુંદરીના વિચાર, તો તેને ઘણી

વાર સુધી મનમાં આવવા પણ દીધાં નહતાં ! એટલુંજ નહિ પણ તેનાથી વિપરીત ભાવ, તેનાથી જુદા જ વિચાર, તેના મનમાં ઉપજતા હતા ! પાપમય વ્યભિચારને બદલે, પવિત્ર ભક્તિરસ પૂર્ણ, માતૃભાવથી તેનું મન પૂર્ણ હતું. ત્યારે આવું કેમ થયું ? આ વખતે આવો વિષમ દ્રશ્ય મનુભાઇની નજરે પડવાનો શો હેતુ હશે ?

એ હેતુ કોણ સમજાવે ? ન્યાય, દર્શન, ફીલોસોફી અને વેદાંત પણ એ સમજાવવાને અસમર્થ છે. કલ્પતરુની કૃપા વિના, પ્રકૃતિનું એ મહા રહસ્ય, સૃષ્ટાનો એ મહાન ગુપ્ત ઉદ્દેશ, કોઇ સમજે કે સમજાવી શકે તેમ નથી !

આવી ચાંદરણી રાત્રે, આવી રળીયામણી રાત્રે, મનુભાઇએ અનાયાસે પોતાની પ્રાણ પ્રતિમાને જોઈ. તે પ્રતિમાની સ્વાભાવિક સુંદરતા, અત્યારે કંઇક વધારે સુંદર દેખાતી હતી. ચકિત મને એક બીજાએ, એક બીજાને જોયાં. હૃદય તરંગિત થયું. શરીર રોમાંચિત્ત થયું.

સુંદરી અત્યારે કંઇ કારણને લીધે કાચી ઉંઘમાંથી ઉઠીને, પોતાના આંગણામાં ઉભી હતી !

ફરી સૌ ઉલટપાલટ થઇ ગયું. વીખરાયેલા વેશે, વીખરાયેલા કેશે, સુંદરીના સુંદર રૂપે, મનુભાઇના હૃદયમાં સ્વર્ગની છબી આંકી. મનુભાઈ એકદમ કંપી ઉઠયો.

કારણ કે તે કરુણ બેહાગનો સુર, હજુ તેને દૂરથી સંભળાતો હતો.

રમત રહ્યો તરુણી સંગ, અંગમેં ઉમંગ ધરી.
રંગમેં બેઢંગ રંગ છાયોરે !
ન પાયો કછુ ન આયો ન આયો ! ગાયો.

છજામાં જે તરફ મનુભાઇ મ્હોડું રાખીને ઉભો હતો, તે તરફ ગાન સાંભળતાંની સાથે અતિ ચકિત ભાવે, તેણે પીઠ ફેરવી

દીધી. પણ ફરી તે સ્વર્ગીય સંગીત તેને સંભળાયું નહિ, ધીરે ધીરે તે આકાશમાં લીન થઇ ગયું.

સુંદરીએ દૂરથી, પોતાના ઘરના આંગણામાંથી, મનુભાઇને પોતાની તરફ પીઠ ફેરવીને ઉભેલો જોયો. થોડી વાર તે કંઇક અજાય બીમાં ઉભી રહી. પણ ફરી મનુભાઇએ તેના તરફ પીઠ ફેરવીને જોયુંજ નહિ!

"હં: આટલે સુધી? મને જોઇને મ્હોડું ફેરવી લીધું?–" અપમાનથી એકદમ સુંદરી ઘરમાં ચાલી ગઈ.

તે વખતે મનુભાઈ એકાગ્રચિત્તે, તન્મયભાવે, ગાયકના કંઠમાંથી નીકળેલાં, તે સ્વર્ગીય સ્વર સંગીતની આવૃતી કરતો હતો.

લોહ લે આયો મની હરાયો.
ઉલ્લટ ખેલ ખુબ મચાયો!
છોટમ ફેરો મુક્ત કો તે ગુમાયોરે!
બેકારજ જનિતાને જાયો ગાયો.

વારંવાર આવૃતી કરવાથી તે પદ તેને મ્હોંડે થઇ ગયું–ભાવ–વિહ્‌વળ મનુભાઇ, આ વખતે ભક્તિપૂર્ણ–હૃદયે પોતાના મનમાં, જગત્ જનનિને બોલાવા લાગ્યો, "મા! મ્હારી રક્ષા કર! શરણાંગત સંતાન પ્રતિ સદય થા! મુખ ઉંચુ કરીને જો, મા! હવે આ દીન બાળકને છળીશ નહિ!!"

આ વખતે ફરી તે સુધાસ્વર બહુ દુરથી સંભળાવા લાગ્યો.

વ્યર્થ ગુમાયો જન્મ, ગાયો નહિ માતૃ નામ!
મગનભિમાનમેં, તનમન તાનમેં;
કયોં ભયો તું અસ્ત મદમરતરે!
ગૃહસ્થ બની ધૂળ કમાયો! ગાયો.

અંતરમાંને અંતરમાં આ ભાવ જાગ્રત કરી, માનસિક યાતનાથી ઘેરાયેલો મનુભાઇ, પોતાના મન સાથે કહેવા લાગ્યો, " મા ! મને બચાવ ! એ ઠગણીના હાથમાંથી ત્હારા દુર્બળ સંતાનને બચાવ. ! "

હૃદયના મોટા ભારથી, બ્હેબાકળો બની મનુભાઈ એકદમ બોલી ઉઠયો, " સુંદરી, ત્હેંજ મ્હારું સત્યાનાશ વાળ્યું ! "

બોલતાં તો બોલાઇ ગયું. પણ ફરી મનુભાઇને ભાન આવ્યું. કારણ કે તેના એ જોરથી બોલાયેલા શબ્દો, સુંદરીએ સાંભળ્યા હશે, એવી તેની ધારણા બેઠી હતી. મનુભાઈ મનમાં ને મનમાં પસ્તાયો. તેણે સુંદરીના ઘર તરફ ફરીને જોયું. પણ સુંદરી નજરે પડી નહિ. " ત્યારે સુવા ગઈ હશે; સહેજ ઉઠી હશે. ચાલો સારું થયું કે, મ્હારા શબ્દો તેણે સાંભળ્યા નહિ. "

પણ તેમ થયું ન હતું. તેના શબ્દો તેણે સાંભળ્યા હતા. એ-ટલુંજ નહિ, પણ તે શબ્દો કારી બાણરૂપે તેના હૃદયને વીંધીને આરપાર નીકળી ગયા હતા. સુંદરીએ મનુભાઇના નિષ્ઠુર વાકયો પૂરે-પૂરાં સાંભળ્યાં હતાં.

બમણું અભિમાન વધ્યું. " અર્ધી રાત્રે છજામાં ઉભા રહીને, તેણે મ્હારો આવો તિરસ્કાર કર્યો ? શું મ્હેં તેનું સત્યાનાશ વાળ્યું ? અરે; નિર્દય ! ત્હેં પણ અંતે આવું જ કર્યું ? ! "

બન્ને જણાના મનમાં જુદા જુદા તરંગો ઉઠયા. મનુભાઇ દબાતા પગલે પ્રેમના મંદિરમાં ગયો. અને સુંદરી અભિમાનથી ફુલાઈ, કલ્પિત દુઃખે દુઃખી થઈ, નીશાશા નાંખતી ઘરમાં સુવા ગઇ.

થોડી વાર છજામાં ઉદાસભાવે આંટા મારી, મનુભાઈ પથારીમાં સુતો. પણ ઉંઘ આવી નહિ. એક તરફ સુંદરીની સુંદર છબી, અને બીજી તરફ ગાયકનું તે ઉદાસ સંગીત, તેના હૃદયને ડોળાવવા લાગ્યું. તે વખતે જાણે સ્પષ્ટ રૂપે તેના કાનમાં ભણકારા વાગવા લાગ્યા.

વ્યર્થ ગુમાયો જન્મ, ગાયો નહિ માત્ નામ!
મગનભિમાનમેં, તન મન તાનમેં;
કયોં ભયો તુ અસ્ત મદમસ્તરે !
ગૃહસ્થ બની ધૂળ કમાયો ! ગાયો.

રમત રહ્યો તરુણી સંગ, અંગમેં ઉમંગ ધરી;
ઢંગમેં બેઢંગ રંગ છાયોરે !
ન પાયો કછુ ન આયો ન આયો ! ગાયો.

લોહ લે આયો મની હરાયો,
ઉલટ ખેલ ખુબ મચાયો;
છોટમ ફેરા મુક્તકો તેં ગુમાયોરે !
બેકારજ જનિતાને જાયો !! ગાયો.

પ્રકરણ ૧૦ મું.

લોક-ચર્ચા.

ગમે તેટલી ચતુરાઈ વાપરો, ગમે તેટલી હોંશીયારી બતાવો, પણ પ્રેમનો નિશો કદી પણ છુપો રહેતો નથી ! સુંદરીનો સલજ્જભાવ અને મનુભાઇની આત્મસંકોચની અસ્ફુટ છાયા, પણ એવીજ રીતે પ્રકટ થઈ ગઈ! જો કે સાધ્વી સવિતાએ બને ત્યાં સુધી, મનનું દુઃખ મનમાં દાબી રાખ્યું હતું; અને સ્વામીનું અધઃપતન પોતાના મનમાં સમજીને કોઇને કંઈ જણાવા દીધું ન હતું; તોપણ સ્વાભાવિક નિયમ પ્રમાણે, એ વાત પાંચ માણસોએ પોતાની મેળે જાણી લીધી !

કેવી રીતે જાણી લીધી, તે કહી શકાય તેમ નથી. પ્રેમનું નિદર્શન અથવા પૂર્વરાગનું લક્ષણ, લોકો કેવી રીતે જાણી જાય છે; તે કળાતું નથી! વિશેષ કરીને સ્ત્રીઓમાં એક એવી અદ્ભૂત શક્તિ છે કે, બોલવું ચાલવું ન પડે, હાથે હાથ પકડવો ન પડે; પણ નજરથી સૌ કામ થઈ જાય! એમની નજર કોણ જાણે કેવી રીતે મળી જાય છે કે, પ્રેમિક પ્રેમિકાના હાવભાવ, ચકિત ચંચળ સલજ્જ દ્રષ્ટિ, સ્વરભંગ, વિગેરે પોતાની મેળે અંતરનું ચિત્ર પ્રકાશ કરી દે છે!! ગમે તેવી ચતુર સ્ત્રી હોય, ગમે તેવી બુદ્ધિમાન હોય, પણ એ ગુપ્ત વિદ્યા તેનાથી વધારે દિવસ ગુપ્ત રખાતી નથી! આજે નહિ તો કાલે, કાલે નહિ તો પાંચ દિવસ પછી, પણ તે પ્રકાશમાં આવે છે. મનુભાઈ અને સુંદરીના પ્રેમમાં પણ આવું જ બન્યું! એમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નથી.

એકને કાનેથી બીજાને, અને બીજાને કાનેથી ત્રીજાને, એમ વાત વાએ ઉડી! આ બાબતમાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે ખંત રાખતી હોવાથી, તેમણે કંઇ બાકી રહેવા દીધું નહિ! વાટે ને ઘાટે જ્યાં પાંચ ભેગી થાય કે, તેમની વાતનો વિષયજ આ. આજે શિવરાત્રિ હોવાથી ફળીયામાંની ઘણી ખરી સ્ત્રીઓ, નવરી થઇને પ્રસન્નકુંવર કાકીના ઘરમાં એકઠી મળી હતી. તેમાં સુંદરીની વાત તેની સમાન વયની લલિતા નામની એક સખીએ ઉપાડી, “ઓ બાપરે! મનુભાઇ બહાર નથી તેટલા અંદર છે, એતો મ્હેં આજે જ જાણ્યું!”

“શું જાણ્યું તે તો પહેલાં કહે. ત્હેં એકલીએ જાણ્યું તેમાં શું વળ્યું!” બીજી સખીએ કહ્યું.

“તને કેવી રીતે જણાવું:—”

રૂપનો નાગર રસનો સાગર;
મ્હારા મનડા માંહી રમે!

ઘેલી બની હું તો, ઓ સાહેલી,
એના વિના મને ન ગમે !

આ સાંભળી બેઠેલી સ્ત્રીઓની ઉત્કંઠા વધી પડી, અને તેની સાથે તેમને કંઇક કૌતુક અને આનંદ ઉપજ્યો. એટલું જ નહિ પણ તેમનો ઘણા દહાડાનો સંશય આજે ભાગતો હોવાથી તેમને એથી રસ ઉપજ્યો ! સવાલ પર સવાલ પૂછાવા લાગ્યા. વાત પર વાત ચાલવા લાગી. પ્રસન્નકુંવર કાકી, કે જે આવા વખતની ઘણા દહાડા થયાં વાટ જોયાં કરતાં હતાં, તે બોલ્યાં, "લલિતા ! ત્હારી કવિતા મૂકીને કંઇ કહેતો સમજણ પડે." પણ લલિતાએ પાછું કવિતામાં જ કહ્યું:—

આ વિદ્યાની વડી વડાઇ;
પ્હેલાં ન કોઇએ જાણી !
હવે તો સૌ કોઈ વાતો એની,
કરતાં તાણી તાણી !

તરલા બોલી, "હવે તાણી તાણીને બહુ લાંબુ તે શું કરે છે ? ખરી વાત શું છે તે કહેને ?"

લલિતાએ પાછું લલકારીને કહેવા માંડયું:—

મનની વાતો કોને કહેવી,
દુઃખે દુઃખીયું કોણ થાય ?
પરનું દુઃખ પોતાનું સમજે,
તેને રાખીએ છાતી માંહ્ય !!

કુમુદાએ કહ્યું, "હવે તને છાતીની માંહ્ય રાખીશું થયું ? બોલ ચોકખે ચોકખું બોલ !"

"એમ તો કંઈ કહેવાય—"

પ્રસન્નકુંવર કાકી તેને અટકાવીને બોલ્યાં, "કવિરાજ ! હવે

તમારી કવિતા બાજુ પર મૂકીને, અમારા મનુભાઇની ગુપ્ત લીલા કહો!"

લલિતાએ પાછું કવિતામાં ગાયું.

ગુપ્ત વાત શી રીતે કહેવી?
પડે પીડા તે જાતે સહેવી!
કોઇને કહે ન દુઃખડાં જાય!
લોક હસે ને નિંદા થાય!

આ સાંભળી સૌ હસી પડયાં. હસ્તાં હસ્તાં એક બીજાની ઉપર ઢળી પડી તેમણે ધક્કા ધક્કી કરવા માંડી! એક રસિક નણંદે, પોતાની ભોજાઇને, કે જે તેની પાસે જ બેઠી હતી, તેને કોટે વળગીને ગાવા માંડયું:—

મ્હારી ભોળી ભોજાઈ!
વશીકરણ વિદ્યાના જોરે;
વશ કર્યા ત્હેં મારા ભાઇ!

ગીત સાંભળીને લલિતાને તાન ચડયું. તેણે ભોજાઇનો પક્ષ લઈ નણંદીને કહ્યુ:—

નણંદી નખરો તમારો જાણ્યો!
પરણ્યાને પડતો મૂકી,
મોહનવરને મન માન્યો!

ઠઠ્ઠા મશ્કરી ઓછી થયા પછી, પ્રસન્નકુંવર બોલ્યા "તમને બધાંને જોઇએ છે જ આવું; જુઓને કોની વાત કરતાં કોની વાત કરવા મંડી ગયાં!"

એક પ્રૌઢા જે બિચારી હંમેશની વિરહી હતી, તે કંઇક ગુંચવાતાં ગુંચવાતાં બોલી, "વળી એવો દિવસ ક્યારે આવશે કે, સધવાના પણ વિવાહ થશે!"

લલિતા એ સાંભળીને તુરત બોલી ઉઠી, "મોટી બ્હેન! તમે

તમારા મનની વાત કહી દીધી. પણ તમારું ને મ્હારું નશીબ એટલું બધું જોરાવર નથી !”

હવે મોટી બ્હેન ગુંચવાયાં! જ્યારે તે સધવા હતી. યૌવનના પ્રથમ પગથીએ ચઢી હતી, ત્યારે આજુબાજુના દુષ્ટ માણસો તેનાપર અપવાદ મૂકતા હતાં. એ અપવાદે જ્યારે મોટું રૂપ પકડયું, ત્યારે તેના પિતાનું માથું ફરી ગયું ! તે વૃદ્ધ બ્રાહ્મણ, આખી રાત જાગતો રહી હાથમાં મોટી ડાંગ લઈ, ઘરની આજુબાજુ પહેરો ભરતો, અને અનેક યુક્તિ તથા પ્રયત્નો કરતો, પણ આ કલંકનું, દીકરીના આવા ગુપ્ત પ્રેમનું, તે કંઇ પણ નિવારણ કરી શક્યો નહિ ! એક દિવસે તેણે તે પાપીના જોડા અને લાકડી મહા મહેનતે મેળવ્યાં; પણ ચોર પકડાયો નહિ. તે લાકડી અને જોડા મૂકીને ન્હાસી ગયો. બીજે દિવસે તેમણે ઘણીએ છુપી તપાસ કરી પણ કાંઇ વળ્યું નહિ. એક બે માણસપર તેમને સંદેહ ઉપજ્યો; પણ ખરો ચોર પકડાયો નહિ ! એથી તેમને ઘણો ક્રોધ ઉપજ્યો અને તે ક્રોધ તેમણે દીકરીની પીઠપર પેલા જોડા અને લાકડીઓ વડે શાંત કર્યો ! તેની બ્હેનપણીઓના કહેવા ઉપરથી જણાય છે કે, લાકડી અને જોડાના મારથી, મોટી બ્હેન સાત દિવસ સુધી પથારીમાંથી ઉઠયાં ન હતાં ! એટલું જ નહિ પણ તેમના શરીરપરનાં ચાઠાં સંતાડવાને માટે લગભગ બે મહિના જેટલો તેમને વખત લાગ્યો હતો !

પારકું રહસ્ય ઉઘાડું પાડી, તેમાં રસ લેવા જતાં, પોતાની મર્મકથા નીકળી, એટલે મોટી બ્હેનનું મ્હોડું સુકાઈ ગયું ! ચતુર તરલાએ તે જોયું. ગરીબ બિચારી વિધવાની ચર્ચા વધારે ન થાય તે સારું એમ સમજી તેણે ટુંકામાં પતાવતાં કહ્યું;

ઘૂંઘટડામાં ઘર ઘાલ્યું,
ઘર ઘાલ્યુંરે !

પહેલાં ન જાણ્યું, કોઇએ મનથી ન માન્યું.
મનડું મોહનવરથી મ્હારું મહાલ્યુંરે!
એ બ્હેની મ્હારી!—ધ્રૂ.

પોતાના બોલે પોતે બંધાઈ, મોટી બ્હેન મનમાં ને મનમાં પસ્તાયાં! આજુબાજુ બેઠેલી સ્ત્રીઓમાં જે ચતુર હતી, તેમને એ સમજાયું. એટલે એ વાત તેમણે અહિંયાંથી જ પડતી મૂકી.

થોડી વાર પછી લલિતા બોલી, "આમાં હવે વાંક કોનો—? કાળમુખી સુંદરીનો કે મનુભાઇનો?"

એક જણીએ કહ્યું, "વાત શી છે તે તો પહેલાં કહે, પછી જેનો વાંક હોય તેનો કહેવાય."

તરલા—વાત વળી શી કહેવી છે; પેલા કાગળથીજ સૌ ઉઘાડું પડી ગયું છે ને!

બીજી બોલી—હા ખરી વાત છે. લોકવાયકા ખોટી ન હોય.

મોટી બ્હેન—હવે એ વાતને પડતી મૂકો, એમાં કંઈ સાર નથી. પણ રાંડની કેવી બુદ્ધિ? આવો શંકર જેવો સ્વામી વેરાગી થયો, તેને માટે તેને જરા અરે તો કયાંથી થાય; પણ ઉલટી રાંડ પરપુરુષની સાથે નજર બગાડે છે. રાંડ કેવી લુચ્ચી?" પ્રકાશપણે આટલું બોલી તે પોતાના મન સાથે લવ્યાં, "બોલું છું તો ખરી; પણ જે જાણે છે તેજ મરે છે!!"

એક જણી બોલી ઉઠી, "લુચ્ચી તો વળી આથી કેવી? રાંડ પારકાં ઘર ભાંગવા બેઠી છે ને. જો સવિતા આ વાત સાંભળશે તો, તેના જીવને કેમ કેમ થશે!"

કુમુદા—પણ રાંડ પહોંચેલી જ ખરી હોં! એને માટે જ તે બપોરે એકલી પાણી ભરવા જતી હતી. હવે એની લુચ્ચાઈ જણાઇ.

મોટી બ્હેન—હમણા હમણા એની વાત પણ બહુ વધી ગઇ

હતી તો; દરરોજ નવા નવા વેશ બદલવા, વાંકા ચુંકા સેંથા પાડવા, એ સૌ શાને માટે થતું હતું, તે આજે જણાયું !

પછી તે મનમાં બોલી, " રાંડ ખેલાડું તો ખરી; એનું નામ તે નશીબ ! "

કુમુદા—પણ અત્યાર સુધી તેણે કેવી બધાંની આંખમાં ધૂળ નાંખી ?

આ વખતે લલિતાએ સુંદરી તરફથી વકીલાત કરવા માંડી. " તમે બધાં સુંદરીનો વાંક કહાડો છો, પણ શું મનુભાઇનો એમાં વાંક નથી ? "

મોટી બ્હેન—જો તું એમ કહે છે તો, મ્હારે કહેવું પડે છે કે, મર્દને શું ? સ્ત્રીની મરજી ન હોય તો, મર્દની શી મગદુર છે કે, તે આપણું નામ લઈ શકે ! "

તરલા—ખરું કહો છો, મોટી બ્હેન !

લલિતા—મને તો આમાં સોળે સોળ આના મનુભાઇનો વાંક જણાય છે. તે કંઇ મૂર્ખ નથી. સમજુ છે, વિદ્વાન છે, અને ઘરમાં રંભા જેવી સ્ત્રી છે; તો તેમણે શા માટે આવું કર્યું ? કોઇ સારા માણસની વહુ દીકરી પર નજર બગાડવી તે કંઈ સારું કહેવાય ?

તરલા—તું કહે છે તે ખોટું નથી. મ્હારું કહેવું પણ એવું જ છે. તે આબરુદાર ગણાય છે, રૂપગુણમાં અને ધનમાનમાં સૌથી ચઢીયાતા છે, તેમને શાનો અભાવ છે ? તેમણે કેમ જાણી જોઇને ગરીબનું ઘર ભાગ્યું ? ભૂખ્યાને ખાવાનો લોભ દેખાડવો, અને ધણીના સુખથી વંચિત થયેલી સ્ત્રીને પ્રેમની જાળમાં ફસાવવી, એ સૌ સરખું જ કહેવાય. મનુભાઇએ આ કામ સારું કીધું નહિ !

કુમુદા—એમાં તેઓ સાર કહાડવાના નથી, એ નક્કી સમજવું. મોટી બ્હેન, ભલે માને કે ન માને, અને પ્રસન્નકુંવર કાકી ભલે ને ગાલે હાથ દેઇને બેસી રહે; પણ હું જે કહું છું તે ખરું કહું છું કે, આનું પરિણામ સારું આવવાનું નથી. કોઇનું મન રાખીને વાત કરવી

એ ખુશામત કરવા જેવું છે. એતો ખરાનો ખરો, અને ખોટાનો ખોટો; વ્હેલો મોડો પણ બદલો મળશે જ. કારણ કે દુનિયામાંથી હજી પણ ધર્મ ઉડી ગયો નથી.

પ્રસન્ન—એની કોનાથી ના કહેવાય તેમ છે !

ત્યાર પછી, મોટી બ્હેન, નાની બ્હેન, નાની વહુ, મોટી વહુ, લલિતા, કુમુદા, તરલા, સરલા વિગેર ત્યાં જે કોઇ બેઠા હતાં, તે સૌ એક સાથે મનુભાઇની નિંદા કરવા લાગ્યાં. "ખરી વાત છે. એક અબળાને આડે માર્ગે લઈ જવી, એમાં મોટો અધર્મ છે. મનુભાઇએ આ કામ સારું કીધું નહિ !"

પણ મોટી બ્હેને, પ્રસન્નકુંવર કાકીના કાનમાં કહ્યું, "બધું કહો, પણ એ તો કાળનો દોષ, અને વયનો ધર્મ તે ક્યાં જાય ?"

પછી મોટી બ્હેન મન સાથે બોલ્યાં, "આવું રૂપ અને આવું સુખ, કોણ હાથ આવેલું જતું કરે એમ છે ?"

લલિતા—મનુભાઇને શું ? તેમની પાસે પૈસો છે, એટલે બે દિવસ પછી સૌ વાત કરીને ટહાડાં પડી જશે. પણ સુંદરીની દશા શી થશે ? વળી આજે તો મ્હેં એવું સાંભળ્યું છે કે, મનુભાઈ બૈરાં છોકરાંને લઇને મુંબઈ જાય છે.

સરલા—હેં હેં ? ક્યારે ક્યારે ?

લલિતા—એક બે દિવસમાં.

કુમુદા—શું કહે છે ? હવે તો એમ જ થવાનું. જોઈ મનુભાઇની હોંશીઆરી ? પણ અહિં બધાંની આંખમાં ધૂળ નાંખીને ન્હાશી જશે તે ચાલશે; પણ ધર્મની હાક તો ચોમેર વાગે છે. તેનાથી ન્હાશીને ક્યાં જશે ?

પ્રસન્ન—જવાદો બ્હેનો; એ મોટાના ઘરની વાતો–આપણે શું જે કરશે તે ભરશે !

કુમુદા—જોયું તમારું મોટું ઘર, ધર્મની પાસે કોઈ ન્હાનું મોટું નથી.

સૌનો સાર એજ. "ધર્મની પાસે કોઇ ન્હાનું મોટું નથી." બ્હેનો, તમારી વાણી સફળ થાઓ !!

સ્ત્રી મંડળ આવી ચર્ચા કરતું બેઠું હતું, એવામાં એક અપૂર્વ સુંદર વેરાગણ ત્યાં આવી ચઢી. તેણે ભગવાં વસ્ત્રો પહેર્યાં હતાં. કંઠમાં મોટા મોટા રૂદ્રાક્ષની માળા હતી. અને તેના એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથમાં કમંડળ હતું. થોડીવાર ઉભા રહ્યા પછી, તે હસતાં મ્હોંડે બોલી "મા ! આજે ત્હારા હાથની ભિક્ષા લેવી છે. ચાલ આવ; મને ભિક્ષા આપ !"

તેનો સ્વર અતિ કોમળ અને કરુણાપૂર્ણ હતો.

મંત્ર મુગ્ધની પેઠે, કુમુદા બધામાંથી ઉઠીને પોતાને ઘેર ગઇ. વૈરાગણ પણ તેને પાછળ પાછળ જવા લાગી.

પરંતુ કેવું આશ્ચર્ય ! ભિક્ષાપાત્રમાં ભિક્ષા લઇ આવી કુમુદા જુએ છે તો વેરાગણ દીઠી નહિ ! જાણે તે કંઇ અલોપ થઇ ગઇ હોય, એવું કુમુદાને લાગ્યું.

કુમુદા સ્તબ્ધ બની ગઈ. અને થોડીવાર વિચાર કરતી બારણામાંજ ઉભી રહી, પણ થોડી વાર પછી તેને કાને સુધાની પેઠે, સંગીત સ્વર સંભળાયો.

વ્યર્થ ગુમાયો જન્મ, ગાયો નહીં માતનામ !
મગનભિમાનમેં, તનમન તાનમેં;
કયોં ભયો તું અસ્ત મદમસ્તરે !
ગૃહસ્થ બની ધૂળ કમાયો !   ગાયો૦

દૂર—ઘણે દૂરથી તે સ્વર ધીરે ધીરે તેને સંભળાવા લાગ્યો. તો પણ કુમુદા ધ્યાન દઇને સાંભળવા લાગી.

રમત રહ્યો તરુણી સંગ, અંગમેં ઉમંગ ધરી;
ઢંગમેં બેઢંગ રંગ છાયોરે !
ન પાયો કછુ ન આયો, ન આગોરે !
ગાયો નહીં માતૃનામ !

ગઇ રાત્રે પણ, આજ સંગીતે મનુભાઈના દગ્ધ પ્રાણમાં શાંતિ સુધા ઢાળ્યું હતું.

એ ગાનાર કોણ હશે ? એ વેરાગણુ કોણ હશે ?

પ્રકરણ ૧૧ મું.

બે સહીયરો.

કુમુદા બધામાંથી ઉઠીને વેરાગણુને ભિક્ષા આપવા ઘેર ગઇ, એમાં સૌ કરતાં લલિતાને વધારે આશ્ચર્ય લાગ્યું. તેથી તે વ્હેલી વ્હેલી કુમુદાની પાસે આવી. કુમુદાએ બધી વાત કહી. અને ભિક્ષા લેતાં પહેલાં વેરાગણુ કેવી રીતે અલોપ થઈ ગઈ તે જણાવ્યું. એ સાંભળી લલિતા બોલી, " એ વેરાગણુ કે કોઇ વેશ બદલીને, બીજું આવ્યું હોય તેની શી ખાત્રી ? "

કુમુદા—તું તો જે તે વાતમાં સંદેહ જ કરે છે ને ?

લલિતા—તેની આવી રીત જોતાં, તો મને એવું જ લાગે છે. તું ખરી નશીબદાર કે, તને તે ભુરકી નાંખીને લઇ ગયો નહિ ! મ્હેં તો તેની આંખપરથી એવું જ જાણ્યું કે, તે તને જરુર ભોળવીને લઇ જશે; અને તેથી જ હું વ્હેલી વ્હેલી ત્હારી પાસે આવી.

કુમુદા—જા જા; મશકરી શું કરે છે !

લલિતા—એમાં વળી મશકરી શાની ?

કુમુદા—ના લલિતા; હું ખરું કહું છું કે, તેને જોઇને મને કોઇ પણ જાતની બ્હીક લાગી નથી; અને હજુ પણ મને બ્હીક નથી, તો પણ હું કંઈક ગભરાઇ છું ખરી ! પણ તું કહે છે તેમ હોય નહિ—એ તો કોઇ મહાપુરુષ છળવાને માટે આવ્યા હશે !

લલિતા—મહાપુરુષ કે પછી મહાખળ હોય છે તે કોણ જાણે ? મહાપુરુષ હોય તો, સ્ત્રીઓ બેઠી હોય ત્યાં તેને આવવાની શી જરુર ? હું તો ધારું છું કે, તે કંઈ ખબર કહાડવા આવ્યો હશે—આજે જરુર કોઇના ઘરમાં ખાતર પડશે.

કુમુદા—જા, જા; એવું તે શું બોલે છે ? એવાં મહાપુરુષની નિંદા ન કર. શું કરું મ્હારા ભાગ્યમાં નહિ; એટલે હું તેમને ભિક્ષા કેવી રીતે આપી શકું ?

લલિતા—તે ભિક્ષા લેવા આવ્યો હતો કે, શું કરવા આવ્યો હતો; તે પરમેશ્વર જાણે ! મને તો એમાં મોટો વહેમ પડે છે. પછી તું ત્હારા મનમાં ગમે તેમ ધારે, તેની મ્હારે ના નથી.

કુમુદા—તું તો બહુ વહેમી છે.

લલિતા—આજનો વખત એવો છે. સગા બાપનો વિશ્વાસ થાય તેમ નથી.

કુમુદા—ના ના; બધાં એક સરખાં, થોડાં જ હોય છે ?

લલિતા—ચાલો; હું હારી અને તું જીતી. પણ હું તને કહી રાખું છું કે, એવાં જોગટાઓને તું જેવા તેવા ન સમજીશ. તે ચોખા દાળની ભિક્ષા લેવા આવ્યો હતો કે, તારી ભિક્ષા લેવા આવ્યો હતો; એમાં મને સંશય રહે છે !!

કુમુદા—અરે, વાહરે કવિરાજ ! પુરુષ થઇને કેમ જન્મ્યા નહિ ? પુરુષ જન્મ્યા હોત તો કોઈ રાજાનું મંત્રીપદ શોભાવત !

લલિતા—અને તમે મંત્રી પત્ની તરીકે શોભત; કેમ એમ જ ને ?

કુમુદા—હવે એ વાતને પડતી મૂક, અને એની કોઇ પણ રીતે ખબર કહાડ !

લલિતા—કેમ ઘરમાં મન ગોઠતું નહિ હોય ?

કુમુદાને કોટે વળગી લલિતા બોલી.

ઘેલી કરીરે, મુજને ઘેલી કરી;
કાનુડે કામણગારે મુજને ઘેલી કરી !
ચીતડું ચોરી, મ્હારું કાળજડું કોરી;
શુદ્ધ બુદ્ધ મારી સર્વે એણે હરી !
કાનુડે કામણગારે મુજને ઘેલી કરી !

કુમુદા—તેનો સુધા સમાન કંઠ ત્હેં સાંભળ્યો નથી, તેથી જ તું આવી મશકરી કરે છે.

લલિતા—શું કહે છે ? ગાનતાન પણ થઈ ગયું કે શું ?

કુમુદા—તે હું જાણતી નથી. તે ગાતાં હતાં કે, બીજું કોઇ ગાતું હતું તેની મને ખબર નથી. તો પણ તેમના જેવી તપસ્વનિને મ્હોંડે જ એવું ગાન શોભા પામે તેમ હતું. અહા ! કેવો કોમળ અને સુધા સમાન કંઠ ! હજુ પણ તે ગીત સંભારતાં મ્હારી આંખોમાં આંસુ આવે છે ! !

લલિતા—ત્હારી આંખોમાં પાણીનાં ઝરણ બહુ હશે, તેથી આવાં એક ગીતથી ત્હારી આંખોમાં આંસુ ઉભરાઇ આવ્યાં !

કુમુદા—ના બ્હેન; હું ખરી વાત કહું છું કે, તેનું પ્રસાદી ગીત સાંભળીને મરેલો માણસ પણ એક વખત બેઠો થાય !

લલિતા—ઓહો ! એટલું બધું ? પણ તે હતું કોણ ? જોગટો કે જોગટી ? વેરાગી કે વેરાગણ ? પુરુષ કે સ્ત્રી ? હું તો ધારું છું કે, મ્હારી ભોળી કુમુદાને, તે મુવો નક્કી વશીકરણ કરી ગયો એમાં સંદેહ નહિ ! એક રસ્તાનો ભિખારી આવું પ્રસાદી ગીત ગાય, અને તેથી

આપણી ભૂખ તરસ ભાગી જાય, એવું તો મ્હેં આજે જ જાણ્યું. હું તને કહું છું તેમાં જરા પણ ફેર નહિ કે, તે વેશ બદલીને છુપી તપાસ કરવા આવેલો; પણ આપણાં બધાંને બેઠેલાં જોયાં, એટલે તે ભિક્ષાનું બ્હાનું કહાડી આપણી પાસે આવ્યો. જો તેમ ન હોત તો, તે ત્હારી પાસેથી ભિક્ષા લીધા વિના જાત? મુંઈ જવાદે એ વાતને! હવે આપણે પેલી સુંદર વેરાગણને માટે શું કરવું તે કહે? તેને જાતે જઇને શીખામણ દેવી કે, બીજી કોઇ રીતે કહેવું? હું ધારું છું કે, હજુ કંઈ બગાડ થયો નથી.

કુમુદા—ત્યારે તો બહુ સારું. જો તું આ કામ માથે લે, અને તેની બગડેલી મતિ ઠેકાણે લાવે તો, તને બહુ પુણ્ય લાગશે!

લલિતા—પુણ્યની આશાએ હું એ કામ કરીશ નહિ; પણ એક ઘર ભાગતું અટકે છે અને ત્રણ જીવ બચે છે; તેને માટે હું એ કામ કરીશ. પણ કામ બહુ વસમું છે!

કુમુદા—ત્યારે હવે?

લલિતા—જે થાય તે ખરું; બન્ને જણાં ડૂબવા બેઠાં છે. જો એકનો પણ હાથ પકડીને ઉપર લેવાય, તો બન્ને જણાં બચી જાય. પણ તેમ બને એવું નથી. કારણ કે ઘણા દિવસની આશા જ્યાં પૂરી થતી હોય, ત્યાં કોણ આઘું પાછું જુએ એમ છે?

કુમુદા—ત્યારે મનુભાઇ અહિંથી કેમ જતાં રહે છે?

લલિતા—તેની જ મોટી બ્હીક છે તો.

કુમુદા—કેમ વારું?

લલિતા—એમાં બહુ ખોટું થશે. એથી કદાચ સુંદરી આપઘાત કરશે, અને પાપની ઉપર પાપ વધારશે.

કુમુદા—જ્યારે તું આવું જાણતી હતી, તો શા માટે તેને કંઇ પણ શીખામણ દેતા પહેલાં, ત્હેં બધામાં તેને હલકી પાડી?

લલિતા—એટલું પણ સમજી નહિ? સમજે તે કયાંથી? જો સમજતી હોત તો, રમાશંકર જેવા વિદ્વાન બ્રાહ્મણની સ્ત્રી થઇને, પેલા લુચ્ચા જોગટાથી ભોળવાઇ જાય? જો સાંભળ; ખરી રીતે કોઈનું ભલું કરવું હોય તો, સૌથી પહેલાં તેના મનનો મેલ આપણે કહાડી નાંખવો. તેને મીઠી વાતોથી કહો કે, કડવી વાતથી ગાળ દઇને કહો, અથવા તેને ઠઠ્ઠા મશકરીથી કહો; પણ તેનું પાપ તેને કહો. તેથી તે સમજશે અને તે પ્રમાણે વર્તશે. એ બોલ મ્હારા નથી; પણ ત્હારા બનેવી, કે જેનું નામ દેતાં દિવસ આનંદમાં જાય છે; તે સદાચારી બ્રાહ્મણની આ આજ્ઞા છે. તે દેવઆજ્ઞાથી અને થોડી ઘણી તેમની સહાયતાથી, તેમની ધર્મ પત્ની લલિતા, આ વખતે તને આટલી બધી વાચાળ અને અપ્રિય બોલનારી લાગે છે. પણ હવે સુંદરીને કેવી રીતે બચાવવી તેનો મને મોટો વિચાર થાય છે!

કુમુદા—પણ આમ વાતો કરવાથી શું તેનો બચાવ થશે?

લલિતા—થશે કે નહિ થશે તે વાત જુદી છે. જો કોઇ પણ વાત વહેલી બહાર પાડવી હોય તો, તે પહેલાં સ્ત્રીઓને કહેવી, એવું ડાહ્યા માણસોનું કહેવું છે. પ્રસન્નકુંવર કાકીના ઘરમાં મ્હેં તેની વાત કહાડી, તેનું કારણ જ એ.

કુમુદા—એ વાત વધે પ્રસરે એવી તારી ઈચ્છા છે.

લલિતા—હા; પાપનું પ્રાયશ્ચિત જ પ્રચાર છે. એ સિવાય એમાં બીજું એક કારણ છે. મનુભાઈ બૈરાં છોકરાંને લઇને આજ કાલમાં મુંબઈ જાય છે. કેમ જાય છે; જાણે છે? પોતાને બચાવવા; સતિ સ્ત્રીની મર્યાદાની રક્ષા કરવા; અને એક બાળકનું કલ્યાણ કરવા જાય છે. એક લેખે એ કામ તે સારું કહે છે; એમાં સંદેહ નહિ. પણ અભાગણી સુંદરીની શી દશા થશે? તેનો કંઇ તેણે વિચાર કીધો તેને આશા આપી, લોભ દેખાડી, કામનાથી વિહ્વળ બનાવી, હવે

પોતાનો બચાવ કરવા તે ન્હાશી જાય છે. અને આ તરફ અભાગણી સુંદરી–પતિ પ્રેમથી વિમૂખ બનેલી સુંદરી,–પરપુરુષના પ્રેમમાં પડેલી સુંદરી; ગળે ફાંસો ખાઇને કે, આપઘાત કરીને પ્રાણ તજવા ધાય છે! તેની સાથે તેની દુઃખીયારી મા, અને ધર્મને માટે સંસારપર વિરાગી થયેલો તેનો સ્વામી,—આ કુડું કલંક માથાપર લઇને જીવતાં સમાધિ લેવા ચહાય છે!! કેમ એમ જ ને? વિદ્વાનને બુદ્ધિવાનનું નીતિજ્ઞાન તો આવું જ ને ?! અરેરે! લોકો આવાં નીચ કામ કરતાં જાય છે અને પાછા સ્વાર્થી સંસારમાં મનુષ્ય તત્વની વડાઈ હાંકતાં જાય છે!!

કુમુદા—જ્યારે આમ છે, ત્યારે તું શું કરીશ ? જો આવી રીતે મનુભાઇ પોતાનો બચાવ ન ખોળે, તો તેનું ભલું થાય તેમ નથી.

લલિતા—તે શું હું નથી સમજતી ? પારકી સ્ત્રીને છળથી, બળથી, કે બીજા લોભથી વશ કરી, તેને આડે માર્ગે લઈ જવી, એ કંઈ જેવું તેવું પાપ નથી! પરમેશ્વર તે કદી પણ સહન કરે તેમ નથી. વિષયરૂપી અગ્નિનો તણખો બન્નેના ઉપર પડયો છે; જો એ તણખાને નહિ હોળવીએ, તો બન્ને જણાં બળી જશે. હજુ પણ વખત છે અને એ તણખો હોળવાય તેમ છે!

કુમુદા—તું કેવી રીતે કરવા માગે છે ?

લલિતા—જો લોક લજ્જા જેવી તેવી નથી. દુનિયામાં ધર્મની બ્હીક સૌને નહિ હોય; પણ લોક લજ્જા સંસારી માત્રને હોય છે. હું ધારું છું કે, પરમેશ્વર સામું જુએ તો, હું બન્નેને અહિં બેઠાં સુધારી શકીશ. સંપૂર્ણ રીતે નહિ તો, થોડે ઘણે અંશે પણ તેમને શુદ્ધિમાં આણીશ. પણ મનુભાઈ એકદમ અહિંથી જતો રહેશે તો, બાજી બગડી જશે અને કંઇ વળશે નહિ! તેથી જ હું આવી રીતે તેને ન્હાશી જવામાં વાંધો નાખું છું. એકદમ સૌની આગળ—આ ગુપ્તવાત–

ગુમવળી સાથી ? ઠોર ઠોર તો સૌ બોલે છે; તે મ્હેં બધાંની આગળ ખુલ્લે ખુલ્લી કરીને કહી હતી.

કુમુદા—પણ હું તો ધારું છું કે, તું વધારે બુદ્ધિ વાપરવા જતાં, સૌ ખોઈ બેસીશ !

લલિતાએ નિશ્વાસ મૂકી કહ્યું, " તેમ થાય તો નહિ; અને કદાચ થાય તો પછી સુંદરીનાં નશીબ ! પણ હવે વિચાર કરવાનો વખત નથી. જો સાંભળ; મનુભાઇ અને સુંદરીના પ્રેમનું ગીત છોકરાંઓ ગાય છે તે ! ઓહો; આટલી વારમાં ક્યાં સુધી ખબર પહોંચી ગઇ ! ! "

પ્રકરણ ૧૨ મું.

એ યોગિની તે કોણ ?

બન્ને સહીયરો એક ચિત્તે સાંભળવા લાગી. મંછા મોટી બ્હેનનો વંઠેલો ભાણેજ મોતિરામ, તાળીઓ પાડીને રસ્તે ગાતો ગાતો જાય છે !

જેનું મન તેની પાસે, લોક કહે કે, લીધું લીધું !
જોયા વિના કોને કહીએ, કોણે લીધું, કોણે દીધું ?

મોતિરામનો સુર ધીરે ધીરે ચઢવા લાગ્યો.

દૈવયોગે એક દિન, થયું પ્રિય દર્શન;
પણ ન થયું પ્રેમ-મિલન, લોક કલંક લગાડે !

લલિતાએ હસતાં હસતાં કહ્યું " કુમુદા ! તાલ તો ઠીક જામ્યો છે. જો મંછા મોટી બ્હેન ત્યાં ન હોત તો, આ ખબર આટલી વહેલી પહોંચત ખરી ?"

કુમુદા—જોતો મોતિઓ ક્યાં જાય છે ?

લલિતા—જાય વળી ક્યાં? આ જો તે મનુભાઈની હવેલી તરફ સાધો જાય છે!

બન્ને જણીઓએ બારીમાંથી જોયું તો, ખરેખર મોતિરામ ગાતો ગાતો મનુભાઇની હવેલી તરફ જતો હતો.

ચિંતાતુર મનુભાઇ, મોતિરામનું આ ગીત સાંભળીને ચમકી ઉઠ્યો. પહેલાં તો તેના મનમાં એવું આવ્યું કે, "મ્હારા અંતરની વાત કોઇએ જાણી લીધી છે." વળી પાછો વિચાર બદલાયો, "ના ના; એ તો કોઈ રસ્તે જતું અમસ્થું ગાય છે. ખાસ કોઇને માટે હોય એવું જણાતું નથી. હાય! આ ગીત અને તે દિવસ મધ્યરાત્રે ગવાતું હતું, તે સ્વર્ગીય ગીતમાં કેટલો બધો ફેર છે! મ્હારા જેવા દુર્ભાગીને તે અમૂલ્ય નિધિ ક્યારે હાથ લાગશે?!"

પણ આ શું? ફરી તે ગીત પાછું ગવાવા લાગ્યું. અને તેથી તેનું શરીર કંપી ઉઠ્યું. ગાનાર પહેલાંની પેઠે, ગાતો ગાતો હવેલી સામું થઇને ચાલ્યો ગયો. આ વખતે ગાનારની સાથે કેટલાંક છોકરાંઓ હતાં. જેઓ તાળીઓ પાડીને હસ્તાં હતા! મનુભાઇએ દિવાનખાનાની બારીમાં ઉભા રહી, તેમની તરફ કરડી નજરે જોયું. પણ તેથી કંઇ છોકરાંઓ ડરી જાય તેવાં ન હતાં! તે તો તેની સામું ઉભા રહીને જોરથી ગાવા લાગ્યાં. મનુભાઈ પોતાના મન સાથે બોલ્યો "આ શું? આજ આવી રીતે મને લજ્જા અને ભય કેમ ઉપજે છે? વાત બધી ફૂટી ગઈ, તેથી છોકરાઓ મને આવી રીતે ખીજવવા આવ્યા છે. ઓ પ્રભુ! હવે હું શું કરું?"

છોકરાંઓએ તો હવે લલકારીને ગાવા માંડ્યું. મોતિરામની સાથે એક બે છોકરાં ન હતાં; પણ પચીશ ત્રીશ છોકરાંઓ હતા. તેઓ મોતિરામના જેવું બરાબર ગાઈ શકતા ન હતા, પણ ગીતની છેલ્લી કડી મોતિરામના કહેવા પ્રમાણે, જોરથી બોલીને તાળીઓ પાડતાં હતાં!

છોકરાંઓ વિચિત્ર ચાળાઓ કરતાં, મોતિરામના ગીતની, પુનઃ પુનઃ આવૃત્તિ કરવા લાગ્યા.—

દૈવયોગે એક દિન, થયું પ્રિય દર્શન;
પણ ન થયું પ્રેમ-મિલન, લોક કલંક લગાડે !

આ વખતે મનુભાઇ, અંતરમાં ને અંતરમાં બળી જવા લાગ્યો ! એક દીર્ઘ નિશ્વાસ મૂકી તે બોલ્યો, "ના, ના, મને સંભળાવવાને માટે જ આ છોકરાંઓ ગાય છે. એનો આગેવાન મોતિરામ છે. બહુ ખરાબ છોકરો છે. એનું મ્હોડું કોઇ પણ રીતે બંધ થાય એમ નથી."

છોકરાંઓ ગાઇને ચાલ્યા ગયા, અને થોડી વાર પછી પાછા આવીને ગાવા લાગ્યા.

પણ ન થયું પ્રેમ-મિલન, લોક કલંક લગાડે !

દુઃખ અને અપમાનથી મનુભાઈ મરવા જેવો બની ગયો ! તે બારી આગળથી ખસીને પોતાના ઓરડામાં આવ્યો, અને પથારીમાં ઉંધે મ્હોંડે પડયો ! અત્યારે તેનું મન તેને બહુ જ ડંખતુ હતુ. "અંતે બધી વાત ફુટી ગઇ ! એ કોણે કહ્યું હશે ! વળી કોણ કહે ? હું નકામો બીજા પર વહેમ ખાઉં છું. પાપ કયાં સુધી છુપું રહે ? પણ હજુ સુધી હું નિષ્પાપી છું તેથી બચીશ ! કોઇ પણ રીતે આજનો દિવસ નીકળી જાય તો, કાલ સવારે બધાંને લઇને મુંબઈ ચાલ્યો જઈશ. ઓ પ્રભુ ! રક્ષા કર !"

પરંતુ મંછા બ્હેનની તાલીમ પામેલો, અને તેનીજ શીખવણીએ ઉશ્કેરાયેલો મોતિરામ, કંઈ સહજે સમજે તેવો ન હતો ! વળી તેને છોકરાંઓની જોઇએ તેવી મદદ હતી. એટલે તે શું કરવા બાકી મૂકે ? તેણે ફરી એક તાન છોડયું !

આંખોનો દોષ ન કહાડો !
મનને પુછીને પહેલાં;
આંખોનો દોષ ન કહાડો !

આટલુ ગાઈ મોતિરામ મોટેથી બોલ્યો, "કેમ છે મનુભાઇ? બે ચાર ગાયન ગાયાં, તોપણ તમે તો કંઇ બોલતાજ નથી?"

ફરી પાછું તેણે ચલવ્યું!

મને કહે હું શું કરું? આંખ આ અવળી મ્હાળી!

આંખ કહે, એ મન! મને શું? ત્હારી ચલવી હું ચાલી!

ગાયન પૂરું થયા પછી, સૌ છોકરાંઓ, તાળી પાડીને મોટેથી "સુંદરી-સુંદરી" બોલી ઉઠ્યાં!!

મોટેથી હસ્તા અને તાળીઓ પાડતા, છોકરાંઓએ, અંતે પોતાના સરદાર મોતિરામનું અનુસરણ કર્યું! મોતિરામ પોતાનું કામ પુરું કરી, ત્યાંથી બીજે રસ્તે ઘેર ચાલ્યો ગયો.

ક્રોધથી મનુભાઇનું માથું ફરી ગયું! પણ લજ્જા અને અપમાને, ક્રોધને મનમાં સમાવી દીધો.

"એમ જ બને. દિવસ નબળા હોય તો, સિંહને પણ શિયાળવું લાત મારે! હાય! ચરિત્ર અને મનોબળ; તમને હું ફરી ક્યારે મેળવીશ? પ્રભુ હવે રક્ષા કર!!"

મનુભાઇની આંખે અંધારાં આવ્યાં!

*　　*　　*　　*　　*

આ તરફ મંછા મોટી બ્હેન, પાંચ સાત બૈરાંઓને લઇને સુંદરીને ઘેર ગયાં. આડી અવળી વાતચીત કર્યા પછી, તેમણે સતીત્વનું મહાત્મ્ય શરું કર્યું અને સુંદરીને કહ્યું, "બ્હેન! તું એવી તો નથી. પણ લોકો ત્હારા માટે આવું આવું બોલે છે, ત્યારે તને પૂછવું પડે છે કે, કોઇ દિવસ નહિ, અને આ એકદમ તને આવું કલંક કેમ ચોંટયું? ત્હારાં માબાપની આવી આબરુ, સાસરીયું પણ તેવું જ પંકાતું; તેને માથે ત્હેં કેમ પાણી ફેરવ્યું? અરેરે! બહુ ખોટું કર્યું! સાંભળતાં કે કોઇને કહેતાં પણ પાપમાં પડાય!!"

એક જણી બોલી, " પાપ તે કંઇ જેવું તેવું. એવું થાય તો ગળે ફાંસો ખાઇને મરવું પડે ! "

બીજી બોલી, " હું તો ઝેર ખાઇને જ મરી જાઉં ! "

ત્રીજી બોલી, " આટલી બધી વાતો થાય છે, તેમાં કોને જુઠું પાડીએ અને કોને વારીએ ? "

ચોથી બોલી, " કુત્રાને મ્હોંડે ઢાંકણું છે, કંઇ જગતને મ્હોંડે ઢાંકણું છે ? લોકને શું ? લોક તો જુએ તેવું કહે. જુઓને કેવી કેવી વાતો થાય છે તે ! "

સુંદરી આ બધું સાંભળીને ચમકી. કંઇક ગભરાઇ અને પોતાની ચારે તરફ અંધારું જોઇને, તે ભોંયપર બેશી પડી ! એક પ્રશ્ન થતાંની સાથે, આવા આવા અનેક કઠોર ઉત્તરો સાંભળીને, તે સમજી કે પાપ છતું થયું છે; અને હવે કોઇ પણ રીતે બચવાની આશા નથી. તેથી તે થોડી વાર મૌન રહી. અંતે સહજ લથડતા તે અવાજે બોલી.

" એ તો મ્હેં બધું સાંભળ્યું છે. કંઇ નવું સાંભળી આવ્યાં હોય તો તે કહો ! " એ સાંભળી એક જણીએ બીજીના કાનમાં કહ્યું, " જોઈ રાંડ, કેવી પાકી છે. આટલી બધી વાતો તો તેને જૂની જણાઈ. હવે એને કંઈ નવું સાંભળવું છે ! "

બીજીએ પણ તેવી જ રીતે પહેલીના કાનમાં જણાવ્યું. " એ તો બધું આપણને બતાવવાનું છે. બાકી મનમાં બધું સમજે છે. જોને એનું મ્હોડું કેવું ઉતરી ગયું છે તે ! "

અંતે મંછા મોટી બ્હેન, સુંદરીને ઉત્તર આપતાં બોલ્યાં, " નવું તે તને શું કહું ? હું તને પોતાની જેવી ગણું છું, તેથી ત્હારી આવી નિંદા સાંભળીને ત્હારી પાસે દોડી આવી છું. બ્હેન; તને શું કહુ ? માથાના વાઢનારની પણ આવી નિંદા ન સંભળાય; તેવી ત્હારી નિંદા

મ્હારાથી સંભળાતી નથી ! જ્યાં ત્યાં ત્હારી વાતો થાય છે. લોકો વળી એવું કહે છે કેઃ–"

સુંદરી ખરી રીતે પોતાની આવી નિંદાથી લજવાઇને, મરવા જેવી બની ગઈ હતી. તો પણ પોતાની વાત ઉપર રાખવાને માટે તે બોલી, "લોકો શું કહે છે ? કહોને મોટી બ્હેન ! તમે જાણો છો છતાં કેમ કહેતાં નથી ?"

મોટી બ્હેને જોયું કે, પહોંચેલી માયા છે. આટલું બધું કહ્યા છતાં, તેની એને કંઈ અસર થઇ નહિ. તેથી તેણે મનમાં ઘોળાયા કરતી, રહી સહી વાતોને બ્હાર ખેંચી કહાડી "નામે અને ગુણે શીવ જેવો સ્વામી; જે બિચારો ધર્મને માટે વેરાગી થયો છે. તેને ભૂલીને ત્હેં પરપુરુષ સાથે નજર બગાડી ?!"

આ વખતે ત્યાં બેઠેલી સ્ત્રીઓમાંથી, કોઈ ઝીણી નજરે જુએ તો, તેને જણાય તેમ હતુ કે, સુંદરીનું સુંદર મુખકમળ છેલ્લા શબ્દ પ્રહારથી છેક જ સુકાઈ ગયું હતું. અને તેની આંખોમાં ઝળઝળીયાં ભરાઈ આવ્યાં હતાં !

મોટી બ્હેનના શબ્દ પ્રહાર, સુંદરીપર સમભાવે થવા લાગ્યા. "લોકો તો વળી એવું કહે છે કે, મનુભાઈ સુંદરીને ઘરબાર અને પૈસો ટકો સૌ લખી આપવાનો છે. પણ હું તે માનતી નથી. ઘણા દહાડાની પ્રીત; તેથી થોડું ઘરેણું ગાંઠુ અને રોકડ પાંચ દશ હજાર રુપિયા, આપે તો કંઈ નવાઈ જેવું નથી !"

પછી પોતાની સાથે આવેલી, બીજી બ્હેનપણીઓ તરફ જોઇને મંછા મોટી બ્હેન બોલ્યાં, "તમને બધાંને એ વાતનો અચંબો લાગતો હશે, પણ સુંદરી ઉપર મનુભાઇનો પ્રેમ કંઇ જેવો તેવો નથી."

પછી સુંદરીના કાનમાં તેમણે ધીરે રહીને કહ્યું, "બ્હેન ! મ્હારા

કહેવાનું ખોટું લગાડીશ નહિ હોં! પણ ત્હારો એવો વખત આવે, તો મને ભૂલી જઈશ નહિ!"

આ વખતે સુંદરીને રસિકતા કરવાનું કે, બીજો કંઈ પણ ઉત્તર દેવાનું સામર્થ રહ્યું નહિ ! તેનું માથું ફરવા લાગ્યું, છાતી ધડકવા લાગી, અને મન પરિતાપમાં ટળમળવા લાગ્યું ! ધ્રુજતા શરીરે તે પોતાના મન સાથે બોલી' "ઓહો; આટલે સુધી?"

મંછા મોટી બ્હેન ઉઠયાં અને જતાં જતાં સુંદરીની શાંત્વના કરતાં બોલ્યાં, "બ્હેન ! માઠું લગાડીશ નહિ. એ તો મને દાઝયું તે તને આટલું કહેવા આવી. હવે માનવું ન માનવું એ ત્હારી ખુશીની વાત છે !"

સાથે આવેલી સ્ત્રીઓમાંથી એક જણીને, અત્યાર સુધી બોલવાનો અવસર મળ્યો ન હતો. અને તેથી તેના પેટમાં અમળાયાં કરતું હતું. એટલે તે બધાંની સાથે ઉઠતાં ઉઠતાં બોલી ઉઠી, "મંછા મોટી બ્હેને, જે વાત કહી છે; તેમાં એક બોલ પણ ખોટો નથી. હું પણ આજ કેટલા દિવસ થયાં વિચાર કરતી હતી કે, સુંદરી આમ વખત બેવખત મનુભાઇની વાડીમાં પાણી ભરવા કેમ જાય છે? ગમે તેવો પણ પરપુરુષ; તે કંઇ હાથમાં આવેલું જતું મૂકે ? પણ એ સુખે ત્હારા નશીબમાં નથી. કારણકે લોકલાજના ભયથી, મનુભાઈ આજ કાલ મુંબઈ જતો રહેવાનો છે!"

આવી વાતચીત થાય છે, એટલામાં એક છોકરી ત્યાં દોડતી આવી, અને જાણે કોઇએ શીખવીને મોકલી હોય, તેમ તે તાળીઓ પાડતી બોલી ઉઠી:—

શું કામ છે તે ફૂલનું મ્હારે;
હું તો મધુકર, ચંચળ ચિત્તહર;
નિત નવાં ફૂલપર, બેસુ ગમે ત્યારે !

થયું; આવી રીતે વાતચીત કરી, આવેલી સ્ત્રીઓ ચાલી ગઇ ! તે વખતે સુંદરીએ છુટકારાની એક હાય મારી ! જાણે મરતાં પણ આ કલંકમાંથી બચાશે, એમ ધારીને તે નિશ્ચિંત મને બેઠી !

મર્મે મર્મે વીંધાઈ, આ અબળાએ સંકલ્પ કર્યો. સંકલ્પ તો પહેલાંથી થયો હતો; પણ હવે તેને નિંદારૂપી ઇંધન મળવાથી તે સળગી ઉઠયો ! પ્રાણઘાતક દુઃખથી બ્હેબાકળી બનીને તે બોલી;—

"અહો ! આટલે સુધી ? નહિ લેવામાં, નહિ દેવામાં, અને આ કલંક ? કલંક તો કલંક; પણ તે જો—ના; હવે એ વાત કરવા જેવી નથી ! મને જોઇને તેણે મ્હોડું ફેરવી લીધું—ના ભ્રમ નથી. હું ભૂલતી નથી. પણ મ્હેં સારી રીતે જોયું હતું. તે રાત કંઈ અંધારી ન હતી–અજવાળી રાત હતી. ચોકખું ચાંદરણું પડયું હતું. તેથી મ્હારી ભૂલ થાયજ નહિ. મ્હેં ચોકખી રીતે તેને, પોતાનું મ્હોડું ફેરવી લેતાં જોયું હતું. તે ધિક્કારથી હોય કે, ક્રોધને લીધે હોય ! પણ મને જોઇને ક્રોધ ? જેના પ્રેમને માટે, પોતાનો પ્રાણ પણ તુચ્છ હતો, ઘરબાર, પૈસો ટકો અને સ્ત્રી પુત્ર પણ, જે પ્રેમને માટે તજવા તૈયાર હતો; તે માણસ વિના કારણે, મને આટલી વારમાં ધિક્કારે અને મ્હારા પર ક્રોધ કરે ? એટલુંજ નહિ પણ વધારામાં "સુંદરી ! તેજ મ્હારું સત્યાનાશ વાળ્યું !" એવો મ્હારા પર કઠોર શબ્દ પ્રહાર કરે ? અરે; દુર્દૈવ ! જેને માટે મ્હેં જાત વેચી, ધર્મ કર્મને કોરાણે મૂક્યાં, અને આલોક ને પરલોક બગાડયો; તે હું નઠારી થઈ ! તેનું સત્યાનાશ વાળનારી ઠરી ! અને તે ? તે તો આ અભાગણીને ભૂલવા, પોતાની આબરુ જાળવવા, અહિંથી ચાલ્યો જાય છે ! મ્હારા આ અમૂલ્ય જીવન કરતાં, તેની આબરુ વધી ? પ્રેમનો આ બદલો ? અરે, ઇશ્વિર ! મ્હેં આ શું કર્યું ? કેમ આ છાતી ચીરાઇ જતી નથી ?.!"

આ વખતે દૂર કોઈ ગાતુ હોય, એવું સુંદરીને સંભળાયું. અતિ મધુર, અતિ પવિત્ર કંઠે, તે ગાન થતુ હતું.

પ્રેમ–સાગરમાં, તરંગ નથી !
ચંચળતા નથી; એ ગંભીર છે નિસ્તરંગ ! પ્રેમ.
જે પ્રેમ હાલ છે, પણ ઘડી પછી હોતો નથી;
તે કદાપી પ્રેમ નામને, યોગ્ય થવા રહેતો નથી !
જે ભરતી ઓટ પેરે, આવે અને નિત જાય છે;
તે સાત્વિક પ્રેમ નહિ, પણ સ્વાર્થી પ્રેમ કહેવાય છે !
જે આ અમૃત–સાગરમાં નાહ્યો, તેજ જાણે એની ગતિ !
બીજાની શી મતિ? કે પાર પામે એનો રતિ ?
પૂર્ણ પ્રેમમાં ભરતી છે; પણ ઓટ નથી ! રે તરંગ નથી !!

પ્રેમ પરિતાપમાં પડેલી સુંદરીએ, એકાગ્ર ચિત્તે આ ગાન સાંભળ્યું. ગાનારના શબ્દે શબ્દે, તે પોતાને ચિતરવા લાગી ! "હાય ! એ આશા તો પુરાઇ નહિ ! ત્યારે એનું પ્રાયશ્ચિત ? હા; પણ પ્રાયશ્ચિત કેવું? આપઘાત ? ના; સ્વામીની સાથે પૂનઃ મિલન ?! તે દેવતાના ચર્ણમાં અનુતપ્ત હૃદયે ક્ષમા ભિક્ષા ! હા; એજ !!"

હાય ! આખી જીંદગી એમને એમ વહી જાય, તોપણ એ ક્ષમા ભિક્ષા મળે એમ છે ? ઉપલું ગાન સાંભળી, અભાગી સુંદરીના મનમાં આ ઉચ્ચભાવે જન્મ લીધો. પણ એ ક્ષણિક હતો, કે સ્થાયી હતો તે કહી શકાય તેમ નથી. ક્ષણિક હોય કે સ્થાયી હોય, પણ અત્યારે તેની ભાવના તો ખરા અંતરની હતી.

શું ખરા અંતરની ભાવના નહિ ફળે ?

પ્રભુએ "ધન" આપીને, મનની પરીક્ષા કરી. હવે કાર્ય પણ તેજ આધારે ચાલશે !

ગમે તેમ હોય, પણ સમયના પ્રભાવે, આ અજાણ્યા ગાયકનું ભાવપૂર્ણ સંગીત સાંભળી, સુંદરી મંત્ર મુગ્ધની પેઠે જડ બની ગઈ !

ખરેખર; ઘણી વાર સુધી એ સંગીતમાં જ તે તન્મય થઇ ગઇ ! તેના મનમાં આ વખતે બહુ ગડભાંગ થતી હતી !

એ ગાન જો કે દૂર ગવાતું હતું, તોપણ તે સ્પષ્ટ સંભળાતું હતું. કંઠસ્વર પણ સુંદરીને પરિચિત હતો. હાય ! એ ગાનાર કોણ હશે ? !

ધીરે ધીરે તે ગાન સ્થંભ્યું. પરંતુ ગાનનો તે રસ અને ઝણકાર હજુ સુધી સુંદરીને લવલીન કરતો હતો !

બાહ્યજ્ઞાન શૂન્ય જેવી બનેલી સુંદરી, આ વખતે બોલી ઉઠી. "આ પ્રાણ પણ તુચ્છ છે ! જો પ્રેમમય–પતિદેવતા ! તમે આ વખતે મને દર્શન આપો તો ! !"

" પરંતુ તેથી શું ? એ સૌભાગ્ય અને સુકૃતિ ત્હારી ક્યાં છે ?"

અતિ ગંભીર સ્વરે, એકદમ ઉપલા શબ્દો બોલી, સુંદરીની સામું આવીને કોઇ ઉભું રહ્યું ! ! દેવોપમ દીવ્ય, પ્રશાન્ત તે મૂર્તિ હતી. તે મૂર્તિનાં દર્શન થતાંની સાથે સુંદરી મુર્ચ્છીત થઇને પડી ! એ અવસરે તે મૂર્તિ અચાનક અંતરધ્યાન થઇ ગઇ ! !

એ મૂર્તિ કોણ ? પેલી અદ્રષ્ટ પૂર્વ વેરાગણ—પેલી શાંત પવિત્રશ્રી યોગિની;—

પરંતુ એ યોગિની તે કોણ ?

પ્રકરણ ૧૩ મું.

સંન્યાસીની શાન્તવના.

મનુભાઇની મુંબઇ જવાની સઘળી તૈયારી થઇ ચુકી હતી, તેમાં અચાનક એક મોટું વિઘ્ન આવી પડયું. તેના એકના એક પ્રાણાધિક પુત્ર મોહનને એકદમ કોલેરા થયો. જોતજોતામાં રોગ અસાધ્ય થઈ ગયો. ઘરનો ડૉક્ટર હતો તેની સાથે શહેરના નામાંકિત ડૉક્ટરો એકત્ર મળી, રોગીને તપાસવા લાગ્યા, દવાપર દવા બદલવા લાગ્યા; પરંતુ કોઇ પણ રીતે રોગીને ફેર પડયો નહિ ! ચાર પાંચ કલાકમાં રોગી પોતાનો પ્રાણ મૂકશે, એવી રોગીની નાડપરથી ડૉક્ટરોએ છેવટનું અનુમાન બાંધ્યું !

ડૉક્ટરો અંદર અંદર આવું અનુમાન બાંધી, એક પછી એક ચાલ્યા ગયા.

ઘરના નોકર ચાકર ચિંતાતુર બની, છેલ્લી ઘડીની વાટ જોવા લાગ્યા. બાળકની માતા—સતિ સાધ્વી સવિતા,—ભક્તિ વિગલિત હૃદયે, પતિત પાવન પ્રભુની પ્રાર્થના કરવા લાગી ! મનુભાઇ લજ્જા અને ભયથી એક અપરાધીની પેઠે, સકરુણ અનિમેષ નયને, મુમુર્ષુ સંતાનની તરફ જોવા લાગ્યો ! તેની આંખો પલક વિહીન હતી. તેની દ્રષ્ટિમાં જાણે " આત્મ અપરાધે આત્મવિનાશ " જેવો ભાવ જણાતો હતો ! આવી સ્થિતિમાં બેચાર કલાક નીકળી ગયા. પણ તે નિરપરાધી બાળકને રોગની પીડાને લીધે મહા કઠણ ગયા !

શોકનો આવો સકરુણ અભિનય થાય છે. નિરાશાની સજીવ છબી ચારે તરફ છવાય છે. અને નિસાશાથી રોગીનો ઓરડો પરિપૂર્ણ થતો જાય છે !

સ્થાન અને કાળ ઘણુા જ ગંભીર હતા.

અચાનક આ ગંભીરતાનો ભંગ થયો. બહાર એક શાંત ગંભીર સ્વર ધ્વનિત થયો.

सत्यं शिवं सुंदरं.
सत्यं शिवं सुंदरं.
सत्यं शिवं सुंदरं.

સઘળાં ચમક્યાં. અને જે તરફથી ધ્વનિ આવતો હતો, તે તરફ સૌ દોડયાં. વ્યાકુળ બનીને બોલનારના બીજા શબ્દોની, તેઓ વાટ જોવા લાગ્યા. બીજી વખતે પણ પહેલાંના જેવા જ, ગંભીર સ્વર સાંભળનારના કાને પડયાં.

सत्यं शिवं सुंदरं.
सत्यं शिवं सुंदरं.
सत्यं शिवं सुंदरं.

એક બે ને ત્રણવાર, આ મહામંત્રનો ધ્વનિ થયો ! એ વિના બીજું કંઈ સંભળાયું નહિ !

ભક્તિથી ઉભરાતા હૃદયે, મનુભાઇએ બારીમાં આવીને જોયું તો, એક તેજઃપૂંજ, જટાજૂટ ધારી, સંન્યાસી આંગણામાં ઉભો છે ! તેના મુખપર મૃદુમંદ હાસ્ય, ફરકી રહ્યું છે. અને કરુણાપૂર્ણ જ્યોતિથી તેનાં ચક્ષુ દીપી રહ્યાં છે ! ધીરે ધીરે તેણે સ્વર લંબાવીને ગાવા માંડયું.

વ્યર્થ ગુમાયો જન્મ, ગાયો નહીં માતૃનામ !
મગનભિમાનમેં, તનમન તાનમેં;
કયોં ભયો તું, અસ્ત, મદમસ્ત હે !
ગૃહસ્થ બની ધૂળ કમાયો ! ! ગાયો.

મનુભાઇ નીચે ઉતર્યો અને સંન્યાસીના સામું આવીને ઉભો રહ્યો.

લોહ લે આયો, મની હરાયો;
ઉલટ ખેલ ખુબ મચાયો,
છોટમ ફેરો મુક્તકો તેં ગુમાયો;
એ કારજ જનિતાને જાયો !!   ગાયો.

મનુભાઇને જોઇને તે સંન્યાસી હસ્તા મ્હોંડે બોલ્યો, "કેમ ભાઇ; એમજ ને?—ગભરાશો નહિ, તમારો પુત્ર સારો થશે!"

મનુભાઈ સંન્યાસીના શબ્દો સાંભળી, આશ્ચર્યચકિત બની ગયો, અને હાથ જોડીને ઉભો રહ્યો! તેનું હૃદય વેદનાને વશ હતું; તેનાથી બોલાતુ ન હતું; કેવળ તેની આંખોમાંથી દડદડ આંસુ પડતાં હતાં!!

સંન્યાસી અતિ કરુણ સ્વરે બોલ્યો, "ભાઇ; નિરાશ થશો નહિ! સંકટ સમયેજ માણુસની પરીક્ષા થાય છે. તમે ખરા અંતરથી માનું સ્મરણુ કર્યું છે. અને તે તેણે સાંભળ્યું છે. આ લ્યો, માનું ચરણામૃત. શ્રદ્ધા રાખીને પુત્રને પાન કરાવો; તેથી તે સારો થશે. જોજો, હવે માની અવગણુના કરશો નહિ!"

મનુભાઇ કંપી ઉઠયો—માની અવગણુના? એ મા તે કઈ? જગદંબાની અંશભૂત સઘળી નારીજાતિ? સુંદરી પ્રતિની અવૈધ્ય આસક્તિને માટે તો, સંન્યાસીએ તેને આમ સચેત નહિ કર્યો હોય?

ગભરાતો ગભરાતો દયામણે મ્હોંડે મનુભાઇ બોલ્યો, "દેવ, અંતર્યામી; વર આપો—આર્શીવાદ આપો. જેથી હું સુંદરીના મોહમાંથી બચું!!"

"ખરું કહો; તમે અથવા તે દુષ્ટા—એ મહા પાપમાં લિપ્ત છો?"

મનુભાઇ ધ્રુજતાં ધ્રુજતાં બોલ્યો. "નહિ, કદી પણુ નહિ; હું તેના પર આસક્ત હતો. પણુ બીજું કંઇ પણુ દુષ્કર્મ મ્હેં કીધું નથી!"

"તમે આ શું ખરું કહો છો? જુઓ આ સ્થાન, આ કાળ અને આ સંકટ અવસ્થાનું સ્મરણું કરો; અને જે ખરું હોય તે કહો!"

"જો હું જુઠું બોલતો હોઉં તો, મ્હારો એકનો એક પુત્ર હ-મણાંજ મર્ણ પામો !" ભય ભક્તિ અને વિસ્મયથી આટલું બોલી, મનુભાઈ એકદમ મુર્ચ્છિત થઈને પૃથ્વીપર પડયો. સન્યાસી ત્યાંથી અદ્રશ્ય થઇ ગયો!

થોડી વાર પછી મનુભાઇને ભાન આવ્યું. આવી અવસ્થામાં પાછા નીચલા મધુર સ્વરો તેના કાને પડયા.

રમત રહ્યો તરુની સંગ, અંગમે ઉમંગ ધરી;
ઢંગમેં બેઢંગ રંગ છાયોરે !
ન પાયો કછુ ન આયો ન આયો !!   ગાયો.

મનુભાઇ ઉઠીને બેઠો થયો. કોઇ સુખ સ્વપ્નમાં હજુ તે ઘેરા-યેલો હોય, એવી રીતે તે ઉઠીને બેઠો થયો. તેનું સર્વ શરીર રોમાંચિત થયું હતું. ચક્ષુ અશ્રપૂર્ણ હતાં, અને બન્ને હાથ જોડેલા હતા !

જોડેલા હાથે, ભક્તિપૂર્ણ હ્રદયે, પતિતપાવન પ્રભુને પ્રણામ કરતાં કરતાં, ફરી તેણે સંગીતનો બાકીનો ભાગ સાંભળ્યો.

લોહ લે આયો, મની હરાયો;
ઉલટ ખેલ, ખુબ મચાયો;
છોટમ ફેરો, મુક્તકો તેં ગુમાયો;
બે કારજ જનિનાને જાયો !!   ગાયો.

પ્રકરણ ૧૪ મું.

સતિનો જય !

"ના; મા તમને નહિ છેતરે;–મા તમને મળશે. તેણે દયા કરીને આપણી સામું જોયું છે;–આ જુઓ, તમારો મોહન, માની કૃપાથી પાછો ઉઠીને બેઠો થયો છે. હવે બ્હીક નથી !"

"જય કાળી ! જય મહાલક્ષ્મી ! હવે મને માયા જાળમાંથી મુક્ત કરો !" પછી પોતાની સહધર્મિણીની તરફ જોઇને મનુભાઇ બોલ્યો, "બોલો સતિ; પ્રાણ ખોલીને એક વાર બોલો !

सत्यं शिवं सुंदरं.
सत्यं शिवं सुंदरं.
सत्यं शिवं सुंदरं.

સવિતાએ પણ રોમાંચિત શરીરે, સ્વામીની સાથે સંન્યાસીના સુધા કંઠમાંથી નીકળેલા, તે મહામંત્રનો ઉચ્ચાર કર્યો:

सत्यं शिवं सुंदरं.
सत्यं शिवं सुंदरं.
सत्यं शिवं सुंदरं.

મનુભાઈ ઉત્સાહમાં આવી જઇને બોલ્યો, "સતિ ! તમારા પુણ્ય ફળે, મુમુર્ષુ સંતાનનું મ્હોંડું હસ્તુ થયું છે. આજે આ ઘરમાં મહાપુરુષનાં પગલાં આવ્યાં છે. તેથી મને આશા છે કે, મ્હારું સૌભાગ્ય મલિન થશે નહિ ! તમારા કલ્યાણે હવે હું નારી મહાત્મ્ય સમજીશ અને જીંદગી પર્યંત માની મૂર્તિનું ધ્યાન ધરીશ !!"

સવિતા—તમારી ઇચ્છા સફળ થશે. જ્યારે સ્વપ્ને પણ ધારી શકાય નહિ, તેવું કામ આપણે પ્રત્યક્ષ બનેલું જોયું. ત્યારે નક્કી એ માની કૃપાનુંજ ફળ છે એમ સમજવું. તમારા મ્હોંડે સંન્યાસીની વાત સાંભળીને, જુઓ મ્હારું શરીર રોમાંચિત થઇ જાય છે! જરુર કોઈ દેવતા છળ કરીને આવેલા હોવા જોઇએ. માનું ચરણામૃત પાન કરાવ્યાથી આ જુઓ, મોહન મ્હારો બેઠો થયો છે. માની એ દયા શું ભૂલવા જેવી છે?"

મનુ—માની દયાએ ભૂલવા જેવી નથી, અને તે મહા પુરુષનાં વચનો પણ ભૂલવા જેવાં નથી. તોપણ મ્હારાં જન્માર્જિત સંસ્કારથી હું બહુ બીહું છું. કોણ જાણે એ સંસ્કાર જાય, મ્હારા ભાગ્યમાં છે કે નહિ!

સવિતા—હવે એવા અશુભ વિચારો મનમાં લાવશો નહિ. જ્યારે માએ દયા કરી છે, ત્યારે તે નિર્દય નાહ થાય!

મનુભાઈ એક દીર્ઘ નિશ્વાસ મૂકી બોલ્યો. "પણ–".

સવિતા—વળી પણ શું?

લથડતાં અવાજે મનુભાઈ બોલ્યો, "મ્હારાથી કદી માની અવગણના થાય?–કદી તેના વિધાનપરથી મ્હારી આસ્થા ઉઠી જાય?–ત્યારે શું કરવું?"

આ વખતે સવિતા વિચારમાં પડી. જ્ઞાનનેત્રે તેણે કંઈ જોયું. થોડી વાર ધ્યાનસ્થ રહીને તે બોલી. "સુંદરીને મા કહીને બોલાવો અને માની પવિત્ર મૂર્તિનું ધ્યાન ધરો. નહિ તો એ મહા પાપનું પ્રાયશ્ચિત થવાનું નથી!"

સતિનો સ્વર અતિ ગંભીર અને પરમ પવિત્ર હતો.

થોડી વાર બન્ને જણાં મૌન રહ્યાં. મનુભાઈના હૃદયાકાશમાં તે મહાપુરુષની વાણી પ્રતિધ્વનિત થઈ. "જો જો હવે માની અવગણના કરશો નહિ!"

મનુભાઇ કંપી ઉઠયો.

આ વખતે સવિતા અતિ કોમળ સ્વરે બોલી. "એ રોગનું ઔષધ જ એ છે. તેને મા કહીને બોલાવો. તેને મા તરીકે ગણો. અને જગદંબાના રૂપનું ધ્યાન ધરો. નહિ તો પરનારી ઉપરનો તમારો પ્યાર જવાનો નથી–સુંદરીને મા કહો!"

મનુ—તેમ જાણે કહ્યું. પણ—

સવિતા—હવે વળી પણ શું? જુઓ એમ ફાંફાં મારવાથી ચાલવાનું નથી. તમે ખુલ્લી રીતે—મનમાં કાંઈ પણ સંકોચ રાખ્યા વિના–બોલો–"મા" બોલો–કેમ બોલતા નથી? જુઓ એથી તમે નવું બળ મેળવશો. અને જગદંબા તમને સહાય થશે!

મનુભાઇ અધોવદને સવિતાની સામો ઉભો રહ્યો. કેવળ એક દીર્ઘ નિશ્વાસ તેણે મૂકયો.

આ વખતે સતિએ ગર્જનાથી, આંખો સ્થિર રાખી, મ્હોડું લાલચોળ કરી કઠોર સ્વરે કહ્યું.

"બોલો પુણ્યમય માનું નામ બોલો. એથી તમારી કામ કલુષિત પિસાચ પ્રવૃત્તિ, બળીને ભસ્મીભૂત થશે–તમે નિષ્કલંક થશો અને આ સંકટમાંથી ઉગરશો. હજુ પણ બોલતા નથી? અરેરે! માનું નામ લેતાં તમને અરુચિ કેમ થાય છે?!"

મનુભાઈ પહેલાંના જેવો અધોવદને ઉભો હતો. પણ હવે તેની આંખોમાંથી દડદડ આંસુઓ પડતાં હતાં!

સતિ પાછી તેવા જ કઠોર સ્વરે બોલી. "તમે હજુ પ્રપંચમાં રમો છો. આમ રડવાથી તમે ફાવી જશો, એમ ધારો છો? ના; તમે એમાં નહિ ફાવો! તમે હવે નહિ સમજશો તો, મા પાછાં ક્રોધે ભરાશે. આ જુઓ મોહનને પાછી ઉલટી થઈ–આ જુઓ તેની આંખો ફરી ગઇ;–આ જુઓ મ્હારી છાતી રુંધાય છે;–મ્હારાથી બોલાતુ નથી;

મને બહુ ગભરામણુ થાય છે; મ્હારો જીવ તરફડીયાં મારે છે; બોલો; સુંદરી તમારી મા ?!"

"મા—" ગંભીર સ્વરે ધ્વનિ થઈ—"મા, વિશ્વજનની! મને બળ આપ-મ્હારી રસનાને સહાય થા-જેથી હું બોલી શકું—"

સવિતા—"સુંદરી મ્હારી મા અને હુ તેનો સંતાન." બોલો; બોલો, કેમ બોલતા નથી? "સુંદરી મ્હારી મા અને હું તેનો સંતાન." આ જુઓ, મોહન પાછો શુદ્ધિમાં આવ્યો. અ જુઓ, મ્હારી છાતીની મુંઝવણુ પણુ સમી ગઇ!"

"જય સતીકુલ લક્ષ્મી! જય મા આદ્યશક્તિ! જય મા ભગવતિ! આ વખતે એક વાર મ્હારી સામું આવીને ઉભા રહો! જેથી તમારી શાંતશીતળા વરાભયા મૂર્તિ જોતાં જોતાં, અને તમારા જગદારાધ્ય પાદપદ્મ હૃદયમાં અંકિત કરતાં કરતાં, સુંદરીને હું માતૃ-સંબોધન કરી શકું!!"

એટલામાં અચાનક, ઉન્માદિનીની પેઠે સુંદરી, તે ઓરડામાં દોડતી દોડતી આવી અને તીવ્રકંઠે કહેવા લાગી, 'બોલો; એમ જ બોલો—એમાં જ તમારું અને મ્હારું બન્નેનું પરિત્રાણુ છે. સતિના પુણ્યથી હુ મુક્તિ પામીશ અને તમે પણુ મુક્તિ પામશો. આ જુઓ દારુણુ મનો વિકારથી મ્હારું અંગ—"

"આ કોણુ સુંદરી ?—તમે અહિ ક્યાંથી? અંતર્યામીરૂપે આ વખતે મને દર્શન દીધાં!-ત્યારે મા ! જગદંબાના અંશ સ્વરૂપિણી ! ધર્માત્માની સહધર્મિણી! મને ક્ષમા કરો!!"

છેદાયેલાં કદળી વૃક્ષની પેઠે,અનુતપ્ત મનુભાઇ—સુંદરીના પગમાં પડ્યો!

"આ: હવે હુ સુખેથી મરીશ!" સુંદરી શાંત ભાવે બોલી.

આ વખતે સતિએ કહ્યું. "ના સુંદરી; તેમ નહિ થાય. તમને મરવું ઘટતુ નથી. મને બચાવી, મ્હારા પુત્રને બચાવ્યો; અને મ્હારા

સ્વામીને જીવનદાન આપ્યું-વળી સર્વોપરી તમારા સતિધર્મની રક્ષા થઇ. હવે તમારે શા માટે મરવું જોઇએ ?!"

સુંદરી—સાધ્વી ! આવા શુભ સમયે તમે મને શા માટે મરવા દેતાં નથી ? જીંદગીની દરેક આશાથી, હુ હવે પરવારીને બેઠી છું !

સવિતા—જીંદગીની દરેક આશાથી તમે પરવાર્યા નથી; પણ એ આશાનો આરંભ હજુ હવે થાય છે. વળી આપઘાત કરવાનો કોઇને અધિકાર નથી !

સુંદરી—ત્યારે સતિ, તમારા પુણ્યફળે, મ્હારી કામના પૂર્ણ થશે ?

સવિતા—થશે; જરુર પૂર્ણ થશે. તમારા સ્વામીની સાથે તમારો ફરી મેળાપ થશે.

સુંદરી—તમે ખરેખરાં સાધ્વી છો. તમારી પાસે જુઠું બોલવું જોઇતુ નથી. આજે મને તેમનાં દર્શન થયાં છે. ચકિતભાવે મ્હેં તેમનું મનોહર રૂપ જોયું છે. મ્હારા જીવનનું સાર્થક થયું છે. હવે મને જીવવાનો લોભ નથી !

મનુભાઇ વિસ્મિત ભાવે બોલ્યો. " તે જ કે ?"

સુંદરીએ માથું હલાવીને હા પાડી.

સવિતા બોલી. " એ પાપનું પ્રાયશ્ચિત મર્ણ નથી. પણ મરતાં સુધી અનુતાપના અગ્નિમાં દગ્ધ થવું, એજ એનું ખરું પ્રાયશ્ચિત છે. જાઓ; સન્યાસીનીના વેષે મહાદેવના મંદિરમાં જઈને રહો; અને કઠોર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરો ! પરંતુ હવે પછી મ્હારા સ્વામીની સન્મુખ, તમે કદી પણ આવશો નહિ. મને મ્હારા પતિ-પુત્રને લઇને નચિંતે રહેવા દેજો-તમે જીવનનું અવલંબન મેળવ્યું છે. ધ્યાનમાં તે અવલંબનનુ આદર્શ કરજો; અને બ્રહ્મચારિણી બનીને દેવીરૂપે શોભા પામજો !!"

સુંદરી—"દેવીરૂપે" જન્મનાં આંધળાંને ચંદ્રદર્શનની આશા? તોપણ સતિનો આશીર્વાદ છે, એજ શાંત્વના છે!

સવિતા—એ શાંત્વના નથી, પણ સત્ય વાણી છે. હું મ્હારી દિવ્ય દ્રષ્ટિથી જોઉં છું કે, તમારા સ્વામી પાછા ઘેર આવશે, અને તમારી સાથે પાછા સુખેથી ગૃહસ્થાશ્રમ માંડશે! તમે એક અબળાનો સંસાર સુધાર્યો છે—તો નારાયણ તમારો સંસાર પણ સુધારશે!

સુંદરી—સતિની વાણી સફળ થાઓ—સતિના આશીર્વાદે આ અભાગણીની સદ્ગતિ હો!!

પછી મનુભાઈ તરફ જોઇને સુંદરી બોલી. "ત્યારે બાળસખા! હવે હું વિદાય થાઉં છું! આ જીંદગીમાં હું ધારું છું કે, આ છેલ્લો જ મેળાપ છે. બાળસખાનું જે પવિત્ર સંબોધન મ્હેં તમને કર્યું છે, તેને હું યોગ્ય થાઉં, એવો મને આશીર્વાદ આપો; અને મ્હારા અપરાધની ક્ષમા કરો!!"

ઉદાસભાવે સુંદરી ત્યાંથી ચાલી ગઇ. આ વખતે તેનું મુખ મ્લાન અને વિષાદપૂર્ણ હતું. દ્રષ્ટિ પણ સકરુણ હતી. અચાનક ઈંદ્રજાળની પેઠે આવી રીતે સૌ ફેરફાર થઇ ગયો.

મનુભાઈના મનપરથી એક મોટો ભાર ઉતરી ગયો. આટલી વારે તેણે નીચો શ્વાસ મૂક્યો. ત્યાર પછી પતિપત્ની પુત્રની પથારી આગળ આવ્યાં. દૈવ કૃપાથી સાજા થયેલા પુત્રને જોઇને, મનુભાઇએ હર્ષથી તેના મુખપર એક ચુંબન લીધું. અને તે ચુંબનનું શેષ, અમૃત બિંદુ સાધ્વી સવિતાના અધરપર મૂકી, તે પોતાને પવિત્ર અને ધન્ય માનવા લાગ્યો!

સવિતા બોલી. "હવે તમે મને ખરેખરી ભાગ્યશાળી કહી શકો. જગદંબાની કૃપાથી તમારા "શાંતિ તપોવન"ની રક્ષા થઇ છે!"

મનુ—ખરેખર, એ મ્હારું "શાંતિ-તપોવન" છે. એની શોભા મ્હેં આટલા દિવસ સુધી જોઈ ન હતી. કારણ કે હું આંધળો હતો. માની કૃપાથી અને ત્હારાં પૂણ્યથી મ્હારી આંખો ઉઘડી છે. પરંતુ આટલા બધામાં દુઃખી થવાનું માત્ર એટલું જ છે કે, આવી દયામય માને આજે પણ હું ચર્મચક્ષુએ જોઈ શક્તો નથી! હાય! મને માનાં દર્શન ક્યારે થશે?

સવિતા—થશે; વખત આવશે ત્યારે એની મેળે થશે. તમે તે દિવસે નહોતા કહેતા કે, હું મુંબઈ ગયો હતો, ત્યારે મને પરમહંસનાં દર્શન થયાં હતાં.

સવિતાના આ શબ્દોએ, મનુભાઇના હૃદયમાં એકદમ અતિતની સઘળી સ્મૃતિને જાગૃત કરી દીધી! તેથી તેનું મન આલોકિત થયું અને મધુર રસથી ઉભરાઇ ગયું. આનંદના આવેશમાં તે બોલ્યો. "સતિ! હવે હું સમજ્યો છું કે, તું મ્હારાં જીવનયંત્રની પરિચાલિકા છે. ત્હારા પુણ્યથી મને માનાં દર્શન થશે; જરુર થશે. ઘણા શુભ વખતે ત્હેં મને પરમહંસની વાત સ્મરણ કરાવી. હે, પતિત પાવન! દયામય ગુરુદેવ!—"

મનુભાઇ ઘૂંટણીએ પડીને, ગુરુદેવની માનસપૂજામાં રત થયો.

આ વખતે કોઈ ભાગ્યવાન પ્રાણીએ, અગોચરપણે રહીને માતૃ-નામનું મહામૃત-પાન કરાવા માંડયું! ખરેખર, એ નામમાં અમૃત જ છે! એ નામ જે ગાય છે, તેનેએ ધન્ય છે; અને જે સાંભળે છે, તેનેએ ધન્ય છે! સહૃદય દમ્પતિ તન્મય બનીને, એ સાધન સંગીત સાંભળવા લાગ્યાં. સ્વર જાણે પરિચિત—પેલા સન્યાસીના જેવો લાગતો હતો. સ્વર્ગીય સ્વરે તે જાણે દૂરથી ગાતો હોય એમ લાગતું હતું.

*જનનિ ! મોહ માયા તું નીવાર !
ભવસમુદ્રમાં ગોથાં ખાતો, નથી કોઇનો આધાર ! જનનિ.
ડુબતો બચાવી દુર્ભાગીને, મા તું પાર ઉતાર ! જનનિ.

પ્રથમ ભાગ સમાપ્ત.

---

* ધનાશ્રી.

કામિની અને કાંચન.

ભાગ ૨ જો.

કાંચન—બંધન.

કામિની અને કાંચન.

પ્રકરણ ૧ લું.

પૈસા-માટી!

"પૈસા-માટી;-માટી-પૈસા; પૈસા-માટી;-માટી-પૈસા; પૈસા-માટી; માટી-પૈસા!!"

સમુદ્ર કાંઠે બેસી પરમહંસ બ્રહ્માનંદ, નિર્વિકાર, નિર્વિઘ્ન ચિત્તે, સસ્મિત વદને, ઉપલાં વાક્યો બોલતા બોલતા, એક નવી રમત રમે છે! તેમના મ્હોંડા સામું ભોંય પર, એક પાસે કેટલાક રૂપિયા, અને એક પાસે કેટલાંક માટીનાં ઢેફાં પડેલાં છે. એક હાથમાં એક રૂપિયો અને બીજા હાથમાં એક માટીનું ઢેફું લઇ, થોડી વાર તે બન્ને વસ્તુઓને ઉછાળીને તેઓ અદલબદલ કરે છે; અને પછી ઝટ દઇને તેઓ તેને સમુદ્રમાં ફેંકી દે છે! ત્યાર પછી પોતાના બન્ને હાથ ખાલી જોઇને, તેઓ મનમાં આનંદે એક સરળ બાળકની પેઠે ઉચ્ચ મધુર હાસ્યથી હસી પડે છે! પરંતુ કેવું આશ્ચર્ય? એ રૂપિયાના સ્પર્શથી, તેમના હાથની આંગળીઓ અકડાઈ જાય છે! ઇચ્છાશક્તિનો આ કેવો પ્રભાવ! કાંચન પ્રતિ આ કેવો વિતરાગ! ઘણી વાર સુધી તેમની આ મન ગમતી રમત, અથવા વિચિત્ર ભાવ-સાધના ચાલી! પાસે કોઈ ન હતું. નિર્જન સમુદ્રની ખળખળ ધ્વનિ, પાસે નિર્જન ઉદ્યાન, અને માથા પર અનંત, ઉદાર સુનીળ આકાશ! સૌંદર્ય, માધુર્ય અને પવિત્રતાનો સ્નિગ્ધ સમાવેશ! પ્રકૃતિનાં આવાં મધુર નિકેતનમાં હૃદય

મન ઢાળી, પ્રકૃતિ માતાનાં આ પ્રિયતમ પુત્ર–ભક્ત બ્રહ્માનંદ, એકનિષ્ટ બનીને આ અદ્‌ભૂત ભાવ–સાધના કરે છે! તેમના મુખપર દિવ્ય જ્યોતિ છે. આંખમાં કરુણાપૂર્ણ દ્યુતિ છે; અને તેઓ ઘડી ઘડી મનમાં આનંદે અનિર્વચનીય હાસ્યે હસી પડે છે! અહા, કેવી અપૂર્વ શોભા! તે મહાપુરુષના મ્હોંડે એક જ ભાવ, એક જ મંત્ર હતો. "પૈસા–માટી;—માટી–પૈસા;—પૈસા–માટી;–માટી પૈસા!!"

એટલામાં તેમનો શિષ્ય, સિદ્ધેશ્વર અચાનક ત્યાં આવીને ઉભો રહ્યો. ઉભા ઉભા ગુરુની આવી અદ્‌ભૂત સાધના તેણે જોઈ. મંત્ર મુગ્ધ અને પવિત્ર બનીને, તે રોમાંચિત શરીરે પોતાના મન સાથે બોલ્યો. "પતિત પાવન! તમોએ ખરેખર નર દેહનું સાર્થક કર્યું છે!"

સિદ્ધેશ્વરની આંખોમાંથી ટપ ટપ આંસુ પડવા લાગ્યાં. તે કંઇ બોલી શકયો નહિ. બોલવાની તેને હિંમત થઈ નહિ.

પરંતુ આ અન્તર્યામી મહાપુરુષથી, એ વાત અજાણી રહી નહિ. એથી તેમના અદ્‌ભૂત–યોગનો, અપૂર્વ–સન્યાસનો અથવા સ્વર્ગીય–ભાવનો એકદમ ભંગ થયો! તેઓ કંઇ વિરક્ત થઇને બોલી ઉઠયા. "આ વખતે તુ અહિયાં કેમ આવ્યો વારું? શું મૃત્યુલોકમાં તને જગ્યા નહિ મળી?"

અપરાધી શિષ્ય, હાથ જોડીને બોલ્યો. "પિતા! ક્ષમા કરો. હું જાણુતો ન હતો કે, તમે સમુદ્ર કાંઠે બેસીને, આ વખતે યોગ–સાધના કરો છો."

"ત્હારું માથું કરું છું!"

મ્હોડું ચઢાવી પરમહંસ ગુસ્સાથી બોલ્યા. "ત્હારું માથું કરું છું! લુચ્ચો વળી સાધુ–ભાષા બોલવા જાય છે. અરે! બેટા, હું યોગ–સાધના કરું છું કે, મ્હારી સાત પેઢીનુ તર્પણુ કરું છું; તેમાં ત્હારે શું? ત્હેં આવીને શા માટે મ્હારી રમતમાં ભંગ પાડયો? હવે

હું એ રમત કયાંથી મેળવીશ ? મારતાં મારતાં ત્હારી ચામડી ઉતારું તોએ મ્હારો ગુસ્સો સમે એમ નથી ! હાય ! હાય ! મને રડવું આવે છે. મા,–મા,–તું કયાં છે ? એક વાર આવ–મ્હારી રમતની સાથી થા. આવ; મા આવ. મા, મા, મા, !—"

માતૃ–મંત્ર ઉપાસક, ભાવ–સાધક, મા મા બોલતાં, સમાધિસ્થ થયા ! અપરાધી શિષ્ય, અતિ આવેગે ગુરુના કર્ણમાં મા મા ધ્વનિ કરવા લાગ્યો.

પરમહંસ શુદ્ધિમાં આવ્યા. હવે જાણે તે પરમહંસ જ ન હોય, એવા તે શાન્ત બની ગયા. તેઓ મધુર વચને કહેવા લાગ્યા. "બેટા ! ત્હારાં સાત ખુન પણ માફ છે ! આહાહા ! કેવાં મધુર વચને ત્હેં માને બોલાવી. વાહ વાહ ! મને એવું થાય છે કે, જાણે એક વાર ફરી તને ધમકાવું અને તું પાછો પ્રાણ ખોલીને માને બોલાવે ! જો સાંભળ; તને એક વાત કહું. કોઇ પણ માણસ આવી રીતે તન્મય બની કંઇ વિચાર કરતો હોય, તે વખતે ચોરની પેઠે સંતાઇને જોવું નહિ. એમાં મોટું પાપ છે. હવે તું શું કહેવા આવ્યો હતો તે કહે."

"કાલે પેલા માધવદાસ શેઠ આવ્યા હતા, અને તમે ના કહ્યા છતાં, તમારા હાથમાં સોનાનાં કડાં પહેરાવી ગયા હતા; તેઓ આજે પાછા દર્શનને માટે આવ્યા છે !" સિદ્ધેશ્વર અચકાતાં અચકાતાં બોલ્યો.

પરમ—હું કૃતાર્થ થયો ભાઇ ! પણ તેઓ દર્શનને માટે આવ્યા છે કે, પોતાના વેપારનો ફેલાવો કરવાની ઇચ્છાથી આવ્યા છે ? હજુ તેનો પૈસાનો લોભ ગયો નહિ ! આટલું બધું છે, છતાંએ તેને સંતોષ નથી ! જો બેટા ! એવા પાંચ સાત લોભીયા એકઠા મળીને, મને જાદુગર જેવો બનાવી મૂકશે; માટે એવાઓથી દૂર જ રહેવું સારું છે. હા, હા; ઠીક યાદ આવ્યું–તે તો હું ભૂલી જ ગયો હતો. જા તેને અહિંયાં બોલાવી લાવ."

સિદ્ધેશ્વર ચાલ્યો ગયો.

પરમહંસ વિચારવા લાગ્યા. " અન્તે બ્રાહ્મણ ભાઇની બુદ્ધિ ને ? તેમાં સારાસારનો વિચાર ક્યાંથી હોય ? કાંચનની આસક્તિ ન થાય, તેટલા માટે હું આ સમુદ્રને કાંઠે બેસીને, "પૈસા-માટી, પૈસા-માટી" કરું છું; અને બીજી તરફ હાથમાં સોનાનાં કડાં પહેરીને બેઠો છું ! ! જોઇ બુદ્ધિ ? કેમ કીંમતી વસ્તુ જાણીને, હું એને નાંખી દેતો નથી ? કેમ એને સમુદ્રમાં નાંખી દેવાની મને મમતા થતી નથી ? મા, મા; મ્હારી મૂઢ બુદ્ધિનો અવસાન કર ! તે માધવદાસ શેઠ કેવા ? કાલાવાલા કેવા અને જબરજસ્તી કેવી ? મ્હેં ના જ કહ્યું હોત તો, તે શું મને કડાં પહેરાવી જાત ? હં: કંઇ ઇચ્છા થઇ હતી ખરી; બીજું શું ? હાયરે; માયા ! એ મૂર્તિ ધારણ કરી, તું પણ મને ઠીક નચાવે છે ! ! કામિની; તને હું મા કહું છું; અને મા કહીને ત્હારા પગે પડું છું; હવે મને લોભાવીશ નહિ ! અને કાંચન ! ત્હારી બ્હીકે તો મ્હેં વસ્તી મૂકી જંગલ વસાવ્યું છે; તને માટી સમાન ગણવા પ્રયત્ન કરું છું;—છતાં તું મ્હારા પર આવો જૂલમ શા માટે ગુજારે છે ? હા; બરાબર; આદરથી તને શરીર પર ધારણ કરીને, હુ મ્હારો નાશ મ્હારા હાથે જ કરું છું. ભાઇ; આત્મારામ ! ત્હારો આ કેવો વિવેક ? અવતારી બનીને ત્હારે લોકોમાં પૂજાવું હશે ? ઉભો રહે, ત્હારી હું પૂજા કરું છું ! પણ અહો ? મ્હારાં કાંડાં પર, આ કાળાં ચાઠાં શાનાં પડયાં છે ? હં; હં; સમજ્યો; એ તો આ કડાંનાં છે. એનીએ નિશાની રહેવી જોઇએ ! નહિ તો એની યાદ કેમ રહે ? અં હં; એ ઝેરી સાપની સાથે વધારે રમવું સારું નથી ! અને જે હેતુ હતો તે પણ સિદ્ધ થયો છે; માની કૃપાથી મનમાં કામનાનો ડાઘ પડયો નહિ, તે સારું થયું. હા; હવે હું બચીશ ! હવે માની વસ્તુ માને જ આપું ! ! "

ઝટ દઇને હાથમાંનું એક કડું કહાડી, આ અનાસક્ત સાધકે

સમુદ્રમાં ફેંકી દીધું ! અને પછી તેઓ ઉલ્લાસથી બોલ્યા. " હા; હવે ઠીક થયું ! એક બંધન તો તૂટયું. રત્નગર્ભા મા ! ત્હારું ધન ત્હારી પાસે જ રહેવા દે ! હું તો આવા ખાલી હાથે જ રહેવા ખુશી છું ! આ લે મા; બીજી સોનાની બેડી. ત્હેં મને છળવા આપી હતી. ત્હારી ઇચ્છા પૂરી થઇ; હવે એ મ્હારે નહિ જોઇએ ! "

બીજા હાથમાંનું કડું પણ તેવી જ રીતે કહાડી, તેઓ સમુદ્રમાં ફેંકવા જાય છે, એટલામાં માધવદાસ શેઠ દોડતા દોડતા ત્યાં આવી પહોંચ્યા. અને ગભરાતા ગભરાતા તેઓ કહેવા લાગ્યા, " મહારાજ, મહારાજ ! આ શું કરો છો ? દશ હજારની કીંમતનાં સોનાનાં કડાં પાણીમાં નાંખી દો છો ? ! "

" ત્હારા દશ હજારને મ્હારે શું કરવા છે ? ત્હારા દશ હજાર પણ તે–લાખ પણ તે અને કરોડ પણ તે–અરે ! લોભી; પૈસા તો માટી છે ! "

માધવદાસે સાંભળ્યું ન સાંભળ્યું કરી નાખ્યું. પૈસાના લોભમાં તેમનું મ્હોડું લેવાઇ ગયું, જીવ તળે ઉપર થઇ ગયો ! વળી પરમહંસનો એક હાથ ખાલી જોઇને તે વધારે ગભરાયા ! " આ શું ? એક કડું ક્યાં ગયું ? "

" આ–અહિંયાં ! "

એમ કહીને પરમહંસે, બીજું કડું પણ સમુદ્રમાં ફેંકી દીધું !!

માધવદાસ સ્તંભિત બની ગયા ! થોડી વાર પછી તેમને શુદ્ધિ આવી. કંઇક વિસ્મિત થઇને તેઓ પરમહંસને જોવા લાગ્યા.

પરમહંસે હસીને કહ્યું. " મ્હારા મ્હોંડા સામું શું જુઓ છો ? માની જણસ મ્હેં માને આપી દીધી !! "

" તે ઠીક–પણ–પણ– "

" બાપુ ! હવે પણ બણની વાત કરશો નહિ. મને કડાં પહે-

રવાનું મન થયું તેથી મ્હેં પહેર્યાં; અને પછી તેને સમુદ્રમાં નાંખી દેવાનું મન થયું, તેથી મ્હેં નાંખી દીધાં. તેમાં તમારે શું ? જાઓ હવે ઘેર જાઓ; મ્હારા જેવા ગાંડાની સાથે તમારે નહિ બને ! અગાધ વિષય સંપત્તિ મેળવી છે, થોડા દિવસ ભોગવિલાસમાં રહો, પછી મ્હારી પાસે આવો !"

"મહારાજ ! એમ ન કહો; મ્હારાપર દયા કરો !" પ્રકાશપણે આટલું બોલી માધવદાસ પોતાના મન સાથે બોલ્યા. "ઓહો; કેવો અનાસક્તિનો ભાવ ? આ તે શું માણુસ કહેવાય ?"

પરમહંસ બોલ્યા. "બાપુ; એક વાત કહું; પણ મનમાં માઠું લગાડશો નહિ. જે કામ માટે તમે અહિંયાં આવો છો, તે કામ તમારુ પુરું થયું છે. તમારો વેપાર વધ્યો છે. કરોડપતિ થયા છો; હવે શું જોઇએ ? હજુ તમને પૈસાનો લોભ છે ? અંતે તમે મને પણ એક માનતાનો ભૂખ્યો દેવ બેવ ઠોકી બેસાડશો. ઉંહું; તમારા શરીરમાંથી અત્તરની સુગંધ આવે છે ! ઘરડા થયા તેથી શું થયું ?"

પરમહંસનાં આવાં કટાક્ષમય વચનો સાંભળી, માધવદાસ ઠઠ મઠ બની ગયા ! "મહારાજ ! આપ દેવ નહિ તો, બીજો દેવ કોણુ હશે ? મ્હારી એક ઇચ્છા હતી તે પૂરી થઇ; અને તેની માનતા તરીકે, મ્હેં આપના હાથમાં સોનાનાં કડાં પહેરાવ્યાં હતાં. કડાં કરતાં મને દશગણો લાભ થયો છે."

"બસ જે ધાર્યું હતું તે જ થયું ! બાપુ હવે ક્ષમા કરો. છેલ્લી અવસ્થામાં એવી બાધા આખડીઓના ભૂખ્યા બનીને, લોકોમાં મ્હારે પૂજાવું નથી ! હવે કોઇ આવશે વશીકરણ શાખવા, તો કોઇ આવશે મારણ શીખવા; કોઇ આવશે કીમિયો શીખવા તો કોઇ આવશે ભવિષ્ય જાણવા; એ બધાંને મ્હારે શું કરવું ? અને શું કહેવું ? જુઓ

બાપુ; તમે ગમે તેમ સમજો. પણ આવી રીતે મને અહિં સતાવવા આવશો નહિ!"

"મહારાજ! એવું કહીને આ દાસનું અશુભ કરશો નહિ!"

"ત્યારે બાપુ! થોડા દિવસને માટે મને ક્ષમા કરો. હંમેશાં અહિંયાં આવશો નહિ. જાઓ; મ્હારું મન ઠેકાણે નથી. બોલતાં બોલતાં મ્હારાથી રડાઇ જવાય છે! હું માની પાસે જાઉં છું. મા–મા–"

બોલતાં બોલતાં ઉંચે શ્વાસે પરમહંસ દોડયા. વાછરડાંથી વિખૂટી પડેલી ગાય જેમ, બરાડા પાડતી દોડે તેમ, પરમહંસ દોડયા! કરોડપતિ માધવદાસ અવાક્ બનીને જોઇ રહ્યો.

સિદ્ધેશ્વર.–શું જુઓ છો? પરમહંસ આજે મહાભાવમાં નિમગ્ન છે!

માધવદાસ.—આવી રીતે બાહ્યજ્ઞાન શૂન્ય–આનું નામ યોગ?

સિદ્ધે.—હા; યોગ;–મહાયોગ–યોગીશ્વર સદાશિવ; આજે એમનામાં આવિર્ભૂત થયા છે. માના મંદિરના બારણાં બંધ કરી, આજે તેઓ મા મા બોલતા, પાષાણને પણ પીગળાવી નાંખશે!

માધવ.—ક્યાં સુધી આવું રહેશે?

સિદ્ધે.—આખો દિવસ. આખી રાત પણ એવી જાય તો નવાઇ નહિ! કદી બે દિવસ સુધી આવી રીતે તન્મય બની, બાહ્ય જગતને ભૂલી, તેઓ માતૃ–નામનો જાપ કરશે!

માધવ.—અચંબા જેવી વાત છે! તેઓ ખાશે પીશે કે નહિ?

સિદ્ધે.—તેનું કંઈ ઠેકાણું નહિ. માનું ચરણામૃત પીને તેઓ બેચાર દિવસ સુધી ઉપવાસી રહે છે. વળી ધ્યાનમાં આવે તો, તેઓ ખૂબ પેટ ભરીને ખાઇ લે છે; જેમ પોતાની ઇચ્છામાં આવે છે તેમ કરે છે! આહાર નિદ્રાનો કંઈ નિયમ નથી. આજે તમારાથી નહિ મળાય. થોડા દિવસ તમે અહિંયાં આવશો નહિ. કારણ કે જ્યાં સુધી, તેમની આવી સ્થિતિ રહેશે, ત્યાં સુધી તેઓ કોઇની સાથે વાતચીત નહિ કરે.

માધવ.—કદી કોઇ આવે ત્યારે ?

સિદ્ધે.—ગુસ્સે થાય. ગાળો દે;–નહિ તો ગાંડા માણુસની પેઠે મનમાં આવે તેમ બોલે. વખતે રડે,–વખતે હસે અને વખતે નાચે પણુ ખરા! જ્યારે આવી ભાવનામાં તેઓ નિમગ્ન થાય છે, ત્યારે કોઈ પણુ માણુસને અહિંયાં આવવા દેવો નહિ; એવી તેમની આજ્ઞા છે.

માધવ.—એમનો કોઇ શિષ્ય થાય, તો તેને શું ગૃહસ્થાશ્રમ મૂકવો પડે ?

સિદ્ધે.—ના, એમનો એવો મત નથી. તેઓ અધિકાર ભેદે ભક્તજનને ઉપદેશ આપે છે. જે તેમના ઉપદેશ પ્રમાણે વર્તે નહિ. તે ફરી તેઓ કંઇ કહેતા નથી.

માધવ.—એમના કેટલા શિષ્યો છે ?

સિદ્ધે.—એની કંઇ સંખ્યા નથી. જુદા જુદા વર્ણના અને જુદા જુદા ધર્મના, ઘણા માણુસો અહિંયાં આવજાવ કરે છે. પણુ તેમાં કોઇ મંત્ર શિષ્ય છે, એવું મ્હારી જાણુમાં નથી. મંત્રમાં—બીજું કંઇ નહિ. મધુર સ્વરે જગતજનનીની માનું ઉચ્ચારણુ અને દર વિગલિત ધારે અશ્રુપતન–જેના પર બહુ કૃપા થાય, તો ફક્ત તેના માથા પર હાથ મૂકીને કહે, "ત્હારી સર્વ અભિષ્ટ સિદ્ધ થશે!" તેઓ કોઇને પગે હાથ મૂકવા દેતા નથી. તેમ પગમાં માથું મૂકવા દેતા નથી. એવું કોઇ કરવા આવે ત્યારે તેઓ કહે છે કે, "બાપરે! શિવના માથા પર તે પગ હોય ?"

માધવ.—ખરેખર, સર્વ જીવને સમાન ગણે તેજ મહાપુરુષ છે.

સિદ્ધે.—તમારા ભાગ્યમાં હશે તો, તમે હજુ પણુ એમનો મહિમા વધારે જાણુવા પામશો.

માધવ.—તમે આશીર્વાદ આપો કે, એ દિવસ મને વહેલો સાંપડે.

સિદ્ધ.—ગુરુ દેવનો આશીર્વાદ તમને મળ્યો છે. મ્હારા આશીર્વાદથી શું થવાનું છે ? તોપણ હું ધારું છું કે, એ વખતને હજુ વાર છે; તમારી પરીક્ષા હજુ બાકી છે. હવે હું જાઉં છું. કારણ કે ગુરુદેવ મને સંભારતા હશે !

પ્રકરણ ૨ જું.

અર્થ જ અનર્થનું મૂળ છે !

"પૈસા–પૈસા–પૈસા ! પૈસા કેવી રીતે મળે તે મને કહે !"

"પૈસાને માટે આટલી બધી ઉત્કંઠા ? પૈસાને લઇને શું કરીશ ?"

"શું કહે છે ? પૈસાને લઇને શું કરીશ ? ત્યારે કહે, પૈસા વિના નિષ્ફળ જીવન લઇને શું કરીશ ? પૈસા લઇને શું કરીશ ? પૈસાથી ભોગવિલાસ થશે, આનંદ ઉત્સવ થશે; પૈસા વિના એ કંઇ બને એમ છે ? માન મર્યાદા સૌ પૈસાથી છે. જેની પાસે પૈસો નથી, તેને દુનિયામાં જીવવું નકામું છે !!"

"એમકે ? શું પૈસામાં જ સૌ સાર સમાયો છે ?"

"હા; એમાં જ સૌનો સાર સમાયેલો છે. પૈસા વિના મનુષ્ય જન્મ વૃથા છે."

"શાસ્ત્રકારો તો અર્થને જ અનર્થનું મૂળ કહી ગયા છે !"

"તે ત્હારા જેવા બુદ્ધિહીન, અને પૈસાની કદર નહિ જાણનારા લોકોને માટે કહી ગયા હશે. પૈસો જ માણસને બલિષ્ટ અને ગર્વિષ્ટ કરે છે;

"કેમ હસે છે?"

"ત્હારી વિદ્યા અને બુદ્ધિની પરિસીમા જોઈને!"

ગિરગામના રસ્તાપર આવેલા, એક માળાના દિવાનખાનામાં બેસીને, બે મિત્રો, આવી રીતે પૈસા સંબંધી વાતચીત કરે છે. જેમાં એક પૈસાને જ સૃષ્ટિનો સાર સમજે છે. ત્યારે બીજો સદ્દગુણ અને ધર્મવૃત્તિ આગળ પૈસાને તુચ્છ ગણે છે!

બીજો મિત્ર બોલ્યો. "ત્યારે તું અદ્રષ્ટ અને પરકાળને પણ નહિ માનતો હોય?"

પહેલો—અદ્રષ્ટ? પરકાળ?—એ તો ભ્રમિત માણસના લવારા છે!

બીજો—ખરેખર શું ત્હારો એવો જ મત છે?

"હા."

"ધર્મ?"

"દુર્બળનું અવલંબન!"

"પાપ પુણ્ય?"

"વિકૃત મસ્તિકની કલ્પના!"

"હં? એટલે સુધી? વારું પરમેશ્વર?"

"ત્હારા જેવા ભણેલા ગણેલા, પંડિત—મૂર્ખની શાંત્વના!"

આ વખતે બીજો મિત્ર કંઈક ક્રોધથી ઉત્તેજીત થઈને બોલ્યો, "ત્હેં શું કહ્યું ધનુ? પરમેશ્વર નથી? ધર્મ, કર્મ, પાપ, પુણ્ય, અદ્રષ્ટ, પરકાળ;—એ સૌ કંઈ જ નહિ? દુર્બળ અને મૂર્ખની શાંત્વના જેવાં? આવા વિચારથી તું સંસારમાં જયલાભ કરીશ?"

"જય પરાજયની વાત જવા દે. પણ એથી હું કાયર અદ્રષ્ટ વાદીની પેઠે, અંધ અને જડ નીતિનું અવલંબન નહિ કરું. એને માટે ત્હારે મને Atheist કહેવો હોય, તો ભલે કહે!"

તરત્ત જ કૉલેજમાંથી નીકળેલા નવ યુવકોની આ ભાષા છે

તેથી વાંચકોને વચ્ચે વચ્ચે, કંઈક અંગ્રેજી બુકનિનો ઉપદ્રવ સહેવો પડશે !

બીજો—ત્યારે તો તું, eat, drink, and be merry ની પંક્તિનો થયો ! મિલ, સ્પેનસર, વાંચીને ત્હેં જ્ઞાન તો સારું મેળવ્યું લાગે છે !

પહેલો—એમાં શો શક ? જો વાંચવું હોય, કંઇ શીખવું હોય તો, એવા સ્વતંત્ર વિચારશીલ પુરુષોના મત વાંચ; અને પછી મને કહે કે, હું કહું છું તે ખરું છે કે, ખોટું છે ? ઋષિઓ તો એ જ. બાકી તમારા મનુ, પરાસર અને રામાયણ, મહાભારતમાં તો ફક્ત "પાન પાનાનિ ને ધ્યાન ધ્યાનાનિ" જ છે ! ! ડાર્વીનની theory તો એક વાર ધ્યાન દઇને વાંચ; પછી તને સૌ સમજાશે !

આ વખતે બીજા મિત્રે કંઇ રંગ કર્યો. "શું વાંદર માણસના પૂર્વપુરુષ છે ?"

"તને તો મશકરી જ કરતાં આવડે છે ને ?"

"ત્યારે શું—Survival of the fittest ?"

"એવું તે શું બોલે છે ? જે પૈસા ટકાથી, બુદ્ધિબળથી, બળવાન હોય; તેનો શું સંસારમાં જય થાય નહિ ?"

"હા; બળીયાના બે ભાગ ખરા; ના કેમ કહેવાય ?"

"આજે હું તને બરાબર ઠેકાણે લાવું છું, કેમ Might is Right ખરું કે નહિ બોલ ?"

"ના એમ નહિ, પણ આમ કહે, Right is Might !"

"ત્હારે કહેવું હોય તો કહે; હું તો એમ નહિ કહું !"

"બીજા મિત્રે જોયું કે, વાદવિવાદ વૃથા છે. રોગ અસાધ્ય છે. એટલે એનું ઔષધ મળવું કઠિન છે ! તે કંઇક દુઃખી થઇને બોલ્યો, "જો ધનુ; માઠું લગાડીશ નહિ. ત્હારો આ મત, ઉપર ઉપરનો હોય

તો કંઈ નહિ; પણ જો તે ખરા અંતરનો હોય તો–અને આ વિષમ વિશ્વાસને, ત્હેં હૃદયમાં ખરેખર પોષણ કર્યું હોય તો; ત્હારું પરિણામ બહુ માઠું આવશે ! તે સંભારતાં પણ મને કંપારી છૂટે છે !!"

"તું અંધ–વિશ્વાસુ છે, તેથી તને એમ લાગે છે. તું પુરુષ છતાં, પણ સ્ત્રીનું હૃદય લઇને જન્મ્યો છે. ત્હારાથી કંઇ થવાનું નથી !"

"મ્હારું ગમે તેમ થશે. પણ ત્હારું શું થશે, તેનો વિચાર કરતાં મને મોટો સંતાપ થાય છે !"

પહેલા મિત્રે હસીને કહ્યું, "એમાં તને શોક ને સંતાપ શાનો થાય છે ? જો મન માનતો પૈસો મળે તો બસ; હવે કેવી રીતે પૈસો મળે તે કહે !"

"એમાં વળી કહેવાનું છે ? તું દાવ સાંધીને જે કામ કરીશ, તેમાં તને જોઇએ તેટલો પૈસો મળશે !"

"ત્હારી વાણી સફળ થાઓ. એક સાધુએ પણ મને એવું જ કહ્યું હતું. પણ તે થાય ત્યારે ખરું ? પણ નોકરી તો હું કરવાનો નથી !"

"પણ અંતે ત્હારો જય નથી !"

"પૈસા હશે તો જય એની મેળે થશે. તેને માટે ચિંતા કરવા જેવું નથી ! પૈસા જેવી બળવાન વસ્તુ દુનિયામાં બીજી કઇ છે, તે કહે ? વિદ્યા કહે, માન કહે, ખ્યાાત કહે, ચરિત્ર કહે, એ સૌ પૈસા વિના નકામું છે ! હું તો પૈસાને ચાહુ છું. પૈસાના જોરે, ત્હારો એ ધર્મ ને અધર્મ, ઈહકાળ ને પરકાળ, સમાજ ને સંસાર;–સૌને હું સહજમાં વશ કરી લઇશ; સમજ્યો ! તુ જેને પાપ ગણે છે; પૈસાના જોરે તે પુણ્ય ગણાશે. પૈસા જેવું ઉત્તમ પૉલિસ, એના જેવું અવ્યર્થ માલિસ, બીજું તુ શામાં જુએ છે ? મ્હેં શું વગર વિચારે આ સિદ્ધાંતને ગ્રહણ કર્યો હશે ? રૂપ, યૌવન, ભોગવિલાસ, બળબુદ્ધિએ

સૌ પૈસામાં છે. હું તે પૈસાને ચાહુ છું! નિર્ધનનું વળી અસ્તિત્વ શું? પારકાને આધારે જીવનારા લોકો, સંસારને બોજા સમાન છે! તેથી મ્હારા જીવનનો મૂળ મંત્ર કેવળ પૈસો, પૈસો અને પૈસો જ છે!!"

"તને પૈસો મળશે એ નક્કી છે; પણ અનુતાપ, આત્મ ગ્લાનિ અને વિવેક બુદ્ધિ, એક દિવસ તને દગ્ધ કરશે; એ પણ નક્કી છે!"

"વિવેક બુદ્ધિ?—વિવેક મ્હારી ત્રીજોરી. ત્રીજોરીનું તળી તર થાય એવો તું આશીર્વાદ આપ; બીજું મ્હારે કંઇ નહિ જોઇએ!"

"તું ખરેખરો નાસ્તિક છે. તને અસાધ્ય એવું કંઇ નથી. તને પૈસો મળશે, પણ તે ત્હારા કામમાં નહિ આવે!"

"તેમ થાય નહિ; અને કદાચ તેમ પણ થાય, તો તેની પરવા નહિ! કારણ કે હું એથી દુનિયામાં ખરું પુરુષાર્થ બતાવીશ!"

"એનું નામ તે શું પુરુષાર્થ? વિકારનું લક્ષણ તે પુરુષાર્થ? તું ત્હારા મનમાં ગમે તેમ સમજે, તેની મને ના નથી. પણ આપણે એક સાથે કૉલેજમાંથી નીકળ્યા છિયે; તેથી એક બીજાના સુખ દુઃખમાં ભાગીયા થઇએ તો, આપણું જીવતર સફળ ગણાય!"

"તું એટલામાં અધીરો કેમ થાય છે? વેપાર રોજગાર કરવા દે, પૈસો મેળવવા દે, જરા મોટા માણસમાં ખપવા દે; પછી સુખ દુઃખની વાત!"

"મોટા માણસમાં?—પૈસાને લીધે નાના મોટા? હાય રે, ઉંચી કેળવણી? ત્હારો આ સંસ્કાર?—" મનમાં ને મનમાં આવો ઉદ્ગાર ક્હાડી બીજો મિત્ર પ્રકાશપણે બોલ્યો. "પરમેશ્વર કરે ને, ત્હારું અધઃપતન મ્હારે જોવું ન પડે!"

"અધઃપતન? પૈસા હોય તો વળી પતન થાય? ભવાનીશંકર, તું અંધ વિશ્વાસુ છે. તેથી ત્હારી બુદ્ધિ, પૈસા માટે મંદ બની ગઈ છે. પણ મ્હારી બુદ્ધિ—"

"મ્હારી બુદ્ધિ ભલે મંદ બની હોય, પણ ત્હારી સતેજ બુદ્ધિ સારું પરિણામ નહિ લાવે! જો પહેલાં પ્રીન્સીપલ નક્કી કરીને જે તે કામ કરવું સારું છે."

"હું તને કેટલી વાર કહું. મ્હારો પ્રીન્સીપલ પૈસા મેળવવાનો છે. ગમે તે રીતે–ગમે તે રસ્તે પૈસો મેળવવો–પછી જે થાય તે ખરું!"

બીજો મિત્ર દીર્ઘ નિશ્વાસ મૂકી બોલ્યો, "હું ધારું છું કે, ત્હારી અને મ્હારી મિત્રાચારી હંમેશને માટે રહે, એવી પરમેશ્વરની ઈચ્છા નથી. કારણ કે હું દૈવવાદી છું. દીનતા જ મ્હારો આધાર છે;–દીનતા જ મ્હારી ઈશ્વિર પુજા છે!!"

થોડી વાર બન્ને જણા મૌન રહ્યા. અંતરમાં ને અંતરમાં આઘાત પામી તેઓ પૃથક્ પડી ગયા! તેઓ પોતાના મન સાથે સમજી ગયા કે, આ પૃથક્પણું હવે કદી મટવાનું નથી.

ધનુભાઈએ કહ્યું, "શું વિચાર કરે છે?"

ભવાનીશંકરે ઉત્તર દીધો, "Divine Justice."

ધનુ.—ખરું કહું?—હું વિચાર કરું છું પૈસાનો. કારણ કે "Silver is the best tonic in the world" એ ટૉનીક શું મને નહિ મળે? પૈસો શું મને નહિ મળે?"

"પણ પૈસો તો માટી છે!" આ શબ્દો બોલતાં બોલતાં, અચાનક કોઈએ દિવાનખાનામાં પ્રવેશ કર્યો.

પ્રકરણ ૩ જું.

ભવિષ્યની શરુઆત.

તે આવનાર માણસે હસ્તાં હસ્તાં કહ્યું, "પણ ભાઇ, પૈસો તો માટી છે!"

ધનુભાઇ ગુસ્સે થઇને, કંઇક કઠોર શબ્દથી તેનો ઉત્તર આપવા જતો હતો, પણ તેણે જોયું કે, બોલનાર એક પરિચિત અને પ્રવીણ ગૃહસ્થ છે; એટલે તે કંઇ બોલ્યો નહિ. તે માણસે ફરી કહ્યું, "પૈસો માટી છે, એ હું કહેતો નથી;–પણ તત્વજ્ઞાની મહાપુરુષનાં એ વચનો છે!"

આ વખતે તે ઉદ્ધત યુવકે ક્રોધથી કહ્યું, "એવા તત્વજ્ઞાની મહાપુરુષની જીભે ડહામ દેવો જોઇએ!"

"રામ, રામ!"

કાનમાં આંગળીઓ ઘાલી અને દાંત વચ્ચે જીભ દાબી તે ગૃહસ્થ બોલ્યો, "રામ, રામ! એવું બોલશો નહિ. એવા શબ્દો મ્હોંડે બોલતાં પણ પાપમાં પડાય તેમ છે! ખરેખર, તે સર્વત્યાગી સન્યાસી છે. તેઓ કદી મિથ્યા બોલતા નથી."

ધનુ.—તમે જો એમ માનતા હોય તો માફ કરજો; મ્હારે કહેવું પડે છે કે, તમારી સઘળી મીલ્કત તમે શા માટે ધર્માદા કરી દેતાં નથી? ઝવેરીના ધંધામાં તો મ્હેં સાંભળ્યું છે, કે તમે કરોડો રુપિયા મેળવ્યા છે. થોડા ઘણા તેમાંથી મને પણ આપોને! ત્યારે તો કહેવાય કે, "પૈસો માટી છે!"

"ભાઈ! કોઇને કંઈ આપવું તે કંઇ એમ અપાતું નથી. તેનો રસ્તો જુદો છે. પણ હવે એ વાતને જવા દો, અને જેને માટે હું

અહિંયાં આવ્યો છું તે વાત સાંભળો. જુઓ તમારા મરનાર પિતા, મ્હારા સ્નેહી હતા. ખરી રીતે કહું તો તેમણે જ, મને માણસની પંક્તિમાં આણ્યો હતો. તેમનો બદલો મ્હારાથી કોઇ પણ રીતે વળાય એમ નથી!"

તે ગૃહસ્થે આગળની અનેક વાતો કરવા માંડી. કેવી રીતે થોડી પુંજીમાં સદ્‌ગુણ અને ઉદ્યમથી ધીરે ધીરે આગળ વધી, તેણે ઝવેરીના ધંધામાં કરોડો રુપિયા મેળવ્યા; ધનુભાઇના પિતાએ, તે વખતે તેને કેવી કેવી સલાહો આપીને ધંધામાં સહાયતા કરી; એક વખતે પ્રપંચની જાળમાંથી તેના પિતાએ કેવી રીતે બચાવ્યો; એ વિગેરે અનેક વાતો વિસ્તારથી તેણે કહેવા માંડી.

ધનુભાઈ—દુષ્ટ દુરાકાંક્ષી યુવક, એક ચિત્તે તે સાંભળવા લાગ્યો. જેમ જેમ તે ગૃહસ્થની વાતો સાંભળતો હતો, તેમ તેમ એક ભીષણ દુરાશાની છબી, તેના હ્રદયમાં અંકિત થતી જતી હતી. તે પોતાના મનમાં વિચારવા લાગ્યો, "જો આ સ્થાન, કાળ અને પાત્રનો બરાબર યોગ બેસે, તો મનની સઘળી આશાઓ પૂરી થાય. પણ મન જરા ધીરજ ધર!"

તે ગૃહસ્થનું નામ માધવદાસ હતું. તેઓ જ્ઞાતિએ કપોળ વાણિયા અને ગર્ભશ્રીમંત હતા. માધવદાસ શેઠ, પૂર્વ વાર્ત્તા સમાપ્ત કરી બોલ્યા, "હવે જેને માટે હું તમારી પાસે આવ્યો છું તે કહું છું. ઘણા દિવસ થયાં મ્હારા મનમાં એવું થાય છે કે, હવે કંઈ પરકાળનું સાધન કરી લેવું; અને તે કામમાં મ્હારે તમારી સહાયતા જોઇએ છે!"

ધનુભાઇને તો આકાશનો ચંદ્રમા હાથમાં આવ્યો! અતિ ઉત્સાહથી તે બોલ્યો, "મ્હારી સહાયતા? આજ્ઞા હોય તે કહો. હું તે પ્રાણપણે પૂર્ણ કરીશ. પણ મ્હારી એક વિનંતિ છે, કે મને તમે મોટા નામે બોલાવશો નહિ, કારણ કે તમે મ્હારા પિતાના મિત્ર છો, તેથી

હું તમારા પુત્ર જેવો છું. મને પોતાના પુત્રના જેવા સ્નેહથી બોલાવશો, તો તેથી હું વધારે ખુશી થઈશ!"

સરળ વૃદ્ધ સંતુષ્ટ થઇને બોલ્યો, "ભલે ભાઈ; આવા જ શબ્દો તમારા મ્હોંડે શોભે છે. કારણ કે તમે ભણી ગણીને હોંશીયાર થયા છો પણ—"

ધનુ.—શું કહો છો કહો.

માધવ.—ખરું કહું? અંગ્રેજી સ્વભાવ જોતાં મને કંઈક બ્હીક લાગે છે. અને એથીજ મ્હારા જગમોહનના દીકરાને, અંગ્રેજી વધારે ભણાવવો કે નહિ, તેનો મને વિચાર થાય છે!"

ચતુર ધનુભાઇ જરાવારમાં વૃદ્ધનો મનોભાવ સમજી ગયો. અને તેની સાથે તે કલ્પિત આકાંક્ષાના ઉંચા શિખરે ચ્હડી, લોભ અને મોહથી ઘેરાઇ ગયો. એથી તે સ્વાભાવિક અભિમાન અને દાંભિકતાનો વેગ કંઇક નરમ કરીને શાંતપણે બોલ્યો. "તર્કને માટે અમારા બન્ને મિત્રો વચ્ચે થયેલી વાત સાંભળીને, તમે મનમાં કંઈ લાવશો નાહ! ખરી રીતે જોવા જઇએ તો પૈસો માટી જ છે! વળી અંગ્રેજી કેળવણીથી સ્વભાવ ઉગ્ર બને છે, એવું કંઈ નથી. મ્હારે માટે ગમે તેમ હોય, પણ મ્હારા આ મિત્રની સાથે વાતચીત કરવાથી તમારી એવી ધારણા રહેશે નહિ. એઓ બી. એ. છે. સાયન્સમાં એમણે સારું માન મેળવ્યું છે. પણ એઓ એવા નમ્ર છે કે:—"

માધવ.—હા; તે એમના મ્હોંડા ઉપરથી જણાય છે. એમની એક બે વાતો પણ મ્હારે કાને પડી છે. ભાઈનું નામ શું છે?

ભવાનીશંકરે નીચી નજરે અતિ નમ્રપણે ઉત્તર આપ્યો, "મ્હારું નામ ભવાનીશંકર છે. અને હું દીક્ષિતની અટકે ઓળખાઉં છું."

માધવ.—બ્રાહ્મણ છો? નમસ્કાર! ક્ષમા કરજો; તમારી સાથે મ્હારું ઓળખાણ આ પહેલ વહેલું જ છે!

ધનુ.—એઓ સુરતના વતની છે. સુરતમાં દીક્ષિત કુટુંબ ઘણું પંકાતુ છે.

માધવ.—હું ઘણો ખુશી થયો. ભાઇ શો ધંધો કરે છે ?

ધનુ.—હમણુાંજ કૉલેજમાંથી નીકળ્યાં છે, એટલે હજુ સુધી કોઈપણ ધંધામાં એઓ પડયા નથી. તોપણ શિક્ષક તરીકેના ધંધામાં પડવાની એમની વધારે વૃત્તિ છે.

માધવ.—ત્યારે તમે કયા ધંધામાં પડવાનું નક્કી કર્યું છે ?

ધનુ.—નોકરીપર મ્હારું વધારે મન નથી. થોડી ઘણી મુડી ભેગી કરી, કંઇ વેપાર કરવો એવો મ્હારો વિચાર છે.

માધવદાસે જોયું કે, જે કામને માટે હું અહિં આવ્યો છું, તે કામ મહેનત વિના, એક રીતે સફળ થાય એવાં ચિન્હ દેખાય છે. વળી પૌત્રની કેળવણીનો ભાર, પણ યોગ્ય પાત્રને સોંપાય તેમ છે. એટલે તેઓ ધનુભાઇ તરફ જોઇને બોલ્યા, “ જુઓ ભાઈ, તમે મ્હારી ઝવેરાતની દુકાનનો વહીવટ કરશો, તો હું તમને સારો બદલો આપીશ. કમીશન લઇને કામ કરવા તમારી ખુશી હશે તો, તેની પણ મને ના નથી. એ સિવાય હું મ્હારા વીલમાં તમારી યોગ્યતા જોઇને, કંઈ સારી રકમ લખતો જઇશ. તે મ્હારા મરણ બાદ તમને મળશે. હાય ! આજે જો મ્હારો જગમોહન જીવતો હોત તો—”

આટલું કહેતાંની સાથે, વૃદ્ધ માધવદાસની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં; અને તેમનો કંઠ સ્વર રુંધાઈ ગયો.

દુરાશામાં અને દુરાકાંક્ષામાં પોતાનો પ્રાણુ પૂર્ણ કરી, ઉત્સાહ ચિત્તે ધનુભાઇ, સમયને અનુસરતો વિવેક બતાવતાં બોલ્યો, “ હવે એ વાતને સંભારશો નહિ. આપ સમજુ છો, આપને કંઇ પણ કહેવું તે મૂર્ખાઈ જેવું છે. જગતની ગતિ જ એવી છે. તેથી શું કરવું કહો ? ”

માધવદાસ દીર્ઘ નિશ્વાસ મૂકી બોલ્યા. “ આજે મ્હારો જગમોહન નથી, પણ તમે છો; તમને જગમોહન જેવો ગણીશ; અને

તેથી મ્હારું મન સંતોષ પામશે. તમારા પિતાની નિ:સ્વાર્થ મિત્રતાનો બદલો, તમને જગમોહન જેવો ચાહીને, વિશ્વાસ કરીને, હું કોઈ પણ રીતે વાળીશ. આ કૃતજ્ઞ વૃદ્ધની એ જ એક છેલ્લી આશા છે! અને તેને માટે આજે હું તમારે ઘેર, તમને મળવાને માટે આવ્યો છું."

ધનુ.—મ્હારાં ધન્ય ભાગ્ય છે. આ ઘર પાવન થયું. એને માટે આપને તસ્દી લેવાની જરુર ન હતી. માણસ મોકલીને મને બોલાવવો હતો.

માધવ.—એમાં શું થયું? એ મ્હારી પોતાની ફરજ છે; અને તે મ્હારે જાતે બજાવવી જોઇએ. વળી અહિં આવવાથી મને એકની સાથે બે લાભ થયા. એ લાભ કંઇ જેવો તેવો નથી." ભવાનીશંકર તરફ જોઇને તેઓ બોલ્યા, "દીક્ષિતજી કૃપા કરીને કબુલ કરે તો થયું."

ભવાનીશંકર સ્વાભાવિક નમ્રતાથી બોલ્યો, "મને શી આજ્ઞા છે?"

"તમે મ્હારા પૌત્રની કેળવણીનો ભાર માથે લ્યો. તમને સ્કુલ અને કૉલેજમાં જે પગાર મળશે, તેના કરતાંએ હું તમને વધારે આપીશ. હાલ તમને હું મહિને બસેં રુપિયા આપીશ."

ભવાની.—હાલ નોકરીની સ્થિતિ જોતાં, આટલો મોટો પગાર મને કોઇ આપે એમ નથી. વળી હમણાં જ હું પાસ થયો છું. ફક્ત સો રુપિયાથીજ હું સંતોષ માનતે પણ—

માધવ.—ત્યારે હવે વાંધો શું છે? કૃપા કરીને મ્હારી પ્રાર્થના પૂર્ણ કરો. જુઓ મ્હારે કોઇ નથી. મ્હારી પાછળ આ એક જ દીકરાનો દીકરો છે. બિચારો માબાપ વિનાનો છે. તે મોટો થાય અને સારો નીવડે તો સારું. વળી છોકરાને સારો શિક્ષક મળે, એ પણ એક મોટા પુણ્યની વાત છે. ભાઇને મ્હોંડે સાંભળીને અને નજરે જોઇને મ્હારી ખાત્રી થાય છે કે, તમે મ્હારા જગમોહનના દીકરાને ભણાવશો તો, તે ખચિત ભણીગણીને હોંશીયાર થશે, અને તમારા સહવાસથી

સદ્‌ગુણી બનશે. માટે એ છોકરાની કેળવણીનો ભાર તમે લો; અને મ્હારા ધંધા રોજગારનો ભાર ધનુભાઇ લેશે."

ભવાનીશંકરે થોડી વાર વિચાર કરીને કહ્યું, "આપ જેમ સજ્જન છો, તેમ સ્વભાવે પણ સરળ છો. આપના જેવા એક ગુણી અને ઉદાર ગૃહસ્થની, એક નજીવી માંગણી કબુલ નહિ રાખું તો તેથી મને મોટો ખેદ થાય તેમ છે. પણ મને થોડો વખત આપો, હું વિચાર કરીને આપને કહીશ."

માધવ.—આજે જ કહ્યું હોત તો, તેથી હુ વધારે ખુશી થાત.

ભવાની.—માફ કરો, આજે હું એનો જવાબ આપી શકું એમ નથી.

ધનુભાઈ અત્યાર સુધી જો કે મૌન ભાવે બેઠો હતો, પણ દુરાશાના અતળ સમુદ્રમાં પડીને, તે મનમાં ને મનમાં અનેક પ્રકારની કલ્પના કરતો હતો. પણ જ્યારે ભવાનીશંકરે, માધવદાસની માગણી સ્વીકારવાને આનાકાની કરવા માંડી ત્યારે, તેને કંઇ ક્રોધ ઉપજ્યો. પણ તે ક્રોધ તેના વિચારે પાછો સમાવી દીધો.

"આ પાપ કબુલ ન થાય તો સારું. કારણ કે એ મ્હારી સાથે રહેશે, તો ઘડી ઘડી મને હેરાન કરશે. અને મ્હારા માર્ગમાં વિઘ્ન નાંખશે!" વળી વિચાર ફેરવાયો. "ના, ભવાનીશંકર મ્હારી સાથે રહે તેમાં જ મને લાભ છે. એ જાતે સદ્‌ગુણી છે, તેથી એના આધારે હું અનેક સારાં કામો કરી શકીશ!" તેથી ઘોર મતલબી ફાંટાબાજ, બી. એ. ઉપાધિધારી જીવ, યુક્તિથી વૃદ્ધને સમજાવતાં બોલ્યો, "જુઓ શિક્ષકનું કામ ઘણું જોખમ ભરેલું, અને જવાબદારીનું છે. વળી તે તમારાં એકના એક પૌત્રને માટે છે. બીજી તરફ એ મ્હારો મિત્ર થાય છે. એ જરા શરમાળ છે, તેથી તમારી માગણીનો એકદમ સ્વીકાર કરતાં એ અચકાય છે. કદાચ એનાથી એ કામ સારી રીતે ન થાય, તો પછી એક બીજાના મનમાં ખોટો વિચાર આવે."

ગમે તેમ હોય, પણ માધવદાસ મનમાં સમજ્યા. હવે વધારે આગ્રહ કરવાનું તેમને યોગ્ય લાગ્યું નહિ. જતી વખતે તેઓ ધનુભાઇને કહેતા ગયા. " મ્હારા નોકર ચાકર સૌ તમારા તાબામાં રહેશે. તમારે એક શેઠની પેઠે પેઢીનો વહીવટ કરવો; અને હિસાબ રાખવો. કરોડો રુપિયાની જ્યાં ઉથળ પાથળ થતી હોય ત્યાં, વિશ્વાસુ માણસ સિવાય બીજાને પેઢીનો વહીવટ સોંપાય એમ નથી; અને તેથી જ તમારી મદદની મને જરુર છે."

આ ધનુભાઇ, તે પેલા મનુભાઈનો મિત્ર હતો. પરમહંસ બ્રહ્માનંદની પાસે તે એક દિવસ મનમાં પ્રશ્ન ધારીને ગયો હતો. વાચકો એને ભૂલી ગયા નહિ હોય !

પ્રકરણ ૪ થું.

ભાવી કર્મની સૂચના.

આવો અણધાર્યો પ્રસંગ, ધનુભાઇને સ્વર્ગ સમાન સુખકર લાગ્યો. જાણે કોઇ દેવદૂતે આવી અલકાનગરીનો રત્નભંડાર, તેના હાથમાં આવ્યાની ખબર આપી હોય, એમ તેના મનમાં લાગ્યું ! તે ખરેખરો નાસ્તિક હોવા છતાં, પણ આ પ્રસંગે તેના મનમાં આસ્તિકતાનો ભાવ ઉપજ્યો ! તેણે પોતાના મન સાથે વિચાર્યું કે, ત્યારે શું ભવાનીશંકર કહે છે, તેમ જે મળે તેના પર સંતોષ માનવો, અને હાથ ચઢેલા આવા અવસરને જતો કરવો ? ના; જેવી ભાવના હોય તેવી ફળે. મ્હારી ભાવના મને ફળી ! અહા; કેવો અણધાર્યો પ્રસંગ ? હું ક્યાં ? આ ડોસો ક્યાં ? આ શું સ્વપ્ન તો નથી ? !

ભવાનીશંકર જેવા ભવિષ્યવાદી, શાંત અને સરળ બ્રાહ્મણ યુવકે, ધનુભાઇને ઝીણી નજરે તપાસ્યો. તેના મ્હોંડા અને આંખો· પર, અત્યારે આનંદ આનંદ છવાઈ રહ્યો હતો; તે તેણે જોયો; પરંતુ એનું પરિણામ કેવું ભયંકર આવશે, એ વિચારી તે બહુ ભયભીત થયો. નર્કના પ્રેતની રીતિ નીતિ તપાસી, તે પોતાના મનમાં ગભરાઇ ઉઠયો !

ધનુભાઈ પણ તે સમજી ગયો. ભવાનીશંકર પોતાના મનની વાત જાણી ગયો છે, એ તેના સમજવામાં આવ્યું. એટલે એ છબીનો રંગ બદલવા માટે તે બોલ્યો, "કેમ ભાઇ? મ્હારા મ્હોંડા સામું જોઇને શું વિચાર કરે છે? ખરેખર, તું શું મને નાસ્તિક ધારે છે? હું જોતો હતો કે, તું કેટલામાં છે; અને મ્હારા માટે તું શું ધારે છે; એટલા માટેજ મ્હેં તને આવા નાસ્તિકપણાના જવાબ આપ્યા હતા! અરે; રામ, રામ, કર! એવું તે કંઇ બને? સદ્દવર્તનની સાથે પૈસાની તુલના થાય? પૈસા કરતાં સદ્દવર્તન અમુલ્ય જ છે. "The Crown and glory of Character."

ભવાનીશંકરે આનો કંઇ પણ ઉત્તર આપ્યો નહિ. ઉલટો તે મોટા વિચારમાં પડયો. "હવે આની સાથે મ્હારે, કોઇ પણ રીતનો સંબંધ રાખવો યોગ્ય નથી. અંતરનું પાપ એ વ્યાધિ જેવું છે. અને એના જેવો ચેપી રોગ બીજો કોઈ નથી. તેથી એના સંબંધમાં હું વધારે આવીશ તો, એ ચેપી રોગ વહેલો મોડો મને પણ લાગશે. ધનુભાઈ મને પોતાના જેવો કરવા ધારે છે. અને એમાં એનો સ્વાર્થ છે. અરે, કેવું ભયાનક! ભગવાન્ રક્ષા કર! એવા બસેં રુપિયાનો પગાર મ્હારે નહિ જોઇએ. પંદર–વીશ રુપિયામાં હું મ્હારો નિર્વાહ કરીશ; અને પવિત્ર નિર્મળ ચિત્તથા સંતોષમાં રહીશ! અરેરે! જેવાં ડોસાનાં કર્મફળ છે, તેવી ધનુભાઇની કામના છે! સ્થાન, કાળ અને પાત્રનો આ કેવો અદ્દભૂત સંયોગ! પ્રભુ ત્હારી લીલા તું જ જાણે!"

ભવાનીશંકરને વિચારમાં પડેલો જોઇ, ધનુભાઇ ફરી બોલ્યો. "કેમ ભાઇ, કંઇ બોલતો નથી ? મ્હારા આવા ભાગ્યોદયથી તું શું ખુશ નથી ? એનું નામ જ અદ્રષ્ટ ! કેમ શું કહે છે ?"

ભવાની.—અદ્રષ્ટ ખરું, અને નવાં કર્મની સુચના પણ ખરી. ત્હારા ભાગ્યોદયથી હું ખુશ નથી; એવું તને શા ઉપરથી લાગ્યું ? હું ખુશ ત્યારે થઇશ કે, જ્યારે તું ઇશ્વિરનું અસ્તિત્વ માનીશ; અને ધર્મનાં અનુસાશન પ્રમાણે ચાલીશ !

ધનુ.—નહિ તો ?

ભવાની.—એ વાત તને હમણાં હું શું કહું ? જો લૉટરીમાં ત્હારા નામ પર, ઘણી વાર મોટી મોટી રકમો આવી હતી; પણ તેનો ત્હેં સદ્‌ઉપયોગ કીધો ન હતો.

ધનુ.—તે વખતની વાત તે વખત સાથે ગઇ. હવે પૈસો હાથમાં આવવા દે, અને પછી તુ જો, કે હુ તેનો કેવો સારો ઉપયોગ કરું છું !

ભવાની.—સંપદ્ મળતા પહેલાં, મનને પવિત્ર કરીને તેને કબજામાં રાખવું જોઇએ. નહિ તો એ શક્તિનો અવળો ઉપયોગ થાય છે !

ધનુ.—તું મ્હારી સાથે સલાહકાર તરીકે રહીશ, એટલે મને ચિંતા નથી. તું મને સારા રસ્તે દોરજે એટલે થયું !

ભવાની.—મ્હારામાં એવી શી શક્તિ છે કે, હું તને સારા રસ્તે દોરું ? હું મ્હારૂં પોતાનું સાચવવાને અશક્ત છું ત્યાં !

ધનુ.—ત્યારે શું તને ડોસાની માગણી કબુલ નથી ? બસોં રુપિયાનો મહીને પગાર !–ફક્ત એક ન્હાના છોકરાને ભણાવવાનું–! એ તુ શું જતું કરીશ ?

ભવાની.—બસોંને બદલે પાંચસો રુપિયા હોય, તો પણ હું એ નોકરી કરવાનો નથી.

ધનુ.—કેમ; એનું કંઈ કારણ ?

ભવાની.—એનું કારણ હું આજે તને નહિ કહુ; વખત આવશે ત્યારે કહીશ. અથવા એનું કારણ તું પોતે સમજે છે. નહિ તો તુ એક દિવસ સમજીશ !

ધનુભાઈ એક નિશ્વાસ મૂકી બોલ્યો, " ત્હારા ઠેકાણે કોઇ બીજો હોત તો, હું એમ માનત, કે તું મ્હારી અદેખાઈ કરે છે. અથવા તું મ્હારા ભાગ્યોદયથી દુઃખી થાય છે. પણ તું એવો નથી, એની મને ખાત્રી છે. "

ભવાનીશંકરને બોલવાનો પ્રસંગ મળ્યો. દુર્જનનાં હાથમાંથી છુટવાનો પ્રસંગ, હાથમાં આવેલો જાણીને તે કંઈ હસતાં હસતાં બોલ્યો, " અદેખાઇ તો ખરી; ના કેમ કહેવાય ? હુંએ માણસ છું; મ્હારામાં અદેખાઈ ન હોય એવું તે કંઇ બને ? વિચાર કરી જો; તું ને હું સરખા છિયે. એક સાથે ભણેલા છિયે. હું એક સાધારણ પગારનો માસ્તર થાઉં, અને તું અગણિત દ્રવ્યનો અધિકારી થાય-એક નામાંકિંત ઝવેરીનો ભાગીદાર થાય ! ડોસો થોડામાં થોડો બે આની ભાગ તને લખી આપે તો, તું દશ બાર લાખનો ધણી થાય ! આટલો બધો ફેરફાર શું માણસથી સહન થાય ?—મને અદેખાઇ આવે એમાં કંઇ નવાઇ ? "

ધનુ.—ભવાનીશંકર ! હું તને સારી રીતે ઓળખું છું. તું કોઇ ભવિષ્યના વિચારથી એ નોકરી લેતો નથી.

ભવાની.—ગાંડો છે કે શું ? ભવિષ્યનો વળી શું વિચાર કરવો છે ? અમારું બ્રાહ્મણભાઈનું તે ભાગ્ય—? આટલો મોટો પગાર અમને તે હોય ?

ધનુ.—ઉંહું ?–તું ખરી વાતને છુપાવે છે; ભલે જેમ ત્હારી ઇચ્છા !

ધનુભાઈ પોતાના મન સાથે બોલ્યો ' જવા દો; એની મરજી

નથી તો, આપણે આગ્રહ કરવાની પણ જરુર નથી. છોકરો બહુ તો શેકન્ડ કે થર્ડ બુક ભણતો હશે. પચાસ કે સાઠ રુપિયાના પગારથી કોઇ બી. એ. ફેલ માસ્તર રાખવાથી પણ ચાલશે–માણસ આપણા વગનો હોય તો વળી વધારે સારું !"

ભવાની.—શું વિચાર કરે છે ? જો તું પૈસા પૈસા કરીને ગાંડો બની ગયો હતો. પણ વગર મહેનતે પૈસા મેળવવાની, તને આ કેવી તક મળી ગઇ! પ્રભુએ મન પારખીને તને ધન આપ્યું ખરું !

ધનુ.—બોલ જેવી ભાવના હોય તેવી ફળે !

ભવાની.—તેની ના કેમ કહેવાય ?–શું હજુ પણ તને અવિશ્વાસ છે?

ધનુ.—ના; હવે અવિશ્વાસ નથી. હું તો તને ખીલવવાને માટે કહેતો હતો કે, તું શું કહે છે !

ભવાની.—બીજું શું કહું ? થોડા દિવસમાં તો તું એક રાજા જેવો બની જઇશ. તે વખતે મને યાદ કરીશ કે ?

ધનુ.—અત્યારથી મશકરી કરવા માંડી કે ?

ભવાની.—એમાં વળી મશકરી શાની ? તું ખંત રાખીશ તો કરોડપતિ થઇશ. હમણાં ત્હારો એકાદશ બૃહસ્પતિ છે !

ધનુ.—વળી પાછું જ્યોતિષ શાસ્ત્ર ચલવ્યું કે ?

ભવાની.—કેમ તું જ્યોતિષને માનતો નથી ?

ધનુ.—માનું છું; નથી કેમ માનતો ? અત્યાર સુધી ત્હારી સાથે હું બોલ્યો, તે ફક્ત ગમ્મતને માટે; તને ખીલવવા માટે. ગમે તેવો હું પણ હિંદુ છું ને! હું ત્હારા શાસ્ત્રને પણ માનું છું; વેદ પુરાણ પણ માનું છું; અદ્રષ્ટ પણ માનું છું; અને પરલોક પણ માનું છું. નથી માનતો કેવળ આડંબરને, ઢોંગને અને લુચ્ચાંઇને !

ભવાનીશંકરે જોયું કે, ચતુર ધનુભાઇ આટલીવારમાં બાજી ફેરવી નાંખે છે, તો વખત આવશે ત્યારે, તો એ ડોસાને ખુશી રાખવાને માટે, ટીલાંટપકાં કરીને પુરેપુરો વૈષ્ણવ પણ બની જશે !!

ખરેખર; ધનુભાઇ વિચાર પણ એ જ કરે છે. " આજથી થોડા દિવસને માટે, મનની વાત મનમાં રાખી, મ્હારે મ્હારું રૂપ બદલવું પડશે ! કોઇ પણ મને વર્ત્તી શકે નહિ, એવી રીતે મ્હારે રહેવું પડશે. એટલું જ નહિ પણ ભવાનીશંકર જેવો, મ્હારો મિત્ર પણ હાર ખાય એવી રીતે મ્હારે, મ્હારી રહેણી કહેણી બદલી નાંખવી પડશે ! નહિ તો એ ડોસો મ્હારા હાથમાં નહિ આવે; અને મ્હારાપર વિશ્વાસ નહિ રાખે. કારણ કે આજના મ્હારા નાસ્તિક વચનોથી તે કંઇક ચમકી ગયો છે. માટે તેને ધર્મની ડાહી ડાહી વાતો કહીને પીગળાવી નાંખવો પડશે ! નાટકી ભાવે ધર્મનો ઢોંગ ભજવ્યા વિના, ડોસાને સંપૂર્ણ રીતે વશ કરી શકાય એવું નથી ! નાટકી ભાવે હા, હા, નાટકી ભાવે ! કારણ કે ખરા કરતા ખોટાનો ભપકો વધારે હોય છે; અને આજની દુનિયા તેને વધારે પસંદ કરે છે. ચપળતાની સાથે એવો નાટકી બતાવ્યા વિના, મ્હારાથી ડોસાને જીતાશે નહિ !

પણ એ નાટકીભાવ મને શીખવશે કોણ ? હિંદુશાસ્ત્ર તો હું જાણતો નથી—અને તેને માટે હુ ભવાનીશંકરને હાથમાં રાખવાનું કરું છું—પણ તે તો માન માંગે છે. ત્યારે હવે ? હં; ઠીક યાદ આવ્યું; એક રસ્તો છે. અંગ્રેજીમાં થીયોસોફીનાં ઘણાં પુસ્તકો છે, અને તેમાં હિંદુ ધર્મની ઘણી સારી સારી વાતો આવે છે. પોપટની પેઠે તે હું મ્હોંડે કરીશ ! ગીતાના પાંચ દશ શ્લોક પણ શીખીશ. નહિ તો આજના ધર્મના બજારમાં આપણો સોદો થવાનો નથી. કોઇ ગાંઠવાનું નથી; અને ડોસાનું મન પલળવાનું નથી ! પ્રપંચ, કાવા દાવા, અને આડંબર, એજ આજના જમાનામાં ચઢતીનાં પગથીયાં છે ! ગમે તે રસ્તે, ગમે તે રીતે, એ મેળવવું; એટલે પછી ડોસાનું વીલ, ઝવેરીનો ધંધો, અને તેનો દીકરો સૌ ઠેકાણે ! ! મ્હારું ધાર્યું હુ વહેલો મોડો પણ કરીશ. મને જોઇએ છિએ પૈસો ! તે થોડો ઘણો નહિ—પણ

અઢળક કરોડોની સંખ્યામાં!! હું તે મેળવીશ; નક્કી મેળવીશ! કારણ કે ડાસો મ્હારી જાળમાં ફસાયો છે; પોતાની મેળે જાણી જોઇને, ફસાયો છે; તો હવે એ ક્યાં જવાનો છે? તે બાપાજીનો મિત્ર છે, વળી તેમનો ઋણી છે; કૃતજ્ઞ, ધર્મભીરુ ડોસો, મ્હારાથી ઋણ વાળવા ઇચ્છે છે! હું તે ઋણ પુરેપુરું વાળીશ! હવે બુદ્ધિના દોષે સૌ ઉલટ પાલટ થાય નહિ, તેની સાવચેતી રાખવી!"

પ્રકરણ ૫ મું.

સભ્યતાનું આવરણ.

અસાધારણ ચતુરાઇ અને દુષ્ટ બુદ્ધિના પ્રભાવે, ધનુભાઇએ થોડ દીવસમાં સૌનાં મન હરી લીધાં. માધવદાસનો ઝવેરીનો ધંધો ધમધોકાર ચાલવા લાગ્યો. ધનુભાઇની મહેનતથી પેઢીનું જૂનું લહેણું વસુલ થવા માંડયું. જૂના આસામીઓ પાસેથી તેણે નવાં ખત ખાતાં પડાવી લીધાં અને દાબદબાણથી અથવા બીજી યુક્તિથી, તેણે પેઢીનું સઘળું જૂનું લહેણું આવી રીતે વસુલ કરી લીધું. વળી તેણે ગ્રહાકીમાં પણ આગળ કરતાં વધારો કર્યો. યુરોપિયન, યાહુદી, પારસી અને કેટલાક હિંદુ શ્રીમંતોને તેણે જાયુકના ગ્રાહક કરી લીધા. એટલું જ નહિ પણ મોટા મોટા રાજા રજવાડામાં, પણ તેણે પગ પેશારો કરી દીધો. જોતજોતામાં પેઢીની આવક વધતી ચાલી. આ બધું જોઈ માધવદાસ શેઠ બહુ સંતુષ્ટ થયા. અને તેમણે ધનુભાઇને એઆની ભાગ લખી આપ્યો! એટલું જ નહિ પણ પોતાના મર્ણ પછી, બે લાખ રુપિયા ધનુભાઇને મળે, એવી એક સરત તેમણે પોતાના વીલમાં દાખલ કરી. એ સિ-

વાય ધનુભાઇને ગાડી ઘોડાનો, નોકર ચાકરનો અને બંગલાનો ખર્ચ પણ માધવદાસ શેઠ આપવા લાગ્યા.

પહેલાં કેટલાક દિવસ તો ધનુભાઈ, સંતુષ્ટ ચિત્તે કામ કરવા લાગ્યો. તનમનથી શેઠનું હિત જાળવી, તેણે વેપારની વૃદ્ધિ કરવા માંડી. થોડા દિવસમાં તેની ખ્યાતિ પણ વધી ગઇ; અને ધનુભાઇ એક પ્રસિદ્ધ ઝવેરીમાં ગણાવા લાગ્યો. આ બધું જોઇને માધવદાસ શેઠનો આનંદ સમાતો ન હતો ! ખરેખર, તેઓ ધનુભાઇને લીધે પોતાના પુત્રનો વિયોગ પણ ભૂલી ગયા હતા. ધનુભાઇની બુદ્ધિ, વિવેક અને કામ કરવાની શક્તિ જોઇને, તેઓ મુગ્ધ બની ગયા હતા. એટલું જ નહિ પણ ધનુભાઈ વિના એક ઘડી પણ તેમને ચાલે નહિ, એવી સ્થિતિમાં તેઓ આવી ગયા હતા. માધવદાસ શેઠ દારુણમોહથી પરમહંસને પણ ભૂલી ગયા. કોઇ દિવસ તેમના દર્શનને માટે, તેઓ વાત કરતા તો, ધનુભાઇ ધર્મનો એવો મધુર અભિનય કરતો કે, વૃદ્ધ તેમાં લવલીન થઇ જતો અને પોતાના મનમાં વિચાર કરતો કે, " ઘરમાં આવું અમૂલ્ય રત્ન છે, તેને મૂકીને બીજે કયાં મરવા જવું ? ધનુભાઇ જ મ્હારા ધર્મજીવનની કુંચી છે. પરમહંસ ? તે તો દયામય છે. તેમનું અંતરમાં ધ્યાન ધરવાથી પણ ચાલી શકશે ! ! "

ધનુભાઇના બહારના વ્યવહારથી, કોઇ તેનું ખરું સ્વરૂપ જાણી શકે તેમ ન હતું. તેનું અંતર કેવું મલિન છે, અને વખત આવે તે શું નહિ કરી શકે; એવું કોણ કહી શકે તેમ હતું ? તેનો પૈસાનો લોભ, ધર્મને ગણતો ન હતો; અને નીતિને માનતો ન હતો. દુનિયામાં એવું એક પણ કામ ન હતું, જે તે પૈસાને માટે કરી નહિ શકે ! આવો લોભી, માધવદાસ જેવા એક ભલા, ભોળા અને ઉદાર કરોડપતિને પોતાની જાળમાં ફસાવી, પૈસાને માટે તેનું જડમૂળ કહાડી નાંખે તો, કંઈ આશ્ચર્ય જેવું નથી ! સમય અને સુયોગ મળતાં આ

પાપી પોતાની પાપી ક્રિયાનો આરંભ કરશે જ!

માધવદાસનું મન હરી લેવાને માટે, પહેલાં તો ધનુભાઇએ પોતાની નીતિ રીતિમાં બહારથી ઘણો સુધારો કરી નાંખ્યો. ખાવા પીવામાં, પહેરવા ઓઢવામાં, અને બોલવા ચાલવામાં, તે એટલો બધો નિયમિત અને મર્યાદામાં રહેવા લાગ્યો કે, તેની આગલી રહેણી કહેણી જાણનાર તેના મિત્રો પણ, તેના હાલના વર્તનથી અચિત આશ્ચર્ય પામતા, તો પછી માધવદાસ જેવા, તદ્દન અજાણ્યા માણસ તેનાથી છેતરાય તેમાં આશ્ચર્ય જેવું ન હતું! એક વખતે વાત પરથી વાત નીકળતાં માધવદાસે, આજના અંગ્રેજી ભણેલા યુવકો પૈકી, જેઓ ખાવા પીવાની બાબતમાં, નાતજાતનો કે ઉંચ નીચનો, કંઇ પણ તફાવત રાખતા નથી, અને મરજીમાં આવે તેમ વર્તે છે; એટલું જ નહિ પણ કેટલાક તો ઉઘાડે છોગે, ઇરાનીઓના હૉટલમાં ચા અને આઇશક્રીમ ખાઇ આવે છે, તેને માટે પોતાનો ખેદ બતાવ્યો. આ ઉપરથી ધૂર્ત ધનુભાઇ માધવદાસનું વલણ સમજીને એવો ધર્મિષ્ટ બની ગયો કે, તેણે બ્રાહ્મણ સિવાય બીજા કોઇના હાથનું પાણી પણ પીવાનું બંધ કર્યું! એટલું જ નહિ પણ દિવસમાં એક જ વખત, ખાવાને માટે તેણે ઠરાવ કર્યો; અને તે માટે તેણે માધવદાસ શેઠનો મત માગ્યો!

માધવદાસ બોલ્યા, "સાત્વિક વૃત્તિ મેળવવાને માટે, એકાહારી થવાની જરુર છે. પણ બાપ; હજુ તુ ઉગતો છે. માથે કામનો બોજો વધારે છે. તેથી તને હું એકાહારી થવાને માટે મત આપતો નથી!"

ધનુભાઇએ ઉત્તર આપ્યો, "પિતા! તમે મ્હારા ગુરુ છો. તમે જે માર્ગનું અનુસરણ કર્યું છે, તેજ માર્ગનુ અનુસરણ આ અધમ પણ કરશે. પણ જ્યારે તમે ના કહો છો, ત્યારે હું લાચાર છું. ઇચ્છા છતાંએ હું તે કરીશ નહિ. આજથી એકાહારી થવાની કલ્પના મ્હેં માંડી વાળી!"

માધવ.—આવી કાચી વયમાં, ભાઈ તુ આવું સહન શી રીતે કરીશ ? ત્હારા ઉપર કામનું દબાણ વધારે છે; તેમાં તું એકાહારી થાય તો પછી ત્હારાથી નભાશે કેવી રીતે ? તુ ત્હારી આટલી વયમાં, ત્યાગ તરફ આવી વૃત્તિ ધરાવે છે; એ જોઇને મને બહુ આનંદ થાય છે !

ધનુ.—ત્યાગમાં જ સુખ છે ! તમે તે દિવસે પણ મને એવો જ ઉપદેશ આપ્યો હતો.

માધવ.—હું તે શું ઉપદેશ આપું ? હું શું જાણું છું ? તોપણ એ મહાપુરુષોનાં વચનો છે !

ધનુ.—ઘણો ઉત્તમ ઉપદેશ છે;-ભોગ દુઃખ–ત્યાગ સુખ—

માધવ.—સુખ નહિ પણ સુખ કરતાંએ અધીક–ત્યાગ શાન્તિ.

ધનુ.—હા ખરું કહો છો. શાન્તિ;-ત્યાગ શાન્તિ; શાન્તિ–તૃપ્તિ;-સુખ એના કરતાં ઉતરતુ છે. એ માટે ભગવાને પણ અર્જુનને એવો ઉપદેશ આપ્યો છે કે, “**सर्व्व कर्म परित्यज्य**—”

માધવ.—એ મર્મનું આ વાક્ય નથી.

ધનુ.—હા, હા, ખરું ખરું: એનો મર્મ જુદો છે.

બોલનાં તો બોલાઇ ગયું. પણ ભૂલ સુધારવાને માટે પાછી ચતુરે ચતુરાઈ ચલવી.

“Selfsacrifice is the manifestation of humanity—એટલે કે ત્યાગ જ મનુષ્યત્વનો વિકાશ છે !”

ફરી તે પાછો પોતાના મન સાથે લવ્યો.

“કેવી થાપ ખાધી ! ચાલો; પણ ડોસાને ઉંધુ ચતુ સમજાવી દીધું, અને તે સમજી ગયો એ ઠીક થઇ ગયું !”

પહેલું શિષ્યપણું સ્વીકારી, હવે ગુરુપણું બતાવવા તે પાછો ગંભીર ભાવે બોલ્યો, “આપણા આર્ય ઋષિઓ ઘણા દીર્ઘ દ્રષ્ટિ-

વાળા હતા. ભોગમાં કંઈ સાર નથી; એવું તેમણે ઠેકાણે ઠેકાણે દ્રષ્ટાંત આપીને સિદ્ધ કર્યું છે. બ્રહ્મચર્ય, તપ, સંયમ, એ એનાં ઉજ્જવળ ઉદાહરણો છે. ચિત્તશુદ્ધિ માટે એના જેવો બીજો કોઇ માર્ગ નથી. પાશ્ચાત્ય જાતિ એ સંબંધી હજુ ઘણી પછાત છે!"

માધવ.—તે કેવી રીતે?

ધનુ.—તેઓ દેહનેજ સર્વ કરતાં શ્રેષ્ઠ માને છે. ઈહલોક જ તેમને મન સર્વસ્વ છે. વળી સેંકડે પંચાણું ટકા લોકો, જન્માંતરને માનતા નથી. તેથી ભોગમાં જ તેમની વધારે આસક્તિ છે.

માધવ.—એમ કે?

ધનુ.—હાજી! તેથીજ તેમની અંદર વખતોવખત લડાઇઓ સળગે છે, અને કરોડો માણસોનાં લોહી રેડાય છે!

માધવ.—ખરું છે. પણ દેખાદેખી એ વિષ પણ હિંદુસ્તાનમાં ફેલાતું જણાય છે.

ધનુ.—તમારા જેવાના પુણ્યથી, હજુ તેવું કાંઇ જણાતું નથી. ભવિષ્યની વાત ભગવાન્ જાણે!

આવી રીતે સંભાષણ ચાલ્યા પછી, ધીરે ધીરે પ્રવૃત્તિ માર્ગ, નિવૃત્તિ માર્ગ, યોગ, પ્રાણાયામ, વિગેરેની ચર્ચા ચાલી. માધવદાસનું મનરંજન કરવાને માટે ચતુર યુવક, હિંદુ ધર્મનું શ્રેષ્ઠત્વ સિદ્ધ કરી, ભાવથી ગદ્ગદિત થઇને બોલ્યો, "ગમે તેમ હોય, પણ હિંદુસ્તાન કર્મભૂમિ છે અને યુરોપ અમેરિકા ભોગભૂમિ છે, ભોગ કોઇ પણ રીતે કર્મનું સ્થાન લઇ શકે એમ નથી!

માધવ.—ખરું છે. ભોગ કર્મનું સ્થાન લઇ શકશે નહિ.

ધનુ.—વળી નિષ્કામ ધર્મનું મહાત્મ્ય, જે જાતિની નસોનસમાં પ્રવિષ્ટ થયેલું છે, તે જાતિનું પતન થવામાં હજી ઘણો વિલંબ છે!

માધવ.—ધન્ય છે ત્હારી કેળવણીને! ધન્ય છે ત્હારા શાસ્ત્રજ્ઞાનને!

ધનુ.—ના પિતા ! હું કંઇ જાણતો નથી–કંઈ શીખ્યો નથી. કંઇક સાર સમજ્યો છું; એટલું જ !

માધવ.—આટલું બધું અંગ્રેજી ભણ્યા છતાં, હિંદુ ધર્મ ઉપર ત્હારી આવી આસ્થા જોઇને, મને બહુ આનંદ થાય છે ! મ્હારો આશીર્વાદ છે કે, તું જીવતો રહે; અને ત્હારા જેવી મતિ ગતિ મ્હારા ચંપકની પણ થાય. હાં; ચંપકના, ભણવા ગણવાપર તું કોઇ વખતે ધ્યાન આપે છે કે? માસ્તર કેવો છે ?

ધનુ.—ઠીક છે; પણ ભણવા ગણવા કરતાં, પહેલાં જેની વધારે જરુર છે, તે તરફ હું વધારે લક્ષ રાખું છું. હું ચંપકના સદ્વર્તન ઉપર વધારે લક્ષ આપું છું. કારણ કે એનો ખરો વખત જ આ છે!

માધવ.—ખરું છે. પહેલાં સદ્વર્તનની વધારે જરુર છે. સદ્વર્તન વિનાનો વિદ્વાન સંસારને શત્રુ સમાન છે. જો ભાઈ, આંધળાની લાકડી મ્હેં તને સોંપી છે. મ્હારો જગમોહન નથી. હવે તું જ એ છોકરાના માબાપ તરીકે છે; એમ મનમાં સમજજે.

ધનુ.—એને માટે આપને વધારે કહેવું નહિ પડે. મ્હારા મનમાં એ વાત રાત દિવસ રમ્યા જ કરે છે. મને આશીર્વાદ આપો કે, હું મ્હારી ફરજ પુરી કરું !"

એટલું કહી ધનુભાઇ ભક્તિ ભાવથી વૃદ્ધના પગમાં પડયો ! ભક્તિ ભાવથી કે શઠતાથી ? હાય રે પૈસા !!

પ્રપંચ અને લુચ્ચાઇ, સ્વાભાવિક રીતે જ ભયંકર છે. પણ તે જો સભ્યતા અને કેળવણીના આવરણ નીચે કરવામાં આવે તો, તેનો પ્રભાવ વળી એથી પણ વધારે ભયાનક બને છે ! ધનુભાઈ રૂપી સભ્ય અને કેળવાયેલો જીવ એનું પ્રત્યક્ષ પ્રમાણ છે!

પાપી પોતાના મન સાથે બોલ્યો, "અરે ડોસા ! ત્હેં જાણી જોઇને દૂધ પાઇને સાપને ઉછેર્યો છે ! તેનું ફળ ત્હારે ભોગવવું પડશે!

જ્યારે વખત આવશે, ત્યારે તું મ્હારી ઉગ્ર મૂર્તિ જોઇશ! તે વખતે તું ગભરાઈશ નહિ. મને પૈસો જોઇએ છે. પેલા બેઆની જેવાં નજીવા ભાગથી હું તૃપ્ત નથી. મ્હારી તૃપ્તી કરોડો રુપિયાથી થાય તેમ છે! એટલું મળતાં તું મરે કે જીવે, ત્હારો દીકરો રહે કે જાય; ત્હારી ત્રીજોરી, ત્હારૂં વીલ, ત્હારો ઝવેરીનો ધંધો, રહે કે ચુલામાં જાય; તે હું જોવાનો નથી! મ્હારો ઇષ્ટ મંત્ર પૈસો છે! બે ચાર લાખે મ્હારી ભૂખ ભાગવાની નથી! મને ત્હારો બધો પૈસો જોઇએ છે! અને તેને માટે જ આ ગોગાયોગ બન્યો છે! નહિ તો આટલા દિવસ સુધી હું ત્હારી પાસે નાટકી ઢોંગ કરું કે? પારકા બાપને બાપ કહીને બોલાવું કે? એવો આ બંદો કાચો નથી, સમજ્યો? એકાદ લાખ તો હાથમાં આવ્યા છે! પણ સમય, સુયોગ અને સ્થાન જ્યારે ભેગાં થશે, ત્યારે હું એક પ્રાણઘાતક અભિનય કરીશ, પણ મન જરા ધીરજ ધર!!"

પ્રકરણ ૬ હું.

પતિ-પત્ની.

યોગ્ય પતિને, પત્ની પણ યોગ્ય મળી છે! જેવા દેવ તેવી દેવી,—જેવા ગુરુ તેવી શિષ્યા, જેવા નાયક તેવી નાયિકા; સોનું ને સુગંધ સાથે મળ્યું છે! એમાં દોષ તેનો ન હતો-દોષ તે ગુણવાન—નરપુંગવનો હતો! જેવું જોયું તેવું તે શીખી, એમાં તેનો શો દોષ?

સુંદરી વિલાસવતી અથવા વિલાસની—નામ પ્રમાણે ગુણ ધરાવતી હતી. નામ જેવું વિલાસપૂર્ણ—કામ પણ તેમનાં તેવાં જ કલૂષપૂર્ણ હતાં! એ પાપની છબી કર્તવ્યને લીધે અંકિત કરવી પડશે. નહિ તો આ ચરિત્ર અપૂર્ણ રહી જશે!

સાયંકાળ થતાં, વિલાસવતી અથવા વિલાસની શેઠાણી લેડીના પોષાકમાં સજ્જ થઇ, ઘરની ગાડીમાં બેસી હવા ખાવાને માટે એક બે, ચોપાટી કે એવાં બીજા સ્થળે બહાર નીકળી પડતાં. તે કોઇ દિવસ એકલી તો કોઇ દિવસ પોતાના પતિની સાથે નીકળતી હતી. તે વખતે તેમના સ્વામી રત્ન શ્રીયુત ધનુભાઇ, યુરોપિયન પોષાકમાં આવૃત થતા હતા. હૅટ, કોટ, નેકટાઇ અને કોલરથી તે શ્રીઅંગ, અપૂર્વ મૂર્તિ ધારણ કરતું હતું! આંખે ચસ્મા, મ્હોડામાં સીગાર, અને હાથમાં સ્ટીક જોઇને, કોણ કહી શકે એમ હતું કે, આ એક ભોક્તા પરમ હિંદુ યુવક ધનુભાઈ છે! તે વખતે તેમનો રંગ ઢંગ સૌ બદલાઈ જતો હતો. વળી વાતચીતમાં અને તેમના કંઠ સ્વરમાં, તે વખતે એટલો બધો ફેરફાર થઈ જતો હતો કે, તેના અતિસય પરિચયમાં આવેલો માણસ પણ, તેને હાફ-કાસ્ટ, ફીરંગી સાહેબ જેવો ધારતો! તેમાં વળી મુંબઇ જેવું શહેર— કોણ કોની ખબર રાખે છે? કોને પડી છે એવી ખબર રાખવાને? સંધ્યાના આગમનની સાથે, આ યુગલ મૂર્તિ આવા વેશમાં વિરાજ કરતી હતી, તે હજુ સુધી કોઇ જાણતું ન હતું!

સ્ત્રીરત્ન પણ આવુંજ હતું! તેણે સ્વામીની પાસેથી સાહેબ મૅડમનો સૌ રંગ ઢંગ શીખી લીધો હતો! થોડી ઘણી અંગ્રેજી ભાષાની પણ તેણે કેળવણી લીધી હતી. તેમાં વળી અંગ્રેજી ચાલચલણ અને આચાર વ્યવહાર, તે તો તેમના નિત્ય કર્મની અંદર આવી ગયાં હતાં!

વાલકેશ્વરમાં તેમનો એક બંગલો હતો. એકાંત વાસમાં નિડરપણે અનાચારી નાસ્તિક દંપતીનો, ત્યાં આમોદ પ્રમોદ થતો હતો. તેમને નાસ્તિક દંપતી એટલા માટે કહેવામાં આવે છે કે, આમોદ પ્રમોદની વખતે, તેમની વચ્ચે કોઇ પણ રીતની મર્યાદા, કે સ્વામી–સ્ત્રીનો સંબંધ રહેતો ન હતો. તે વખતે તેમને કોઇ પણ જાતના નિયમને કે પ્રતિબંધને વશ થવું પડતું ન હતું. એટલે તેઓ નિરંકુશપણે એક બીજાની સાથે મનમાં આવે તેમ વર્તતાં હતાં!

બંગલા આગળ જ્યારે ગાડી જઇને ઉભી રહેતી, ત્યારે યુગલ મૂર્તિ, કે કોઇ દિવસ વિલાસની લૅડી એકલી, ડોલતી ડોલતી અંદર જતી, અને ઈઝીચેર પર બેસી અથવા અર્ધ સુતેલી અવસ્થામાં, પોતાના હાથ પગ તેનાપર લંબાવી દઇને તે કોમળ કંઠે કહેતી, "બૉય."

ઉતાવળે દોડતો અને સલામો કરતો હમાલ હાજર થયો કે, મૅડમ સાહેબે હુકમ કર્યો, "આઇશ સૉડા લાવ!"

હમાલ તેજ પળે હુકમનો અમલ કરતો હતો.

તેમનો બંગલો સુધરેલી ઢબ પ્રમાણે શણગારેલો હતો. કોચ, સોફા, ચેર, ટેબલ, વિગેરે વસ્તુઓ સૌ યથાસ્થાને ગોઠવેલી જણાતી હતી. દીવાલગીરીમાં બન્ને બાજુએ બે મોટાં દર્પણો શોભી રહ્યાં હતાં. તે દર્પણમાં પોતાનું મ્હોડું જોઇ, કંઈક મધુરું હાસ્ય કરી, દીવાના અજવાળે મ્હોંડા પર પાઉડર છાંટી, પોષાકને ઠાકઠીક કરી, લેડી વિલાસની, મનમોહિની રૂપે પ્યાનો વગાડતી, ગાતી અને કદી ગ્લાસમાં લાલરંગનું ઔષધ પાન કરતી હતી. ત્યાર પછી સાહેબ શ્રીયુત ધનુભાઇ આવતા અને અતિ સ્નેહ સ્વરે, "Hallo my Darling" ક્યારે આવી! આજે મને આવતાં વાર લાગી તેથી કંઇ ગુસ્સો ન કરતી હો!" એમ કહી તેની પાસે બેસી જતા!

સ્થિર યૌવના, ચપળ નયના, સૌંદર્યશાલિની, વિલાસની, આદરથી, સ્નેહથી, સ્વામીને કંઠે વળગીને બોલતી, "ગુસ્સાની વાત બાજૂપર મૂકો. પણ હવે ક્યાં સુધી, આવા બહુરૂપીના વેષથી રહેવું પડશે તે પહેલાં કહો! પોતાના ઘરમાં પોતાનેજ ચોરની પેઠે રહેવું પડે, એના કરતાં બીજું મોટું દુઃખ તે કીયું હોય?"

ધનુ.—તું ખરું કહે છે. પોતાના જ ઘરમાં પોતાને ચોરની પેઠે રહેવું પડે છે. પણ તને તો ઠીક છે. પણ મ્હારે તો હંમેશાં બીહીને ચાલવું પડે છે. વખતે પકડાઇ જવાય એવા ધાકથી હું હંમેશાં બી-

હીતો રહું છું! પણ વારું ખરું કહે, મ્હારો આ યુરોપિયન ડ્રેસ તને કેવો લાગે છે?

વિલા.—તમને ગમે તેવો લાગે. પણ મને તો આ લેડીનો ડ્રેસ નઠારો લાગતો નથી!

ધનુ.—તેનું એક કારણ છે. તું જે ડ્રેસ પહેરે છે, તે મનના શોખથી, ઉમંગથી પહેરે છે. અને હું જે પહેરું છું તે બ્હીકથી, પકડાઇ જવાના ધાકથી પહેરું છું. એટલે ત્હારામાં ને મ્હારામાં ફેર પડે એમાં શી નવાઇ? મને તો ડોસાની બહુ ધાક લાગે છે, રખેને આવા વેશે કંઇ પકડાઇ જવાય તો મોટી પંચાત થાય!

વિલા.—તમે તો ત્યાં પૂરેપુરા હિંદુ બની જતા હશો નહિ વારું?

ધનુ.—હિંદુ? પુરેપુરા હિંદુ? અરે, પુરેપુરો વૈષ્ણવ!!

વિલા.—એટલું બધું કરવાની કંઈ જરુર?

ધનુ.—અરે ગાંડી; એમ નહિ કરું તો પછી ડોસાનું મન કેમ રીઝે? મ્હારા ઉપર વિશ્વાસ કેમ રાખે? તેનો મ્હારા ઉપર એટલો બધો વિશ્વાસ બેઠો છે કે, હવે ડોસો કોઈ સાધુ સંન્યાસીની વાત પણ સાંભળતો નથી!

વિલા.—પણ મને તો હસવું આવે છે-તમારી આ ચોટલી જોઇને!

સોહાગિની સ્ત્રીએ હસ્તાં હસ્તાં, સ્વામીના માથાપરથી હૅટ કહાડી લઇ, તેની નાનકડી ચોટલી ખેંચવા માંડી!

ધનુ.—અરે, નહિ નહિ; એમ ન કર;—ચોટલી તૂટી જશે—મૂકી દે!!

વિલા.—ચોટલી તૂટી જશે તો શું સત્યાનાશ જતું રહેવાનું છે!

ધનુ.—ઉહુંહું. તું સમજી નહિ;—એ તો નોકરીનું અંગ છે!

વિલા.—શું કહ્યું? નોકરીનું અંગ? ચોટલીની સાથે નોકરીનો શો સંબંધ?

ધનુ.—વ્હાલી રે; પૈસાને માટે કેવી ગુલામગીરી કરવી પડે છે, તે તને હું શું કહું? ડોસો ચોટલી રાખે છે, તિલક છાપાં કરે છે, જપતપ આચરે છે; અને હું તેનો એક પાર્ટનર, અથવા તેનો એક વિશ્વાસુ નોકર, ચોટલી સરખીએ ન રાખું? ફક્ત ચોટલી જ કેમ? ચોટલીની સાથે તો વેદ, પુરાણ, સાંખ્ય, પાતાંજળ, થિયોસોફી, ગીતા એ વિગેરે સૌમાંથી થોડું ઘણું એકઠું કરવું પડે છે, ત્યારે તો ડોસો હાથમાં આવ્યો છે!

વિલા.—તે વખતે તમે ત્યાં શું કરો છો?

ધનુ.—કદી ભક્તિભાવે રડમસ જેવો બની જાઉં છું; અને કદી છૂટી પોકે રડી દઉ છું!

વિલા.—તે વખતે તો તમે એક, ખરેખરા સાધુ પુરુષ જણાતા હશો!

ધનુ.—મ્હારું આવું આવું જોઇને, પેઢીમાંના કેટલાક નોકર ચાકર પણ સુધરી ગયા છે.

વિલા.—એટલે સુધી?

ધનુ.—હા,-નોકરી જવાની ધાકે-અને મ્હારું મન રાખવાને માટે!

વિલા.—આટલું બધું કરતાંએ, તમારી આશા ફળીભૂત ન થઈ ત્યારે? હું તો કહું છું કે, જે મળ્યું છે તે પર સંતોષ રાખો. દશ બાર લાખ કંઇ થોડા નથી!

ધનુ.—મ્હારી સ્ત્રી થઇને તું આવી વાત કરે છે?

વિલા.—કોણ જાણે વાત ફૂટી જાય, અને હાથ આવેલું છે તે પણ જતું રહે, ત્યારે કેમ કરશો?

ધનુ.—તું નકામી બીહે છે. વાત ફુટે નહિ તે માટે હું ચો તરફ તપાસતો રહું છું. વખત આવશે ત્યારે હું તને એ વાત કહીશ.

વિલા.—પણ—

ધનુ.—હવે પણ બણ કંઈ નહિ. એ ડોકરાને મ્હેં બાપ કહ્યો

છે; તો હું એનું બધું હાથ કરીશ ત્યારે રહીશ. એની બધી ગોઠવણ મ્હેં કરી મૂકી છે.

એટલું કહી તેણે વિલાસનીના કાનમાં કંઇ કહ્યું. અને પછી મોટા ઉત્સાહમાં આવી જઈ તે બોલ્યો, "હવે ડૉકટરને હાથમાં લેવો જોઇએ!"

વિલા.--તેને તો હુ મ્હારી મુઠ્ઠીમાં રાખીશ.

આટલું પ્રકટપણે બોલી, પાપણી પાછો પાપ વિચાર મનમાં લાવી, મનમાં ને મનમાં લવી, "ડૉકટર છે તો—"

ધનુ.—જો પણ મ્હારી સાથે દગો કરીશ નહિ હો!

વિલા.—કેમ મ્હારો વિશ્વાસ નથી આવતો શું?

ધનુ.—ના; તેમ નહિ. પણ જો ગમે તેવો તે પરપુરુષ છે!

વિલા.—કેમ? એવું તેવું તમે તો કંઇ માનતા નથી ને?

ધનુ.—માનતો નથી એ વાત જુદી છે, અને આ વાત જુદી છે.

વિલા.—વ્હેમાશો નહિ મ્હારા વ્હાલા! હું તમારી આંખમાં ધૂળ નહિ નાંખું. તોપણ હું પૂછું છું કે, સતિત્વ નામની વસ્તુની શું ખરેખર કંઈજ કીંમત નથી?

ધનુ.—જ્યારે તું પૂછે છે, ત્યારે કહેવું પડે છે કે;-હું તે કંઈ માનતો નથી. પાપ, પુણ્ય, પરલોક અને ઈશ્વરને માટે મ્હારા જેવા વિચારો છે; એટલે તેને જેમ હું માનતો નથી. તેમ સતિત્વને પણ હું માનતો નથી. આગળના લોકો પોતાનો સંસાર સરળપણે ચલાવવાને માટે, આવો એક નિયમ કરી ગયા છે; એ સિવાય એમાં બીજું કંઇ નથી. "ખાવ પીવો અને બસ મજા લૂંટો" મ્હારી પાસે તો આજ! તોપણ તને વિનવીને હું કહું છું કે, તું એ છેલ્લી મજા—"

હસ્તાં હસ્તાં ચતુરા વિલાસની બોલી, "અરે જાઓ જાઓ; મ્હારો વિશ્વાસ નથી? તમારું આ રૂપ, આ યૌવન, આ પૈસો અને તમારો

આવો પ્રેમ પડતો મૂકી, શું તમારા નોકર જેવાની સાથે હું—"

ધનુ.—ના ના; હું તેમ કહેતો નથી; તોપણ તેની સાથે મ્હારે આખર સુધી રમવું પડશે. તેથી ત્હારે પણ તેની સાથે મૌખિક ભાવ રાખવો જોઇશે.

વિલા.—મ્હારાથી તેવો ભાવ નહિ રખાશે તો, હુ તેની સાથે છુટથી વાતચીત કરીશ.

ધનુ.—વાતચીત સિવાય બીજું કંઈ કરવું પડશે. તે હું પછી કહીશ–વારું પેલી દવા ત્હેં પીધી કે?

વિલા.—હા; જ્યારે તમારા માટે મ્હેં બધું ખોયું છે, ત્યારે એ શું કરવા બાકી રહે?

ધનુ.—મ્હારી વ્હાલી! એમ જ જોઇએ. મ્હેં તને પસંદ કરીને લગ્ન કર્યાં છે, તે અમસ્થાં કર્યાં નથી? ત્હારા આ ગુલાબી ગાલ–ગજગામિની જેવી ચાલ, પલકમાં મનને હરી લે એવી આંખો, કાળી નાગણ જેવા કેશ, અને કાચા સોના જેવો રંગ જોઇને, મ્હેં કેટલાં બધાં માગાં પાછાં ફેરવ્યાં હતાં? પણ જો એથી ત્હારું શરીર બહુ સારું રહેશે!

એટલું કહી તે સાક્ષાત્ પાપ પુરુષે–અનુરાગથી પ્રેયસીનું મુખ ચુંબન કર્યું! પાપીણી–પાપસંગિણી–પત્નિએ, પણ તેનો યોગ્ય વ્યવહાર દેખાડ્યો!!

ધનુભાઇએ કહ્યું, "કેમ હવે ખાવાની કેટલી વાર છે? બબરચી ખાવાનું મૂકી નથી ગયો?"

વિલા.—હું પૂછી જોઉં. બૉય?

હમાલ તુરત હાજર થયો. પૂછવાથી તેણે કહ્યું કે, ખાવાપીવાનું સઘળું તૈયાર છે. હુકમ હોય તો હાજર કરે!

તરત જ તેમ થયું. પાસેના નાના ઓરડામાં એક ટેબલપર

અનેક પ્રકારની ખાવાની સામગ્રીઓ પીરસાઇ ગઇ! તે વખતે પતિપત્નીની યૂગલમૂર્તિ, તે ઓરડામાં બેસી એ સામગ્રીના ધ્વંશનો ઉધોગ કરવા લાગી!

એ સઘળું સાહેબી ખાણું—યૂરોપિયન ખાણું—હતું. માંસ અને મદિરાથી પૂર્ણ હતું. ભાતભાતની વાનીઓ, નાની નાની રકાબીઓમાં પીરસેલી હતી. વિલસન હૉટેલના પાઉં રોટી બીસ્કૂટ, પણ બે ચાર પડયા હતા. પીત્ત રક્ષાને માટે થોડો ભાત, બે ચાર જાતની ચટણી, બે ચાર જાતની તરકારી અને બે ત્રણ કેક પણ પડયાં હતાં. ટૂંકામાં જે જે જોઇએ તે તે સઘળું ત્યાં હાજર હતું. અનાચારી દંપતિ ખુરશી પર બેઠાં બેઠાં, કાંટો અને ચમચો લઇને અર્ધા યૂરોપિયન ફેશનથી ખાવા લાગ્યાં.

પાપિણી પત્ની પહેલાં ગ્લાસમાં મદિરા રેડી, સ્વામીના હાથમાં આપતાં બોલી "લો, પહેલાં આ પીઓ!

ધનુ.—એમ તે કંઇ બને? લેડીનું સન્માન પહેલાં થવું જોઇએ.

વિલા.—તમારા આવતા પહેલાં મ્હેં એક વાર પીધો હતો.

ધનુ.—તેમાં શું થયું? બીજી વાર.

વિલા.—ના ના; મને નિશો થઈ જશે.

ધનુ.—તેની શી બ્હીક છે? હું સાથે છું ને?

વિલા.—ના; એનો મને બહુ મ્હાવરો નથી. તેથી હવે હું નહિ પીઉં!

ધનુ.—એમ બીહે છે કેમ? ધણીની સાથે પીવો છે; કંઈ બીજાની સાથે તો ત્હારે પીવો નથી ને?

વિલા.—ના ત્યારે હમણાં નહિ, સુતી વખતે જરા લઈશ.

લાચારીએ ગુણધંર સ્વામીએ, તે ગ્લાસમાંનો મદિરા ગળામાં રેડયો. આટલા મોટા શરીરમાં, એક નાના ગ્લાસની તુરતા તુરત કંઈ અસર નહિ થવાથી, તેણે બીજો ગ્લાસ પોતાના હાથે ભર્યો; અને તે પણ તેણે ચટ્ દઇને પી લીધો!

ત્યાર પછી બન્ને ખાવા લાગ્યાં. આ સઘળું અખાદ્ય–અસ્પૃસ્ય મુસલમાન બબરચીના હાથનું રાંધેલું—તેઓ આનંદથી ખાવા લાગ્યાં. ના; હવે નહિ, અધઃપતનનું ચરમ ચિત્ર પ્રદર્શિત થયું છે. હવે વધારે વર્ણનની જરુર નથી!

અરેરે! લજ્જા વિના, શરમ વિના, સંકોચ વિના, પતિપત્ની એક આસને બેસી, મદ્ય માંસના પાન ભોજનમાં પ્રવૃત્ત થયાં છે! પચાસ વર્ષ પહેલાં, આ ચિત્ર કોઈની કલ્પનામાં આવે તેમ ન હતું! વેસ્યાને પણ કંઇ વિવેક છે—પરંતુ ધનુભાઇ જેવા કેળવાયલા નામધારી, નાસ્તિક પાષાંડ—વેસ્યા કરતાં પણ અધિક પાપાચારિણી, અને પાપની સહાકારિણી કરવા પોતાની પત્નીને ઇચ્છે છે! વેસ્યા ઉપર એટલો બધો વિશ્વાસ ન રખાય, તેટલા માટે તે પોતાની ધર્મપત્ની જેવી, ગૃહ લક્ષ્મીને, કુલટાની કુટીલ વૃત્તિ શીખવવા ઇચ્છે છે.! આ કલ્પના નથી, અતિ રંજિત નથી, કવિનું ચિત્ર નથી, પણ એ વાસ્તવ્ય જીવંત સત્ય છે. મુંબઇ જેવા શહેરમાં આવા ચિત્ર ચરિત્રની નવાઇ નથી. જો આંખો હોય, જોવાની શક્તિ હોય, અને આલોક ને પરલોકનો ભેદ સમજી, ધર્મશીલ થવાની તમારી પ્રવૃત્તિ હોય, તો આ છબી જોઇને તમે મ્હોંડું ચઢાવશો નહિ! પીચાસના તાંડવ નૃત્યથી સંસાર કંપાયમાન થાય છે, તેનો પહેલાં પ્રાતકાર કરો. સંસારમાં કીયાં કીયાં વિષ ભેળવાયલાં છે, તે પહેલાં જુઓ; અને ત્યાર પછી તમે કહી શકશો કે, કેળવણી, સભ્યતા, અને ધર્મને નામે કેવાં કેવાં નિંદ્ય પાપો થાય છે! એ સૌનું મૂળ જોવા જશો તો અર્થ છે. અથવા અર્થનું ફળ–ઐહિક ભોગવિલાસ છે. ધર્મની શ્રદ્ધા શિથીળ થવાથી આવો સર્વનાશ થાય છે. અને તેથી જ સંસારમાં જ્યાં ત્યાં પૈસા પૈસાની બુમો સંભળાય છે!

અરે, મોહાંધ યુવક! તું એમ નહિ સમજીશ કે, હું

બચીશ. તું પોતે મરશે અને સ્ત્રીને વેસ્યા કરતાં, અધિક દુરાચારિણી બનાવી તું તેનેએ મારીશ! એનું ફળ ત્હારે ને તેને ભોગવવું પડશે. એમાં સંદેહ નહિ! ત્હેં ત્હારા હાથે વિષવૃક્ષનાં બી રોપ્યાં છે, એ વૃક્ષ જ ત્હારો ને તેનો નાશ કરશે! કર્મફળ ભોગવ્યા વિના કોઇનો છૂટકો નથી!

આહાર કરતાં કરતાં વિલાસની બોલી, "આજ તમે બહુ ભૂખ્યા જણાઓ છો; એ વાત તમે મને આગળથી કેમ જણાવી નહિ?"

ધનુ.—શું જણાવું મ્હારું કપાળ? સવારે ડોસાને ત્યાં જેવું તેવું જમ્યો હતો. નિયમ પ્રમાણે જમવા ન બેસું તો, વળી તે વ્હેમાય; અને ભૂખ પણ લાગી હતી. એટલે થોડું ઘણું ખાઇ લીધું! ઘેર તું આવી ખટપટ કરવા ધારે તો કરી શકે. પણ ઘરમાં ભટ અને ચાકર હોવાથી, વખતે વાત ઉઘાડી પડે તો મોટી પંચાત થાય. તેથી આવા બહુરૂપીના વેશે, ચોરની પેઠે, આ બંગલામાં મ્હેં ખાવાપીવાની ગોઠવણ કરી છે. નહિ તો આપણે કોઇની થોડી જ બ્હીક છે?

વિલા.—તેથી જ તમે આ બંગલો પણ, ડૉકટરને નામે રાખ્યો હશે.

ધનુ.—હા; એમ નહિ કરું તો કેમ ચાલે? મ્હારા નામપર રાખું તો ડોસો કદી જાણવા પામે.

વિલા.—ત્યારે તો ડૉકટરની સાથે, જરા વિવેકથી વર્તવું પડશે!

ધનુ.—હા; કામને લીધે એમ કરવું પડશે ખરું; પણ કામ પુરું થશે, કે એ બેટાને હું લાત મારીશ!

વિલા.—કદાચ તે વિશ્વાસઘાત કરશે ત્યારે?

ધનુ.—ના; તેમ નહિ થાય. કારણકે એને માટે મ્હેં ઓછામ ઓછા, બેચાર હજાર રુપિયા ખર્ચી નાખ્યા છે. જો તેને મ્હેં ગાડી ઘોડો અપાવ્યો છે, બંગલાનું ભાડું અને તેના નોકર ચાકરનો પગાર પણ હું આપું છું. વળી ગઇ કાલે તેને સોનાનું ઘડીયાળ અને એક

છેડો પણ અપાવ્યો છે. એ સિવાય તે મ્હારા નામથી બે પૈસા પેદા કરે છે; અને ડોસાનો ફેમેલી ડૉકટર થવાની આશા રાખે છે. હાલતો તે મ્હારી સાથે બહુ સારી રીતે વર્તે છે. પાછળથી નીમકહરામ થાય તો કોણ જાણે? પણ તે પહેલાં હું મ્હારું કામ કહાડી લઇશ. એ અરસામાં કંઈ બાકી રહેશે, અને તે આપણા હાથમાંથી છટકવાનું કરશે તો, મ્હારી ચતુર મનમોહિની તું ક્યાં દૂર છે? હસ્તાં હસ્તાં બે વાત કરી કે ફસાયો બેટો ફંદામાં!!

વિલા.—તે માટે તો હું કહું છું કે, ડૉકટરની ચિંતા કરશો નહિ, હું તેને મ્હારી મુઠ્ઠીમાં રાખીશ. પણ તમે વહેમ ખાઓ છો અને કહો છો, કે તું મ્હારી આંખમાં ધૂળ નાખે–તેથી હું પાછી હઠું છું.

ધનુ.—નારે મ્હારી વ્હાલી! ત્હારા ઉપર તે વહેમ હોય? એતો મ્હેં તને અમસ્થુ જ વાતમાં ને વાતમાં કહી દીધું; તેથી તુ એમ ધારે છે કે, હું ત્હારો અવિશ્વાસ કરું છું? મ્હારૂં જીવન મરણ તો ત્હારાં હાથમાં છે. અને હું આ પૈસો પૈસો કરીને ગાંડો બનું છું તે કોને માટે? ત્હારા જ માટે ને? તું મ્હારી સાથે દગો રમીશ, એ સ્વપ્ને પણ માનતો નથી.

અભાગી સ્વપ્ને નહિ, પણ જાગૃતમાં માને છે કે, અંતે દગો તો થશે જ; અને તેથી તેને ભય પણ ઉપજે છે; અને એટલા માટે જ તે વાતમાં ને વાતમાં પરિણીતા વનિતાનો પ્રેમ–ના; પ્રેમ નહિ–પણ દયા અને કૃપાની યાચના કરે છે!!

ખાતાં ખાતાં ધનુભાઇ બોલ્યો, "કેમ તું કંઇ ખાતી નથી?"

વિલા.—ના હું તો ખાઇ રહી. તમે ખાઓ હું જોઉં છું!

ધનુ.—હા, ઠીક. હું તો એકાદશીનું પારણું છોડું છું; એટલે મને ખાતાં વાર લાગશે!

વિલાસિની હસતાં હસતાં બોલી, " પણ આ વખતે તમારી ચોટલીનો બ્હાર કંઇ ઓરજ જણાય છે !

ધનુ.—અહંહં, શું કરે છે ? એમ કરીને તું કોઈ દહાડો આ ચોટલીને ઉખેડી નાંખીશ ! પણ ના; તને મ્હારા સમ છે. થોડા દિવસ એને રહેવા દે. પછી તું ત્હારા હાથે એને જડમૂળમાંથી ઉખેડી નાંખજે ! હાલ તો એ મ્હારી લક્ષ્મી છે ! તેથી તું એની સાથે મસ્તી કરીશ નહિ ! ધર્મ ચર્ચાની વખતે આ ચોટલી મને બહુ મદદ કરે છે ! ડોસાની પાસે એના વિના મ્હારાથી ઘડી પણ રહેવાય તેમ નથી !

વિલા.—તમે પણ ડોસાને ઠીક બનાવો છો !

ધનુ.—અરે; બનાવવાની શી વાત કરે છે. એમાં મને કેટલું બધું વેઠવું પડે છે, તે તું શું સમજે ? જેઓ સંસારમાં ધર્મને નામે કાળાં ધોળાં કર્મો કરે છે, તે જ મ્હારા દુઃખની વાત સમજી શકે તેમ છે !

આહાર પૂરો કરી બન્ને જણાં હાથ મ્હોંઢુ ધોઇ, દિવાનખાનામાં જઇને બેઠાં. ચાકર ખાવાનાં પાન અને પીવાની બીડીઓ મૂકી ગયો. ભોગવિલાસની વાતોમાં મગ્ન બની, એક સોફાપર પડી ધનુભાઈ ચીરૂટનું સેવન કરતો કરતો, સ્વર્ગનું સુખ અનુભવવા લાગ્યો ! વિલાસિની ચીરૂટની ગંધ અને ધૂમાડાથી તૃપ્ત થતી હતી ! પણ તેનો મૂળ સ્વાદ તે લેતી ન હતી ! મદ્ય માંસની પેઠે તંબાકુનો સ્વાદ લેવાનું તેના સ્વામીએ તેને શીખવ્યું ન હતું ! " શરીર ઠીક રહેશે ! " એવી જે ભલામણ મદિરા પાતી વખતે તે તેને કરતો હતો, પણ તંબાકુમાં તેવો ગુણ નહિ હશે, એમ સમજીને તેણે ચીરૂટ પીવાનું શીખવ્યું નહિ હોય ! !

આ વખતે બંગલાના દરવાજા આગળ એક ગાડી આવીને ઉભી રહી. દ્વારવાને આવીને ખબર કહી કે, " ડૉક્ટર સાહેબ આવ્યા છે."

ધનુ.—તેમને ઉપર આવવા કહો.

"જેવો હુકમ." કહી દ્વારવાન સલામ કરીને ચાલ્યો ગયો.

ધનુ.—હં; એ તો હું ભૂલી જ ગયો. આજે નાટક જોવા જવાનું છે તેથી ડૉક્ટર આવ્યો હશે.

પ્રકરણ ૭ મું.

ક્રિયા-સાધન.

ડૉક્ટર રતનલાલ માણેકલાલ મ્હેતા, ઉર્ફે આર. એમ. મ્હેતા; એલ. એમ. એસ., યુરોપિયન પોષાકમાં સજ્જ થઈ, હાથમાં સ્ટીક લઇ, ઉત્સાહભેર દાદર ચઢીને ઉપર આવ્યા. આરણામાં પ્રસન્ન વદના વિલાસિની, તેમને આવકાર આપવાને માટે ઉભી હતી. એ જોઇ ડૉક્ટર પોતાને કૃતકૃતાર્થ અને ધન્ય માની પોતે પોતાના મનમાં બોલી ઉઠયો, "વાહ ! આજનો દહાડો તો બહુ આનંદનો દેખાય છે ને! સવારે કયા સુભાગીનું મ્હોંડું જોઇને હું ઉઠયો હતો ?"

ફરી પ્રકાશપણે "ગૂડ ઈવીનીંગ મૅડમ" કહી, તેમણે તે માનવંત લેડીને સેકહેન્ડ કરી. સુહાસિની લૅડીએ પણ, ઉદાર અને પ્રસસ્ત હૃદયે હસ્તાં હસ્તાં તે જેન્ટલમેનનો કર મર્દન કરી ઉત્તર આપ્યો, "ગુડ ઈવીનીંગ સર ! ખુશીમાં તો છો ને ?"

"હાજી, આપની મહેરબાનીથી હું ખુશીમાં છું. શેઠ સાહેબ ક્યાં છે ?"

"આવો મિ. રતનલાલ, વાળું કર્યા પછી સહજ આડો પડયો છું. આજે નાટક જોવા જવાની વાત તો હું ભૂલી જ ગયો !"

"ત્યારે આજે નહિ પધારો ?"

"વળી બીજે ખેલે જઇશું. આજે મને કંઇ ઠીક નથી. એ કંપની તો દરરોજ ખેલ કરે છે ને?"

"હાજી, ચાલો બીજી વખતે જઇશું. પણ આજનો 'સબ્જેક્ટ' સારો હતો."

"આજે શાનું નાટક છે?"

"હેમલેટનું."

એટલામાં વિલાસિનીએ કંઇક વિચાર કરીને કહ્યું "ત્યારે આજે જ ચાલોને. એઓ આપણા માટે અહિં ચાલી ચલાવીને આવ્યા છે, તો આજે જ જોઇ આવિયે તો કેમ?"

ર.—પણ શેઠનું શરીર—

ધ.—ના તેવું કંઈ નથી. આજે ખાધું છે વધારે, એટલે જરા આળસ થાય છે. ત્યારે ચાલો આજે જ જઇએ, કેટલા વાગ્યા હશે?

ડૉક્ટરે બુકપૉકેટમાંથી ઘાડયાળ કહાડીને કહ્યું, "આઠ વાગ્યા છે."

ધ.—ત્યારે તો ઘણો વખત છે.

શેઠે રામાને બોલાવીને કોચમેનને ગાડી લાવવા કહ્યું. સોહાગિની વિલાસિનીએ સ્વામી તરફ જોઇને કહ્યું, "મને લઇ જશો ને?"

ધ.—તમે આવશો? ત્યારે તો મોટા આનંદની વાત! પણ નાટક અંગ્રેજી ભાષામાં થશે. મ્હારા જેવાને પણ પૂરી સમજણ પડે તેમ નથી!

વિ.—સમજણ નહિ પડે તો ચાલ્યું. સીન સીનેરી તો જોઈશું. નાટકનો ટૂંક સાર તમે મને સમજાવજો!

ધ.—ત્યારે મિ. રતનલાલ, તમારી ગાડી તૈયાર છે, તમે પહેલાં જાઓ અને એક બૉક્સ આપણા માટે રાખો. અમે તમારી પાછળ આવિયે છિયે.

ર.—વારું સાહેબ.

ડૉક્ટર ઉદાસ બનીને મનમાં બોલ્યો, "એક જ ગાડીમાં જ-વાનું સુખ સાંપડયું નહિ! ચાલો નસીબમાં હશે તો એ પણ એક દિવસ મળશે!"

"શેઠાણીને માટે સ્ત્રીવર્ગની ટિકીટ લઉં કે?" પછી પ્રકાશ-પણે ડૉક્ટરે પૂછ્યું.

ધનુભાઇએ પત્નીના સામું જોયું. પત્નીએ હસતાં હસતાં તેનો ઇસારામાં ઉત્તર આપ્યો. ધનુભાઈ સમજી ગયો. તેણે ડૉક્ટરને કહ્યું, "ના આપણે બધાં સાથે બેસીશું."

ડૉક્ટર આનંદના આવેશમાં ત્યાંથી વિદાય થઇ ગયો. ગાડીમાં જતાં જતાં તેને કંઈ કંઇ વિચાર થવા લાગ્યા. "વાહ! એક સાથે બેસવાનું મળશે; અને તે પણ આખું નાટક પૂરું થતાં સુધી! પણ વિલાસિનીના મનમાં શું હશે? બીજું શું હોય? પરપુરુષની સાથે વધારે પરિચય રાખવાથી જે ફળ મળે; તે જ ફળ મેળવવાની તેની ઇચ્છા છે! મ્હારો ઠાઠમાઠ અને ચ્હેરો કંઇ શેઠથી ઉતરે તેમ નથી!"

બોરીબંદરની સામું આવેલું, એક વિશાળ થીયેટર ભાડે રાખી, તેમાં વિલાયતની એક ખાસ ડ્રામાટિક પાર્ટી, નાટકો કરતી હતી. આજે હેમલેટનું નાટક હતું, તેથી પ્રેક્ષકોની સંખ્યા કંઇક વધારે હતી. ડૉક્ટર રતનલાલે ઘણી મહેનતે એક ઇલાયદા બૉક્સની ટિકીટ ખરીદી. એટલામાં ધનુભાઈ પણ વિલાસિનીને લઇને થોડી વારમાં આવી પહોંચ્યો. ત્રણે જણાં સાથે બેઠાં. નાટકનો આરંભ થવાને હજુ વાર હોવાથી, ધનુભાઇએ હેમલેટનો ટુંક સાર વિલાસિનીને સમજાવવા માંડયો.

"હેમલેટનો નાટક દુઃખી બનાવોથી ભરપૂર છે. પણ એમાં આવતા દેખાવો અને વિચારો એવા ઉત્તમ છે કે, તે આપણું મન હરી લે છે. શેકસપીયરનું સૌથી ઉત્તમ અને બોધદાયક નાટક એ જ છે. હેમલેટનો પિતા ડેનમાર્કનો રાજા હતો. પણ હેમલેટની મા તેના કાકા

સાથે પ્યારમાં પડવાથી, તેણે પોતાના પતિને, તેના ભાઇને હાથે જ ઝેર દેવડાવીને મારી નંખાવ્યો ! ત્યાર પછી તેણે તેની સાથે લગ્ન કરીને તેને ગાદીએ બેસાડયો. પોતાની માના આવા કૃત્યોથી, હેમલેટને ઘણું દુ:ખ ઉપજ્યું. એક દિવસ હોરેસીયો નામના તેના એક મિત્રે તેને કહ્યું કે, દરરોજ મધ્યરાત્રે ગામના પાદરે તારો પિતા ભૂત રૂપે દેખાય છે. એથી હેમલેટ પોતાના મિત્રની સાથે, મધ્યરાત્રે ગામના પાદરે ગયો. અને ત્યાં તેણે પોતાના પિતાને ભૂતના આકારમાં જોયો. જોતાંની સાથે તે બહુ ગભરાઇ ગયો. પણ જ્યારે તેના પિતાએ તેને ઈસારતથી બોલાવ્યો, અને તે હિંમત રાખીને ગયો, અને જ્યાં તેણે પોતાની વીતક વાર્તા શરુ કરી, કે હેમલેટ શાન્ત પડી ગયો. અંતે તેના પિતાએ તેની પાસે પોતાનું વેર લેવા પ્રતિજ્ઞા લેવડાવી તે અલોપ થઇ ગયો. હવે હેમલેટે ગાંડા માણુસના જેવા ઢોંગ કરવા માંડયા. પોતાના પિતાના પોલોનીયસ નામના, એક વૃદ્ધ વજીરની ઓફીલીયા નામની પુત્રી સાથે, એને પ્રેમ-સંબંધ હતો. તે પણ તોડી નાંખવાને માટે તેણે જુઠું ડોળ ઘાલ્યું; અને પોતાના કાકાને તથા માને થોડા વખતમાં એમ સમજાવી દીધું કે, તે તદ્દન મૂર્ખ અને અણુસમજુ છે. એક દિવસ કેટલાક નાટકીઓ, દરબારમાં આવી હેમલેટને મળ્યા. હેમલેટે પોતાના પિતાપર ગુજરેલા ઘાતકીપણાને અનુસરતુ એક નાટક ભજવવા તેમને કહ્યું. થોડા દિવસ પછી નાટક તેમણે તૈયાર કીધું અને એક દિવસ તે તેમણે ભજવ્યું. રાજા રાણી પણ નાટક જોવા માટે આવ્યાં. નાટકના આરંભમાં એક રાજા પોતાના બાગમાં સૂતો છે, એટલામાં તેનો ભાઇ આવીને, તેના કાનમાં ઝેરનાં ટીપાં રેડી તેને મારી નાખે છે. આ દેખાવ જોતાંની સાથે રાજા રાણી ગભરાઇ ગયાં. અને નાટક જોયા વિના ઉઠી ગયાં. એથી હેમલેટને પૂરેપૂરી ખાત્રી થઇ. હવે તે પિતાનું વેર લેવાને માટે દ્રઢ પ્રયત્નવાન બન્યો.

થોડા દિવસ રહીને રાણીએ પોતાના પુત્રને શીખામણ દેવાને માટે મહેલમાં બોલાવ્યો. પણ રાજા ઘણો વહેમી હોવાથી, રાણી પોતાના પુત્રની સાથે શી વાતચીત કરે છે, તે છુપી રીતે સાંભળવા તેણે પેલા વૃદ્ધ વજીર પોલોનીયસને કહ્યું. રાણીની શીખામણ તો તેની પાસે જ રહી, પણ હેમલેટે ઉલટી તેને સપડાવી. અને પોતાના પિતા પર ગુજારેલા ઘાતકીપણા બદ્દલ કઠોર વચનો કહી, તેને પોતાના પાપનો પશ્ચાતાપ કરવા કહ્યું. એટલામાં હેમલેટનો પિતા ભૂતના આકારમાં ત્યાં આવ્યો. અને વેર લેવાને માટે તેને ફરી યાદ દેવડાવી ત્યાંથી અલોપ થઇ ગયો. હેમલેટ પોતાની માનો હાથ પકડી પિતાની દુઃખદાયક સ્થિતિ દેખાડવા જતાં, તે ધાસ્તીની મારી બૂમ પાડી ઉઠી. એથી પાછલા ઓરડામાં સંતાઈ રહેલા, વૃદ્ધ પોલોનીયસે પણ રાણી પર કંઈ આફત આવેલી જોઇ મદદની બૂમો પાડી. હેમલેટ સમજ્યો કે, એ રાજા છે તેથી આવો સારો લાગ ફરી ફરી નહિ આવે, એમ મનમાં સમજી તે દોડયો; અને પેલા વૃદ્ધ વજીરને તરવાર વડે મારી નાંખ્યો ! પણ જ્યારે તેણે પોતાની ભૂલ જોઇ, ત્યારે તેને બહુ પ્રશ્ચાતાપ થયો.

રાજાને આ બ્હાનું મળ્યું. તેણે હેમલેટને પહોંચતાની સાથે મારી નાંખવાનો એક કાગળ, ઈંગ્લંડના રાજા ઉપર લખી આપી બે માણસો સાથે તેને વહાણપર ચઢાવી દીધો. સદ્‌ભાગ્યે આ કાગળ હેમલેટના હાથમાં આવ્યો. તેણે તેમાંથી પોતાનું નામ છેકી કહાડી, પોતાના પેલા બે સોબતીઓનાં નામ માંહે લખ્યાં. જે વહાણમાં બેસીને તેઓ જતા હતા, તે વહાણ ચાંચીયાઓના હાથમાં આવ્યું. ચાંચીયાઓએ હેમલેટને કેદ કરી, તેના સોબતીઓને જતા કર્યા. પેલા બન્ને જણા ઈંગ્લંડ પહોંચી પોતાના રાજાનો કાગળ ત્યાં આપ્યો. એટલે રાજાએ કાગળમાં લખ્યા પ્રમાણે, બન્ને જણાને નાહક ગરદન મરાવ્યા. ચાંચીયાઓએ જ્યારે જાણ્યું, કે કેદ કરેલો માણસ ડેનમાર્કનો શાહજાદો

છે, ત્યારે તેમણે એકદમ છોડી દીધો. આ બનાવના વિગતવાર હેવાલ સાથે હેમલેટે પોતાના કાકાને કાગળ લખ્યો. અને તેમાં તે બીજે દિવસે શહેરમાં આવી પહોંચશે એવું જણાવ્યું. પણ જે દહાડે એ શહેરમાં આવી પહોંચ્યો તેજ દહાડે એની પ્રિયા ઓફીલીયા, પિતાના મરણના શોકથી મરણ પામી હતી. તેને દાટવાને માટે ઘોર ખોદવામાં આવી હતી. અને રાજા રાણી પણ રસાલા સાથે તેના માન માટે ત્યાં આવીને બીરાજ્યાં હતાં. જ્યારે ઘટતી ક્રિયા સાથે તેને દાટવામાં આવી ત્યારે તેનો ભાઇ, બ્હેનના વિયોગથી તેની ઘોરમાં દટાવાને માટે રડતો રડતો કૂદી પડયો. હેમલેટ જે ઓફીલીયાને ઘણો વ્હાલો હતો, તેણે જ્યારે આવો બનાવ જોયો, ત્યારે તે પણ પોતાનો પ્યાર જાહેર કરવા ઘોરમાં કૂદ્યો. ઓફીલીયાનો ભાઇ પોતાના પિતાનું વેર લેવાને માટે ઉશ્કેરાયો, અને તેણે હેમલેટના ઉપર હુમલો કર્યો. હેમલેટ શૂરવીર હતો, તેથી તેણે પોતાના શત્રુને ફાવવા દીધો નહિ. તેઓ ઘોરની અંદર મારામારી કરવા લાગ્યા. પણ લોકોએ તેમને ઘોરમાંથી ખેંચી કહાડી છૂટા પાડયા. આ બનાવ જોઈ હેમલેટનો જડમૂળમાંથી કાંટો કહાડી નાંખવાને માટે, રાજાએ એક નવું તર્કટ ઉભું કીધું!

રાજાએ ઓફીલીયાના ભાઇને શીખવીને, પોતાના પિતાનું વેર લેવાને માટે ઉભો કર્યો. તથા હેમલેટ ન જાણે તેવી રીતે એક ઝેરી ભાલો આપી વખત મળ્યે, હેમલેટની છાતીમાં ભોંકી દેવા તેને સમજાવ્યો. કદાચ આ બાજી નિષ્ફળ જાય, તો ફરી એ હાથમાં આવવાનો નથી; એમ ધારી તેણે બીજી બાજી પણ રચી મૂકી. જો હેમલેટ ઓફીલીયાના ભાઈ સાથેની હાથોહાથની લડાઇમાં, જીતીને પાછો આવે તો, સરબતને બદલે ઝેરનો પ્યાલો આપીને પણ એને મારી નાંખવો. પણ જ્યારે લડાઈમાં હેમલેટને પેલા ઝેરી ભાલાથી કારી જખમ થયો, ત્યારે તેણે ક્રોધથી ઓફીલીયાના ભાઈના હાથમાંથી તે ભાલો છીનવી

લઇને તેની છાતીમાં માર્યો. આ વખતે રાણીને તરસ લાગી, તેથી પેલું ઝેરનું પ્યાલું સરબત જાણીને પી ગઇ અને તરત જ તે મરણ પામી. આણી તરફ ઓફીલીયાના ભાઇએ મરતી વખતે રાજાના કાળાં કૃત્યોથી હેમલેટને વાકેફ કર્યો. હેમલેટે જોયું કે ઝેરી જખમથી હું બચવાનો નથી, ત્યારે તેણે પેલો ભાલો હાથમાં લઇ રાજાની છાતીમાં ભોંકી દીધો, અને પ્રતિજ્ઞા પ્રમાણે પોતાના પિતાનું વેર લઇને અંતે મરણ પામ્યો. આવી રીતે એક રાજ ખટપટથી છ માણસો માર્યા જાય છે અને અહિયાં નાટક પૂરું થાય છે.”

નાટકનો આરંભ થયો. મંત્ર મુગ્ધની પેઠે સ્થિર અને નિસ્તબ્ધ બની, પ્રેક્ષક વર્ગ અભિનય જોવા લાગ્યો. અભિનય જોતાં જોતાં ધનુભાઇના મનમાં એક ભીષણ સંકલ્પ જાગ્યો. અથવા સંકલ્પ તો પહેલાંથી જાગ્યો હતો, પણ હવે તેની ક્રિયા સિદ્ધિને માટે સ્થાન અને કાળનો તેને સુયોગ મળ્યો!

પહેલો અંક પૂરો થઇને જ્યારે ડ્રોપ પડયો, ત્યારે ધનુભાઇએ ડૉકટરને પૂછ્યું, “વારું રતનલાલ, તમારા વૈદકશાસ્ત્રમાં કેટલાં પ્રકારનાં ઝેર છે; અને તેની ક્રિયા કઇ કઇ રીતે થાય છે; તે તમે કહી શકશો?”

ડૉકટર ચમકયો. એકદમ આવો પ્રશ્ન શાથી? કલેડિયસ અને ગારટ્રૂડેનો ગુપ્ત પ્રેમ શું એનું કારણ હશે? ત્યારે શું વિલાસિની ઉપરની મ્હારી ગુપ્ત આસક્તિ, એના જાણવામાં આવી હશે? તેથી જ શું એણે આવો પ્રશ્ન કર્યો હશે?

ડૉકટરનું મ્હોંડુ સુકાઇ ગયું. ધનુભાઇ તથા વિલાસિનીએ તે જોયું. તેથી હસતાં હસતાં ધનુભાઇ બોલ્યો, “એ તો હું તમને સહજ પૂછું છું. કારણ કે ઘણા માણસો પોતાનો નીચ સ્વાર્થ સાધવાને માટે, યુક્તિથી સામા માણસને ઝેર ખવડાવે છે; પણ ઉંઘતા માણસના કાનમાં ઝેર રેડી મારી નાખવાની વાત હું જાણતો ન હતો.”

હવે ડૉકટરની ધડકતી છાતી કંઈક નરમ પડી. " હાજી. એકદમ કામ કહાડી નાંખવાને માટે, આવાં અને એથી પણ વધારે તીવ્ર ઝેરનો શરીરના કોઇ પણ ભાગમાં પ્રયોગ કરી શકાય છે. "

ધ.—વસ્તુ સ્થિતિ જોતાં, આ ઠેકાણે એનું પ્રયોજન હતું. કારણ કે મરનાર રાજાની ગાદી ઉપર અને તેની રાણી ઉપર, કલોડિયસની નજર હતી. વળી કામ માણસને આંધળો બનાવી મૂકે છે, તેથી તેને હિતાહિતજ્ઞાન રહેતું નથી.

વિલાસિનીએ જોયું કે, પોતાના પતિ અને ડૉકટર વચ્ચે ઝેર સંબંધી વાતચીત થાય છે. જો કે એમાંનું તે કંઇ સમજવા પામી હતી, તોપણ તેણે એમાં ધ્યાન આપ્યું નહિ. કેવળ નાટક સંબંધી વાત કરતાં તે બોલી, " રાણી ગારટેડનો ઝેર દેવામાં હાથ હતો, અને તેથી જ આમ બનવા પામ્યું. પણ હેમલેટ કેવો હીણભાગ્ય ?

ડૉ.—હીણભાગ્યની વાત શું કરો છો ? નાટક પૂરું થતાં સુધી જુઓ, તે કેવાં દુઃખ અને શોકથી ઘેરાઇ પડે છે !

વિ.—એ સૌ અત્યારથી જ જણાવા માંડયું છે ને.

ધનુભાઇ ડૉકટરને કહેવા લાગ્યો, " જેવી રીતે ઉગ્ર ઝેરની ક્રિયા ઉગ્ર રીતે થાય છે, તેવી રીતે મૃદુ ઝેરની ક્રિયા મૃદુ રીતે થતી હશે ?

ડૉ.—હાજી. અંગ્રેજીમાં એ મૃદુ ઝેરને Slow poison કહે છે. એક રીતે એ Slow poison બહુ જ ભયંકર છે.

ધ.—તે કેવી રીતે ?

ડૉ.—Slow poison ની ગતિ સહજમાં કોઇ પારખી શકતું નથી. મોટા મોટા હોશીયાર ડૉકટરો પણ વખતે ગોથાં ખાઇ જાય છે !

ધ.—એમ કે ?

ડૉ.—હાજી. દરરોજ અર્ધો ગ્રેન આર્સેનિક, જો કોઇને ખવડાવવામાં આવે અને ખાનાર તે જાણે નહિ તો, પાંચ છ માહનામાં

જરુર તે મરણ પામે છે. જાણે સ્વાભાવિક રીતે તેનું મરણ નીપજ્યું હોય, એમ લોકોને દેખાય છે. ઝેરનું નામનીસાન પણ કોઇના જાણવામાં આવતું નથી.

ધ.—ત્યારે એ તો બહુજ ભયંકર જણાય છે!

ડૉ.—હાજી. પણ કોબ્રા, હાઇડ્રોસિયાનિક એસીડ, અને સાઇનેટ ઑફ પોટાશ ઝટપટ કામ કરે છે. જ્યારે કોઇ અસાધ્ય રોગને લીધે રોગી અવસન્ન બની જાય છે, ત્યારે તેની સ્થિતિ જોઇને, ઉપલા ઝેરની વ્યવસ્થા કરવામાં આવે છે. કોઈ કોઈ વખતે એવા રોગીને આલકોહોલ્ જેવો જલદ દારૂ પણ આપવામાં આવે છે.

ધ.—હા તેથી રોગી સતેજ થાય છે.

ડૉ.—પણ slow poison અને મૃદુ ઝેરની વ્યવસ્થા જુદી જુદી છે. એક ડૉક્ટર જાણી જોઇને, જો તે કોઈ રોગીને ખવડાવે છે, તો તેની અસર જુદી થાય છે. પણ કોઇ દુષ્ટ બુદ્ધિથી છુપી રીતે એ કોઇને ખવડાવવામાં આવે, તો તેનું પરિણામ બહુ જ ભયંકર નીવડે છે. રોગી એક રીતે દવા વિના માર્યો જાય છે. કારણ કે ડૉક્ટરથી તે પરખાતું નથી; અને એને માટે રોગી પણ કંઈ કહી શકતો નથી. ક્ષય રોગીની પેઠે એ ઝેરથી માણસ ગળાઇ ગળાઇને અંતે મરી જાય છે!

આટલું કહી તે ડૉક્ટરરૂપી જીવે-એક વાર વચમાં બેઠેલી વિલાસિની તરફ પ્રેમથી જોયું. વિલાસિનીએ પણ ચકિત ચંચળ હરિણ નયને એક મધુર કટાક્ષ કરી તેના શરીરને સ્પર્શ કર્યો!

ડૉક્ટરનું શરીર કંપી ઉઠયું. તે કલ્પનાના રથમાં ચઢી પળ વારમાં ક્યાંનો ક્યાં નીકળી ગયો. કારણ કે તે અને વિલાસિની રૂપ-રંગમાં અને વયમાં એક સરખાં હતાં. ધનુભાઈ તેમના કરતાં પાંચ છ વર્ષે મોટા હતો-ત્રીશ બત્રીશ વર્ષનો હશે.

આ વખતે કંનસાર્ટ વાગતું અટક્યું. ડ્રૉપ ઉઠયો અને નવા અંકની શરુઆત થઈ. એટલે તેઓ આ સજીવ અભિનય પૂરો કરી અથવા મનમાં દાબી રાખી, નાટક જોવા લાગ્યાં.

વિલાસિની અને ધનુભાઈ નાટક જોતાં હતાં, પણ તેમના મન જુદા જુદા ઉદ્દેશ સાધનને માટે રમતાં હતાં.

ઉદ્દેશ સાધનમાં નહિ—પણ ઉદ્દેશ સાધનની કલ્પનામાં તેઓ માત્ર રમતા હતા. સમય મળતાં એ કલ્પના કાર્યમાં પરિણીત થશે.

આવી રીતે એકાગ્રચિત્તે, તેઓ અભિનય પાત્રોને જોતાં હતાં અને ઘટના સંબંધની સાથે પોતપોતાની સરખામણી કરતાં હતાં. "આમ કરવાથી આમ થાય!" અથવા "આવી રીતે કર્યું હોત તો આમ થાત!" એવું તેઓ પોતાના મનમાં ધારતાં ન હોતાં એવું ન હતું. વિલાસિની કદી મનમાં ને મનમાં ઓફીલીયા બનતી અને કદી ગારટેડનું રૂપ ધારણ કરતી. અને કદી વૃદ્ધ પોલોનીયસની નીતિનું અવલંબન કરતી હતી. આવી રીતે ડૉકટર પણ કદી પોલો-નીયસની નીતિ, તો કદી કલોડિયસની પ્રકૃતિ ધારણ કરતો હતો. અને ધનુભાઇ—તે તો ડૉકટરના મ્હોંડામાંથી, નીકળેલો વિષ પ્રયોગનો ઇષ્ટ મંત્ર જપતો હતો! તે ઘડીકમાં હેમલેટ બનતો, તો ઘડીકમાં પ્રતિ-હિંસા પરાયણ લેયોર્ટીસ થતો. વળી ઘડીમાં કલોડિયસ અને ગારટેડનું સંમિલન ચિત્ર મનમાં આંકી અને તેનું સંપૂર્ણ પરિણામ પોતાના હા-થમાં રાખી, "કોઇ જાણશે નાહ, કોઇ સમજશે નહિ, અથવા કોઇ પકડી શકશે નહિ," એમ ધારી તે મનમાં આનંદ પામતો હતો; અને દૃઢ થતો હતો. અંકો પછી અંકો પૂરા થવા લાગ્યા અને પ્રેક્ષક વર્ગ મનની છબી મનમાં આંકવા લાગ્યા. પાંચમા અંકમાં જ્યારે ગુપ્ત વિષનો પ્રયોગ થયો, અને પાપી કલોડિયસે પાણીમાં ઝેર મેળવ્યું, અને યુક્તિથી અસ્ત્ર પર ઝેર ચડાવ્યું, ત્યારે તે પૈસાના લોભી અને અત્યંત

નિષ્ઠુર પ્રકૃતિના બળે,—અવિશ્વાસી નાસ્તિક ધનુભાઇએ—વિષની સહાયતાથી પોતાનો માર્ગ મોકળો કરવાને માટે નિશ્ચય કર્યો! તેની સહાયતામાં તેનો ડૉકટર હતો. પણ તેની મૂળ સહાયક પાપાચારિણી, પાપપથની સહચારિણી, તેની ભોગ વિલાસમાં નિમગ્ન થયેલી, વેસ્યા કરતાં પણ અધિક કૂટિલ વૃત્તિમાં પ્રવિણ થયેલી વિલાસિની હતી! પરંતુ ઉપર ભગવાન્ છે. અને નીચે તેનો જ્વલંત વિભૂતિ ધર્મ છે. એ ધર્મના સહસ્ત્ર ચક્ષુ છે. તેનાથી આ પાપી શું પોતાનું પાપ છાનું રાખી શકશે? કદી નહિ. હતભાગી પોતાના અસ્ત્રથી પોતે હણાશે. વિધીનું વિધાન જ એવું છે!

પ્રબળગતિથી મનની ક્રિયા ચાલવા લાગી. જ્યાં સુધી પ્રતિ ક્રિયા નહિ થાય, ત્યાં સુધી એનો વેગ નરમ પડવાનો નથી! વેગગતિ નંદીના જેવી એની ગતિ હતી. તે પોતાના ધારેલા સ્થળે પહોંચ્યા વિના અટકવાની નથી!

નાટક પૂરું થયું. સાધારણ પ્રેક્ષક વર્ગ, વિષાદ પૂર્ણ હૃદયે ઘેર પાછો ફર્યો, કેવળ ધનુભાઇ, ડૉકટર અને વિલાસિની પોતપોતાના મનમાં જુદા જુદા ભાવો અંકિત કરી, તેની ક્રિયા સાધનને માટે સ્થાન, કાળ અને સુયોગની વાટ જોવા લાગ્યાં!

ડૉકટર પોતાની ગાડીમાં બેસીને ઘેર જવા તૈયાર થયો. ધનુભાઇ અને વિલાસિનીની તેવી ઇચ્છા ન હતી. તેમની ઇચ્છા એવી હતી કે, એ આપણી સાથે ગાડીમાં આવે અને આજની રાત વાલકેશ્વરના બંગલામાં ગાળે. પણ આ ઠરાવ ડૉકટરને વસમો લાગ્યો. એક જ ગાડીમાં પોતાની મનમોહિનીની પાસે બેસવાનું મળશે, અને એ ઘડી આનંદમાં જશે, એ વિચારે તેને પીગળાવી દીધો. પણ પાછો પિતાનો ઠપકો અને સ્ત્રીનો અનુયોગ સાંભરતાં તે પાછો હઠયો. “ના, જવા દો. ઘેર કહીને આવ્યો નથી. સૌ ફીકર કરશે!” એમ મનમાં બોલી તે થોડીવાર વિલાસિનીની સામું જોઇ રહ્યો.

વિલાસિની હસ્તાં હસ્તાં બોલી, "કેમ ડૉકટર સાહેબ! અમને મૂકીને એકલા ચાલ્યા જશો કે?"

એ સાંભળી ડૉકટર શરમાઇ ગયો. "આપની ઇચ્છા હોય તો, ગાડી પાછી મોકલી દઉં."

ધનુભાઈ કંઇ વિચાર કરીને બોલ્યો, "ના, કંઇ જરુર નથી. પણ કાલે મને જરુર બંગલે મળજો. રાતનું વાળું અને તમારું સુવાનું પણ ત્યાં જ થશે; કેમ સમજ્યા કે?"

ડા.—હાજી.

વિ.—ભૂલશો નહિ. તમે તો ડૉકટર લોક છો, દર્દી તપાસવામાં વખતે ભૂલા પણ જાઓ. Now good bye!

વિદાય વખતની 'સેકહેન્ડ' ક્રિયા વિલાસિનીએ ઘણી નીપૂણતાથી કરી. એ જોઇ ધનુભાઇ મનમાં હસ્યો અને મનમાં બોલ્યો:

"ડૉકટર ફસાઇ પડવાનો! હરામખોરને હવે બીજું કંઇ સૂઝવાનું નથી. પતંગીયાની પેઠે અંતે એ ઝંપલાઈ પડશે. એ પણ કંઇ જેવો તેવો નિશો નથી! પણ છેલ્લે સંભાળવાનું છે મ્હારે; પણ નહિ, વિલાસિની એવી નથી. તે કદી પણ મ્હારી સાથે દગો નહિ રમે. ગમે તેવી પણ તે મ્હારી સ્ત્રી છે!"

ડૉકટરે ધ્રુજતા શરીરે અને નીચી નજરે, વિલાસિની સાથે 'સેકહેન્ડ' કર્યા પછી, પોતાના અન્નદાતા શેઠને સલામ કરી, પોતાની ગાડીમાં બેઠો. રસ્તે જતાં જતાં તેના મનમાં વિચાર થયો, "એક ગરીબ, ગાદી પતિ થવાની આશા કરે છે!"

બીજી પળે તેના વિચારે પાસું ફેરવ્યું;

"કેમ ન કરે? એ શું અસંભવિત છે? હૃદય ધીરજ ધર! ભાગ્યમાં હશે, તો એ પણ એક દિવસ તને મળશે!"

પ્રકરણ ૮ મું.

ડૉકટર રતનલાલ !

ડૉકટરનું ભાગ્યચક્ર, માયા અને મોહમાં અટવાતું આગળ દોડતું જાય છે. ખાબોચીયામાં પડી રહેલાં માછલાં જેવો તેનો પ્રાણ છે. સ્થિતિ પણ તેવી જ સંકટમય છે. કયી વખતે જાળમાં સપડાશે અને પ્રાણ ગુમાવશે તેની સ્થિરતા નથી!

રતનલાલ નિર્ધન માબાપનો સંતાન હતો. આજીવિકા વિના બાપ દુઃખે દહાડા કહાડતો હતો, અને પરિવારનું જેમ તેમ પોષણ કરતો હતો. આવી સ્થિતિમાં તેણે કોઈ પણ રીતે પુત્રને ભણાવ્યો; અને ડૉકટરની પરીક્ષામાં પાસ કરાવ્યો. જાતના વાણિયા હતા, સ્ત્રી પણ મધ્યમ સ્થિતિના ગ્રહસ્થની કન્યા હતી. તોપણ રતનલાલ કરતાં તેના પિયેરની સ્થિતિ સારી હતી. તેથી એલ. એમ. એસ. માં પસાર થઈ, લગ્ન વખતે પહેરામણીમાં તેણે જે દાવ માર્યો હતો, તેથી તેણે પિતાનું થોડું ઘણું દેવું અને ગીરો મૂકેલા ઘરનું અર્ધું ઋણ ફેડયું હતું. પણ હજું તેમાંનું અર્ધું ઋણ, સાપની પેઠે તેના માથાપર લટકતું હતું. એ ઋણમાંથી મુક્ત થવા અને પોતાની આર્થિક સ્થિતિ સુધારવા, તે પોતાના કુટુંબને લઇને મુંબઇ આવ્યો. કાલબાદેવીના રસ્તાપર દવાખાનું ઊઘાડયું. પણ નવા સવા ધંધામાં તેને નિર્વાહ પુરતુ પણ મળતુ ન હતું.

રતનલાલ પૈસાને માટે બહુ પ્રયત્ન કરતો હતો. દુનિયામાં એવું એક પણ કામ નહિ હોય, જે તેણે પૈસાને માટે કદી જતુ કર્યું હોય. શ્રીમંતોના પુત્રોની મુસાહેબીથી માંડીને, ઠેઠ વર્તમાનપત્રોવાળાની ખુસામત સુધી તે પહોંચી જતો. તે વખતે તેને પોતાની યોગ્યતાનું,

નીતિવિચારનું, અથવા ધર્મકર્મનું ભાન રહેતુ ન હતું. મોટા માણુસોની માલ વિનાની મુસાહેબી કરવી; તે પણ શાને માટે ? એક કુતરાની પેઠે, તેમના પ્રિય પાર્ષદની પેઠે, કેવળ બે ઘોડાની ગાડીમાં ફરવાને માટે ! કદી વાતમાં ને વાતમાં સહજ અવિવેક થયાથી, કાન આંમળીને પગે પડવું પડે અને કદી ચાબુક સુદ્ધાં ખાવી પડે ! એ બધું શાને માટે ? રાત્રે શેઠની સાથે ટેબલ પર બેસીને કાંટા ચમચા સાથે એક ડીસ ખાવાની મળે તેને માટે ! આખો દિવસ ગરુડપક્ષીની પેઠે બે હાથ જોડીને ઉભા રહીને, તેમની આજ્ઞા માથે ચઢાવીને, તેમની હાએ હા અને નાએ ના કહીને, શેઠ ખુશી થાય તો કદી ઘડીયાળનો છેડો, કદી ઉતરેલાં કોટ પાટલુન, અને કદી બટનનો સટ, કે એવી બીજી જૂની પુરાણી વસ્તુ આપે ! શેઠના પરિવારમાં તો, આ ચતુર ડૅાકટરનો પ્રવેશ થતો ન હતો. પણ નોકર ચાકર માંદા પડતા ત્યારે, ડૅાકટરને સૌ સંભારતા. તેની આવી કામગીરી બદલ બેસતા વર્ષને દિવસે, દાન ખેરાતની ટીપમાં ડૅાકટરનું નામ નોંધાતું; તેમાં તેને પાંચ પચાસ રુપિયા રોકડા અને હલકી પાતળી સાલનો સરપાવ મળતો !

વર્તમાનપત્રોવાળા તો પોતાના દુઃખે દુબળા હોય, ત્યાં ડૅાકટરને ક્યાં ઓઢે ને ક્યાં પાથરે ? તેની બહુ ખુશામતથી, કાલાવાલાથી, અને હંમેશની પગની પીંજણથી, અધિપતિ સાહેબ, “ હશે ગરીબ છે ! ” એવો ઉદાર વિચાર કરીને; કોઇ વખતે પોતાના પત્રમાં તેની સીફારસનો એકાદ અર્ધો પેરો લખે, અથવા તે જાતે લખી લાવ્યો હોય, તોપણ “ મળેલું ” કરીને છાપી મારે, અને ડૅાકટર સાહેબ પોતાના હાથે પોતાના જશના ડંકા વગાડી મૂકે ! ઘણા દિવસની આવી મહેનત પછી, એક ચતુર અધિપતિએ તેનું કામ કહાડયું. કંઇક આશાથી, અને તેની કંઇક આજીજીથી, તે અધિપતિએ તેને માટે એક નવો મુદ્દો શોધી કહાડયો; અને પોતાના પત્રમાં તેણે નીચે પ્રમાણે એક બીના પ્રકટ કરી.

"મુંબઇમાં હમણા હમણા, સોનેરી ટોળીનાં પરાક્રમ બહુ વધી પડયાં છે. અને તેથી જાહેર પ્રજાને બહુ ચેતીને રહેવાની જરુર છે. કાલબાદેવી આગળ હાલ થોડો વખત થયાં, મિ. રતનલાલ માણેકલાલ મ્હેતા, એલ. એમ. એસ; ડૅાકટર તરીકે પોતાનો ધંધો ચલાવે છે. મિ. રતનલાલ એક બાહોશ ડૅાકટર છે. અને તેમને હાથે એટલો બધો જશ છે કે, તેમની ઘરાકીમાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે, અને તેથી જાહેર પ્રજા એવા એક લાયક માણુસની કદર કરતી જોઇ અમને બહુ આનંદ થાય છે. મિ. રતનલાલ હજુ જો કે ઉધરતા જુવાન છે. પણ મોટા મોટા ડૅાકટરો કરતાં, એમનામાં રોગ પારખવાની શક્તિ બહુ અજાયેબ જેવી છે. અને તેમની દવા આપવાની રીત પણ દર્દીને પુરતો સંતોષ આપે તેવી છે. તેમનો દેખાવ જેમ મધુર છે, તેમ તેમનો સ્વભાવ પણ તેવો જ મધુર છે. ટુંક વખતમાં મુંબઈ જેવા વિશાળ શહેરમાં, જ્યાં ડૅાકટરોનાં ગલીએ ગલીએ દવાખાનાં છે, ત્યાં કંઇ નહિ, અને એમને ત્યાં જાહેર પ્રજાનું એટલું બધું વલણ; એ તેમની પુરતી લાયકાત અને બાહોશપણાને આભારી છે. વધારામાં તેઓ ગરીબ ગરબાંના માબાપ જેવા છે. જે ઠેકાણે કોઇ દુ:ખો નિરાધાર પીડાતું હોય, તે ઠેકાણે મિ. રતનલાલ ઉભાજ હોય ! તેથી જ ગઇ પરમ દિવસ રાત્રે, મરચાં ગલીનું નામ દઇ એક બદમાસ તેમની પાસે આવ્યો. અને ઘણા કાલાવાલા કરીને, એક વિઝીટના સોળ રુપિયા આપવા જણાવી તે તેમને તેડી ગયો. કૅાલેરાનો કેશ હતો. મિ. રતનલાલે જણાવ્યું કે, "પૈસાની મને જરુર નથી. પહેલાં તે રોગીને હું આરામ કરીશ અને પછી ત્હારી પાસેથી વીઝીટ ફી લેવી હશે તો લઇશ. રોગી સારો થાય એજ મ્હારો બદલો અને એને જ હું વીઝીટ ફી ગણું છું. કારણ કે હું ગરીબ માણુસની પાસેથી કંઈ પણ લેતો નથી." પણ લખતાં અત્યંત દિલગીરી ઉપજે છે કે, માણુસ કેવા દગાખોર હોય

છે. જે માણુસ કૉલેરાનું નામ લઇને મિ. રતનલાલની પાસે આવ્યો હતો, તે બદમાશ એક અંધારી સાંકડી ગલીમાં, મિ. રતનલાલને લઈ ગયો. અને એકદમ તેમના પર હુમલો કરી, તેમની આસરે પાંચસો રુપિયાની સોનાની ઘડીઆળ, છેડો અને વીંટી લઇને ન્હાસી ગયો! તેઓ રસ્તામાં પડયા પડયા, "પોલિસ–પોલિસ"ની બૂમો પાડતા પાડતામાં તે ક્યાંનો ક્યાં ન્હાશી ગયો! તેમની ગાડી ગલીને નાકે ઉભી હતી. કોચમેન તેમનો સ્વર પારખીને દોડી આવ્યો; અને તેમને બેભાન અવસ્થામાં ગાડીમાં ઘાલીને ઘેર લાવ્યો! ગમે તેમ હોય, પણ મુંબઈ જેવા શહેરમાં આવા બનાવો બને, તે ખરેખર આપણને વિસ્મય પમાડે છે; અને જાનમાલના રક્ષણ માટે ચિંતા ઉપજાવે છે. આ ઉપરથી જાહેર પ્રજાને બહુ સંભાળથી રહેવાનું છે. અને મિ. રતનલાલ જેવા પહેલી પંક્તિના ડૉકટરોએ, પણ બહુ સંભાળથી અજાણ્યા માણુસો સાથે રાત્રે દર્દી તપાસવા જવાનું છે. અમને આશા છે કે, અમારા બાહોશ પોલિસ કમીશનર સાહેબ, આવા બદમાસોથી જાહેર પ્રજાના જાનમાલનું રક્ષણ કરશે. છેવટે અમે મિ. રતનલાલના ભલા અને ઉદાર ખવાસને માટે તેમને મુબારકબાદી આપીએ છિયે, અને તેમનું લાંબું આયુષ્ય ઇચ્છીએ છિયે."

પરંતુ હાયરે વિધીના લેખ! ત્હારો એક શબ્દ પણ કોઇ મિથ્યા કરી શકે એમ નથી. મોટા માણુસની મુસાહેબીથી, અને અધિપતિઓની ખુશામતથી, પણ રતનલાલનું દારિદ્રય દૂર થયું નહિ. પણ ઉલટું ભાગ્યદોષથી તે પોતાના મિત્રમંડળમાં હીણાવા લાગ્યો. છેવટના કહેવાતા હુમલાથી તેના મિત્રો તેની ઘડી ઘડી મશ્કરીઓ કરવા લાગ્યા! દૂર્ભાગી રતનલાલ, શરમથી મરવા જેવો બની ગયો. એને માટે તેને પોતાના મનમાં મોટો પસ્તાવો થયો. પણ હવે તેનો કંઈ ઉપાય ન હતો.

પરંતુ કોઇ વખતે એવું બને છે કે, એક વસ્તુ આપવાથી, તેને

બદલે બીજી વસ્તુ મળી જાય છે. એક મોટી વસ્તુ ખોવાઈ જાય છે, તો તેને બદલે એક ન્હાની વસ્તુ મળી આવે છે. રતનલાલને માટે પણ એવું જ બન્યું !

કર્મસંયોગે એક દિવસે ધનુભાઇએ, ઉપલી ખબર એક વર્ત્તમાન પત્રમાં વાંચી. તે તરત સમજી ગયો કે, "સહાય સંપત્તિ વિનાનો આ નવો ડૉક્ટર, જરુર પેટને માટે ફાંફાં મારે છે ! નહિ તો મુંબઈ જેવા શહેરમાં, આટલા બધા નામાંકિત ડૉક્ટરો પડ્યા છતાં, વર્ત્તમાનપત્રમાં આવા અજાણ્યા ડૉક્ટરની આટલી બધી પ્રશંસા ક્યાંથી હોય ? જરુર એ ખાલી ઘડો છે, અને એની અંદર કંઈ નથી. પાંચસો રુપિયાની સોનાની ઘડીઆળ; છેડો અને વીંટી જવાની વાત તદ્દન ખોટી છે. એ વર્ત્તમાનપત્રના અધિપતિની ઉસ્તાદી ચાલ છે. જે જાણે તે જાણે ! "

રતનલાલ ધર્મ, ચરિત્ર, માન, યશ, સર્વસ્વ કોરે મૂકી લાંબા વખતથી જે વસ્તુની પ્રાપ્તીને માટે પ્રયત્ન કરતો હતો, તે વસ્તુ તેને અંતે મળી આવી ! તેને યોગ્ય—ના—તેનાથી પણ અધિક સ્વાર્થી, શેઠ ધનસુખલાલ બી. એ. તેના પ્રતિપાળક થયા. એક વિષનું બિંદુ તેવા જ વિષથી ભરેલા પાત્રમાં ભળ્યું ! એક ન્હાનો વીંછી, એક મોટા અજગરની પાછળ પાછળ તેની ઇચ્છાનુસાર જવા લાગ્યો !

ધનુભાઇએ ભવિષ્યની વાત સંભારી, ડૉક્ટરને સંપૂર્ણ રીતે હાથમાં લીધો. મહિના બે મહિનાની અંદર તેને માટે તેણે હજાર બેહજાર રુપિયા ખર્ચી નાંખ્યા. તેને ગાડી ઘોડો અપાવ્યો, ઘડીઆળ, છેડો અને વીંટી પણ લઇ આપી; ધનુભાઇએ આવી રીતે તેની ભાગ્યની દુકાન ખોલી દીધી !

ત્યાર પછી ચતુર ધનુભાઇએ, તે ડીપ્લોમાધારી વૈદ્યપ્રવરને એક બીજી રીતે મહાત્ કરી દીધો ! વિલાસિનીના મોહમય આકર્ષણ જાળમાં, તેણે તે નાયિકા—રસજ્ઞ, નવયુવાને ફસાવ્યો. રસરંગ ચતુરા અને સાક્ષાત્ વિલાસતાની પ્રતિમૂર્તિ—વિલાસિનીનો અભિનવ પ્રેમ—પાસ

તોડી શકે એવી ડૉકટરની શક્તિ ન હતી! તેથી જ કાંટાવડે કાંટો કહાડવાની ચતુર ધનુભાઇએ આવી યુક્તિ કામે લગાડી! આવા પૈસાના લોભી ડૉકટરવડે, તે પોતાની આજન્મ તપસ્યાનું ફળ મેળવવા, ઉત્સુક્ય અને ઉન્મૂખ બન્યો!

તે તપસ્યાનું ફળ શું? પૈસા, પૈસા અને પૈસા!

દશબાર હજાર નહિ! દશબાર લાખ નહિ! પણ એકદમ લાખ કરોડ અને અબજોના અબજ!!

ભાગ્યબળે એકાદ કરોડ તો હમણા મળ્યા છે! જરાક ચતુરાઈ, જરાક કૌશલ્ય, જરાક સાહસ, દેખાડવાથી તેની કાર્યસિદ્ધિ થાય તેમ છે! એટલે તે આવો અવસર શું જતો કરે?

ના.

અત્યાર સુધી તે પૈસાને માટે, કંઈ કંઈ પ્રયત્ન કરતો હતો. પારકા બાપને પોતાનો બાપ કહીને, તેનું સર્વસ્વ હરણુ કરવા તે રાત દિવસ મથતો હતો. પોતાની વિવાહિતા પત્નીને, વારાંગના કરતાં પણુ વધારે નિર્લજ બનાવી, તેને પ્રતારણા, પ્રપંચ અને શઠતા વિગેરે મહાપાપો કરતાં શીખવતો હતો. એ પૈસાને માટે જ; તેણે આવા શંખ શિરોમણિ ડૉકટરને, કેવળ તેની એલ. એમ. એસ. ની ડીગ્રીને માટે, પોતાના માથાપર ચઢાવ્યો હતો. જેને માટે આટલો ત્યાગ સ્વીકાર, જેને માટે આટલી ધૈર્ય ધારણુ, તેને તે શું જતું કરે?

ના.

આટલા દિવસ સુધી તે જે સુયોગ શોધતો હતો, તે સુયોગ તેને મળ્યો. જે શિકારને માટે તે અત્યાર સુધી મથતો હતો, તે શિકારને સપડાવવાનો ઉપાય તેને મળ્યો. જે અવ્યર્થ અસ્ત્રને મેળવવા, તેણે અત્યાર સુધીમાં આકાશ પાતાળને એક કરી મૂકયાં હતાં, તે અસ્ત્ર અંતે તેના હાથમાં આવ્યું! પિસાચ આનંદથી હસવા લાગ્યો!

નરઘાતી ચંડાળ, નિરાધાર પ્રવાસીને એકલો જોઇને, તેને લૂંટી લેવાની અને જાનથી મારી નાંખવાની ધારણાથી, જેવા આનંદમાં આવી ને હસે, તેવા આનંદમાં તે હસ્યો !

તે હાસ્યમાં નર્કનો અગ્નિ સળગ્યો ! એ અગ્નિમાંથી વિજળી ઉઠી અને વિજળીમાંથી વજ્રાઘાત થયો !

પતિની સહાયતામાં પત્ની રહી. પાપની સાથે પાપ મળ્યું. તેમણે અતિશય ભયંકરરૂપ ધારણ કર્યું. જ્યારે તેમનું સ્મરણ થાય છે, ત્યારે અચાનક બોલાઇ જવાય છે કે, "અહો ! નર્કમાં પણ એવો પ્રેત નહિ હોય, કે જે આ સ્ત્રીપુરુષ કરતાં વધારે ભયંકર હોય !" એ છબીની કલ્પના કરતાં પણ હૃદય વિદીર્ણ થાય છે.

પરંતુ હૃદય વિદીર્ણ થાય તેનો ઉપાય નથી. જે બન્યું છે તે સત્યના અનુરોધે અંકિત કરવું પડશે. નહિ તો આ ચિત્ર સંપૂર્ણ થવાનું નથી. હાય પૈસા ! હાય ભોગવિલાસ ! !

પ્રકરણ ૯ મું.

અનુષ્ઠાન.

"આજે તમે કંઇ વહેલા વહેલા આવતા રહ્યા ?"

"માથું દુઃખવાનું બ્હાનું કહાડીને આવતો રહ્યો !"

"કેમ ચંપકને સાથે લેતા ન આવ્યા ?"

"આજે તેનું કંઇ કામ ન હતું, હજી તો કાલે યજ્ઞનો આરંભ થશે. ત્યાર પછી સુયોગનું અનુસંધાન થશે; અને છેવટે બળીદાનનો દિવસ નક્કી થશે !"

"હવે સમજી. આજે તો તમારે ડૉક્ટરની સાથે અનુષ્ઠાન મંત્રનો જપ કરવો પડશે. અને ત્યાર પછી પૂજા અને બળીદાનનો વિધી થશે. પણ તમને એક વાત કહેવાની છે."

"શું છે કહે ?"

"તમે છેવટ સુધી સંભાળી શકશો ?"

"તને કેમ જણાય છે ?"

"મને શું જણાય? સંભાળવાનું તમારેને !"

"જોઇએ છે કેમ થાય છે. પણ ત્હારાથી સંભાળી શકાશે નહિ !"

વિલાસિની કંઇ વિચાર કરીને બોલી, "ના એમ તો નહિ બને. પણ કદાચ મ્હારાથી સ્વભાવના નિયમને વશ થઈ, અધવચ ભાગી પડાય; અને તમારી પણ મ્હારા જેવી સ્થિતિ ન થાય તેની સંભાળ રાખજો !"

ધનુભાઇ હસ્તાં હસ્તાં બોલ્યો, "ના ના એમ નહિ બને. જેઓનું હૈયું પોચું હોય છે, તેઓ જ એવી રીતે ડગી જાય છે. આગળ પાછળનો વિચાર કરીને મ્હેં આ કામ હાથમાં લીધું છે. એટલું જ નહિ પણ એના પરિણામ સુદ્ધાંનો મ્હેં વિચાર કરી જોયો છે. એટલે હું નહિ ફસાઉં તોપણ—"

વિ.—શું કહો છો કહો.

ધ.—મને ત્હારી બ્હીક છે !

વિ.—બ્હીક એટલા માટે કે, એ ભયંકર છબી ઢાંકવા માટે કોઇ અસ્વાભાવિક ક્રિયાનો આસરો લેવો પડશે !

ધ.—ઔષધની માત્રા કંઇક વધારશો તો બ્હીક નહિ રહે !

વિ.—શું દારુ ?

ધ.—હા; દૂર્બળ મગજ શક્તિપર એ સારી અસર કરે છે !

વિલાસિનીએ જોયું કે, પતિની લાલસા પૂર્ણપણે વધી છે. એટલે

હવે તેને કોઇ પણ રીતે અટકાવી શકાય તેમ નથી. નિરુપાય બની તેણે પણ દુરાકાંક્ષાના દાવાનળમાં પડતું નાંખ્યું !

પણ વિલાસિનીનું મન ઘડી ઘડી ભયભિત થાય છે, અને તે પોતાની દૂર્બળતા દાખવે છે; તે બીજું કંઇ જ નહિ, પણ સ્ત્રી પ્રકૃતિને લીધે જ છે. સ્ત્રીઓનો સ્વભાવ જન્મથી જ ભીરુ હોય છે.

વિલાસિની થોડી વારે બોલી "ત્યારે હવે શું કરવું છે તે કહો ?"

ધનુ.—અહો ! આટલી વારમાં ભૂલી ગઈ? આટલી વારમાં ત્હારી મગજશક્તિ બ્હેર મારી ગઈ ?

પણ એટલામાં ધનુભાઇના મનમાં, મેકબેથ અને લેડી મેકબેથનું સોચનિય પરિણામ તરી આવ્યું ! પણ એવાં તેવાં પરિણામોથી તે કંઇ ડરી જાય તેવો ન હતો. તે પોતાના મનને સમજાવવા લાગ્યો, "એ તો કવિની કલ્પના! કલ્પના કદી સત્ય હોઇ શકે નહિ !"

વિલાસિની કંઇક અભિમાનથી બોલી, "હું ભૂલી નથી ગઇ; પણ વિચાર કરું છું કે, આજે ડૉકટરને કેવી રીતે રમાડવો ?"

"એમકે ? ત્યારે તો તું મ્હારી ખરેખરી યોગ્ય પત્નિ કહેવાય !"

"વારું હીસ્ટીરિયાનો પ્રયોગ કર્યો હોય તો ચાલે કે નહિ ?"

દુરાચારી સ્વામી આનંદથી બોલી ઉઠયો, "વાહ, વાહ, ઠીક ઉપાય શોધી કહાડયો ! O three cheers for my beloved wife!"

સોહાગથી, અનુરાગથી, પાપીએ પાપણીનું, મુખચુંબન કર્યું. તેણે પોતાના મન સાથે વિચાર કર્યો, "ખરેખર, હીસ્ટીરિયાથી પીડાતી વિલાસિનીની સેવામાં તેને સ્વર્ગ સમાન આનંદ થશે ! એવી તક તે કેટલા દિવસ થયાં શોધતો ફરે છે. આવી રીતે હાથમાં લીધા પછી તે ક્યાં જવાનો છે ? જે કહીશું તે કબુલ કરશે ! પણ એ લુચ્ચો અંતે મ્હારું જ ઘર તો નહિ મારે ? ના, ના, એમ નહિ બને. વિલાસિની કહી કહાવીને કામ કરે છે. એટલે તે બગડવાની નથી !"

પછી તે પ્રકાશપણે બોલ્યો, "ચાલો ત્યારે બંગલે જઇએ. આજે ત્યાંજ ખાવાપીવાની ગોઠવણુ કરવાની છે."

વિ.—હા; પહેલ વહેલું છે; એટલે કંઇ ઠીક કરવું પડશે. પણુ વારું એમ કરીએ તો ન ચાલે ?

ધ.—શું ?

વિ.—પેલું આર્સનિક ડૉક્ટરની પાસે મંગાવીને, તમે પોતે જ એ કામ કરો તો કેમ ? ચંપકને કોઈ સારો દહાડો જોઇને જમવા બોલાવો; અને દૂધમાં કે, એવી બીજી કોઇ ખાવાની વસ્તુમાં, તે ભેળવીને આપી દો તો ડૉક્ટરનું કે કોઇ બીજાનું કામ જ ન પડે ! કેમ મ્હારો વિચાર તમને કેવો લાગે છે ?

ધ.—એ વાતનો મ્હેં વિચાર કર્યો નથી, એમ તું ન સમજીશ. પણુ એમાં એક મોટો વાંધો છે. કારણુ કે જ્યારે ત્યારે એ આપણુા માથાપર આવે. પણુ આ તો કોઇના સમજવામાં આવે નહિ, અને કોઇ સ્વપ્ને પણુ જાણુી શકે નહિ, એવી રીતે કામ કરવાને માટે મ્હેં ડૉક્ટરને હાથમાં લીધો છે. એને માટે તો બે ચાર હજાર રુપિયા ખર્ચી નાખ્યા છે અને વધારામાં તેની સાથે તને—"

વિ.—હું જે કંઈ કરીશ તે ખાલી રમત ! તેને માટે મનમાં સંદેહ લાવશો નહિ. પણુ બેચાર હજાર રુપિયા એને માટે તમે ખર્ચી નાંખ્યા એ મને ગમ્યું નહિ."

તેના મ્હોડાંની વાત આવી હતી. પણુ તે મનમાં તો એમ કહેતી હતીઃ

"ડૉક્ટરનું હસ્તું મ્હોડું કેવું મધુરું લાગે છે ! તેની આંખો પણુ કેવી કામણુગારી છે ?!"

ધ.—આવા મોટા જોખમ ભરેલા કામ માટે, બે ચાર હજાર રુપિયા ન ખર્ચીયે તો ચાલે નહિ. વળી તેને ડીપ્લોમા છે. એ ચપરાસનું જોર, તું કંઈ જેવું તેવું ન સમજીશ !"

વિ.—એમ હોય તો ઠીક. ત્યારે ચાલો વિલંબ ન કરો. હું તો

આજે ગૅાઉન નહિ પ્હેરૂં. આપણો દેશી પોષાકજ પ્હેરીશ!'

ધ.—હા. આજે ગાડીના પડદા નાખવા પડશે. હું પણ આ ધોતિયાં ઉપર એક કોટ પ્હેરી લઉં છું!

વિ.—ત્યારે તમે તો આજે પૂરેપૂરા હિંદુ બની જવાના!

ધ.—હા.

વિ.—અને હું?

ધ.—તું ત્હારા મન ગમતા વસ્ત્રાલંકારો પ્હેર. કારણ કે આજે ત્હારે હીસ્ટીરિયાનો બ્હાર દેખાડવો પડશે. પણ ફરી એવો બ્હાર દેખાડવો ન પડે તો સારું.

એટલું કહી તે કંઈક વિચાર આવવાથી અટક્યો. પણ વિલાસિની તો કોઈ અવનવા આનંદમાં આવી ગઇ. પોતાના પતિનું મુખારવિંદ, કોઈ પણ જાતના કારણ વિના લુગડાંના પાલવે લૂછી, તે વહાલથી બોલી, "કંઇ ખાઓ તો કેમ?

"ના, ત્યાં ગયા પછી સૌ થઈ રહેશે."

વિલાસિનીએ વિચાર્યું, "ઠીક; ત્યાં જઇને ડૅાક્ટરનું તર્પણ કરીશ અને સ્વર્ગનું સુખ ભોગવીશ!"

પણ એમ તે કંઇ બને? સાગર વિના અન્ય સ્થળે મુક્તાફળ હાથ લાગવાનાં હતાં? સોનું મૂકીને કથીરની આશા? અરે અજ્ઞાન રમણી!

પણ એમાં દોષ ત્હારો નથી. દોષ ત્હારા સ્વામીનો છે. દોષ ત્હારા ભાગ્યનો છે. ત્હારું સ્વામી–ભાગ્ય મંદ, તેથી જ ત્હારું ભાગ્ય પણ મંદ છે!

પરંતુ પુણ્યકર્મમાં આવી રીતે, ત્હેં પતિની સહાયતા કરી હોત અને સ્વામીને સદ્‌માર્ગે લઈ ગઇ હોત તો, અમે અભિમાનથી કહી શકત કે–"સંસારમાં એવો કીયો ત્યાગી અને સંયમી છે કે, હે રમણી! તે ત્હારી તુલના કરી શકે!"

પ્રકરણ ૧૦ મું.

પૂજા-વિધિ!

વાલકેશ્વરના બંગલામાં સૌ એકઠાં થયાં, પાપની લીલાનો આરમ્ભ થયો.

વિલાસિનીએ હસ્તાં મ્હોંડે સૌથી પ્રથમ વાત ઉપાડી, "વારું ડૉક્ટર સાહેબ; તમારે ને અમારે આટલો બધો ઘાડો સંબંધ છે, છતાં તમે એક પણ દિવસ તમારી સ્ત્રીને અહિં લાવતા નથી, એનું શું કારણ? શું તમે અમને પારકા ગણો છો?"

ડૉ.—અરે એ શું બોલ્યાં? તમને તે પારકાં ગણાય? તેમ હોય તો આ જગતમાં મ્હારું પોતાનું ગણું એવું કોણ છે? તમારી મહેરબાનીવડે તો હું જીવું છું, અને તમે આમ કહો છો? મ્હારી સ્ત્રીને હું અહિંયાં લાવતો નથી તેનું કારણ એ છે કે, તે અભણ અને શરમાળ છે. તમારી ઉંચી કેળવણી અને સુધરેલા વિચાર આગળ, તે બિચારી ઉભી રહી શકે તેમ નથી. તે એક બોલતી ચાલતી પુતળી છે. બાકી તેમાં બીજું કંઇ નથી!

વિ.—એ બધી કહેવાની વાતો છે. વળી આજની સ્ત્રીઓ તે એવી હોય? બીજું કંઈ નહિ પણ તમે, Female emancepation ના પક્ષપાતી નથી! કેમ ખરું કે નહિ?

ડૉક્ટરે બોચી ખંજવાળતાં ખંજવાળતાં ઉત્તર દીધો, "ના જી, તેમ નથી. પણ માથાપર પિતા છે, અને તેઓ જૂના વિચારના માણુસ છે. તેથી ઇચ્છા છતાંએ મ્હારાથી એ સઘળું કરી શકાતું નથી!" એટલું પ્રકાશપણે કહી તે પોતાના મનમાં બોલ્યો, "તેને અહિં લાવીને, મ્હારે ત્હારા જેવી કરવી નથી તો!"

સ્વાર્થી ધનુભાઇએ મધ્યસ્થપણું સ્વીકાર્યું, "એ બાબતમાં તો સૌ પોતપોતાના વિચાર પ્રમાણે વર્ત્તે તે ઉત્તમ. કોઇની સ્વતંત્રતા ઉપર હાથ નાંખવો એ ઠીક નહિ. તોપણ તમારી ઇચ્છા હોય, તો તેમને એક દિવસ અમારે ત્યાં જમવા માટે તેડી લાવજો!"

"બહુ સારું! આપનું જ ખાઇએ છિયે. પણ આપની ઇચ્છા એમ છે, તો મ્હારી સ્ત્રી તો શું, પણ મ્હારું આખું કુટુંબ આપને ત્યાં આવશે; અને તેથી પોતાને ભાગ્યશાળી માનશે!" ડૉકટર રતનલાલે આનંદમાં આવીને કહ્યું.

"હવે એ વાતને જવા દો. તમારી સાથે મ્હારે એક બીજી વાત કરવાની છે. પણ પહેલાં જમી લઇએ અને પછી તે વાત કરીએ." ધનુભાઈ ટૂંકામાં પતાવવાને માટે બોલ્યો.

"કહો શો હુકમ છે? પણ અરે; આ શું?"

આશ્ચર્યચકિત થઇને ડૉકટરે પાછળ ફરીને જોયું તો, એકદમ શ્વાસપર શ્વાસ લેતી, હાથપગ પછાડતી, વિલાસિની ભોંયપર આળોટે છે! જોતજોતામાં તેની દાંત ખીલીઓ બંધાઈ ગઈ, હાથની મુઠ્ઠીઓ પણ વળી ગઈ; અને જાણે તાણ આવતી હોય, તેમ તે ઉછાળા મારવા લાગી! માથાનો અંબોડો છુટી જવાથી, તેના કાળા વાસુકીનાગ સમાન કેશ, શરીરના બીજા ભાગપર પથરાઇ ગયા હતા! શરીરપરનું લૂગડું પણ ખશી ગયું હતું! જાણે રૂપની પ્રતિમા—કમલિની—અચાનક કોણ જાણે કેમ ભોંયપર પછાડા મારતી હતી! આ એક નવો ભાવ, નવો દેખાવ જોઇને, ડૉકટર ગભરાઈ ગયો! શું કરવું તેના વિચારમાં પડયો! પણ જ્યારે ધનુભાઈની સામું તેણે જોયું, ત્યારે સહજ હસ્તાં હસ્તાં તે બોલ્યો, "શું જુઓ છો? હીસ્ટીરિયા છે.

ડૉ.—એમ કે? હુ તો બહુ ગભરાઈ ગયો હતો.

ધ.—કેમ હીસ્ટીરિયાનો, દર્દી તમે કદી જોયો નથી?

ડૉ.—શા માટે નહિ? ખુદ મ્હારા ઘરનો જ મને અનુભવ છે ને.

ધ.—ત્યારે ઉભા રહીને શું જુઓ છો? એને હોશીઆર કરો.

ડૉ.—હા જી પણ—હું—?

ધ.—હા, હા આ વખત એવો વિચાર કરવાનો નથી. વળી તમે તો ડૉક્ટર છો.

ડૉ.—ત્યારે એમને પકડી રાખો; હું બ્લોટીંગ પેપર શોધી લાવું.

ધ.—કેમ બ્લોટીંગ પેપરનું શું કામ છે?

ડૉ.—એનો ધૂમાડો નાકમાં ગયાથી, દર્દી તરત હોશીઆર થાય છે.

ધ.—એમ કે? ત્યારે તો તમે એને સંભાળો. હું પાછલા ઓરડા-માંથી બ્લોટીંગ પેપર શોધી લાવું છું!

પાપી પતિ ઉત્તરની વાટ ન જોતાં, બ્લોટીંગ પેપર શોધવા—પોતાનું મ્હોત શોધવા, અંદરના ઓરડામાં ચાલ્યો ગયો. ના, હવે નહિ; એ પાપચરિત્રની અહિયાં જ પરિસમાપ્તિ કરવી જોઇએ. હાય! આ તે પતિ કે પિસાચ?

થોડી વાર પછી પાપીએ પાછા આવીને જોયું તો, બ્લોટીંગ પેપરની જરુર જણાઇ નહિ. વિલાસિની પોતાની મેળે ઉઠીને બેઠી થઇ છે; અને ડૉક્ટરે તેને પકડી રાખી છે! આ વખતે છૂટા કેશવાળી—મૃગનયના—પૂર્વભાવ પૂનઃ પ્રાપ્ત કરવાને માટે ચેષ્ટા કરતી હતી—અહા, કેવી અપૂર્વ શોભા?!

ડૉક્ટરે કહ્યું, "પરમેશ્વરની કૃપાથી બહુ મહેનત કરવી પડી નથી. પોતાની મેળે ઉઠીને બેઠાં થયાં છે. જરા મ્હોડા પર પાણી હોય તો છાંટો."

પાસેના ટેબલપર પાણીથી ભરેલું એક ગ્લાસ હતું. તે લઈને ધનુભાઇએ વિલાસિનીના મ્હોડાપર ધીરે ધીરે પાણી છાંટ્યું!

વિલાસિની ઉઠીને ઉભી થઇ. લજ્જાવતીને હવે લજ્જા આવી.

માથાપર લુગડાનો છેડો નાંખી, તે ગજેન્દ્રગમને અંદરના ઓરડામાં ચાલી ગઇ !

ડૉકટરે પૂછ્યું, "કેટલા દિવસ થયાં આવું થાય છે ?"

ધ.—એએક મહિના થયા હશે.

ડૉ.—મ્હેં તો આજેજ જાણ્યું.

ધ.—કોઇ કોઇ વખત આવું થઇ આવે છે. એને માટે બજારમાંથી Smelling Salt લાવી રાખ્યું છે.

ડૉ.—હા તે પણ ઠીક છે. પણ બ્લોટીંગ પેપરનો ધૂમાડો વધારે ફાયદાકારક છે.

ધ.—હવે ત્યારે એને અજમાવીશું.

ડૉ.—પણ એ એટલું બધું Serious type નથી.

"ત્હારી મ્હોંકાણે નથી !" એટલું મનમાં કહી, તે પ્રકાશપણે બોલ્યો, "આ કંઈ થોડું છે કે, તમે Serious type કહો છો.

ડૉ.—ના જી. તેથી જ કહું છું ને, એ રોગ બહુ કઠણ છે !

એટલામાં પાસેના ઓરડામાંથી કોમળ મધુર સ્વર સંભળાયો. "ડૉકટર સાહેબને આજે બહુ દુઃખ દીધું !"

એ વાકયોની સાથે સાથે, સ્મિતવદના–મોહિની પ્રતિમાનો આર્વિભાવ થયો.

ડૉકટરનું માથું ફરવા લાગ્યું. આજના બનાવે તેની બુદ્ધિ શુદ્ધિ હરાઈ ગઇ હતી. સૌ જાણે ઉલ્ટ પાલટ થઇ ગયું હોય, તેમ તેને જણાતું હતું. અધુરામાં પુરું વળી તે મોહિની પ્રતિમાએ, વીણા ધ્વનની પેઠે મધુર કંઠે ઉમેર્યું; "ડૉકટર સાહેબને આજે બહુ દુઃખ દીધું !" હરિ હરિ ! વૈદ્ય–પ્રવર તે વખતે સ્વર્ગ–સુધાનું પાન કરતાં મનમાં બોલ્યા, "એને તે દુઃખ કહેવાય ? ત્યારે મનુષ્ય જીવનમાં બીજું સુખ તે કયું ? આવું દુઃખ મને જન્મોજન્મ મળે, અને આ ત્હારો

હીસ્ટીરિયા રૂપ મધુર રોગને હું હંમેશાં ઉપચાર કરતો રહું! અહા, કેવી અમૃત શીતળ—નવનીત કોમળ—દેહલતા! પણ હાય! એ સુખ શું મ્હારા જેવા અભાગીનું ભાગ્ય સહન કરી શકશે?"

રતનલાલને નિરુત્તર જોઇ ફરી તે સુહાસિની બોલી, "ડૉક્ટર, આજે કોનું મ્હોંડુ જોઇને ઉઠયા હતા? આજે તમને બહુ શ્રમ પડયો!"

વૈદ્ય પ્રવરને આટલી વારે બોલવાનું ભાન આવ્યું, "અરે, એ શું બોલ્યા? તમારી પીડા કરતાં મ્હારો શ્રમ અધીક? પણ મ્હારે તો કંઇ કરવું પડયું નથી. તમે પોતાની મેળે ઉઠીને બેઠાં થયાં હતાં."

પાપીણી પોતાના મનમાં બોલી, "ઉઠીને બેઠી ન થાઉં તો શું કરું? બ્લોટીંગ પેપરના ધૂમાડાથી નહિ રોગનો રોગ પેદા કરું?" પછી તેણે પ્રકાશપણે કહ્યું, "ગમે તેમ પણ થોડી વાર તમને ગભ-મણ તો થઇ ખરી ને?"

ધૂતારા ધનુભાઇએ જોયું કે, હવે એને હાથમાં લેવાની વાત તો બાજુ પર રહી, પરંતુ એનું જીવન મરણ પણ આપણા હાથમાં આવ્યું છે. "ના હવે નહિ; સ્રીની સાથે વધારે વખત આવો નાટક ભજવાય તે ઠીક નહિ. કારણ કે વાત વધવા માંડી છે. એટલે હવે અસલ વાતને ઉપાડું." એટલું કહી તે પ્રકાશપણે બોલ્યો, "મિ. રતનલાલ, કાલે તમે Slow Poison ની વાત કરતા હતા તે કયાં મળે છે? તેની એક શીશી મને લાવી આપશો કે?"

ડૉ.—હાજી લાવી આપીશ. કાલે સવારે હું આપી જઇશ.

રતનલાલના મનમાં વિચાર આવ્યો, "એકદમ Slow Poison ની શી જરુર પડી હશે? જરુર બીજી કંઇ મતલબ હશે. અરે; પણ કયા અભાગીનો આવરદા ખૂટયો હશે? હું તો નજરમાં નહિ હોઉં? કોણ જાણે એના મનમાં શું હશે!"

પછી તે પ્રકાશપણે બોલ્યો, "આર્સેનિક લાવું ને?"

ધ.—હા, હા; આર્સેનિક. પણ જો જો કોઇની દુકાનેથી જૂનું અને નકામું લાવતા નહિ.

ડૉ.—ના, ના; થામ્સ કુકની કુંપનીમાંથી મંગાવી આપીશ.

ધ.—તો ઠીક. યૂરોપિયન કુંપનીઓનો ભાવ વધારે હોય છે, પણ તેઓ માલ ખાત્રીનો આપે છે. પણ તમે જાતે જજો. કોઈ બીજાને લેવા મોકલશો નહિ—એનું કારણ આમ આવો તમને કહું—

હીસ્ટીરિયાની અભિનાયિકા વિલાસિની—ગુણધર સ્વામીની ગુણધરી સહધર્મીણી—આ વખતે ખાવાપીવાની વ્યવસ્થા કરવામાં રોકાયેલી હતી. જાણે આ વિષયમાં તે સંપૂર્ણ સતિ હોય, એવો તે ભાવ બતાવતી હતી!

ચતુર ધનુભાઇએ ડૉકટરને વિશેષ રીતે લલચાવવા અને તેને હાથમાં લેવા, તેના ખભા પર અનુગ્રહસૂચક પ્રીતિથી હાથ મૂકી, ઘણીવાર સુધી તેને કંઈ કહ્યું. અને ત્યાર પછી તે હસતા મ્હોંડે બોલ્યો:—

"જુઓ તમે મ્હારા મિત્ર છો. મ્હારે ભાઈ નથી, અને કદાચ હોત તો, હું તેને તમારા કરતાં વધારે ચહાત કે નહિ, તે મ્હારાથી કહી શકાય તેમ નથી. ખરેખર, હું તમને મ્હારા પ્રાણ કરતાં પણ વધારે ચાહુ છું અને તમારાપર વિશ્વાસ રાખું છું. તેથી જ આવા જોખમ ભરેલા કામમાં હું તમારી સલાહ અને સહાયતા માગું છું. બીજા કોઇ પણ માણસને આ કામમાં સામેલ કરવાની મને હિંમત થતી નથી. તેથી મને આશા છે કે, તમે મ્હારા જમણા હાથ તરીકે રહેશો; અને આ કામ ફત્તેહમંદ રીતે પાર પાડશો!"

એકંદર હકીકત સાંભળી, રતનલાલ ગભરાયો, તે ધ્રુજતાં ધ્રુજતાં બોલ્યો;

"પણ—"

ધનુભાઇએ તેને બોલતાં અટકાવીને કહ્યું, "હવે પણબણ કંઈ નહિ. બીહો છો કેમ, હું તમારી સાથે છું ને!"

ડૉ.—પણ છેલ્લે સુધી?

ધ.—કેવી વાત કરો છો? તમને આફતમાં જોઇને હું શું બેસી રહીશ?

ડૉ.—મ્હારું કહેવું તેમ નથી. પણ—

ધ.—કંઈ ચિંતા નહિ–હિંમત રાખો!

ડૉ.—કદી પકડાઈ જવાશે ત્યારે?

ધ.—તેમ કદી બનવાનું જ નથી.

ડૉ.—આપણા ધારવા પ્રમાણે કામ ન થાય અને કદાચ વાત ફૂટી જાય ત્યારે?

ધ.—વહેમી અને કાયરની પેઠે, પહેલાંથી જ તમે ભુંડો ભાવ કેમ ભજવો છો? ફત્તેહ–ઉદ્યોગી માણસની દરેક કામમાં ફત્તેહ જ છે! હું મ્હારો પ્રાણ આપીને, મ્હારું સર્વસ્વ વેચીને, તમારો બચાવ કરીશ. પૈસાથી શું નહિ બને?

ડૉ.—એ કામમાં કદાચ, મ્હારી ડીગ્રી જતી રહેશે ત્યારે?

ધ.—ડીગ્રી? ડીગ્રીપર શું દેવતા મૂકો છો! તમારી ડીગ્રી કરતાં હું દશગણો તમને પૈસો આપીશ અને હંમેશના સુખીઆ બનાવીશ! તમે મ્હારું કામ એક વખત ખંત અને કાળજીથી ફત્તેહમંદ રીતે પાર પાડશો તો, તમારે આમ ઘેરેઘેર અથડાવું નહિ પડે. તમે જીવતાં સુધી બેઠાં બેઠાં ખાવ એટલું હું તમને આપીશ!

ડૉ.—જેલ–જન્મકેદ–દેશનીકાલ સુદ્ધાંની એમાં ટીપ વાગે એમ છે!

પાપમાર્ગે ચઢેલો, અને પાપના દ્રઢ સંકલ્પમાં પચેલો, આ નરપિસાચ, દુરાકાંક્ષાનો મદિરા પીને ઉન્મત્ત બન્યો હતો. તે સાથે નર માંસનો સ્વાદ પામેલા ક્રુર વાઘની પેઠે, તેણે અગાધ વિષય સંપત્તિનો સ્વાદ ચાખ્યો હતો. એટલે કાર્યસિદ્ધિમાં આવો કલ્પીત વાંધો, તેને મન તુચ્છ હતો. તે અતિ દ્રઢતાથી બોલ્યો:—

"રતનલાલ! આટલા દિવસ મ્હારી સાથે રહીને, તમે આવું જ શીખ્યા કે? તમે તમારો સમય અને આયુષ્ય વ્યર્થ ગુમાવ્યું છે! તમે પોતાની ઉન્નતિ અને હિતની વાતને આવું બાયલાપણું બતાવી શું જતી કરવા ચાહો છો? ના, તેમ કરશો નહિ. હંમેશાં પારકાને આધારે રહેવાનું અને પારકી આશાએ જીવવાનું, શું તમે માન ભરેલું સમજો છો? એમાં શો લાભ?—એમાં શું માન? ના તેમ થશે નહિ. હું જેને ચાહું છું, તેનું ખરા અંતરથી ભલું ઈચ્છું છું; તેની હું ઉન્નતિ જોવા માગું છું. પૈસા વિના જીંદગી દુઃખી છે. તમારી એ દુઃખી જીંદગીને હું સુખી કરીશ. ખરેખરા પુરુષોચિત્ત ગાંભીર્ય અને દ્રઢતાથી, હું તમને સજીવ બનાવીશ! પણ એ સઘળાનું મૂળ પૈસો છે,—એ પૈસાના બળે હું તમને બળવાન બનાવવા માગું છું! હિંમતવાન બનો, ઉત્સાહી બનો અને ખરેખરો પુરુષાર્થ અંગીકાર કરો? કેવી જેલ? અને કેવો દેશ નીકાલ? એ સૌ ખોટા વહેમો છે, ખોટી બ્હીક છે; સ્ત્રીઓના જેવા દુર્બળ વિચારો મનમાંથી કહાડી નાંખો, અને સાહસિક થાઓ! નીચ કલ્પનાથી જીવનની ઉચ્ચ વૃત્તિને મલિન કરશો નહિ! દશ હજાર રુપિયા હું તમને એ કામ થયેથી બક્ષીસ તરીકે આપીશ!"

રતનલાલ કંઇ બોલે તે પહેલાં, ધનુભાઇએ તરત જ બુક પૉકેટમાંથી સો સો રુપિયાની દશ નોટો કહાડી, અને તે તેણે ડૉકટરની ઉપર નાંખી!

"આ લો; હમણાં તો આ એક હજારની નોટો લો. તમારું સઘળું જોખમ મ્હારે માથે છે. ખાત્રીથી માનજો, કે તમારા જીવન મરણની સાથે મ્હારું જીવન મરણ રહેશે. હું કદી પણ તમને દગો નહિ દઉં."

એક તો નિર્ધન અવસ્થા, ચરિત્ર પણ ધર્મબળ વિનાનું; જીવ પણ પૈસાનો લોભી; કેમ કરી આ અનાયાસે થતો લાભ તે જતો કરે?

એક હજાર રુપિયા રોકડા અને દશ હજાર રુપિયા બક્ષીસના ! ગળામાં ડીગ્રી બાંધીને આખી જીંદગી બારણે બારણે અથડવાથી, પણ કોઇ તેને દશ હજાર આપે તેમ ન હતું ! લોભ અને દુરાકાંક્ષાથી તેનું માથું ફરવા લાગ્યું !

માથું ફરવા લાગ્યું અને તેની સાથે વિલાસિનીના વિલોલ કટાક્ષથી તેનું ચિત્ત પણ ફરવા લાગ્યું ! કટાક્ષ અને તેની સાથે મધુર-મંદ હાસ્ય ! હાય ! આ તે સ્વપ્ન કે ઇંદ્રજાળ ?

ચકિત ચંચળ હરિણ નયને વિદ્યુત્ પ્રભા દેખાડતી, વિલાસિની એક વાર ફરી તે ઓરડામાં આવીને ઉભી રહી ! અસાવધપણે ડૉકટરના શરીરને સહજ ધક્કો મારી, તેણે કંઈ નવો ભાવ ભજવ્યો ! તે મધુર કંઠે બોલી.

" કેમ ડૉકટર સાહેબ ! તમારી થાળ પીરસવાને માટે ભટને કહું કે ? " ડૉકટરે અતિ કષ્ટે, પોતાની મનોવૃત્તિ દબાવીને કહ્યું; " શેઠ પણ બેસશે ને ? "

" હા, બધાં સાથે બેસીશું. તમે અંદર જાઓ અને બધી ગોઠવણ કરો ! " ધનુભાઇએ વિલાસિનીને કહ્યું.

વિલાસિની અંદર ચાલી ગઇ. શિકાર જાળમાં સપડાયો ! થોડે દૂર જઇને, પાછળ ફરીને, પતિ જુએ નહિ તેમ, તેવા ભાવે, ડૉકટર તરફ જોઇને વિલાસિની હસી. તે હાસ્ય ડૉકટરના મર્મે મર્મે વીંધાઈ ગયું ! તેના મનમાં મોટી ઉથળ પાથળ થવા લાગી ! અંતરમાં ને અંતરમાં તપ્ત શ્વાસ મૂકતાં મૂકતાં, ડૉકટરે ઘણી મહેનતે આ વખત પણ વીતાવી દીધો !

કામિની અને કાંચનનું એક સાથે આકર્ષણ ! હજાર રુપિયા રોકડા અને વળી દશ હજાર જુદા ! તે ઉપર વળી સુરસિકા–સુહાસિની–વિલાસિની, જેવી સાક્ષાત્ ઉર્વશીનું આકર્ષણ ! તે વળી પરકીયા

અને ઉપયાચિકા !! અહા ! કદી પાછો તેને હીસ્ટીરિયા થઇ આવે ? એક વાર ફરી તેને એ સ્વર્ગીય રોગ થાય તો કેવું સારું ! આવા વિચારમાં ને વિચારમાં, ડૉક્ટર બિચારાના પ્રાણ પંખી, પીંજરામાં પડયાં પડયાં તરફડીયાં ખાવા લાગ્યાં !

લોક ચરિત્રનો ભોમિયો, ચતુર ધનુભાઈ આ રહસ્ય તુરત સમજી ગયો. તે પોતાના મનમાં બોલ્યો, " ના હવે નહિ; વધારે વખત લગાડવાથી વાત બગડી જશે ! "

ડૉક્ટરના વિચારો બીજી તરફ વાળવાને માટે તે બોલ્યો; "પણ જો જો, ભૂલે ચુકે પણ આ વાત તમે કોઇને કહેશો નહિ. સ્ત્રી હોય; મા હોય, કે બાપ હોય, અથવા કોઈ જાની મિત્ર હોય, તોપણ કોઇને મ્હોડે આમાંનો એક શબ્દ પણ તમે કહેશો નહિ. કદાચ તમે કોઇને કહ્યું, અને તે મ્હારા જાણવામાં આવ્યું, તો યાદ રાખજો કે તમારા બચાવની વાત તો બાજૂ પર રહી, પણ હું તમારો શત્રુ બની જઇશ ! "

ડૉ.—હું એટલો બધો મૂર્ખ અને અજ્ઞાન છું, કે આવી વાત કોઇને કહું ?

ધ.—હા, કોઇને પણ કહેશો નહિ. આ વાત તમારા ઇષ્ટમંત્ર તરીકે તમારા મનમાં હંમેશાં જાગૃત રહે, તે માટે મ્હેં તમને આવી રીતે ચેતવણી આપી છે.

ડૉક્ટર વિચારમાં પડયો. એક નિશ્વાસ મૂકી, દીન કૃતજ્ઞભાવે તે ધનુભાઇ તરફ જોઈ રહ્યા. તે કંઈ બોલવા જતો હતો, પણ તેનાથી બોલાતું ન હતું. એ જોઈ ધનુભાઇએ ગંભીરપણે પૂછ્યું, "કેમ શું છે ?"

ડૉક્ટરે અતિ નમ્રભાવે, હાથ જોડીને, વિલાસિનીને ઉદ્દેશીને કહ્યું; " પણ શેઠાણી–આપની ધણીઆણી કદી પૂછે ત્યારે ? "

ધનુભાઇ થોડી વાર સ્તબ્ધ બની, અંતે વિચાર કરીને બોલ્યો " કહેજો-પણ અધું નહિ–ખરેખરું નહિ. "

આ વખતે ધનુભાઈના અંતરભાવે જુદું રૂપ પકડયું. આવી રીતે સહજવારમાં ડૉક્ટર, પોતાનો એક ગંભીર પ્રપંચ જાણી ગયો; એ વિચારે તે કંઈ રૂષ્ટ થયો અને કંઇ તુષ્ટ પણ થયો! એમજ બને, એમજ બનવું જોઇએ; કારણ કે એમ થવું એ કેવળ સ્વાભાવિક છે.

પણ શક્તિવાન અને પ્રભુ સ્થાને રહેલો પ્રબળ વ્યક્તિ, ભાવથી, ભાષાથી અને વ્યવહારથી, પોતાના દુર્બળ દાસને ડરાવીને, શરમાવીને, સતાવીને, તેને બોલતાં ચાલતાં પૂતળા જેવો બનાવવા ઇચ્છે છે!

કેમ શા માટે?

પ્રભુત્વપણાને માટે. શું ચતુરાઇમાં અને બુદ્ધિબળમાં તે મ્હારા કરતાં ચઢી જાય? મ્હારી બરાબરી કરી શકે? મ્હારા અંતરનું છિદ્ર મ્હારો સેવક થઇને શોધી શકે? ના, તેમ નહિ બને!

ભાવના ઘરમાં આજ ઠેકાણે ગરબડ થાય છે! પ્રયત્ન કરવાથી, ભય, મૈત્રી, દેખાડવાથી, અથવા હકુમત ચલાવવાથી, આ ગરબડ મટતી નથી. તેથી તેઓ એક બીજાને અવિશ્વાસની નજરે જુએ છે; અને મનમાં ને મનમાં એક બીજાના શત્રુ બનીને રહે છે!

સ્વામીની ઈચ્છા,—સેવક આવા સ્થળે મૂર્ખ ને અજ્ઞાન હોય તો સારું. કારણકે તેથા તે પોતાની તિક્ષ્ણ બુદ્ધિની સામું થઈ શકતો નથી; મનમાં પ્રતિદ્વંદીતાનો ભાવ રાખી શકતો નથી. એનું નામ તે પ્રભુત્વપ્રિયતા અથવા શક્તિ એકાધિપત્યની પ્રબળ ઈચ્છા!

ગમે તેમ હોય, પણ ડૉકટર રતનલાલને હમણાં પૈસાની બહુ જરુર હતી. તેથી કંઇ પણ વિચાર કર્યા વિના, તેણે ધનુભાઈ પાસેથી એક હજાર રુપીઆ લીધા અને બીજા દશ હજાર મળવાની પણ તેણે મનમાં આશા બાંધી! એ સિવાય બીજો લાભ, વિલાસિનીનો ગુમ-પ્રેમ હતો! આવી સ્થિતિમાં ધનુભાઇ, જેમ કહે તેમ તે કરવાને તૈયાર હતો. દશાના ચક્રમાં પડી, તે પોતે પોતાની જાતને પણ ભૂલી ગયો

હતો. ગુલામનું પણ અસ્તિત્વ હોય છે, પણ હમણાં તો તેને તે પણ ન હતું! 'કર્તાની ઇચ્છા પ્રમાણે કર્મ' એ જ મંત્રનો જાપ જપી, તે એક દોરી સંચારવાળા પુતળા જેવો બની ગયો! માન મર્યાદા—અભિમાન સૌ સંતાઈ ગયું!

ધનુભાઇએ થોડીવાર રહીને કહ્યું, "બીજી વાત જમ્યા પછી સૌ ધીરે રહીને થશે. આજે તમારી ભાભી તમને જમાડવાનાં છે. આજે ઘેર જશો નહિ. અહિંયાજ સુઇ રહેજો. કેમ શું કહો છો?"

"જેવો હુકમ" કહી તે પોતાના મનમાં બોલ્યો, "વાહ! ભાભીનો સંબંધ પણ પોતાની મેળે જ બંધાઈ ગયો! દિવસ સારા હોય તો બધું એમજ બને! રાત્રે અહિં રહેવામાં એક જાતનો લાભ છે. વિલાસિનીના હાસ્યરસનો, સ્નેહરસનો, પવિત્ર પ્રેમરસનો, સારી રીતે ઉપભોગ કરવાનું મળશે! કદાચ મનમોહિનીને ફરી હીસ્ટીરિયા પણ થઇ આવે. હું ડૉકટર હાજર છું, તેથી મ્હારી મદદની જરુર પડવાની જ. આવી અવસ્થામાં કયો મૂર્ખ, આવા નંદન કાનનના નિવાસને નાપસંદ કરે? પણ ગજવામાં એક હજારની નોટો છે તેનું કેમ? નોટનો ધણી પણ યમદૂત જેવો મ્હારી સામો બેઠો છે. કદાચ પાનમાંથી ચુનો ખસી પડે અને આ નોટો તથા બીજો લાભ જતો રહે ત્યારે? ના ભાઇ; હજારની નોટો ગજવામાં રાખીને, મ્હારા જેવા પ્રાણીને ગુપ્ત–પ્રેમનો આસ્વાદ લેવો, એ બહુ જોખમ ભરેલું છે. ગુપ્ત પ્રેમનો આસ્વાદ, મનમાં ને મનમાં લઇ શકાશે. પણ આ ઝણણણ કરતા રુપિયાનો આસ્વાદ કેવળ મનમાં ને મનમાં કલ્પના કરવાથી લઇ શકાશે નહિ. માટે આ નોટોને ઘેર મૂકી આવું, પછી સૌ થવાનું હશે તે થશે. પૈસાવિના હજુ ઘર માગનારને ત્યાં પડયું છે. બાપાજી પણ એને માટે ઘડી ઘડી સંતાપ કરે છે. આજે પરમેશ્વરે કૃપા કરીને, ધનુભાઇ જેવાના હાથથી એક હજાર રુપિયા મેળવી આપ્યા છે. માટે આજે તો ઘેર જ જવું.

પણ આ તરફ વળી મ્હારી વ્હાલી વિલાસિની મને જમાડવાની છે. ત્યારે કેમ કરું ?"

ડૉકટરને ચિંતામાં પડેલો જોઈ, તિક્ષ્ણ બુદ્ધિનો ધનુભાઇ પોતાના મનમાં સૌ સમજી ગયો. "બિચારો મોટા દુઃખમાં ઘેરાઈ ગયો હોય એમ લાગે છે! આજે રાત્રે અહિં રહ્યાથી, કદાચ એક હજાર રુપિયા જતા રહે; એ વ્હીકે એનું મ્હોડું સુકાઇ ગયું છે! એની સાથે પ્રેમચિંતા પણ વળગેલી જણાય છે! પણ નોટોની વ્હીક એને વધારે છે. માટે એને આજે જવા જ દેવો. હવે સંદેહ નથી. એ સંપૂર્ણ રીતે હાથમાં આવ્યો છે. એનાથી જ મ્હારું કામ પાર પડશે!"

પછી તે પ્રકાશપણે બોલ્યો, "ત્યારે રતનલાલ, જમ્યા પછી તમારે ઘેર જવું હોય તો જજો. પણ કાલે મને મળજો. એ સંબંધી બીજી ઘણી વાત તમને કહેવાની છે!"

"વારું સાહેબ!" હવે ડૉકટરના જીવમાં જીવ આવ્યો!

એટલામાં વિલાસિની આવી ડૉકટરને કહેવા લાગી, "ત્યારે અંદર ચાલો; ભાણા પીરસાઇ ગયાં છે!"

ધનુભાઇએ વિલાસિનીને સ્નેહથી કહ્યું, "જો રતનલાલને હું ભાઈ સમાન ગણું છું. માટે હવેથી તું એને દીયેરજી કહીને બોલાવજે!"

રતનલાલ ફુલાઇને ફાળકો બની ગયો! વિલાસિનીને હસવું આવ્યું. પાપી પતિ "આવ રતનલાલ" કહી, અતિ આદરથી ડૉકટરને રસોડામાં લઈ ગયો.

નાના પ્રકારની ભોજન સામગ્રી મોટા પ્રમાણમાં તૈયાર હતી. મોટી મોટી બે ચાંદીની થાળો, જાત જાતના મીષ્ટાનથી, શાક, રાઈતાંથી અને જુદી જુદી જાતની ચટણી અને ભજીયાંથી ભરાઇ ગઇ હતી. આજે બરાબર હિંદુના જેવો આહાર હતો.

રતનલાલ ભાણાપર બેસતાં જ બોલી ઉઠયો, "અહો! દશ માણુસ ખાઇ શકે, એટલું બધું ખાવાનું એક થાળીમાં પીરસ્યું છે!"

વિલાસિનીએ હસ્તાં હસ્તાં ઉત્તર દીધો, "દશ માણુસનું શું પણ વીશ માણુસનું કહો. જન્મારામાં એક દિવસ આવું પીરસવાનું મળ્યું છે, અને તેમાં તો તમે આમ કહો છો?"

ડૉ.—એમ શું કહો છો? તમારું ખાઇને તો જીવીએ છિયે!

વિ.—એ વાત તમે જાણો ને તે જાણે. મ્હેં તો એક દિવસ પણ તમને મન મૂકીને જમાડયા નથી. આજે હાથમાં આવ્યા છો, તો હુ તમને છોડવાની નથી.

ડૉકટર હસ્તાં હસ્તાં બોલ્યો, "પણ મ્હારા જેવાને તો આ દશ દિવસ ચાલે એટલું છે. તમારી એવી ઇચ્છા છે, તો મ્હારે કયાં ના છે. ખવાશે તેટલું ખાઇશ અને વધશે તેટલું સાથે બાંધીને લઈ જઇશ!"

ધનુભાઇ બોલ્યો, "ત્યારે તેમ કરજો!" પછી તે વિલાસિનીને કહેવા લાગ્યો; "શરાફ બજારવાળો પેલો મારવાડી દલાલ, સુતરફેણી અને ખાજાનો કંડીયો આપી નથી ગયો?"

વિ.—ના આપી ગયો છે. તેમાંનું થોડું થોડું તમારા ભાણામાં મૂકયું છે. બાકીનું બધું અનામત છે.

ધ.—"ઠીક ત્યારે એ કંડીયો, રતનલાલની ગાડીમાં મૂકવાનું રામાને કહો," પછી તેણે ડૉકટરને કહ્યું, "હવે જમવા માંડો."

"જેવો હુકમ" કહી ડૉકટર પોતાના મનમાં બોલ્યો, "આજે દરેક રીતે લાભ જ થતો જાય છે!"

ધનુભાઇ અને રતનલાલ જમવા બેઠા. વિલાસિની તેમની સામું એક પાટલો નાંખી બેઠી અને તેમને આગ્રહથી પીરસવા લાગી.

જમતાં જમતાં ડૉકટર પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો, "આવાં મિષ્ટાનની સાથે એક હજાર રુપિયાનો લાભ, વિલાસિનીનો

આવો પ્રેમ, વળી ધનસુખલાલ શેઠનો આવો અનુગ્રહ—આ બધું દૈવ દુર્લભ સુખ, શું મ્હારું ભાગ્ય સહન કરી શકશે? કોણ જાણે આજે સવારમાં મ્હેં કયા ભાગ્યશાળીનું મ્હોડું જોયું હશે? પણ એનું પરિણામ? નહિ આવા આનંદમય પ્રસંગે, એવા ખોટા વિચારોને મનમાં જગ્યા આપવી એ પણ ખરેખર પાપ છે! ધનુભાઇ શેઠ કહે છે તે બરાબર છે, કે પૈસાથી શું નથી થતું? પૈસાથી સૌ કંઇ થાય છે! હાલ તો એક હજાર હાથમાં આવ્યા છે, અને દશ હજાર બીજા લેવાના બાકી છે! કંઇ નાની સુની વાત નથી! ડીગ્રીથી દળદર દૂર થવાનું નથી! જેલ? દેશ નીકાલ? એ સૌ કાયરની કલ્પના છે! વળી એ પણ મ્હારી સાથે છે, એટલે કંઇ બ્હીક રાખવા જેવું નથી!"

વિલાસિની બોલી, "કેમ ડૉક્ટર ખાતા નથી? ભાણામાં તો જેમનું તેમ પડયું છે!"

ડૉક્ટર વિચારના વમળમાંથી નીકળી, શરમાતાં શરમાતાં બોલ્યો: "નાજી ખાઉં છું ને!"

વિ.—ખાતાં ખાતાં શું વિચાર કરો છો?

ડૉક્ટરે હસતાં હસતાં કહ્યું, "ના કંઇ નહિ!"

પણ ધનુભાઇ પોતાના મન સાથે બોલ્યો, "એ વિચાર કરે છે એક હજાર રુપિયાનો અને ત્હારા મનોહર મુખડાનો!"

પ્રકરણ ૧૧ મું.

બળીદાન.

પાપનો માર્ગ ખુલ્લો થયો છે. પાપનો સહયાત્રી પણ હાથમાં આવ્યો છે. હવે પિસાચિક અભિનયનો આરંભ થશે. પાપી ધનુભાઇ નિપૂણતાની સાથે, એ અભિનયમાં પોતાનો ભાગ ભજવશે!

માધવદાસના દુર્બળ હૃદયપર, તેનો સંપૂર્ણ અધિકાર હતો. ધનુભાઇ ઉપર તેનો અગાધ વિશ્વાસ હતો, પણ ધનુભાઇએ પોતાની નીચ સ્વાર્થ સિદ્ધીને માટે એ વિશ્વાસનો દુરોપયોગ કર્યો. માધવદાસને સમજાવીને, રતનલાલને ફેમીલી ડૉકટર તરીકે તેણે નીમ્યો. એ યોગાયોગ કેવી રીતે બન્યો, તે નીચેના વર્ણન ઉપરથી સમજાશે.

એક દિવસ વાતપરથી વાત નીકળતાં, ધનુભાઇએ માધવદાસને કહ્યું; "ચંપકનું શરીર દહાડે દહાડે લેવાતું જાય છે. અને કામધંધામાં આપણાથી તેની સંભાળ લેવાતી નથી. તેથી ઘરમાં હંમેશને માટે એક ડૉકટર રાખવાની બહુ જરુર છે."

મા૦—હા, ડૉકટર દેશમુખ બહુ બાહોસ છે, છતાં તેમનો અને આપણો જોગ બેસતો નથી. બોહોળી ગ્રહાકી આગળ ઘડી ઘડી તેમનાથી અહિં અવાતું નથી.

ધ૦—તેને માટે શું વાંધો છે. તેમનો માસિક પગાર હું બંધ કરવા કહેતો નથી. પણ આપની ઇચ્છા હોય તો હંમેશને માટે એક નવો ડૉકટર આપણે રાખીએ. આપણા ત્યાં માસ્તર જેવી રીતે, પ્રાયવેટ ટયુટર અને ગારડીયન તરીકે છે, તેવી રીતે એક ડૉકટર રાખવાની મ્હારી મરજી છે. તેને બીજી જગાએ પ્રેકટીસ કરવા નહિ દઇએ અને

તે બદલ તેને મહિને બસોંથી અઢીસોં રુપિયા આપણે આપીએ તો કેમ?

કરોડપતિ માધવદાસ દાનધ્યાનમાં, અથવા અતીત અભ્યાગતની સેવામાં, કે દેશહિતના કામમાં, સહાયતા કરવાને માટે ખરેખરો કૃપણ બની જતો હતો. પોતાની જાતને માટે એક કોડી ખર્ચતાં પણ તેના જીવપર વીતતું હતું. પણ પોતાના પ્રાણોપમ પૌત્રને માટે અથવા વેપારના વધારા માટે, તે હંમેશાં ઉદાર રહેતો હતો. તે વખતે તે પૈસાને પૈસા તરીકે ગણતો નહતો. ધનુભાઇના વિચારને સંપૂર્ણ અનુમોદન આપી તે બોલ્યોઃ–

"ત્યારે તેમાં મને શું પૂછો છો? તેમ કરો. ડૉક્ટર દેશમુખ કહે છે કે, છોકરાને થોડા દિવસ હવાફેર કરવાને માટે કંઇ લઇ જાઓ. હવાફેર થવાથી એનું શરીર સુધરશે. પણ ભાઇ, હું તે કેવી રીતે કરું? માયાથી કહો કે મોહથી કહો, નશીબમાં શું છે તે કોણ જાણે— ચંપકને એક ઘડી પણ મ્હારી આંખ આગળથી ખસેડવાનું મને મન થતું નથી. તોપણ એક રસ્તો છે. બેચાર મહિના હું એને લઇને માથેરાન કે એવી બીજી જગાએ જાઉં તો કેમ?"

ધનુભાઇ બોલી ઉઠયો, "ના, ના, એમ કરવાની હું આપને સલાહ આપી શકતો નથી. ગમે તેવા પણ આપ શેઠ છો–કર્તા હર્તા છો. હું ગમે તેવો વિશ્વાસુ છતાં, આપ મ્હારા માથાપર હોવ, તેની વાત બહુ જુદી છે. મ્હારે આપની ઘડી ઘડી જરુર પડે. આવી સ્થિતિમાં આપ અહિંથી જાઓ, તો આપની લક્ષ્મી આપની સાથે ગઈ એમ સમજવું. માટે એવો વિચાર કરશોજ નહિ."

મા૦—ત્યારે શું કરવું?

ધ૦—એને માટે જ હું એક નવો ડૉક્ટર રાખવાનું આપને કહું છું.

મા૦—ત્યારે એવો કોઇ ડૉક્ટર તમારી ધ્યાનમાં છે? સારો વિશ્વાસુ હોય તો તેને રાખો.

ધ૦—વિશ્વાસુ ન હોય તો શું કામનું ? જેના હાથમાં જીવન મરણ સોંપીએ, તેની સારી રીતે પરીક્ષા કર્યા વિના, આપણે તેનાપર વિશ્વાસ રાખીએ, એ તો મૂર્ખાઈ ભરેલું ગણાય.

આ ઠેકાણે ધનુભાઇએ રતનલાલની ઓળખાણ આપી.

મા૦—હોંશીયાર છે કે ?

ધ૦—સાધારણ રીતે ઠીક છે.

ચતુર ધનુભાઇ આ વખતે ખરું બોલ્યો; "સાધારણ રીતે હોંશીયાર ન હોય તો તે આવી નોકરી કબુલ કરે કે ? દેશમુખ પણ એલ. એમ. એસ. છે. પણ તે મહિને ઓછામાં ઓછા પાંચ સાત હજાર રુપિયા પેદા કરે છે; અને તે કોઇ કોઇ વખતે શ્રીમંતોને ત્યાંથી જેવો દાવ મારે છે, તેવો દાવ કોઇ પણ નવો ડૉકટર, પોતાની આખી જીંદગીમાં મારી શકે તેમ નથી ! મ્હારું કહેવાનું એજ છે કે, ખરી જરુરની વખતે તો દેશમુખ છે જ. પણ ચંપકની સાથે સાથે રહે, તેના ખાવા પીવાની તદબીર રાખે, એવો એક નવો ડૉકટર જોઇએ."

મા.—તમે કહો છો તે ખરું છે. આજકાલ બજારોમાં વેચાતાં ભેળસેળવાળાં ઘી અને દૂધથી, તંદુરસ્તીને કંઈ ઓછું નુકશાન થતું નથી. ડૉકટર હોય તો એ બધી વસ્તુનો જોઈ તપાસીને ઉપયોગ કરે. તેને ને તમારે કયારનું ઓળખાણ છે ?

ધ.—ઘણો વખત થયાં એને ને મ્હારે ઓળખાણ છે. મ્હારા નોકર ચાકરને પણ એજ જુએ છે. ઘણી વખતે હું પણ એની દવા લઉં છું. થોડામાં મળે તો શું ખોટું ? વળી દેશમુખને તો વખત પણ મળતો નથી.

મા.—જ્યારે તમારો એવો વિચાર છે, તો મ્હારે કંઇ કહેવા જેવું નથી. તેમનું નામ શું છે ?

ધ.—રતનલાલ. કાલબાદેવી આગળ રહે છે.

મા.—ત્યારે આજે દિવસ સારો છે. તેમને બોલાવીને લખી લો.

ધ.—પહેલાં તેને નજરોનજર જુઓ. જોવાથી પણ ઘણું જાણવાનું મળે છે! હું તેને ખબર આપું છું.

ધનુભાઇએ એક સિપાઇ સાથે રતનલાલપર ચીઠ્ઠી લખીને મોકલી. જો કે આગલે દિવસે એ સંબંધી તેમની વચ્ચે વાતચીત તો થઈ ગઈ હતી.

ચીઠ્ઠી મળતાંની સાથે રતનલાલ પેઢી પર આવ્યો. ધનુભાઇએ રતનલાલની સાથે માધવદાસની ઓળખાણ કરાવી. માધવદાસે જોયું કે, ડૉકટર જેમ દેખાવડો છે, તેમ બોલવે ચાલવે પણ ઠીક છે. એથી તેઓ બહુ આનંદ પામ્યા. આડીઅવળી વાતચીત થયા પછી તેઓ બોલ્યા; "ત્યારે આજથી તમે મ્હારા ફેમીલી ડૉકટર તરીકે રહો. ધનુભાઇએ તમને પસંદ કર્યા છે, એટલે મ્હારે તમને વધારે કહેવાનું કંઈ નથી. ફક્ત તમને એટલું જ કહેવાનું છે કે, એ મ્હારી આંધળાની આંખ છે; તેને તમે નજર આગળથી દૂર ખસેડશો નહિ. તે શું ખાય છે, કયી વસ્તુ તેને માફક આવે છે, અને કયી વસ્તુ તેને નુકશાનકર્તા છે; તેની પરીક્ષા કરજો. અને તેના શરીરની સંભાળ રાખજો."

ર.—વારું સાહેબ, વિશેષ કરીને જ્યારે તમે એજ માટે મને નીમો છો, ત્યારે એ પ્રમાણે વર્તવા હું કદી પણ નહિ ચુકું.

ધનુભાઇએ કહ્યું; "વિશેષ કરીને એમ કેમ કહો છો? એમ કહો કે એ મ્હારી ફરજ છે, અને તે સંપૂર્ણ રીતે હુ બજાવીશ. ટુંકામાં તમને કહેવાનું એજ છે, કે બાળકની આરોગ્યતા અને દૈહિક ઉન્નતિની સાથે, તમારી આર્થિક ઉન્નતિ થશે; તે ધ્યાનમાં રાખજો" ફરી તે માધવદાસ તરફ જોઇને બોલ્યો; "હો, પહેલાંથી સૌ ચોખ્ખે ચોખ્ખું કહ્યું હોય તે સારું!"

"ચોખ્ખે ચોખ્ખું!" ધૂર્તની વાતચીતનું વલણ તો જુઓ!

થયું પણ તેમજ. ડૉકટરનો પગાર, રહેવા કરવાનું, સૌ નક્કી થઇ ગયું.

રતનલાલ બોલ્યો, "તે બાળકને મ્હારાથી જોઇ શકાશે કે?"

"હા; શા માટે નહિ? જ્યારે તેનો સંપૂર્ણ ભાર તમને સોંપવામાં આવ્યો છે, ત્યારે તમે તેને કેમ જોઈ નહિ શકો? અરે, અહિં કોણ છે. ચંપકને બોલાવ તો."

'જેવો હુકમ' કહી હમાલ જતો હતો, એવામાં ચંપક પોતાના શિક્ષકની સાથે ત્યાં આવી પહોંચ્યો. 'એક ચોપડી પૂરી કરીને તે હવે નવી ચોપડીમાં બેસશે' એ આનંદના સમાચાર કહેવાને અને દાદાનો આશીર્વાદ લેવાને, તે પોતાના શિક્ષકની સાથે આવતો હતો. બાળક કાંતિવાન પણ કંઇક કૃશ હતો.

દૂરથી પ્રાણોપમ પૌત્રને આવતો જોઇ, માધવદાસ આનંદથી બોલી ઉઠયા "આ મ્હારો લાલ, નામ લેતામાં આવી પહોંચ્યો! આવો બેટા, આવો, જીવતા રહો!"

ચંપક દાદાજીના ખોળામાં બેસી, લાડ કરતો કરતો બોલ્યો; "દાદાજી! મ્હેં રોયલ રીડર નંબર થર્ડ પૂરો કર્યો. હવે રોયલ રીડર નંબર ફોર્થમાં બેસીશ!"

મા.—જીવતો રહે દીકરા! હું ઘણો ખુશી થયો.

પછી શિક્ષક તરફ જોઇ તેઓ બોલ્યા, "માસ્તર સાહેબ! હું ઘણો ખુશી થયો. આ મહિનાથી તમારા પગારમાં દશ રુપિયાનો વધારો થશે."

માસ્તર—મ્હેં મ્હારી ફરજ બજાવ્યા સિવાય બીજું કંઈ કર્યું નથી. આપ સમજુ છો અને મ્હારી કદર કરો છો, તે માટે આપનો હું ઉપકાર માનું છું.

મા.—ચંપક! ત્હેં ત્હારા કાકાને સલામ નહિ કરી કે દીકરા?

ચંપકે, દાદાજીના ખોળામાંથી ઉઠીને ધનુભાઇને સલામ કરી.

ધનુ.—જીવતા રહો અને હજુ પણ સ્ફુર્તીની સાથે ભણો. પણ ભાઈ ત્હારું શરીર જોઇને મને કંઇ કંઇ થાય છે!

માસ્તર—હાજી, હું પણ આપને એજ કહેવાનો હતો. એમનું શરીર દુર્બળ હોવાથી, વધારે અભ્યાસ કરાવતાં મ્હારું મન પાછું હઠે છે.

ધ.—એનો ઉપાય કરીએ છિયે. હેં? ચંપક ત્હેં શું કહ્યું? કઇ બુક ત્હેં પૂરી કરી?

ચંપક—રોયલ રીડર નંબર થર્ડ.

ધનુભાઇ માસ્તર તરફ જોઇને બોલ્યો, "આવી ભૂલો તરફ તમે બેદરકાર રહેશો નહિ!"

પછી તે ચંપક તરફ જોઇને બોલ્યો, "ભાઇ, રોયલ રીડર નંબર થર્ડ, નહિ પણ થ્રી. નંબર થર્ડ નહિ, પણ નંબર થ્રી બોલવું જોઇએ.

માસ્તર શરમાતાં શરમાતાં બોલ્યો, "આપે ઠીક ભૂલ પકડી. અભ્યાસનું ફળ એવું જ નીવડે છે. કાંને સાંભળી સાંભળીને આવી ભૂલો, ભૂલ તરીકે ગણાતી નથી. એ મ્હારો દોષ છે. હવેથી હું એને માટે સાવચેત રહીશ."

ધ.—ના; એ તો મ્હેં તમને સહજ કહ્યું. વારું ગ્રામર કોનું શીખવો છો?

માસ્તર—આપ કોનું પસંદ કરો છો?

ધ.—ન્યુ મેન્યુઅલ ઠીક છે-પણ હવેથી નેસ્ફીલ્ડમાંથી પણ થોડું ઘણું શીખવજો. અને ટ્રાન્સલેશન તરફ ખૂબ નજર રાખજો.

માસ્તર—વારું જી. હવેથી Translation and Retranslation બન્ને સાથે શીખવીશ.

ધ૦—Original Composition તરફ પણ ધ્યાન આપતા રહેજો.

માસ્તર—વારું સાહેબ.

ધ૦—પણ બધાંનું મૂળ સદ્વર્તન છે. તે તરફ તમારે વધારે ધ્યાન આપવાનું છે. તે કેવળ તમારા સંસર્ગ અને ઉપદેશ ઉપર આધાર રાખે છે.

માસ્તર—આપ કહો છો તે બધું મ્હારી ધ્યાનમાં છે. કેવળ બાળકની આરોગ્યતા માટે મને ચિંતા છે.

ધ૦—હા, તેનીજ વ્યવસ્થા કરીએ છિયે. આ ડૉકટર સાહેબને આજથી રાખીએ છિયે. ચંપકને શો રોગ છે? તે દિવસે દિવસે કેમ દુર્બળ થતો જાય છે? તે તપાસવાને માટે જ એમને રાખવાની ગોઠવણ કરી છે. તમે જેવી રીતે અહિં છો, તેવી રીતે એઓ પણ હંમેશાં ચંપકની સાથે રહેશે. જુઓ ડૉકટર સાહેબ, ચંપકને શો રોગ છે? ચંપક આગળ આવ ભાઇ; ડૉકટર સાહેબને ત્હારી નાડ દેખાડ.

ચંપક ડૉકટરની સામે બેઠો. ડૉકટરે યંત્રની મદદથી, ચંપકની છાતી, પેટ, પીઠ, વિગેરે શરીરનાં અવયવો તપાસીને કહ્યું, "વિશેષ રોગ જેવું કાંઇ નથી. કેવળ પિત્તવિકારથી શરીરમાં બીગાડ પેઠો છે. અને તેથી Constitution સ્વાભાવિક રીતે weak છે. તેને માટે ચિંતા નથી. બે મહિનામાં એને હું sound health કરી આપીશ. એનું દુર્બળ શરીર એટલા વખતમાં હૃષ્ટ પુષ્ટ બની જશે!"

માધવદાસશેઠ ઉત્સાહથી બોલ્યા "હું તેજ માગું છું. જો ચંપકનું શરીર સારી રીતે સુધરી જશે, તો હું તમને પાંચસો રુપિયા બક્ષીસ તરીકે આપીશ." ત્યાર પછી તેઓ પોતાના મનમાં બોલવા લાગ્યા; "માસ્તર અને ડૉકટર બન્ને સારા દેખાય છે, પછી તો આપણાં નસીબ! પણ સૌ કરતાં વધારે હોંશીયાર મ્હારો ધનુભાઇ છે. હં, માસ્તરની ભૂલ કેવી પકડી કે .... કોઇ સારા વખત ચોઘડીએ એનો ને મ્હારો જોગ બેઠો છે. વેપાર રોજગારમાં પણ એનું ધ્યાન સારું છે. ચંપક પણ એને લીધે સુધરશે અને બાપદાદાનું નામ રાખશે. હવે મ્હારા

જીવને નીરાંત છે! કોઇ પણ બાબત મ્હારે જોવી પડતી નથી. એ એની મેળે સંભાળી લે છે. સૌ સારી રીતે ચાલે છે. હવે આપણે કેટલા કાળ કહાડવાના છે? આવું ને આવું ચાલે એટલે થયું. જેમ શ્રીહરિની ઇચ્છા હશે તેમ થશે!"

અરે; મોહ માયામાં ઘેરાયેલા વૃદ્ધ! તુ જીવનની વૈતરણીના તીરે ઉભો છે, છતાં તને આટલી માયા કેમ થાય છે? આ પૌત્ર તે કોણ? કોને માટે આમ ફાંફાં મારે છે? કોઇ કોઇનું નથી! સૌ સ્વાર્થનાં સગાં છે! તો શા માટે પેલા યક્ષના ધનની પેઠે, વિનાશકારી ધનતૃષ્ણામાં વિના મ્હોંતે મરવા જાય છે? હાય! ત્હેં જેવી રીતે વિશ્વાસથી, નિર્ભયતાથી, ધનુભાઇ જેવા પિસાચને આત્મસમર્પણ કર્યું, તેવી રીતે ત્હેં જગતનિયંતાનું શરણ લીધું હોત, તેને આત્મસમર્પણ કર્યું હોત તો તુ "હરિની ઇચ્છા" કહે છે, તે ત્હારા મ્હોડે શોભત. પણ તું મ્હોડે હરિની ઇચ્છા કહે છે, અને અંતરમાં ધનુભાઇ જેવા સેતાનપર નિર્ભય રહે છે!! અરે, માનવિય દુર્બળતા! તને તે શું કહેવું?

અને ધનુભાઈ તને તો કંઇ કહેવા જેવું નથી! તુ પોતાને બહુ હોંશીયાર માને છે. અને તેથી તુ અનેક કાવાદાવા અને પ્રપંચ કરીને, પોતાના પ્રતિપાળકનું સર્વસ્વ લુંટી લેવાને માટે, તેના એક ખરા હકદાર વારસને, તેના એક નિર્દોષ કોમળ બાળકને, મારી નાંખવા ઇચ્છે છે. પણ એમાં ત્હારો જય નથી, પણ પરાજય છે! જ્યારે પરીક્ષાનો વખત આવશે, જ્યારે કર્મફળ ભોગવવાનો વખત આવશે, ત્યારે તુ સમજીશ કે, ત્હારા અલક્ષ્યે એક ચતુર ચિત્રકાર, દર્પણમાં પ્રતિબિંબ પડે છે, તેમ ચોકખી રીતે, ત્હારી છબી આંકી અને જ્યારે ત્હારો વખત પુરો થશે, ત્યારે તે તને બતાવશે. ત " તુ પોતે ગભરાઇ ઉઠીશ. તે વખતની ત્હારી સ્થિતિ બહુ જ દુઃખદા ની જશે!

એટલા માટે જ તને કહેવું પડે છે, કે તુ એટલો બધો ધૂર્ત થઇશ

નહિ. એમાં ત્હારું અનિષ્ટ થશે! કંઇક સરળ થા, કંઇક સદ્દગુણી થા, તો ત્હારું ભલું થશે! એક ડાહ્યા માણુસે કહ્યું છે કે, નાનું બાળક નાચે છે, કુદે છે અને મનમાં આનંદે રમે છે. તેને પોતાને ખાવાની ચિંતા નથી, તેનો વિચાર પણુ તેને નથી. છતાં તેને અનાયાસે, અમૃત તુલ્ય પોતાની માતાના સ્તનનું દુધ મળે છે; અને કાગડો મહા ચતુર છે, ધૂર્ત છે, તે કેવા પ્રપંચ કરે છે, આહારને માટે કેવો આખો દિવસ ઉડતો ફરે છે, પણુ ભગવાનનો માર જો, તેને આહારમાં વિષ્ટાજ મળે છે!

તેથી હે બી.એ. ઉપાધિધારી, બુદ્ધિવૃત્તિના અનુશીલનકારી, ઇશ્વર અવિશ્વાસી જીવ! આવી ધૂર્તતા મૂકી તુ સરળ થા, વિશ્વાસુ થા. કારણુ કે એમાં જ ત્હારું કલ્યાણુ છે! પરંતુ તને ઉપદેશ આપવો વૃથા છે. ત્હેં કરોળિયાની પેઠે ત્હારી કાળરૂપી કર્મજાળ હાથે રચી છે! એ કર્મજાળમાં તુ પોતાને હાથે ફસાયો છે! કોનામાં એવી શક્તિ છે કે, તને એમાંથી બહાર કહાડી શકે?

અગાઉથી કરી મૂકેલા ઠરાવ પ્રમાણે, સૌ કામ ચાલવા લાગ્યું. ડૉકટર રતનલાલ, ધનુભાઇરૂપી પિસાચ—ગુરુના ઉપદેશથી, થોડા દિવસ માધવદાસના નયનમણિ ચંપકના આરોગ્યને માટે, વધારે લક્ષ રાખવા લાગ્યો. વિશેષ યત્નથી પોતાને હાથે એક બળકારક ઔષધિ તૈયાર કરી, તે દરરોજ નિયમ પ્રમાણે ચંપકને ખવડાવવા લાગ્યો. ઔષધ અને પથ્યના ગુણે બાળક નિરોગ અને બળવાન થયો. એ જોઇ માધવદાસ શેઠ બહુ ખુશી થયા અને પ્રથમ કહ્યા પ્રમાણે તેમણે ડૉકટરને પાંચસો [illegible]ધાણ રોકડા અને એક કસબી સાલ ઇનામમાં આપી! [illegible]ાસથી દુધ પાઇને સાપ ઉછેર્યો! બીજી તરફ સમય વર્પાત્ર ધનુભાઇએ, ડૉકટરને હાથે તે કોમળ નિર્દોષ બાળકને વિષ ખવડાવ્યું! મૃદુ વિષ—સ્વાદ ગંધ વિનાનું આ-

સૈનિક—દરરોજ થોડું થોડું તેને ખવડાવવામાં આવ્યું ! દુધમાં, પાણીમાં, દવામાં અને શરબતમાં જેમ અનુકૂળ પડે, તેમ યુક્તિથી વિષ મેળવી ડૉક્ટર તેને પાવા લાગ્યો ! કોઇ પણ જાતના રંગ વિનાનું, સ્વાદ વિનાનું, તે વિષ—ગમે તે પદાર્થમાં સહેલાઇથી ભળી જતું હતું ! તેથી પીનાર પણ કંઇ જાણી શકતો ન હતો ! આવી રીતે વિના અડચણે કામ પુરું થયું ! કોઇએ જાણ્યું નહિ, કોઇએ જોયું નહિ. મૃદુવિષ—ચંપકની નસે નસમાં ધીરે ધીરે પ્રસરી ગયું !

ચંપક દિવસે દિવસે ગળાતો ચાલ્યો. શરદ પૂનમના ચંદ્રમાનો જેમ દિવસે દિવસે ક્ષય થતો જાય, તેમ તેનો ક્ષય થવા લાગ્યો ! પાપી ધનુભાઈ દિવસ ગણવા લાગ્યો. પીસાચ ડૉક્ટર વિલાસિનીના મોહમાં દિવસે દિવસે આકૃષ્ટ થતો ચાલ્યો; અને વૃદ્ધ માધવદાસ, ભગવાનનું નામ ભૂલી, પરમદયાળુ પરમહંસને વિસરી, કેવળ પૌત્રની માળા જપવા લાગ્યો ! પાપી ડૉક્ટર તેને વારે વારે સમજાવતો કે, "દવાપર દવા બદલું છું' તેથી ચંપક થોડા દિવસમાં તદ્દન સારો થઈ જશે !"

પ્રકરણ ૧૨ મું.

સિદ્ધેશ્વરનો શંસય !

પરમહંસ બ્રહ્માનંદ સ્વામી, પોતાના 'શાંતિ નિકેતન'માં બેઠા બેઠા કામિની-કાંચનની લીલા ગાય છે !

કામિની ઔર કાંચનકા ખેલા !
જૈસા નરકમેં ઠેલમઠેલા !
સમજ સોચકે દેવે સાથ !
તો કછુ ન જાવે જમકે હાથ !

અહો! કામનિ અને કાંચન, ત્હારી લીલા કેવી વિચિત્ર છે!

કામિની ઔર કાંચનકી માયા!
કોઈ કીસીને ભેદ ન પાયા!
જીસને પાયા ઉસને છુપાયા!
નામ ઉસીકા જગને ગાયા!

ધન્ય છે! એ માયાના જીતનારને!

કામિની–જનનિ, કાંચન–બંધન!
ભેદ ભાવસેં કરકે વર્તન!
સત્ અસતકા કરે બિચાર!
તો નાથ ઉતારે ઉનકોં પાર!

"સિદ્ધેશ્વર, ઓ સિદ્ધેશ્વર! આમ આવ!"

"પ્રભુ! શું અનુમતિ કરો છો?"

"ત્હારે કામિની અને કાંચનની લીલા જોવી છે? જોવી હોય તો દેખાડું. શિવશંકરથી તો બેસી ન રહેવાયું, તેથી તે મહંત બની, જટા કોપીન ધારણ કરી, એ લીલા જોવા બહાર નીકળી પડયો છે. તે દેશ વિદેશમાં ફરે છે અને મનનું ધાર્યું કરે છે. હતભાગી હેમક્ષેમ પાછો આવે તો સારું!"

"હા પિતા! ઘણા દિવસ થયાં, તેની કંઇ ખબર આવી નથી."

"એનો વખત થયો છે, એટલે હવે તે આવવો જોઇએ. પણ સિદ્ધેશ્વર, આ તો જો, મ્હારી માની લીલા તો જો. અરે વાહરે વાહ! તું પણ આટલી બધી લીલા જાણે છે!"

સસ્મિત વદને, અપૂર્વ ભાવથી, પરમહંસ ઉઠીને ઉભા થયા. ચક્ષુમાં ભક્તિ–પ્રેમપૂર્ણ અશ્રુ–ગદ્દગદ્દભાવ, રોમાંચિત્ દેહ!

શિષ્ય સિદ્ધેશ્વર, આ ભાવ સમજી શકયો નહિ. તે મૌન ભાવે ઉભો રહીને ગુરૂને જોવા લાગ્યો!

પરમહંસ, સ્થિર દ્રષ્ટિ રાખી પોતાના મન સાથે બોલ્યા, "અરે વાહ! આટલો બધો ભાવ, પ્રકટ કરે છે?"

આ વખતે સિદ્ધેશ્વરે હાથ જોડીને ગુરૂને પૂછ્યું, "ગુરૂદેવ! આપ આમ એકી નજરે શું જુઓ છો?"

દિવ્ય હાસ્યથી,–સૃષ્ટિ રહસ્યનો એક મહાન્ ભાવ ઉપલબ્ધ કરી પરમહંસ બોલ્યા, "એક વાંદર! જો જો તે કેવો આ ડાળ પરથી પેલી ડાળ પર કૂદતો ફરે છે, હાથ મ્હોડું નચવે છે, માથું ખંજવાળે છે, અને શરીર પરની જુઓ વીણીને ખાય છે! ઉહું; એની પાસે જઈશ નહિ. નહિ તો ગુસ્સાથી એ તને મારવા આવશે! ભાઈ રે, કોઈના અભિમાનને આઘાત કરવો નહિ!"

"પ્રભુ! શું વાંદરને પણ અભિમાન હોય?"

"ત્યારે નહિ. અભિમાન જીવ માત્રને. અને જીવતે કોણ? તે જ મ્હારી મા! તેણે માયા લગાડી આપણી આંખો પર પાટા બાંધ્યા છે, તેથી જ આપણે સૌને ભેદ દ્રષ્ટિએ જોઈએ છિયે!"

"ત્યારે તો માને પણ અભિમાન છે!"

"ઓ બાપરે! માને તે વળી અભિમાન ન હોય? એના જેવી અભિમાની બીજી કોણ છે? એ અભિમાનને લીધે, તો તેણે દક્ષ પ્રજાપતિને ત્યાં આત્મપ્રાણની આહુતિ આપી અને પ્રજાલોકે મ્હારી પરીક્ષા થશે એમ ધારી સશરીરે પાતાળમાં પ્રવેશ કીધો! એ બધી અભિમાનની લીલા! માને અભિમાન ન હોય? મૂળમાં ન હોય તો, તને ક્યાંથી હોય, મને ક્યાંથી હોય, આ વાંદરને ક્યાંથી હોય અને આ જગત્ બ્રહ્માંડને ક્યાંથી હોય? સૌ આકારમાં જ સમાઇ જાય! તેને તો સારુંએ છે ને નઠારુંએ છે. તેને પાપએ છે, ને પુણ્યએ છે. અમૃતે છે ને વિષ પણ છે! ઉહું; તું વિષ ખાઇશ નહિ;

ત્હારાથી જીરવાશે નહિ. મા આપવા આવે તો ન્હાશી જજે; ખાઇશ નહિ, ખાઇશ નહિ!!"

સિદ્ધેશ્વર અવાક્ બની ગુરૂને જોઈ રહ્યો. પરમહંસ બોલ્યા; "પરંતુ સૌની પહેલાં મન–મનનો મેલ ધોઇ નાંખ–તો તને કોઇ કંઇ કરી શકનાર નથી. મા આવશે તે પણ તને જોઇને ન્હાસી જશે!"

"મનનો મેલ શું મા ન ધોઇ શકે?"

"શા માટે નહિ? પણ તેને માટે ભજન સાધનથી જરુર છે. માની પાસે રડી રડીને તેને કહેવું જોઇએ કે, "મા; મ્હારી સામું જો. મને ત્હારે ખોળે લે. હું ત્હારા વિના કંઈ જાણુતો નથી. તું જ મ્હારું સર્વસ્વ છે!" પણ એ કેવળ મ્હોંડેથી નહિ, પણ અંતરથી કહેવું જોઇએ. તેમ થાય તો કોઇનો ભય રહે નહિ. ગમે તેવી વિપત્તિમાંથી પણ તે આપણો ઉદ્ધાર કરે! તે માટે હું સઘળાંઓને કહું છું કે, ભાઇઓ તમે સૌથી પહેલાં મનનો મેલ ધુઓ! મનને નિર્મળ કરો. એ મનના ગુણે તમને ધન મળશે. એમાં કોડીનો ખર્ચ નથી ને કોડીનું નુકશાન નથી. કોઇને કહેવાનું નથી ને કોઈની ખુશામત કરવાની નથી. સૌ એની મેળે મળી જાય છે! અને તેમાં આનંદ પણ કેટલો બધો છે? પણ સાંભળે છે કોણ? સૌ પોતપોતાની નજરમાં આવે તેમ કરે છે!"

"કામિની–કાંચન પર જે આસક્તિ થાય છે, તે પણ મનમાં ગુણે થતી હશે?"

"નિશ્ચય, એને માટે તને હજું શું સંદેહ છે?"

"પ્રભુ! ક્ષમા કરો. એક વાત પૂછુ છું તેનો ઉત્તર આપો. કામિની અને કાંચન શું વિષવત્ પરિત્યાજ્ય છે? એમ હોય તો સૃષ્ટિ ચાલે કેમ? આપનો શું એવો જ મત છે?"

"હું તો જે સમજું તે મ્હારો મત. મા મને જેમ સમજાવે

તેમ હું તને કહું છું. કામિની અને કાંચન બન્ને જરુરનાં છે. પણ તેમાં એક પ્રકારનો ભેદ છે!"

"તે ભેદ કૃપા કરીને મને કહો."

"કહેવા કરતાં હું તને નજરે બતાવું તો કેમ?"

"આપની જેવી ઇચ્છા!"

"હાં; જોઇશ તો તું ગાંડો બની જઇશ. તને સાંભરતું તો હશે કે, થોડાં વરસ ઉપર બે છોકરા પોતપોતાના મનમાં જુદું જુદું ધારીને આપણા આશ્રમમાં આવ્યા હતા. તે બન્ને જણની પરીક્ષા થશે!"

"પેલા મનુ અને ધનુ કે?"

"હા; તે મનુ અને ધનુ! શિવશંકરની સાથે એકનો સંબંધ છે, તે વખત આવશે ત્યારે તને સમજાશે. બીજાનો સંબંધ પેલા કરોડ-પતિ ડોસાની સાથે છે. નહિ તે દિવસે મ્હારા હાથે સોનાના કડાં પહેરાવી ગયો હતો; તને યાદ છે? એ ડોસાની સાથે તેને હમણા બહુ બેસતું છે! એ બન્નેનું પરિણામ તું જ્યારે જોઇશ, ત્યારે તું ત્હારા મતનું યથાર્થપણું સમજીશ!"

સિદ્ધેશ્વર હાથ જોડીને બોલ્યો "પ્રભુ! મ્હારો મતામત શું? તમે મને જેમ ચલાવશો તેમ હું ચાલીશ!"

"ના ના તને હજું સંદેહ રહી ગયો છે. એ સંદેહ ભાગવાને માટે ત્હારે થોડું ઘણું જોવું પડશે."

"ના પ્રભુ! ક્ષમા કરો. મને ફરી સંસારમાં મોકલશો નહિ. મ્હારે હવે તે જોવો નથી!"

પરમહંસદેવ હસ્તાં હસ્તાં બોલ્યા, "એમ તે કંઇ ચાલે? જીવતાં હોઇએ ને કંઇ આંખો મીંચીને બેસી રહેવાય? પણ બીહીશ નહિ. તને બહુ અથડાવું નહિ પડે!"

સિદ્ધેશ્વર ગુરૂના પગમાં પડયો અને રડતાં રડતાં બોલ્યો, "પિતા,

પિતા, ક્ષમા કરો! હું તો મૂર્ખ છું, અજ્ઞાન છું, તેથી મ્હેં વિના વિચારે આપની સાથે વાદ કર્યો. મ્હારે સંસાર જોવો નથી. જે આઘાત પામી હું ન્હાશી આવ્યો છું, તે આઘાત સંભારતાં મ્હારી છાતી ચીરાઇ જાય છે! ના પ્રભુ! હવે હું સંસારમાં નહિ જાઉં. જ્વલંત અગ્નિની પેઠે એ ચિત્ર મ્હારી છાતીમાં સદા બળતુંજ રહે છે! મોહને વશે હું આત્મવિસ્મૃત થયો હતો. પ્રભુ! દુર્બળનો અપરાધ ક્ષમા કરો!!

"ના, ના; તને હવે કંઈ જવું નહિ પડે. તુ મ્હારી પાસે રહીને સઘળું જોઇ શકાશ. પણ એક વાત તને કહી મૂકુ છું તે ધ્યાનમાં રાખજે—એ માયાની લીલા જોતાં જોતાં મ્હારે પણ બહુ ખમવું પડશે. તે વખતે તુ બહુ હોંશીયાર રહેજે; સમજ્યો?"

"પ્રભુ! તમે એવો પ્રસંગ આવશે એવું પહેલાથી જાણો છો, ત્યારે તેના અટકાવનો બંદોબરત કરોને!"

"મ્હારા જેવા મસ્ત માણુસને બંદોબસ્ત કરવાની શી જરુર? જે કરવું હશે તે મા પોતાની મેળે કરશે—મ્હારા કરવાથી શું વળે? તું તે વખતે આ મંત્રનો જાપ જપજે—"

"કામિની-જનનિ, કાંચન—બંધન!"

"કામિની-જનનિ, કાંચન—બંધન!"

"ફરી બોલ; કામિની—જનનિ—કાંચન—બંધન!"

"કામિની—જનનિ, કાંચન—બંધન!"

ફરી બોલ;

સિદ્ધેશ્વર ફરી ગંભીર સ્વરે, રોમાંચિત્ શરીરે બોલ્યો;

"કામિની—જનની કાંચન—બંધન!"

પરમહંસ હસ્તાં હસ્તાં બોલ્યા; "આ ત્હારા પ્રશ્નનો ઉત્તર થયો. કામિનીને જનનિ ભાવે અને કાંચન બંધનરૂપે જાણી, સંસારમાં રહેવાથી, તને યોગી અથવા સંન્યાસીના સંસર્ગની જરુર રહેશે નહિ!"

સિદ્ધે૦—દેવ ! ત્યારે સંસારાશ્રમ સૌ કરતાં શ્રેષ્ટ છે ?

પર.—નિશ્ચય, રાજર્ષી જનક કરતાં, કયો સંન્યાસી શ્રેષ્ટ હતો ? તેને શું કામિની–કાંચન ન હતાં ? તે શું સૃષ્ટિ રક્ષાનો વિરોધી હતો ?

" આજ્ઞા ના. " એટલું કહી સિદ્ધેશ્વર પોતાના મનમાં બોલ્યો, " અરેરે; મ્હેં કેવો મૂર્ખના જેવો પ્રશ્ન કર્યો. "

પર.—કામિની અને કાંચન તેથી વિષવત્ વર્જ્જનીય નથી; તેની આવશ્યકતા છે જ.

સિદ્ધે.—પ્રભુ ! હવે મને સમજણ પડી. ખરેખર તેની આવશ્યકતા છે. પણ જે બન્નેથી બચીને ચાલે તેને ધન્ય !

પર.—ધન્ય મહાન, માના સુસંતાન, તું નમવાને યોગ્ય છે. મ્હારામાં તેવી શક્તિ નથી; માટે જ હું આવો વેષ ધરીને ફરું છું. હું એવા મહાત્માને માટે કહેતો નથી, પણ જેઓ કામિની અને કાંચનમાં સદા પચેલાં રહે છે, અને એ બન્ને વસ્તુને જીવનના સારરૂપ માને છે, તથા કોઈ પણ વિષયમાં તેનો વિવેક વિચાર કરતા નથી, તેવા લોકોને માટે હું તને કહું છું કે, તેઓ સાધારણ રીતે કામિની–જનની અને કાંચન–બંધન એ ભાવ મનમાં અંકિત કરી રાખે. જેથી નર્કનો પ્રેત, ઘડી ઘડી તેમના મનમાં ડોકીયાં કરી શકશે નહિ ! આવી રીતે કરવાથી શોક તાપથી ભરેલા, આ સંસારનો અર્ધો અગ્નિ હોલાવા પામશે !

" કાલના જીવોને એવો શુભ દિવસ પ્રાપ્ત થશે ખરો ? "

" થાય ન થાય એ માની ઇચ્છા. મા મનમાં ધારે તો સૌ થાય, ન ધારે તો કંઇ ન થાય ! ગમે તેમ પણ આ ત્હારો સંદેહ જલદીથી ભાગી જશે. તું એની લીલા જ્યારે જોઇશ, ત્યારે ત્હારા મનનું સમાધાન થશે. પણ જોજે ખૂબ હોંશીયાર રહેજે. તે મને પણ તમાચો મારવા આવશે !

સિદ્ધે.—તે દુષ્ટ એટલો બધો હિંમતવાન છે?

પર.—અરે હું તે શું, પણ વખત આવે તે પરમેશ્વરને પણ મૂકે એમ નથી! શિવશંકરના નસીબે એક જણને તો સુધાર્યો છે. પણ બીજો તો હમણા સ્વતંત્ર રાજ્યસત્તા ભોગવે છે! તેનો જ વધારે ભય છે. પાપી સત્યાનાશ વાળી મૂકશે, સંસારની ધૂળધાણી કરી મૂકશે! ઉંહું. મા! તેમ થતાં તું સૌને સંભાળજે. પરંતુ તેનાં એ મહાપાપનું પ્રાયશ્ચિત પણ છે!

સિદ્ધે.—પ્રભુ! શું એની સદ્‍ગતિ નહિં થાય?

પર.—માની ઈચ્છા હોય તો થાય!

સિદ્ધે.—ત્યારે એમ કેમ?

પર.—અમંગળની અંદર પણ મંગળની ભાવના છે. જવા દે હવે એ વાતને, મને માનું સ્મરણ કરવા દે.

પરમહંસ ધ્યાનમાં બેઠા. સિદ્ધેશ્વર ભક્તિભાવે ગુરૂને જોઈ રહ્યા!

પ્રકરણ ૧૩ મું.

પાપની પૂર્ણ લીલા!

પેલા પાપ–ઉદ્યાનમાં પાછી આજે ત્રિપૂટી મળી છે. ધનુભાઈ, વિલાસિની અને ડૉકટર આજે પાછાં પાપ–વિચાર કરતાં બેઠાં છે. રાત્રિના આઠેક વાગ્યાનો સુમાર થયો છે. સહજ સાજ વરસાદના છાંટા પડે છે, એ ત્રણ શિયાળવાં વચ્ચે વચ્ચે બૂમો પાડી ઉઠે છે. એ સિવાય જનતાનો કંઈ પણ જનરવ, કે શબ્દ સંભળાતો નથી. આકાશ ઉપર કાળાં વાદળાં છવાઈ રહ્યાં છે. આપણા નાયક નાયિકાના મનપર પણ નીચ સ્વાર્થરૂપી કાળાં વાદળાં છવા-

ચેલાં છે. તે વાદળાં એક બીજાની સાથે અથડાય છે, ત્યારે વીજળી ઉઠે છે અને તેથી વજ્રપાત થવાની સૂચના થાય છે! એ વજ્રપાતથી એક નિર્દોષ બાળકનો અંત આવવાનો છે; અને તે માટે એ લોકો વિચાર કરતાં બેઠાં છે. ગીધ, કાગડા અને બીજાં ફાડી ખાનારાં જનાવરો, વગડામાં એક શબને જોઇ, જેમ આનંદથી અધીરાં બની આમ તેમ દોડાદોડી કરી મૂકે છે, તેમ આ ત્રણે જણાં દોડાદોડી કરી રહ્યાં છે! તોપણ ત્રણેના મનમાં ત્રણ તરંગો ચાલે છે અને તેના વિચારમાં જ તેમના મન હાલ રમી રહ્યાં છે!

થોડીવારે ધનુભાઇ વિલાસિનીના સામું જોઇને બોલ્યો, "હવે ત્હારી આગળ છાનું રાખવાનું કંઇ કારણ નથી. ચંપકને ઝેર દેવામાં આવ્યું છે. ઝેરની અસર પણ થોડી ઘણી જોવામાં આવે છે. હવે ડોસાનું શું કરવું તે માટે વિચાર થાય છે!"

વિલાસિનીએ સ્વામીના અલક્ષ્યે, મધુર મંદ હાસ્ય કરી, ડૉક્ટર તરફ એક કટાક્ષ નાંખ્યો; અને તરતજ એ ભાવ બદલી તે જાણે ચમકી હોય તેમ બોલી ઉઠી; "ઓઃ મા! ઝેર? ઝેર? સત્યાનાશ વાળ્યું!"

ધનુભાઇ હસ્તાં હસ્તાં બોલ્યો, "કોનું? ત્હારું, મ્હારું કે રતનલાલનું? બૈરાંની જાત જ બીકણ; વાત કરતામાં ભડકી ઉઠે!"

ડૉક્ટર તેનો પક્ષ લઇને બોલ્યો; "ના, ના, એમ નથી. પણ એમણે સાંભળ્યું હમણાં, એટલે એઓ જરા ચમકી ઉઠયાં!"

વિ.—હું તો ચમકી કે નહિ, તે વાત જુદી છે. પણ ડૉક્ટર તમે મને અત્યાર સુધી કેમ કંઈ કહ્યું નહિ? તમે અંદર અંદર સમજી ગયા, પણ હું હવે ડીટેક્ટીવ થાઉં ત્યારે?

ફરી જનાન્તિકે હાસ્ય અને તેવોજ પાછો કટાક્ષ!

ડૉક્ટરે શરમથી નીચું જોયું. પણ નીચું જોતાં જોતાં તેણે તે પરકીયા નાયિકા પ્રતિ પ્રેમદૃષ્ટિ કરી !

ધનુભાઈ હસીને બોલ્યો, “ તુ ડીટેકટીવ થાય ત્યારે અમારો મોસાળવાસ નક્કી સમજવો. પણ તું છટકી જાય એમ નથી ! ”

વિ.—કેમ મ્હારો શો ગુન્હો ?

ધ.—ગુન્હામાં તુ મ્હારી અર્ધાંગિના–એટલે ત્હારો છૂટકો થાય કયાંથી ?

વિ.—હવે એવી ઉડાવવાની વાત કરશો:નહિ. મને એ વાત તમે કેમ ન કરી તે કહો !

ધ.—તુ મ્હારી સ્ત્રીને બદલે, સ્વામી કેમ ન થઇ તે કહે ?

વિ.—હું સ્વામી થાત તો તમને કદી પણ આવું કામ કરવા દેત નહિ !

ધ.—અને હું સ્ત્રી થાત તો, તને કદી પણ ડીટેકટીવની બ્હીક બતાવત નહિ !

વિ.—ફક્ત ડીટેકટીવ ? ડીટેકટીવ–થાણું, પોલીસ, લાલપાઘડી એ સૌ !

ધ.—બીજું બાકી શું કરવા રહેવા દે છે. કહેને કે કેદ, કાળાં પાણી ફાંસી.—

વિ.—મશ્કરી ન કરો, પરિણામ વિચારો !

ધ.—પરિણામ આવતા પહેલાં ત્રીજોરી તર થઇ જશે ! પેલા અગણિત ગોળાકાર સફેદ ચકરડાંથી અને હીરા માણેક અને ઝવેરાતથી ઘર ભરાઇ જશે; સમજી ?

વિ.—સમજી ? ઘર ભરતા પહેલાં, તમે કંઇ ભરાઇ ન જાઓ તે તપાસજો !

ધ.—તપાસ્યા વિના કંઇ કરતા હોઇશું ?

પાપીણી વિલાસિની, ડૉકટર તરફ જોઇ પતિને કહેવા લાગી, "તમે આવા સારા માણુસને તમારી સાથે શા માટે સામેલ કર્યા? એઓ બહુ સદ્દગુણી અને પવિત્ર સ્વભાવના છે!"

એ સાંભળી ધનુભાઇ મનમાં બોલ્યો, "તને એની લાગણી બહુ થતી દેખું!"

આ વખતે ડૉકટરથી બોલ્યા વિના રહેવાયું નહિ. ધનુભાઈ બોલતા પહેલાં તે બોલી ઉઠયો, "તમે જેવું ભયંકર ધારો છો, તેવું કંઇ એ ભયંકર નથી. છોકરો બહુ તો દશ બાર દહાડા કહાડશે. હવે રહ્યો ડોસો. ડોસો જીવી જીવીને કેટલું જીવવાનો છે. વરસ વં- ટોળ જીવે તો ભાગ્ય! તેટલામાં એક બનાવટી વીલ ઉભું કરવાનું. કેમ એમ જ ને?"

"હા. બીજું શું? ખોટી સહી સાક્ષી કયાં થતી નથી?" ધનુભાઇ આનંદથી બોલી ઉઠયો.

પણ વિલાસિનીના ઉપલા શબ્દો ડૉકટરના મનમાં રમી રહ્યા. "અહો! મ્હારા માટે એ કેટલી બધી લાગણી ધરાવે છે! મ્હારી કલ્પિત વિપત્તિને માટે મ્હારી પ્રેમાળ પુતળી, કેટલી બધી શોકાતુર થાય છે? ઘરની સ્ત્રી કરતાં પણ એ મને વધારે ચાહે છે!!"

આ વખતે ડૉકટર ન જાણે તેમ, પતિ–પત્નિ વચ્ચે કંઇ સંકેત થયો.

"ત્યારે રતનલાલ ઉપરથી ત્હારી શ્રદ્ધા ઉઠી ગઇ? હવે સારો માણુસ ગણીને તું એને માન નહિ આપે? જો દુનિયામાં કોઇ મ્હારું હિત ચાહનાર હોય, અને કોઇ મ્હારો ખરો મિત્ર હોય, તો તે બીજું કોઇ જ નહિ પણ રતનલાલ છે! મ્હારા સુખે દુઃખે કોઇ સહાય થનાર હોય તો, તે આ મ્હારો મિત્ર જ છે! અને તેથી જ રતન-

લાલને દીયેર તરીકે ગણવા મ્હેં તને કહ્યું છે, તે તું ભૂલી નહિ ગઇ હોય !" ધનુભાઇએ વિલાસિનીને કહ્યું.

રતનલાલ નીચી નજરે બોલ્યો, "મ્હેં મ્હારી ફરજ બજાવ્યા સિવાય, બીજું કંઇ જ કર્યું નથી. તમે મોટા છો અને તેથી મ્હારું માન વધારો છો."

"પણ હું ક્યાં એમનાથી જુદાઈ રાખું છું !"

વિલાસિનીથી બોલતાં તો બોલાઈ ગયું. પણ એ શબ્દનો અર્થ વખતે ધનુભાઇ જુદો કરી બેસશે તો ખોટું થશે; એ વિચારથી તે શરમાઈ ગઇ, અને માથાપરનો છેડો આગળ ઓઢી તે દૂર જઇને બેઠી ! તેનું મ્હોડું શરમથી લાલ બની ગયું હતું. અને તેની બન્ને આંખો જાણે, ભોંય સાથે ચોંટી ગઈ હોય તેમ દેખાતું હતું. આવી લજ્જા અને શરમની વખતે પણ તેના મ્હોંડા અને આંખો પર સ્મીત ફરકી રહ્યું હતું !

ડૉકટરનું હૃદય આનંદથી ઉછાળા મારવા લાગ્યું ! "આહા, મ્હારી સ્નેહ પ્રતિમા, પોતાને મ્હોંડે કહે છે કે, 'હું ક્યાં એમનાથી જુદાઇ રાખું છું !' ઓ સ્વર્ગ ! તું ક્યાં છે ? ઓ સુધા, તું ક્યાં રહે છે ?"

ડૉકટર આમ આનંદ–સાગરમાં ગોથા ખાતો હતો, અને ધનુભાઇ પોતાનું કામ કહાડી લેવાને માટે મથતો હતો ! જો કે વિલાસિનીના ઉપલા શબ્દો તેના, મર્મે મર્મે વિંધાઇ ગયા હતા. અને તેના બોલવાનો ભાવ પણ તે સમજી ગયો હતો; છતાં એ શબ્દો બોલ્યા પછી વિલાસિનીને શરમથી દૂર બેઠેલા જોઇ, તે તેને સમજાવવાને માટે બોલ્યો, "તમારો અરસપરસનો આવો વ્યવહાર જોઇને હું બહુ ખુશી થાઉં છું ! અલબત, જ્યાં મન મળ્યું હોય ત્યાં જુદાઇ શી ?"

ત્યાર પછી તે પોતાના મન સાથે બોલ્યો, " બચ્ચાજી! ગભરાઈશ નહિ. થોડા દિવસ મજા કરી લે, પછી હું ત્હારી વલે' કરું છું! વિલાસિનીની નજર બગડે તો નહિ, અને કદાચ બગડે તોપણુ હમણુા આંખ આડા કાન કરવાની જરુર છે. હવે દિવસ પણુ કેટલા બાકી છે!"

ફરી ધનુભાઈ આતુરતાથી બોલ્યો, " રતનલાલ! હવે કેટલા દિવસ બાકી છે?"

ર.—હવે શાના દિવસ? ખબર તો અત્યારથી પડવા માંડી છે. મ્હોંડા અને આંખો પર તેનાં ચિન્હો પણુ જણુાવા માંડયાં છે. કોઇ કોઇ વખત લોહીની ઉલટી પણુ થાય છે. હવે બહુ તો દશ બાર દહાડા! ઘણી સાવચેતીથી કામ કરવું પડયું છે, તેથી આટલા દિવસ વાર લાગી છે! કારણુ કે કોઇ જાણી શકે નહિ."

ધ.—હા જો જો; ગફલતમાં રહેશો નહિ. કોઇને સંદેહ સરખો પણુ આવે નહિ; એવી રીતે કામ કરજો. દર્દીના ઓરડામાં કોઇને જવા દેશો નહિ. નહિ તો કાંઠે આવેલું વહાણુ ડુબી જશે!

ર.—નાજી, એવી બ્હીક રાખવાનું કંઈ કારણુ નથી. શેઠને મ્હે સમજાવ્યું છે કે, એને સાધારણુ પેટનું દર્દ છે. પહેલાં બહુ દુર્બળ હતો, અને દવાના ગુણુથી એ એકદમ સબળ થયો; ત્યાર પછી આમ થઈ આવ્યું છે. પણુ એમ કરતાં કરતાં એનું શરીર સુધરી જશે. એ સાથે તેમને મ્હેં એવું પણુ જણુાવ્યું છે કે, નાની ઉંમરમાં અને તેની આવી બગડેલી તંદુરસ્તીમાં, વધારે અભ્યાસ તેને નુકશાન કર્તા છે. માટે થોડા દિવસ એનો વિદ્યાભ્યાસ બંધ કરાવવો જોઇએ!"

ધ.—ઠીક કહ્યું પણુ જો જો માસ્તર વચ્ચે પગ ન ઘાલે!

ર.—માસ્તરથી શું વળવાનું છે!

ધ.—તે કદી જોવા આવે છે ખરો?

ર.—ના, તેને હું ઓરડામાં આવવા જ દેતો નથી. ફક્ત એક ચાકર આવે છે, તે પણ કોઈ કોઇ વાર. કોઇની બ્હીક નથી. બ્હીકમાં બ્હીક દેશમુખની, કે શેઠ બીજો કોઇ યુરોપિયન સર્જન લાવે તેની!

ધ.—તેની બ્હીક રાખશો નહિ. મ્હેં શેઠને સમજાવ્યું છે કે, પાંચ સાતના હાથમાં જવાથી લાભને બદલે ઉલટી હાની થશે. વળી છોકરાને ભયભરેલી માંદગી નથી. જેણે બે મહિનાની અંદર હંમેશના રોગી બાળકને, હૃષ્ટ પુષ્ટ બનાવી દીધો; તે કંઈ અનાડી નહિ હોય. વળી જશ સૌને વહાલો છે. તેથી એ ધ્યાન દઇને દવા કરશે; અને થોડા દિવસમાં છોકરો સારો થઈ જશે. તમે રાત દિવસ એની સાથે રહો છો અને એની દવા કરો છો, તેથી તમે જેવો એનો રોગ પારખો છો, તેવો દેશમુખ કે, બીજો યુરોપિયન સર્જન કદી પારખી શકે તેમ નથી. શેઠને એ વાત ગળે ઉતરી છે. છતાં તે આડાઇ કરશે તો, વળી કોઇ એમ. ડી. ને પકડી લાવીશું!"

ર.—પણ કાળી ચામડી હશે તો, વળી પંચાત થશે!

ધ.—ના ગોરી ચામડી લાવીશું! વળી કોઇ ફરંગી કે હાફકાસ્ટને હાથમાં લઈશું. શેઠ તો કોઇને ઓળખતા નથી. તેનું ખરું નામ બદલી કોઇ, મોટા ડાકટરની ઓળખાણ આપીશું એટલે થયું!

"ઠીક બુદ્ધિ દોડાવો છો!" એટલું કહી રતનલાલ પોતાના મનમાં બોલ્યો, "આ લુચ્ચાની પાસેથી દશ હજાર કહડાવવા સહેલા નથી. રુપિયા તો નહિ મળે પણ વિલાસિની તો જરુર મળશે! આ પોતાનો પતિ ન જુએ તેમ તે મ્હારી તરફ જુએ છે! અહો! ભાગ્ય!—"

વિલાસિની હસતાં હસતાં બોલી, "તમે આહંયાની સો ગોઠવણ કરશો પણ સ્મશાનની કંઇ ગોઠવણ કરી?"

ધ.—તે વળી શું?

વિ.—ત્યાં શબને તપાસીને અગ્નિદાહ કરવાની રજા આપે છે.

ધ.—તું શું જાણે ?

વિ.—હું જાણું છું, ત્યારે તમને કહું છું ને !

ધ.—ત્યારે તો તેને પણ હાથમાં લેવો પડશે. ઠીક યાદ દેવડાવી. મ્હારી વ્હાલી ! તને મોતીની માળા અપાવી છે. આ વખતે હીરાના હારથી ત્હારી ડોકને શોભાવીશ !

પાપી પતિએ સોહાગથી, અહલાદથી, પાપીણી પત્નિના ખભા પર હાથ મૂક્યો !

"ઘરેણાંની લાલચ મને દેખાડશો નહિ,–હું ઘરેણાંને પસંદ કરતી નથી." વિલાસિનીએ કહ્યું.

"તે હું જાણું છું. તું મ્હારી કેળવાએલી અને સમજુ સ્ત્રી છે ! તું મ્હારી જીવન આધાર–જીવન સર્વસ્વ છે–ત્હારા વિના–"

ધનુભાઇને બોલતાં અટકાવી વિલાસિની બોલી, "હવે બહુ થયું; એ તો મ્હેં જાણ્યું ! પણ ડૉકટર સાહેબ, હવે તમારે સંભાળવાનું છે. જો જરાક ગફલતમાં રહ્યા કે, બધું ઉંધું વળી જશે !"

ર.—આપના આર્શીવાદે તેમ નહિ થાય.

ધ.—અમારા આર્શીવાદની વાત ન કરો–એ તો તમારે હાથે જશ જોઇએ ! હવે તમે ખાઇને વ્હેલા જાવ, કારણ કે છોકરો એકલો છે.

ર.—હું તેની ગોઠવણ કરીને આવ્યો છું. દવાની સાથે સહજ મરફિયા આપ્યો છે એટલે તે નિરાંતે ઉંઘશે !

ધ.—વળી પાછી દવા ?

ર.—શેઠને સમજાવવા માટે, વચ્ચે નરમ ગરમ કરવું પડે છે !

ધ.—પ્રીસક્રિપશન તો બરાબર રાખો છોને ?

ર.—હા; ભવિષ્યનો વિચાર કરીને સૌ કામ કરવું જોઇએ.

કોણુ જાણે કોઇ આવીને જોવા માગે; ત્યારે બતાવવા કામ લાગે.

ધ.—કયા રોગની દવા કરો છો ?

ર.—દવા શું ને કંઇ શું ? થોડું કવીનાઇનનું પાણી આપું છું. અને ખોટાં પ્રીસક્રિપસન ચીતરૂં છું !

ધ.—પ્રીસક્રિપશનમાં રોગનું નામ જણાવતા નથી ?

ર.—કોલેરાનું જણાવું છું ને.

ધનુભાઇ વિલાસિની તરફ જોઇને બોલ્યો, “ હા, એ ઠીક છે. ડોસાને સમજાવીશું કે, તમે કોલેરાનું નામ સાંભળીને ગભરાઈ જાઓ, તેથી તમને પેટનું દર્દ કહ્યું હતું. ”

ર.—હા, તમારા ઉપર તેમને બહુ વિશ્વાસ છે. ખરેખર તે તમને પોતાના છોકરા જેવા ચહાય છે.

ધ.—તમે દવા લાવો છો, તે જુદી જુદી ફર્મમાંથી લાવો છોને ?

ર.—હાજી; મ્હારે હાથે લાવવાનું એટલે એક જ ઠેકાણેથી લાવું તો વખતે વાત ચર્ચાય. તેથી દરરોજ નવી નવી ફર્મમાંથી દવા લાવું છું !

ધ.—ખુબ હોંશીયારીથી કામ કરજો હોં; કેમકે સૌનું જીવન-મરણુ તમારા હાથમાં છે !

ર.—તમારી પહેલાં તો હું છું. તમે શું કરવા ફિકર કરો છો ? હવે મને રજા છે ?

ધ.—કેમ ખાઇને જજો ને ?

ર.—નાજી વખત નથી. કોટમાંથી દવા લાવવાની છે.

ધ.—આજે કોને ત્યાંથી દવા લાવશો ?

ર.—સ્કોટ ટેમશનની કુંપનીમાંથી.

ધ.—કોઇ દેશી કુંપનીમાંથી લાવ્યા હોય તો ન ચાલે ?

ર.—નાજી; ત્યાં હજાર ઓળખીતા મળે ને પુછપરછ કરે. માટે એ તો ત્યાં જ સારું.

ધ.—ખરી વાત છે. યુરોપિયન લોકોની વાત જ જુદી. હવે તો ખાઇને જ જજો.

ર.—નાજી; મને જવા દો.

ધ.—તમે જશો તોયે તમને કોટમાંથી અત્યારે દવા ભાગ્યે મળે. કારણ કે રાતના નવ વાગ્યા છે. સવારે વહેલા જઇને લઈ આવજો.

ર.—જોઉં છું; નહિ મળશે તો પાછો આવીશ.

ચકિત સ્વામીએ, સ્ત્રીને સંકેતથી સમજાવી.

તરત જ વિલાસિની ઉઠી અને ડૉકટરનો હાથ પકડી હસ્તાં હસ્તાં બોલી, " અરે, એમ તે કંઈ બને ? આજે તો મ્હોડું મીઠું કર્યા વિના નહિ જવાય ! મ્હેં મ્હારા હાથે આજે ગુલાબી બરફી બનાવી છે, તે જરા ચાખતા જાવ ! "

ગારૂડીને હાથે સાપની જેવી દશા થાય, તેવી દશા વિલાસિનીના હાથે ડૉકટરની થઇ ! એક તરફ કોમળ કમલિની જેવી વારાંગનાએ હાથ પકડયો અને બીજી તરફ તેના જ પદ્મહસ્તે તૈયાર કરેલી બરફીનો સ્વાદ લેવા, તે વાંચ્છિત પરકીયા કામિનીએ અનુરોધ કર્યો ! સાપનો સુસવાટો નરમ પડી ગયો. મંત્ર મુગ્ધની પેઠે તે પાસેના ઓરડામાં બરફીનો સ્વાદ લેવા ગયો. બરફી ખાતાં ખાતાં તે પોતાના મન સાથે બોલ્યો " આજે મ્હારા જીવનનું સાર્થક થયું ! આજે મ્હારી વ્હાલીએ પોતાના હાથે મને બરફી ખવડાવી ! "

પાણી પીને હાથ લુંછવાને માટે, ડૉકટરે રૂમાલ કહાડવા જેવો ગજવામાં હાથ ઘાલ્યો, કે તેવો વિલાસિનીએ પોતાના લુગડાનો છેડો આગળ ધરી, પોતાને હાથે ડૉકટરનું મ્હોડું લુંછી નાખ્યું ! તે પોતાના મનમાં બોલી, " સ્નેહ દેખાડવો ત્યારે બરાબર દેખાડવો ! "

દેખાડ પાપીણી દેખાડ, મરવા બેઠી છે તો બરાબર મર !

ડૉકટર તદ્દન અવશ બની ગયો. તેનું સર્વ શરીર રોમાંચિત થઈ ગયું. સમયવર્તી તે ઓરડાની બહાર આવ્યો અને તરત જ વિલાસિનીને, Good Night કહી અને ધનુભાઇને સલામ કરી ગાડીમાં બેશી ગયો. કોચમેનને કહ્યું, " ગાડી જલદીથી કોટમાં હાંક."

'જેવો હુકમ' કહી કોચમેને ઘોડાને ચાબુક મારી. વેગભર ગાડી જવા લાગી.

ડૉકટરના ગયા પછી ધનુભાઇ મનમાં બોલ્યો, "ચાલો પાપ ગયું. હવે થોડા દિવસ બાકી છે!"

વિલાસિની પોતાના મનમાં વિચારતી હતી. "હું શું કરું? મ્હારો પતિ મને જેમ શીખવે છે, તેમ હું શીખું છું. એમાં મ્હારો શું દોષ?"

ખરું છે! ત્હારો દોષ કહડાય તેમ નથી. ઘીને અગ્નિ મળે તો તેને પીગળતાં કેટલી વાર લાગે? સ્વાભાવિક નિયમ જ એવો છે, ત્યાં તને શું કહેવું? જે કહેવાનું છે, તે ત્હારા પતિને છે! પણ તેને પોતાના સ્વાર્થ આગળ કંઈ સુઝે તેમ નથી! ત્યારે તેની કરણીનાં ફળ તેને ભોગવવા દો! ડૉકટર અને વિલાસિનીનો ઘી અગ્નિનો સંબંધ—અને પ્રકૃતિના નિયમ પ્રમાણે તેનું જે ફળ—તે ફળ વ્હેલું મોડું અને થોડું ઘણું પણ મળ્યા વિના રહેવાનું નથી!

ભક્તની ભાષામાં કહીએ તો—

> કાજળકી કોટરીમેં, એક ડાગ લાગેહી લાગે!
> તેમ,
> યુવતીકી સાથમેં, જીતનાહી સ્યાનાં હોવે
> થોડા બહુત કામ, ઉનકું લાગેહી લાગે!

પ્રકરણ ૧૪ મું.

વિષ-પ્રયોગનું છેલ્લું લક્ષણ.

આજે છેલ્લો દિવસ છે. પિસાચનાં પિસાચિક અભિનયનો આજે છેલ્લો દિવસ છે. મોહમાં ઘેરાયલા, માધવદાસના મોહ અવસાનનો, આજે છેલ્લો દિવસ છે. નિરપરાધ બાળક ચંપકનો આયુ-રવિ, અસ્તમિત થવાનો આજે છેલ્લો દિવસ છે. હાય ! આ સમાપ્તીની સાથે શું, નારકી નાયકનું ભીષણ પ્રાયશ્ચિત નહિ થાય ?

હરિ હરિ ! આ શું માનવ-ચરિત્ર ? કેળવણી અને સભ્યતાના આવરણ નીચે, માનવ આવું નીચ અને ઘાતકી થઇ શકે ? દાનવ શું એના કરતાં વધારે ભયંકર હશે ?

માનવની પ્રકૃત્તિ-દત્ત, કોમળ-વૃત્તિ ક્યાં ગઇ ? સ્નેહ, મમતા, દયા, માયા, શું એકદમ લોપ થઇ ગઇ ?

હા-લોપ થઇ ગઇ ! માનવ જો ઇશ્વર-અવિશ્વાસી, ધર્મદ્રોહી અને નાસ્તિક બને; તે જો ધર્મ અને નીતિજ્ઞાનને, દુરાકાંક્ષાના દાવાનળમાં બાળીને ભસ્મીભૂત કરે, તો પછી પ્રકૃતિ-દત્ત કોમળવૃત્તિને ક્યાં સ્થાન મળે ?

જે પૈસાનો પૂજારી છે, જે મદિરાપાનથી રાત દિવસ મત્ત છે, જે પોતાની વિવાહીતા પત્નિને, પૈસા માટે વેસ્યા કરતાં પણ વધારે, નિર્લજ અને વિલાસિની કરે છે, તેને હીતાહીત જ્ઞાન ક્યાંથી હોય ? સમય અને સુયોગ મળતાં તે સૌ કાંઇ કરી શકે તેમ છે ! ભુંડા પેટને માટે, અથવા એવા કોઇ મોટા કારણને માટે, કોઇ માણુસ ચોર અથવા લૂંટારાનો ધંધો કરતો હોય, તેનો તમે વખતે વિશ્વાસ કરજો.

પણ આવા જીવનો તો તમે સ્વપ્નામાં પણ વિશ્વાસ કરશો નહિ!

જેને ધર્મ નથી, તેનું વળી ચરિત્ર શું? જેનું ચરિત્ર નથી, તેને વળી ઇશ્વિરજ્ઞાન ક્યાંથી? જે પૈસાનો લોભી છે, જે પ્રભુત્વ પ્રીય છે; તે કર્તૃત્વાભિમાનવાળો હોય છે! એ અભિમાનથી જગતમાં એવું એક પણ મહાપાપ નહિ હોય, જે તે કરી ન શકે! જેના જીવનનો મૂળ–મંત્ર પૈસો છે; તેને વિશ્વબ્રહ્માંડ ભેદ કરી, સર્વ વસ્તુની અંદરથી હંમેશ, 'પૈસા–પૈસા' નો જ ધ્વનિ સંભળાય છે!

કાંચનનો શ્રેષ્ટ પૂજક–શુન્યવાદી, અતિ નીચ, સ્વાર્થી ધૂર્ત ધનુભાઇ, આજે વિના પ્રયાસે એ અગણિત ધનભંડાર હાથ કરશે! તેથી એના જીવનમાં સ્નેહ, મમતા અથવા દયા માયાનો ઘાત–પ્રતિઘાત ક્યાંથી થાય?

ઘાત–પ્રતિઘાતની વાત તો દૂર રહી, પણ તે કદી ચંચળ મને એની ચિંતા પણ કરતો નથી! ભય અથવા નિરાશા એ શબ્દો જ તેના કોઠામાં નથી!

ધનુભાઈ, વિલાસિની અને રતનલાલની ત્રાપૂટીમાંથી, કોઇનો કંઇ રંગ અથવા ભાવ બદલાયો હોય, તો તે રતનલાલનો બદલાયો હતો! તે ઘડી ઘડી વિચારમાં પડતો, પશ્ચાતાપ કરતો અને ભયભીત થતો હતો. પણ પોતાના પિસાચ-ગુરુની આજ્ઞા, તેને બળાત્કારે ખેંચી જતી હતી; અને તેથી રતનલાલ નિરુપાય બની તેની પાછળ પાછળ જતો હતો.

વૃદ્ધ માધવદાસ, આહાર નિદ્રા મૂકી, રોગીની પાસે બેસી રહે છે. તે એકી નજરે રોગીને જુએ છે, ઘડી ઘડી ઉંડા નિસાશા નાંખે છે અને રડે છે!

ચંપક મરણ પથારીએ, સુતો સુતો ક્ષીણ કંઠે કહે છે; "દાદા, દાદા! તમે કેમ રડો છો? મને બહુ તરસ લાગી છે. જરા પાણી આપો! ઓઃ મ્હારો જીવ બહુ ગભરાય છે! મને પાણી આપો–પાણી આપો!"

આથી માધવદાસ છુટી પોકે રડી ઉઠયા. રડતાં રડતાં તેમણે પ્રાણોપમ પૌત્રના મ્હોડાંમાં પાણી રેડયું! હાય! તેના મ્હોડાંપર સ્યામતા પથરાઈ ગઇ છે. તેના કોમળ અને પાતળા હોઠ સુકાઇ ગયા છે. તેનાથી બોલાતું નથી. કેવળ ' પાણી પાણી ' એજ શબ્દો તેના ક્ષીણ કંઠમાંથી નીકળે છે!

આ પ્રાણઘાતી તરસ પાણીથી મટે એવી નથી. તેને જેમ જેમ પાણી પાવામાં આવે છે, તેમ તેમ તેની તરસ વધતી જાય છે! હવે તો તેનો કંઠ રુંધાઇ ગયો. તે પથારીમાં તરફડીઆં ખાવા લાગ્યો. ગુપ્ત-વિષ તેની નસોનસમાં ભેદાઇ ગયું. હાય! આ વખતે તેને મૃત-સંજીવન સુધા કોણ પાય? આ નિરપરાધી બાળકને અકાળ મૃત્યુના મુખમાંથી કોણ બચાવે?

માધવદાસથી હવે બાળકનું દુઃખ જોઇ શકાયું નહિ. તે ઉઠયા અને છાતીમાં હાથ મારી રડતાં રડતાં બોલ્યા, " અરે ભગવાન! ત્હેં આ શું કર્યું? મ્હેં એવાં તે શાં પાપ કર્યાં છે, કે તું મને આમ ઉપરા છાપરી દુઃખ દે છે? હે! પતિત પાવન, દયામય ગુરુદેવ! તમે આ વખતે ક્યાં છો? હાય! તમને ભૂલીને, તમારા ચરણ દર્શ-નથી વિમૂખ થઇને, વિષમ-મોહે મ્હારો નાશ કરી નાંખ્યો છે!! ઘણા દિવસ થયાં તમને જોયા નથા. નીજ ગુણે એકવાર દર્શન આપો! અરેરે! ઓ ભગવાન!—"

બોલતાં બોલતાં માધવદાસ, એકદમ મુર્ચ્છિત થઇને પૃથ્વીપર પડયા! પથારીની એક બાજુએ મુર્ચ્છિત માધવદાસ અને બીજી બાજુએ મુમુર્ષુ બાળક! કેવો સોચનિય દેખાવ! રક્ત માંસનું શરીર ધારણ કરી, નર્કના કીટે, પેલા નારકી ડૉકટરે, આ દેખાવ જોયો! આ અર્થલોભી અધમાત્મા, સર્વ રીતે ધિક્કારવા યોગ્ય હતો, છતાં તેનું હૃદય ધનુભાઈ જેવું કઠણ અને ઘાતકી ન હતું. તેથી આ દેખાવ

જોઇને તેનું મન એકદમ પીગળી ગયું! તે વિચારમાં પડયો. ઘડીક-વારમાં તેના મનનું વલણ ફરી ગયું! તે ઉઠયો અને પાસેના ઓર-ડામાં ગયો અને ત્યાંથી એક દવાની નાની બાટલી લઇને પાછો ફર્યો. ચારે તરફ જોઈ, બ્હીકથી ધ્રુજતા હાથે તેણે એક ગ્લાસમાં પેલી બાટલીમાંની દવા રેડી; અને તેની અંદર થોડું પાણી મેળવી ચમચા વડે તે મુમુર્ષું બાળકને પાઈ દીધી.

ત્યાર પછી તે પોતાના મન સાથે બોલ્યો; "હવે જે થાય તે ખરું. આ 'Antidote' આપ્યું છે, તેથી એની આવરદા હશે તો આર્સેનિકનું ઝેર ઉતરી જશે. પ્રભુ! મને ધનુભાઈના હાથમાંથી બ-ચાવ! ના, મ્હારાથી આ જોવાતું નથી. મ્હારાથી આવું ઘાતકીપણું નહિ થાય. એના દશ હજાર મ્હારે જોઈતા નથી. 'લાઇકાર ફેરી-ડાયેલિસેર્ટોસ' આર્સેનિકનો ઉતાર છે. તે કદી પણ નિષ્ફળ જતો નથી. કલાક બે કલાકમાં જરુર એની અસર થવી જોઇએ. બે કલાક તપાસવાના છે. પછી તો એનું નશીબ! લાવ પહેલાં આ દવાની બાટલી ફેંકી દઉં, વખતે ધનુભાઈના જોવામાં આવશે તો, તે મને જાનથી મારી નાખશે!"

ડૉકટરે ભવિષ્યનો વિચાર કરી, પહેલાંથી છુપી રીતે એક બે દવા સંગ્રહ કરી રાખી હતી. ધનુભાઇ અને વિલાસિની આમાંનું કંઈ જાણતા ન હતાં.

હાય! આ દુર્ભાગી બાળકને મા નથી, બાપ નથી. કેવળ તેને ઠેકાણે એક સ્નેહશીલ વૃદ્ધ દાદો છે, અને અગણિત ધન ભંડાર છે. વિધિના વિધાને, એ ધન ભંડાર જ તેનો કાળ બન્યો!

મુમુર્ષું, બાળક કદી આંખો ઉઘાડે છે, તો કદી આંખો મીંચી દે છે. કદી ઉઠે છે, તો કદી દુઃખથી પથારીમાં તરફડીઆં ખાય છે. કદી અસંબંધ લવે છે, તો કદી 'કોણ બાપા—? આ કોણ મા—?

આવ મા મને ખોળે લે! ' એમ કહે છે. તે વખતે તેના મ્હોંડાપર ક્ષીણુ હાસ્ય પ્રકટી નીકળે છે! આંખમાં આંસુ ભરાઈ આવે છે અને તેના હાથ પગ અકડાઈ જાય છે!

ડૉકટર ઘડી ઘડી બારીમાં આવે છે; અને લાંબી નજરે જુએ છે. થોડીવાર પછી તેનો યમ–ધનુભાઈ આવ્યો. આ વખતે તેણે નવો રંગ કર્યો!

આ તરફ માધવદાસની મૂચ્છાં ભંગ થઇ, તેઓ પોતાની મેળે બેઠા થયા. મર્મચ્છેદક એક ગંભીર નિશ્વાસ મૂકી, તે ડૉકટરને પૂછવા લાગ્યા, " કેમ, મ્હારા ચંપકને કેમ છે ? "

ડૉ.—શેઠ; એમ નીરાશ ન થાઓ. તમારા પુણ્યથી અને પરમેશ્વરની કૃપાથી ચંપકલાલ સારા થશે. આ જુઓ તેમને ઉંઘ આવી છે.

મા.—ઉંઘ આવી છે? હા; પણ એ છેલ્લી ઉંઘ તો નહિ હોય ? ચિન્હો તો તેવાં જ જણાય છે! પ્રભુ, આ ત્હેં શું કર્યું ? મ્હારી મુચ્છાં ત્હેં કેમ ભંગ કરી ?

ડૉકટર ગભરાઈ ગયો. પોતાના મનમાં પ્રશ્ચાતાપ કરતાં તે બોલ્યો, " થઇ રહ્યું ! Antidote ની અસર થઇ નહિ. અરેરે, કંઇ પણ ફળ મળ્યું નહિ. છેલ્લો શ્વાસ ચાલે છે. હવે બચે તેમ નથી ! "

ડૉકટર પોતાના પિસાચિક નિષ્ઠુરાચરણ સંભારી, મનમાં પરિતાપ કરવા લાગ્યો.

માધવદાસની અવસ્થા આ વખતે બહુ શોચનિય હતી. તેમનામાં ઉન્માદનાં લક્ષણો જણાવા લાગ્યાં. તે ઉન્મત્તભાવે બોલવા લાગ્યા, " ભાઇ, માણેકલાલ તું આવ્યો ? વહુ દીકરા તું પણ આવી ? હાય ! હાય ! તમારું સોંપેલું ધન મ્હારાથી સચવાયું નહિ ! તે ચોરાઈ ગયું ! હરાઇ ગયું ! અરેરે ! ઓઃ ભગવાન !— "

નહિ; હવે નહિ. લેખિની અટકે છે. લેખકનું મન પણ પાછું હઠે છે. સહૃદય વાચક, તમે તમારા હૃદયમાં આ ચિત્રની ઉપલબ્ધિ કરી લો!

બરાબર આજ વખતે તે ઘોર પાપી–સેતાન–શિષ્ય–ના, મૂર્તિમાન સેતાન, કોઇ પણ બાબત અધુરી ન રહી જાય, તે માટે એક હેટ કોટ-ધારી, ગોરા ડૅાક્ટરને લઇને આ ઓરડામાં આવ્યો! સેતાનને સન્મુખ જોઇ, વૃદ્ધ માધવદાસ મનના આવેગે જોરથી રડી પડયા! અને રડતાં રડતાં શોક અને મોહથી અભિભૂત થઇ, પિસાચના પગમાં આળોટી પડયા! હાય, માધવદાસ હજુ પણ એમ ધારે છે કે, ધનુભાઇ મ્હારો છે! તે મ્હારા પેટના દીકરા જેવો છે! મ્હારા દુઃખે દાઝે છે!!

પિસાચ કંઇ વિવ્રત થયો, કંઈ ગભરાયો, કોઇ પણ રીતે માધવદાસને સમજાવવા માટે તે બોલ્યો; "પીતા! તમે જરા ધીરજ પકડો. જુઓ હું ગોરા ડૅાક્ટરને લઇ આવ્યો છું. એ ચંપકને જરી વારમાં સારો કરશે!"

"હવે ગોરો ડૅાક્ટર? દીવો હોળાઇ ગયો, હીરો હરાઇ ગયો! હવે ગોરો ડૅાક્ટર શું કરવાનો છે?"

એમ કહી માધવદાસ છૂટી પોકે રડી પડયા!

ધનુભાઇએ સમજાવીને માધવદાસને શાન્ત કર્યા! ત્યાર પછી પિસાચે, ગોરા ડૅાક્ટર વડે, પોતાની છેલ્લી યુક્તિ પણ અજમાવી લીધી!

ગોરા ડૅાક્ટરે, એક બે યંત્રની મદદથી, દર્દીનું શરીર તપાસીને કહ્યું.

"O the case is very serious. there is no hope."

પિસાચે ડૅાક્ટરના કાનમાં કંઇ કહ્યું. તેથી તે ચકિત થઇને ફરી બોલી ઉઠયો.

"O, ho, it is the symptom of death! I think the patient was attacked with Diarrhætie Cholera."

આ વખતે સેતાન-શિષ્ય ડૉક્ટર રતનલાલ, પ્રથમ શીખવ્યા પ્રમાણે બોલ્યો.

"Yes sir!"

ધનુભાઇએ તે ગોરા ડૉકટરને સમજાવ્યું કે, એઓ એલ. એમ. એસ. ડૉકટર છે. અને એમણે જ દર્દીની દવા કરી છે.

"Let me see your prescription, please." ગોરા ડૉકટરે કહ્યું.

ડૉકટરે તરત જ એક ફાઇલમાંથી પ્રીસક્રીપસનો દેખાડયાં. ગોરા ડૉકટરે એક બે ઉથલાવીને જોયાં. "ડવા ટો બરોબર દેનેમેં આયા હય. જબ અયસા કીયું હોયા?" એટલું કહી તે માધવદાસ પ્રત્યે બોલ્યો. "ટુમ નાહક રોટા હય. રોનેસે કુછ મીલેંગા નહીં, ટુમ લોક નસીબકો માનટા હય, એ સબ નસીબકી બાટ હય! O God! O ho, ho, ho!"

ગોરો ડૉકટર આવી રીતે "Good bye" કહીને ચાલતો થયો! તેની વીઝીટ ફી વિગેરેનો બંદોબસ્ત ધનુભાઇએ આગળથી કરી મૂકયો હતો.

શોકાતુર માધવદાસ માથુ કુટીને બોલ્યા," અરે ડૉકટર તમે મને પહેલાંથી કેમ કહ્યું નહિ. આખા શહેરના ડૉકટરોને હું બોલાવત-

ડૉ.—શેઠ આપ સમજુ છો, તેથી આપને વધારે શું કહેવું? આખા શહેરના ડૉકટરો તો શું પણ ધનવંતરી જાતે આવે, તોપણ દોરી તુટી હોય તે કોણ સાંધી શકે એમ છે?

મા.—તોપણ મ્હારા મનનું સમાધાન થાત અને ખરો રોગ પરખાત.

ડૉ.—રોગ-કૉલેરાનો છે. ગોરો ડૉકટર પણ જુઓને એવું જ કહી ગયો.

મા.—હાય, હાય! એમ મને પહેલાંથી કેમ કહ્યું નહિ? સાધારણ પેટનું દર્દ કહીને મને અત્યારસુધી તમે કેમ છેતર્યો?

આ વખતે ધૂર્ત ધનુભાઇએ, ડૉકટર વતી પોતે જવાબ દીધો, "કૉલેરાનું નામ સાંભળીને તમે ગભરાઇ જાવ—અને બરાબર દવા પણ કરવા ન દો—એમ ધારીને તમને પેટનું દર્દ કહ્યું હતું. એમાં ડૉકટરનો દોષ નથી. મ્હેં જ એમને એમ કહેવા કહ્યું હતું."

"ભાઈ! એ તે ઠીક નહિ કર્યું.!" દુઃખથી, શોકથી, વિહ્‌વળ બની માધવદાસ આટલું બોલ્યા.

અંતે વિષ-પ્રયોગનું છેલ્લું લક્ષણ જોવામાં આવ્યું! ડૉકટરે છુપી રીતે આપેલા પેલા Antidote થી કંઇ ન વળ્યું! તેની સહજ પણ અસર જણાઇ નહિ. અંતે દર્દીને લોહીની એક બે ઉલટી થઇ! તેથી તે બહુ અશક્ત બની ગયો. મરણ પથારીએ સુતેલા દર્દીને આ છેલ્લી અશકતીએ ઘેરી લીધો! તેની સાથે સાથે દર્દીની આંખો મીચાઇ ગઇ!

જે ઘડીએ દર્દીએ પોતાની આંખો મીચી, તેજ ઘડીએ, બરાબર તેજ પળે, પાસેના માળામાંથી લગ્નનાં મંગળ વાજીંત્રો વાગ્યાં!!

મર્માહત માધવદાસ સમજ્યા કે, આ બ્રહ્માંડના અધિશ્વરનું રાજત્વ નિયમ પ્રમાણે જ ચાલે છે! અહા, તેણે બન્ને સુરને કેવા સમાન રાખ્યા છે! હાયરે! માનવની માનવપ્રતિ, આવી જ સહાનુભુતિ—આવોજ પ્રેમ—?! તેમનાં અંતરચક્ષુ ઉઘડયાં! તેમને સમજાયું કે, આનું નામ જ સંસાર!!

કામિની અને કાંચન.

ભાગ ૩ જો.

કર્મફળ—તુષાનળ.

પ્રકરણ ૧ લું.

એક નવો ભેદ.

પિસાચના પિસાચિક અભિનયનો પડદો, પડું પડું કરે છે પણ હજું પડતો નથી! પાછા નવા અંકો અને નવા દેખાવોથી અભિનય ચાલુ થતો જાય છે!

ધનુભાઈ, માધવદાસને સંભળાવવા માટે બોલ્યો, "મ્હારા ચંપકને હું જાતે લઇ જઇશ, બીજા કોઇને સ્મશાનમાં આવવાની જરુર નથી."

મા.—હું જાતે જઇશ.

ધ.—શું કહો છો; તમે જશો!

મા.—હા; હું જાતે જઈશ. થવાનું હતું તે થયું. હવે હિંદુનું છેલ્લું કર્મ હું કરીશ!

આશ્ચર્ય! હવે તે માધવદાસ નથી. તેમની આંખોમાં એક પણ આંસુ નથી. જાણે તેઓ તદ્દન બદલાઈ ગયા હોય એવું દેખાય છે!

માણસો મોકલી તેમણે જોઇતો સરસામાન મંગાવ્યો અને સ્મશાનની સઘળી તૈયારીઓ કરી.

આવું જોઇ ધનુભાઇ ચમક્યો. પણ પાછો વિચાર કરી તેણે પોતાના મનનું સમાધાન કર્યું; "ના; એ બધા ઉન્માદનાં લક્ષણો છે. સ્મશાનમાં આવે તો આવવા દો. વખતે ઉન્માદથી ડોસો ચિતામાં કે દરિયામાં પડશે, તો કરોડોની મિલકત સહજમાં હાથ આવશે!

ડૉકટરને લઈ, સેતાન ઓરડાની બહાર આવ્યો.

સેતાન—શિષ્ય ડૉકટરે, ધીમેથી ગુરુને પુછ્યું, "સ્મશાનમાં કંઇ ગરબડ થવા ન પામે, એવી તમે ગોઠવણ કરી છે કે નહિ?

ધ.—હા, તેની ગોઠવણુ મ્હેં આગળથી કરી મૂકી છે. મુર્દા ફરાસને હાથમાં લેતાં વધારે વાર લાગવાની નથી. વળી તમારું death certificate તો, સાથેજ રહેશે.

ડૉ.—ત્યારે ઠીક. પણ ગોરા ડૉક્ટરને માટે બહુ મહેનત પડી હશે ?

પિસાસગુરુ એ સાંભળીને હસ્યો !

ડૉક્ટર એ હસવાનો મર્મ સમજ્યો. પણ વધારે જાણવાને માટે તે કૌતુકથી બોલ્યો; "એને ક્યાંથી પકડી લાવ્યા હતા ?"

"કોને ?" ધનુભાઇએ હસતાં હસતાં પૂછ્યું.

"પેલા સાહેબને !"

ધ.—એ સાહેબ ન હતો.

ડૉ.—ત્યારે કોઇ ફીરંગી હશે. પણ એનો ચ્હેરો બહુ સુંદર હતો. તેનો ગુલાબી રંગ—નાની વય—કોઇ અસલ અંગ્રેજ જુવાન જેવો તે લાગતો હતો.

ધ.—હા, એમ હતુ તો ખરું !

ડૉ.—ત્યારે એ કોણુ હતું ? અંગ્રેજ બજારમાંનો કોઇ ભુત, કે કોઇ સ્ટીમરનો ખલાસી ?

ધનુભાઇ હસતાં હસતાં બોલ્યો, "ના; તે પણ નહિ !"

ડૉ.—તે પણ નહિ ? ત્યારે એ મૂર્તિ તમને મળી ક્યાંથી ?

ધ.—ઘરમાંથી !

ડૉ.—ઘરમાંથી ? ત્યારે એ કોઇ આપણો દેશી હતો ?

ધ.—હા.

ડૉ.—સાહેબનો ડ્રેસ તેને બહુ ખીલતો હતો. તેનો રંગ ઢંગ, વાતચીત સૌ સાહેબ જેવીજ લાગતી હતી.

ધ.—એને જોઇને તમારા મનમાં એ દેશી છે, એવો સહજ પણ સંદેહ ઉપજ્યો નહિ ?

ડૉ.—ના.

ધ.—જ્યારે તમે છેતરાયા, ત્યારે શેઠે પણ એને સાહેબ જ ધાર્યો હશે !

ડૉ.—નક્કી. કારણ કે તે વખત જ એવો હતો.

ધનુભાઈ પોતાના મનમાં બોલ્યો, "ચાલો ઠીક થયું એક ફિકર તો મટી !"

ડૉકટર ફરી બોલ્યો. "તેનો દેખાવ જેમ મોહક હતો, તેમ તેની વાતચીત ભાંગીતૂટી, તોપણ મીઠી લાગતી હતી. કોઇ યુરોપિયન પણ તેને દેશી તરીકે ઓળખી શકે નહિ. ગમે તેમ પણ તે યુવકનો ચ્હેરો બહુ સુંદર હતો !"

ધ.—કદાચ તે યુવકને બદલે યુવતી હોય તો ?

ડૉકટર વિસ્મય પામીને બોલ્યો, "હે ? યુવતી ? સ્ત્રી ?

ધ.—હા; અને તે સ્ત્રી કદી તમારી ઓળખતી હોય તો ?

ડૉકટર એકદમ ચમત્કૃત થઇને બોલ્યો, "તમે આ શું કહો છો ?"

ધ.—તે કદી તમારી ભોજાઇ, અને આ અધમની સ્ત્રી વિલાસિની હોય તો ?

આ વખતે ડૉકટર વિસ્મયથી, કુતુહલથી, આહલાદથી એકદમ બોલી ઉઠયો; "આ શું ખરું કહો છો ? જે સ્વપ્ને પણ મનાય નહિ, તે તમે પ્રત્યક્ષ કરી દેખાડયું !!"

"જુઓ, ઘણો વિચાર કરીને, મ્હેં આ જોખમ ખેડયું હતું. આવું મોટું કામ કોઈ યુરોપિયન કે નેટીવને સોંપાય નહિ, તેમ તેનાપર વિશ્વાસ પણ રખાય નહિ. એટલું જ નહિ પણ જેની દશ રુપિયા કિંમત ન હોય, તે વખત જોઇને આપણી પાસેથી દશ હજાર કહડાવે ! તેથી આગળ પાછળનો વિચાર કરી, મ્હેં એમાં કોઇને સામેલ કીધો નહિ. દુઃખ વેઠીશું તો તમે હું ને તે વેઠીશું અને સુખ

ભોગવવાની વખતે પણ આપણે ત્રણે જણાં સાથે ભોગવીશું. એવા વિચાર કરીને મ્હેં આ સાહસ કીધું હતુ!"

ડૉ.—આપના બુદ્ધિબળ અને અદ્દ્ભુત સાહસને માટે આપજ યોગ્ય છો. આપની તુલના કોઇથી થાય એમ નથી!

એટલું કહીને પોતાના મનમાં બોલ્યો, "છે તો સ્ત્રી, પણ ભલભલા પુરુષનેએ આંટી ખવડાવે એમ છે!"

ધ.—કહો જોઇએ સાહેબનો ડ્રેસ તમારી ભાભીને બરાબર દીપતો હતો કે નહિ?

ડૉ.—આબેહુબ!

પાછા તેના મનમાં આમળગોટા થવા લાગ્યા. "હાય! એ અપરૂપ રૂપની છબીને, છાતીપર મૂકીને, મ્હારો જન્મ હું ક્યારે સફળ કરીશ?"

ધ.—હવે છેલ્લું સ્મશાનમાં સંભાળવાનું છે. ચાલો શબને લઇને સ્મશાનમાં જઇએ. તમે પણ સાથે રહેજો.

"વારુંજી" કહી ડૉકટર પાછો વિચારમાં પડયો.

"ત્યારે Antidote ની કંઇ પણ અસર થઇ નહિ! અંતે નિષ્ફળ ગયું. બાળકનો આવરદા ખુટેલો; નહિ તો એમ થાય નહિં! હવે શું કરવું? સ્મશાનમાં જવું? ગયા વિના છૂટકો નથી. એક તરફ મ્હારી સહીનું Death Certificate છે, બીજી તરફ શેઠ પણ સાથે આવે છે. કોણુ જાણે શું થશે?!"

રામનામની ધ્વનિ કરતા, શબને સ્મશાન તરફ લઇ ચાલ્યા. શબને પેઢીના નોકરોએ ઉચકયું હતું. ધનુભાઇ, ડૉકટર, માધવદાસ અને બીજા માણુસો તેની પાછળ પાછળ જતા હતા!

પ્રકરણ ૨ જું.

સ્મશાનમાં ચમત્કાર!

મુંબઈમાં સોનાપુરી નામનું સ્મશાન છે, પરંતુ સ્મશાનનું સ્વાભાવિક ગંભીરપણું તથા પ્રકૃતિનું ઔદાર્યપણું ત્યાં નહિ જેવું જોવામાં આવે છે. કેવળ સમુદ્રની ગંભીર ગર્જના થાય છે. અને ચિતાની અગ્નિ આઠે પહોર ભડભડ બળે છે! પરંતુ લોકોના કોળાહળથી અને ચારેતરફના કૃતિમ દેખાવોથી, તેથી કંઈ સ્થાયી ઉચ્ચભાવ ઉત્પન્ન થતો નથી. મોટાં શહેરની દશા એવી જ હોય છે!

ગમે તે કારણે હોય, પણ આજે સ્મશાનમાં ભીડ ન હતી. શબદાહનાં સ્થાન સુનાં જણાતાં હતાં અને ચિતાઓ હોળવાયેલી હતી. કેવળ એક ચિતા ધીરે ધીરે બળતી હતી, અને તે પણ હોળાવાની તૈયારીમાં હતી.

એ ચિતાની પાસે પરમહંસ બ્રહ્માનંદ સ્વામી બેઠા છે. અને તેમની આજુબાજુ બે ચાર ભક્ત શિષ્ય તથા એક બે શબવાહકો, તેમનો સુમધુર ઉપદેશ સાંભળતા બેઠા છે. એની અંદર ધનુભાઇનો સહપાઠી મિત્ર ભવાનીશંકર પણ હતો. તે પોતાના એક સંબંધીને અગ્નિદાહ કરવાને માટે આવ્યો હતો.

પરમહંસ એક શિષ્યને ઉદ્દેશીને બોલ્યા, "કેશવ! તારી મા તો સ્વર્ગમાં સીધાવી, માટે એની ઉત્તરક્રિયા ઠીક કરજે!"

"વારું પ્રભુ, પણ તે દિવસે આપને પધારવું પડશે."

"ના; ભાઈ. તે નહિ બને! વસ્તીમાં મ્હારું મન ગભરાય છે. મને તો મ્હારાં નિર્જન મઠમાં એકલો જ રહેવા દે!"

"પ્રભુ, એમ તે કંઇ બને ? આપના ચરણુ સ્પર્શે મ્હારી માએ વૈકુંઠવાસ કીધો, અને આપ ગુરુ થઇને તેની ઉત્તરક્રિયાને દિવસે પધારો નહિ, તે કેવું ખોટું દેખાય ? "

"ખોટું દેખાય ? અરે, વાહરે લુચ્ચા, તુ પણુ મને સાથે લપેટતો જાય છે કે ? પણુ તું જાણુતો નથી કે, હુ કોઇને ચર્ણુસ્પર્શ કરવા દેતો નથી, અને તું કહે છે કે, મ્હારી મા તમારાં ચર્ણુસ્પર્શે વૈકુંઠ સીધાવી ! આવી રીતે જુઠું બોલી, તું ગુરુભક્તિ દેખાડતો હોઇશ નહિ વારુ ? જો સાંભળ; ત્હારી મા જ ત્હારી ગુરુ હતી ! ત્હારી મા સદાને ઇષ્ટમંત્રનો જપ કરતી અને તારક બ્રહ્મનું નામ લેતી, કાળને મ્હોંડે ડંકો મારી ચાલી ગઈ; અને તુ કહે છે કે, તમારા ચર્ણુ સ્પર્શે વૈકુંઠવાસી થઈ! ત્હારી મા પુણ્યવતી હતી, તેથી હુ તેને ચહાતો હતો. માટે હવે ફરી તુ આવી રીતે કહીશ, તો હુ ત્હારું મ્હોડું પણુ જોઈશ નહિ. બેટા સિદ્ધેશ્વર ! ચાલ. આ લોકો ગુરુ ગુરુ કહીને મને ગાંડો કરી મૂકશે. અરે ભાઇ; ગુરુ કેવા અને શિષ્ય કેવા ?

ગુરુ ગુરુ મત કહો, કોઈ ન કીસકા ગુરુ!
જો જીસકું સમજા શકે, વોહી ઉસકા ગુરુ!

એટલું કહી તેઓ મોટેથી હસી પડયા. શિષ્યગણુ પણુ તેમને હસતા જોઇ હસવા લાગ્યા.

પરમ.—સિદ્ધેશ્વર ! ચાલ શું જુએ છે ? આ તો ગાંડાનો મેળો છે. આજે સ્મશાનમાં મેળો ભરાયો છે !

એમ કહી પરમહંસ ઉઠયા, પણુ પાછો કંઇ વિચાર આવવાથી તેઓ બેઠા; અને એક શિષ્યને કહેવા લાગ્યા; "અરે નાનુ ! પેલું પદ ગાને ભાઈ. મ્હારું મન બહુ આકુળ વ્યાકુળ થાય છે, તેથી કંઈ શાન્ત પડે. અહા ! શિવશંકર એ પદ બહુ સરસ ગાતો હતો. પણુ તે કોણુ જાણે કયાં જતો રહ્યો, તેનો પત્તો જ નથી !

"મહારાજ! તે ધર્મોપદેશને માટે દેશ વિદેશમાં ફરે છે!" એક શિષ્યે કહ્યું.

"ધર્મોપદેશ? અરે, વાહ! હું તો તેને બહુ શરમાળ અને થોડા બોલો ધારતો હતો." પરમહંસ બોલ્યા.

"ના, મહારાજ! જ્યારે તેઓ ધર્મોપદેશ કરે છે, ત્યારે લોકો મંત્રમુગ્ધ બનીને સાંભળે છે!" તે શિષ્યે કહ્યું.

"એ કહેનારે ચુલામાં પડે, ને એ સાંભળનારે ચુલામાં પડે! એનું નામ કંઈ નહિ, એ ખાલી હાથતાળી!"

"હાથતાળી?"

"હા, હાથતાળી નહિ તો બીજું શું? આપણે કોઈની ચમત્કારી વાત સાંભળિયે છિયે, ત્યારે આશ્ચર્યચકિત થઇને તેની સામું જોઇ રહિયે છિયે, અને બહુ કરિયે છિયે, ત્યારે આપણે વાહ વાહ બોલીને તાળીઓ પાડીએ છિયે! એ સિવાય બીજું કંઈ આપણાથી થતું નથી. જો ધર્મોપદેશ કરનારે પહેલાં 'ચપરાસ' મેળવી હોય તો, તેના બોલવાની કંઇ અસર થાય!"

"પ્રભુ! ચપરાશ તે શું?"

"ચપરાસનો અર્થ સમજ્યો નહિ? જેમ સરકારી માણુસ ચપરાસ દેખાડીને સરકારનો હુકમ બજાવે છે, તેમ ધર્મોપદેશ કરનારે પ્રભુની ચપરાસ મેળવવી જોઇએ. એ ચપરાસ વિના તેનું કોઈ સાંભળશે નહિ અને તે પ્રમાણે વર્તશે પણ નહિ. તેની સામું લોકો જડની પેઠે ઉભાં રહેતાં હશે, તે તેનો ઉપદેશ સાંભળવાને માટે નહિ; પણ તેનાં મ્હોડાંની વાણી સાંભળવાને માટે ઉભાં રહે છે. નહિ તો ધર્મની વાતો સાંભળીને, ઘેર જતાં જતાં તેઓ રસ્તામાં અંદર અંદર લઢી મરે છે; અને નજીવી તકરારને માટે છેક ન્યાયની અદાલત સુધી દોડી જાય છે; તેવું કદી પણ બને નહિ. પણ એનું

નામ કંઇજ નહિ. નાટકમાં ત્હેં રામ રાવણનું યુદ્ધ જોયું નથી ? એ તેના જેવુંજ. રામના ભાષણ વખતે જેઓ વાહવાહ કહીને તાળીઓ પાડે છે, તેઓ રાવણની વખતે પણ તેની યુદ્ધ કુશળતા જોઇને તાળીઓનો ગડગડાટ કરે છે. એમાં રામની સુનીતિ અને રાવણની કુનીતિ માટે કોઇને કંઇ થતું નથી. કેવળ જેની વાણી મીઠી લાગે છે, તેની ઉપર ટપાટપ તાળીઓ પડે છે! જો શિવશંકર, એ તાળીઓથી લલચાઇને, દેશ વિદેશ ફરતો હોય તો, તેના જેવો મૂર્ખ કોઈ નહિ. !"

"ના પ્રભુ, હું તો અનુમાનથી કહું છું !"

"જવા દો, પરચર્ચામાં જીવન ગયું ! મા મને પાર ઉતાર! હવે મ્હારાથી રહેવાતું નથી! સહન થતું નથી! અરે નાનુ! પેલું પદ ગાને; અહા! બહુ મધુરું પદ છે; ગા–ગા–!"

નાનુભાઇ સુર લંબાવીને ગાવા લાગ્યા.

*પાનીમેં મીન પ્યાસી, મોહે સુન સુન આવે હાંસી !–પાનીમેં.
સુખસાગર સબ ઠોર ભયો હે, તું કયોં ભયોરે ઉદાશી !–પાનીમેં.
આત્મજ્ઞાન બીના નર ભટકત, કહાં મથુરાં કહાં કાશી !–પાનીમેં.
માનમુની કહે સતસંગતસે, સહજ મીલે અવિનાશી !–પાનીમેં.

આ પદ સાંભળી ઉચ્ચ સ્વરે, 'મા–મા' કહેતાં કહેતાં, તે વિશ્વ પ્રેમિક, વિશ્વ માતાના ઉપાશક, પરમ સાધક–સ્મશાનમાંજ સમાધિસ્થ થયા!

સિદ્ધેશ્વરે વ્હેલાં વ્હેલાં ગુરુને ખોળામાં લઈ લીધા; અને તે પણ ભક્તિભાવે 'મા–મા' નો ઉચ્ચાર કરવા લાગ્યો !

તે વખતે દૂરથી રામરામનો ગંભીર ધ્વનિ સંભળાયો. તે મહા સ્વર સાંભળતાંની સાથે, પરમહંસ પોતાની મેળે બેઠા થયા; અને ભાવથી ગદ્દગદીત બની રામનામની ધ્વનિ કરવા લાગ્યા. એ ધ્વ-

---

* રાગ મલ્લાર.

નિની સાથે તેમણે સ્મશાનની પ્રદક્ષિણા કરવા માંડી; અને છેલ્લે તેમણે નૃત્યનો આરંભ કર્યો! તે નૃત્ય અપૂર્વ હતું. શિષ્યગણો ગુરુના અલૌકિક આકર્ષણે, ગંભીર અનુરાગે, હરિધ્વનિ કરી ઉઠયા! એ ધ્વનિથી લોકોનો જમાવ થયો. જોતજોતામાં લોકોનાં ટોળેટોળાં ત્યાં આવવા લાગ્યાં! સોનાપુરીનું સ્મશાન આજે કોલાહળથી પૂર્ણ બની ગયું! આ બનાવ જોઇ કોઇ પરમહંસને પ્રણામ કરવા લાગ્યું, કોઈ રોમાંચિત થઇને ઉભુ રહ્યું, કોઇ હસવા લાગ્યું; અને કોઇ રંગ જોઇને ચાલતું થયું.

એટલામાં ચંપકના શબને લઇને ડાઘુઓ ત્યાં આવી પહોંચ્યા. હવે લોકોની ભીડ પણ ઓછી થઇ હતી; અને પરમહંસ પણ પ્રકૃતિસ્થ થયા હતા. બપોરના બેએક વાગી ગયા હતા. અકસ્માત માધવદાસ શેઠને શબની સાથે જોઇ પરમહંસ બોલી ઉઠયા, "આ શું? તમે અહિં કયાંથી? ઘણા દિવસ થયાં દેખાતા નથી. વેપાર રોજગાર કેમ ચાલે છે?"

માધવદાસ રડતાં રડતાં બોલ્યા, "અરે! મહારાજ શું પૂછો છો? મ્હારું સત્યાનાશ વળી ગયું! મ્હારો એકનો એક છોકરો મરી ગયો!!"

"શું તમારો છોકરો મરી ગયો?" એટલું કહી, ધનુભાઇને જોતાંની સાથે પરમહંસ ઉત્કંઠાથી બોલ્યા, "આ કોણ? તમે વળી અહિં કયાંથી? ઘણાં વરસે મળ્યા? કેમ ઓળખો છો કે? પેલા મૂર્ખ બ્રાહ્મણની વાત સાંભરે છે કે? જે ધારતા હતા તે મળ્યું કે નહિ?!"

ધનુભાઇ ચમક્યો. તે મનમાં ને મનમાં ગભરાઇ ઉઠયો!

પરમહંસ પોતાના મનમાં બોલ્યા, "વાઃ વાઃ! કેવો યોગાયોગ મળ્યો છે! મા ધન્ય છે ત્હારી લીલાને!"

ધનુભાઇનું મ્હોડું એકદમ સુકાઇ ગયું !

શોકાતુર માધવદાસ આમાંનું કંઇ સમજ્યા નહિ. અથવા મનની અંદર કંઇ જુદું જ સમજીને તેઓ બોલ્યા, "દેવ ! જે થયું તે ઠીક જ થયું ! અન્તર્યામી, ઈશ્વર તુલ્ય તમને ભૂલીને, હું માયા મોહમાં અંધ બની ગયો હતો. પણ એ મોહે મ્હારો નાશ કીધો ! હાય, પતિતપાવન ! આપની કૃપા પામીને, પણ હું આપને ઓળખી શક્યો નહિ ! તેથી જ મ્હારું ધૂળધાણી બની ગયું !"

પરમ.—હવે વધારે બોલશો નહિ ! થોડા દિવસ બાકી છે, માટે મનનો મેલ ધોઇ નાંખો ! શું થયું હતું તે ખુલ્લે ખુલ્લું કહો !

ત્યાર પછી ધનુભાઇ તરફ આંગળી કરી તેમણે માધવદાસને પૂછ્યું. "આ મૂર્તિ તમને ક્યાંથી મળી ?"

મા.—પ્રભુ, એતો.—

પરમ.—હા; એ તો તમારો કારભારી છે કેમ ?

પછી ડૉકટર તરફ જોઇ તેઓ બોલ્યા, "અને આ કોણ છે ? કેમ ભાઇ, તમે કંઈ જડ જેવા બની ગયા છો ? તમે એના ચેલા થાઓ નહિ વારું ?"

સૌ અવાક્ બની ગયા. જાણે ઘડી પછી કંઈ નવુંજુનું બનશે, એમ ધારી તેઓ એક બીજાનું મ્હોડું જોવા લાગ્યાં ! માધવદાસ કંઈ બોલ્યા નહિ. એક દીર્ઘ નિશ્વાસ મૂકી તેઓ કેવળ ઉભા રહ્યા. ડૉકટર ભયથી ધ્રુજતો ભોંયપર બેસી ગયો; અને ધનુભાઈ પોતાની ધૂર્તતાને: વળગી વિચારવા લાગ્યો, "આ કોઈ ડીટેકટીવ છે ? સઘળું જાણી ગયો હોય એમ લાગે છે ! જોઇએ હવે શું થાય છે !"

આ વખતે પરમહંસ માધવદાસને કહેવા લાગ્યા, "હવે આમ કરવાથી શું વળે ? તમે સૌ જાણી જોઇને આવું કર્યું છે. આ બાઈ તમને નહોતા કહેતા કે, જે સાધુ પૈસાને માટી કહે છે, તેની

જીભે ડહામ દેવો જોઇએ!" એમ કહી તેમણે ધનુભાઈ તરફ આંગળી કરી.

ધનુભાઇ એકદમ ચમકીને પોતાના મનમાં બોલ્યો "આ શું? ખરેખર આ તો કોઇ Thought–Eader છે? ના; કોઇએ એને કહેવું જોઇએ!"

માધવદાસ શેઠ પણ આશ્ચર્યચકિત બનીને વિચારવા લાગ્યા, "આ શું? આ તે સાક્ષાત્ અન્તર્યામી ભગવાન્ કે, ગુપ્ત વેશમાં રહેલા કોઈ મહાપુરુષ છે? હું તો ત્યાર પછી એમને મળ્યો નથી. ત્યારે એ વાત એમણે કયાંથી જાણી? હાય, હાય! એ મહાપાપની વાત કાને સાંભળ્યા છતાં, મ્હેં તેનાપર ધ્યાંન દીધું નહિ! અરે રે! એ પાપે જ મ્હારો નાશ કર્યો! ઓઃ!!"

ભવાનીશંકર, તે શાંત, સત્વાગુણાવલંબી બ્રાહ્મણ યુવક, આ બધું જોઈ સાંભળીને આશ્ચર્ય ચકિત બની ગયો! તેણે પોતાના મન સાથે ખાત્રી કરી, કે અત્યાર સુધી હું જેને શોધતો હતો તે પ્રભુકૃપાથી આજે મને શ્મશાનમાં મળ્યા છે! આજ નરોત્તમ, મહાપુરુષ છે! અહાહા! કેવા અપરૂપ મુખ છબી છે? એકી ધારે ભક્તિ–પ્રેમ અને જ્ઞાનની ચરમ સ્ફુર્તિ જણાય છે! હા; એમના જ ચર્ણમાં આત્મસમર્પણ કરવું! જોઇએ ધનુભાઈનું કેવું પરિણામ આવે છે. અ આટલે સુધી–?"

પરમહંસ વિચારવા લાગ્યા; "ના, ઠીક જ થયું છે. જે કાર્યનું જે ફળ ફળવું જોઈએ, તે ઉત્તમ રીતે ફળ્યું છે!" પછી તેઓ માધવદાસને કહેવા લાગ્યા, "કહો વારૂં, એ મરી ગયું તે કોણ છે? એને શું થયું હતું?"

માધવદાસ દીર્ઘ નિશ્વાસ મૂકી બોલ્યા, "એ મ્હારા કુળનો દીવો–મ્હારો એકનો એક પૌત્ર!!"

પરમ.—એમ કહોને કે [1]નાતિ! "નાતિ તમને સ્વર્ગમાં આપશે બાટી[2]!" હાં; ચોટ તો ખરેખરી લાગી છે. ભાઇ! મુદ્દલ કરતાં વ્યાજનું દર્દ સૌને વધારે હોય છે!!

ડાહ્યુઓ પૈકીનો એક માણુસ, પરમહંસનાં આવાં વચનોથી ગુસ્સે થઇને તેમને જોવા લાગ્યો. પરમહંસનું ધ્યાન તરત જ તેના તરફ ગયું. તેઓ હસ્તાં હસ્તાં બોલ્યા. "બાપુ! તમે મ્હારા પર ગુસ્સે થાઓ કે ન થાઓ; પણુ મ્હારો સ્વભાવ જ એવો છે, ત્યાં હું શું કરું? મ્હારાં વચનો તમને કડવાં લાગતાં હશે. પણુ એનો મ્હારી પાસે ઉપાય નથી! આવા વખતે અહા; ઓહો; કરું? ઉંહું; તે મ્હારાથી નહિ થાય! એ શબ્દો જ મ્હારા કોઠામાં નથી!"

ડૉકટર પરમહંસનું સ્વરૂપ સમજી ગયો. તે પોતાના મનમાં બોલ્યો.

"આ કોઇ સાધારણુ માણુસ નથી. એ સૌ જાણે છે, સૌ સમજે છે, તેથી એ સઘળું ઉઘાડું પાડી દેશે! સત્યતાની પ્રતિમૂર્તિ જેવું એનું રૂપ છે, તેથી બાહ્ય દ્રષ્ટિએ તે આમ કઠોર અને રૂઢભાષી જણાય છે! આપણે મિથ્યા આવરણુથી આવૃત થયા છિયે, તેથી મીઠું મીઠું બોલી લોકોને ઠગીયે છિયે! પરંતુ એ પૂછશે ત્યારે શું કહેવું? જે ભાગ્યમાં હશે તે થશે; પણુ ખરેખરું કહી દેવું! આમ તો મરવા બેઠા છિયે, ત્યારે આમ મરીશું!"

પરમહંસ ડૉકટર તરફ જોઇને બોલ્યાઃ—

"કેમ ભાઇ; શું વિચાર કરો છો? સત્ય પ્રકાશથી મરી જઇશું, એમ ધારો છો? ના; તેથી મરશો નહિ. તમે મરશો મનમાં પાપે–એ મન તમને ગભરાવે છે! કેમ એમજને!"

---

૧ મરાઠી ભાષાનો શબ્દ નાતિ–પૌત્ર. ૨ હીંદી ભાષાનો શબ્દ. બાટી–ભાખરી.

ડૉક્ટરનું સર્વ શરીર કંપી ઉઠયું. ભયથી, વિસ્મયથી, તે બ્હાવરો બની ગયો !

ધનુભાઇ સમજ્યો કે, હવે સઘળું ઉઘાડું પડી જશે; તોપણ તે ગભરાયો નહિ ! ગભરાટ કે ભયનાં સહજ પણ ચિન્હ તેનામાં જોવામાં આવ્યાં નહિ ! તે હિંમતથી પરમહંસને કહેવા લાગ્યો, "હવે રજા હોય તો, અમે શબને અગ્નિદાહ કરવા જઇએ. આપ કહેશો તો અમે આપને આશ્રમે આવીશું !"

આ વખતે પરમહંસ ચમકીને બોલ્યા, "અરે; વાઃ વાઃ !! તાલ જામ્યો ને બાજી પણ હાથ લાગી ! બાપુ ! મ્હેં ઘણાં માણુસો જોયાં, પણ તમારી જોડી જગત્માં મળે એમ નથી. બલીહારી છે તમારી બુદ્ધિને ! બાપુ; જીવતાં રહો ! જીવતાં રહો !!

ત્યાર પછી તેઓ સ્વાભાવિક સ્વરે બોલ્યા; "જ્યારે તમે એને મરેલો સમજીને અહિં લઇ આવ્યા છો, ત્યારે એને બાળ્યા વિના તમારો છૂટકો નથી ! જાઓ, શબને અગ્નિ સંસ્કાર કરો !!"

પરમહંસને મનમાં ને મનમાં ગાળો દેતો, ધનુભાઇ ઉઠીને જવા લાગ્યો. એટલામાં પરમહંસે તેને અટકાવીને કહ્યું; "ઉભા રહો. મ્હારે તમારું કામ છે !"

ધનુભાઇનો હાથ પકડી પરમહંસ, તેને થોડે દૂર લઇ જઇને કહેવા લાગ્યા: "ભાઇ ! બ્હીશો નહિ હોં; હુ પોલીસને નહિ બોલાવું !!"

આ વખતે પાપીના માથાપર જાણે વજ્રપાત થયો હોય, તેમ થયું ! તેણે પોતાના મનમાં નક્કી કીધું કે, "આ કોઇ ડીટેક્ટીવ છે ! ડૉક્ટરે તો વિશ્વાસઘાત નહિ કીધો હોય ? ના; તેમ બને જ નહિ ! ત્યારે કોઇ ગુપ્ત વિદ્યાના જોરે એ સઘળું જાણવા પામ્યો હશે ? ગમે તેમ થાય પણ મ્હોંડે કંઇ કબુલ કરવું નહિ !!"

ત્યાર પછી પરમહંસ ધનુભાઇને કહેવા લાગ્યા, "મને એકવાર શબનું મ્હોડું તો દેખાડ બાપુ!"

ધનુભાઇ આમતેમ ફાંફાં મારવા લાગ્યો. પણ માધવદાસે પોતાના માણસને ઇસારો કર્યો; એટલે તેણે શબના મ્હોડાં પરનું વસ્ત્ર ખસેડી નાંખ્યું.

પરમહંસે નિર્વિષ્ટ ચિત્તે શબનું મ્હોડું જોયું—ઘડીવાર નિર્નિમેષ નયને તેમણે જોયું; અને જોઇને તેમના મનમાં મહા સંતાપ થયો. પછી તેમણે "મા–મા" શબ્દનો ઉચ્ચાર કરી, પોતાના પદ્મહસ્ત શબની ઉપર ફેરવ્યા અને પછી હસતાં મ્હોડે તેમણે પૂછ્યું; "આ બાળકને શું થયું હતુ?"

આટલા બધામાંથી કોઇ કંઇ બોલ્યું નહિ. જાણે બધા વાચાહીન હોય, તેમ તેઓ એક બીજાનાં મ્હોંડાં જોવા લાગ્યા! પરમહંસે ફરી પૂછ્યું, "અહા; કેવો કેળના ગર્ભ જેવો સુકુમાર બાળક છે! કહોને, એને શું થયું હતુ?"

આ વખતે માધવદાસ શેઠ બોલ્યા, "કેમ ડૉકટર બોલતા નથી? કહોને શું દર્દ થયું હતુ!"

ડૉકટરની છાતી રુંધાતી હતી, અને જીભ ખેંચાતી હતી! તેનામાં હમણાં બોલાવાની શક્તિ ન હતી!

પરમ.—એ કોણ ડૉકટર છે? અરે; અત્યાર સુધી તમે મને કંઇ કહેતાં જ નથી! ડૉકટર શબની સાથે શા માટે આવ્યો છે?

આ વખતે ડૉકટરને બદલે, ધનુભાઇએ નીચી નજરે ઉત્તર દીધો, "એ ફેમેલી ડૉકટર છે તેથી સાથે આવ્યો છે!"

પરમ.—હાં; ઠીક. તેને બદલે તમે ઉત્તર આપ્યો ખરો. ત્યારે આ બાળકને શું થયું હતુ તે કહો!

ધ.—કૉલેરા.

પર.—મ્હારા મ્હોડાં સામું જોઇને કહો–શું થયું હતું ?

ધ.—કહું છું ને કે, કૉલેરા !

પર.—ના એમ નીચું જોઇને નહિ પણ–મ્હારી સામું જોઈ ને કહો.

આટલો બધો સાહસીક હોવા છતાં, પરમહંસના મ્હોડાં સામું જોવાનું અત્યારે તેનામાં સામર્થ ન હતું !

પરમહંસે કહ્યું, "બાપુ ! હું બધું સમજી ગયો ! અહો; આટલે સુધી ?–"

ત્યાર પછી માધવદાસને પાસે બોલાવી તેઓ કહેવા લાગ્યા; "મ્હારી સાથે ચાલો, જરા તમારું કામ છે !"

એમ કહી પરમહંસ, માધવદાસનો હાથ પકડીને તેમને થોડે દૂર લઈ ગયા.

પ્રકરણ ૩ જું.

જેને રામ રાખે તેને કોણ મારી શકે ?

પરમહંસ માધવદાસનો હાથ પકડી, સ્મશાનથી થોડે છેટે તેમને લઈ ગયા; અને એક પત્થરના ચોરાપર તેઓ બેઠા. થોડીવાર પછી પરમહંસે તેમને કહ્યું; "તમે મ્હારી પાસે પ્રતિજ્ઞા કરો તો, હું તમને એક વાત ક ."

"પ્રભુ; શાની પ્રતિજ્ઞા કરાવો છો ?" માધવદાસે પૂછ્યું.

"પ્રતિજ્ઞા એવી કરો કે, વેર લઈશ નહિ; વેર લેવાનો વિચાર પણ મનમાં કરીશ નહિ; હાથોહાથ પકડીશ તોયે, હું તેને ક્ષમા કરીશ !"

માધવદાસ આ વખતે બધું સમજવા પામ્યા. તેમનું સર્વ શરીર કંપી ઉઠયું. તેઓ સંતાપથી રડવા લાગ્યા !

"એમ રડવાથી વળશે નહિ. પ્રતિજ્ઞા કરો છો કે નહિ તે કહો!" પરમહંસે પૂછ્યું.

માધવદાસે અતિ દુઃખે, મનનો ઉભરો મનમાં સમાવી, એક દીર્ઘ નિશ્વાસ મૂક્યો.

"કેમ કંઈ બોલતા નથી?" પરમહંસે ફરી પૂછ્યું.

"આપ કહેશો તે મ્હારે કબુલ છે!" આ વખતે માધવદાસે ઉત્તર આપ્યો.

"જુઓ આ સ્થાને, આ સમયે, આ પવિત્ર તીર્થની સન્મુખ તમે પ્રતિજ્ઞા કરો છો; તમે હિંદુ છો, ફરી જશો નહિ; વિશ્વાસઘાતી થશો નહિ!" પરમહંસ બોલ્યા.

"આપના ચર્ણમાં પડી હું પ્રતિજ્ઞા કરું   કદી પણ વિશ્વાસઘાતી નહિ થાઉં!" માધવદાસે કહ્યું.

"બરાબર?"

"હા." માધવદાસ સત્ય રક્ષાને માટે દ્રઢ પ્રતિજ્ઞ થયા.

પરમહંસ તેથી સંતુષ્ટ થઈને બોલ્યા, "માધવદાસ! મનમાં માઠું લગાડશો નહિ. એક વાત પૂછું છું. તેનો જવાબ આપો—તમે ભગવાનને માનો છો?"

"પ્રભુ! આ શું કહો છો?" માધવદાસ દુઃખી સ્વરે બોલ્યા.

"તે છે—સચરાચર વ્યાપક છે—તેના પર તમે વિશ્વાસ રાખો છો?" પરમહંસે પૂછ્યું.

માધવદાસ ગદ્ગદિત કંઠે બોલ્યા, "તેને ભુલવાથી તો આવું પરિણામ આવ્યું; અને હવે હું તેનો અવિશ્વાસ કરીશ?!"

"જો ભગવાનપર તમારી ખરેખરી આસ્થા હશે તો, તમે જોશો કે, કેવાં ભીષણ પ્રાયશ્ચિતથી પાપીઓ બળી મરે છે! તે શાંતિની આગળ માણુસની શાંતિ તુચ્છ છે! માણુસના મ્હોડાં સામું

જોશો નહિ, મનમાં વેરભાવ લાવશો નહિ, સૌ તેને સોંપી દો. કેમ કબુલ છો ? મન સ્થિર રાખીને કહો, કે હું કબુલ છું !"

માધવદાસે નિર્વાક બની, એક વાર પરમહંસના મ્હોડાં સામું જોયું. તેમનું મન તેમને કહેવા લાગ્યું કે, મૂર્તિમાન ધર્મ તેની સન્મુખ ઉભો રહી, તેને સંસાર અને સૃષ્ટિનો રહસ્ય સમજાવે છે ! માધવદાસ દ્રઢતાની સાથે બોલ્યા, "પ્રાણ જાય તો ભલે, પણ આપની આજ્ઞાનું હું કદી પણ ઉલ્લઘંન નહિ કરું ! મ્હારો આલોક તો બગડયો છે, હવે હું પરલોક નહિ બગાડું !"

"ધન્ય છે ! તમે નજરો નજર એ પાપીઓનું પ્રાયશ્ચિત જોશો ! ચાલો."

એટલું કહી પરમહંસ ઉઠયા અને માધવદાસનો હાથ પકડી, જ્યાં બધા બેઠા હતા, ત્યાં તેમને લઈ આવ્યા.

થોડી વાર કોઇ કંઇ બોલ્યું નહિ. અંતે પરમહંસ ડૉકટર તરફ જોઇને બોલ્યા; "કેમ ડૉકટર ? તમે તો કંઇ બોલતા જ નથી. દવા તો તમે કરતા હતા ને ?"

આ વખતે ડૉકટર તેમ જ ધનુભાઇ, એ બેમાંથી કોઇ કંઈ બોલ્યું નહિ ! તેથી માધવદાસનો એક જૂનો કારભારી બોલી ઉઠયો; "હા મહારાજ; એ બન્ને જણાઓએજ બધું કીધું છે. કોઇને પાસે આવવા દીધા નથી."

આ વખતે ધનુભાઇ બોલ્યો, "કેમ ગોરા ડૉકટરને નહોતો બોલાવ્યો ?"

એટલામાં માણસોનો કોલાહળ સંભળાયો. જોતજોતામાં કેટલાંક માણસો એક હેટ કોટ ધારી નેટીવ સાહેબને લઇને, ત્યાં આવી પહોંચ્યા. તેમની સાથે એક ઇન્શપેકટર અને બે કોન્સટેબલો હતા. સઘળા દેશીઓ હતા.

હેટ કોટ ધારી પેલા દેશી સાહેબને, ઇન્સપેકટરે પૂછ્યું, "આમાં તમારો ધણી કયાં છે તે બતાવો !" તે હેટ કોટ ધારી સાહેબે, અતિ મ્લાન અને અવનત દ્રષ્ટિએ ધનુભાઇને દેખાડયો !

સ્મશાનમાં બેઠેલા લોકો, વિસ્મય અને કુતુહળથી હસતાં હસતાં બોલી ઉઠયા;

" સાહેબના વેશમાં બૈરી કયાંથી ?! "

ઇન્સપેકટરે ધનુભાઇને પૂછ્યું; " તમારું નામ ધનુભાઇ ? "

મહાપાપી ધનુભાઇ, એક ઘડીમાં આ બનાવ શું છે, તે સમજી ગયો. તે ધીરે રહીને બોલ્યો, " હા. "

" તમે બી. એ. છો ? "

" હા. "

" ઝવેરી માધવદાસના તમે ભાગીદાર છો ? "

" હા; તેઓ પણ અહિયાં જ છે. "

ધનુભાઇએ આંગળીથી માધવદાસને દેખાડયા.

" તમારું નામ માધવદાસ ? " ઇન્સપેકટરે પૂછ્યું.

" હાજી. " માધવદાસ એટલું કહી મનમાં બોલ્યા, " શું પાપીનું સઘળું પાપ ઉઘાડું પડી ગયું ?! ગુરુ ગુરુ ગુરુ ! "

ઇન્સપેકટરે પેલી હેટ કોટ ધારી સ્ત્રીને બતાવીને ધનુભાઇને પૂછ્યું, " આ તમારી ધણીયાણી છે ? " આ વખતે તે સાહસીક પુરુષનું મ્હોડું એકદમ ઉતરી ગયું ! તેણે વિચાર્યું; " ના કહું ? " ફરી મનમાં આવ્યું; " ના કહીશ અને કદી એ બધું કહી દેશે ત્યારે ? " તેને કંઈ સમજણ પડી નહિ; તે બોલ્યા વિના એમનો એમ ઉભો રહ્યો !

પણ ઇન્સપેકટર તેને છોડે એમ ન હતું. " બોલો સ્પષ્ટ રીત બોલો ! "

ધનુભાઇએ સ્પષ્ટ રીતે કબુલ કર્યું!

"એ તમારી પણીયેત સ્ત્રી છે?" ઇન્સપેક્ટરે ફરી પૂછ્યું.

આ વખતે ધનુભાઇએ વિરક્તપણે કહ્યું, "તમારા આ સવાલો કાયદેસર નથી!"

"તમે ભૂલો છો, કાયદાની હદ ઓળંગી, મ્હેં એક ડગલું પણ આગળ ભર્યું નથી. પરંતુ એક આબરુદાર કુટુંબની સ્ત્રી જોઇને, તેમજ તમારું ઓળખાણ મેળવીને, મ્હેં જેમ બને તેમ હદમાં રહીને કામ કર્યું છે. હું ડીટેકટીવ છું; મને વહેમ પડે તો, હું એકદમ હાથમાં હાથકડી સુદ્ધાં પહેરાવી શકું તેમ છું. પણ મ્હેં તેવું કર્યું નથી. બોલો એ તમારી પણીયેત સ્ત્રી છે કે કેમ?"

આ વખત તકરાર કરવાનો નથી, એમ મનમાં સમજી ધનુભાઇએ કહ્યું; "હા, એ મારી પણીયેત સ્ત્રી છે."

"તમારી પણીયેત સ્ત્રી થઇને, એ સાહેબના વેશમાં આમ કેમ બહાર ફરે છે? તમે કયો ધર્મ પાળો છો?" ઇન્સપેકટરે પૂછ્યું.

શું ઉત્તર આપે? તે ધર્મને માનતો ન હતો. એટલે કયો ધર્મ પાળે?

"માફ કરજો, કે મ્હારે તમને આવા સવાલ પૂછવા પડે છે. તેનું કારણ એ જ છે કે, એક આબરુદાર કુટુંબની સ્ત્રી સાહેબનો ડ્રેસ પહેરીને, પોતાને એક યુરોપિયન ડૉકટર તરીકે ઓળખાવે છે!" ઇ-ન્સપેકટરે કંઇક ટકોરમાં કહ્યું.

આ વખતે સઘળાં માણસો હસી પડયાં. માધવદાસ ધીરે રહીને પરમહંસને કહેવા લાગ્યા. "આ જ તે ગોરો ડૉકટર! મ્હારા દીકરાને–"

પરમહંસે તેમને ધીરે રહીને સમજાવ્યું, "છાના રહો. પ્રતિજ્ઞાનું સ્મરણ કરો. સત્યભંગથી સર્વનાશ થશે!"

ઇ.—તેથી મ્હારે પૂછવું પડે છે કે, તમે કયો ધર્મ પાળો છો?

ધ.—હું કોઇ ધર્મમાં નથી. મને જે સારું લાગે છે, તે હું કરું છું. માફ કરો મને એ સંબંધી વધારે પૂછશો નહિ.

ઇ.—હિંદુ, મુસલમાન, ક્રિશ્ચિયન વિગેરે કોઇ પણ જાતને આવી રીતે ફરતાં મ્હેં હજુ સુધી જોઇ નથી. બનાવટી બાલ માથાપર પહેરી, ખરા બપોરે જાહેર રસ્તાપર એક આબરુદાર હિંદુ કુટુંબની સ્ત્રી, સાહેબના વેશમાં ફરે એ બહુ નવાઇ જેવું છે! જો ઘોડો ચમક્યો ન હોત અને એઓ ગાડીમાંથી નીચે પડી ગયા ન હોત તો, એમના માથા પરના બનાવટી બાલ ખશી પડત નહિ; અને કોઇ એમને સ્ત્રી તરીકે ઓળખી શકત નહિ!

ધ.—Criminally રીતે એણે કોઇનું નુકશાન તો કર્યું નથી ને?

ઇ.—ના તેવું એણે કર્યું નથી. તોપણ કોઇ નીચ હેતુને માટે એ આવી રીતે ફરે છે; અને વખત મળતાં એ હેતુ પાર પાડવામાં એ જરા પણ ચુકે એમ મને લાગતું નથી. તેથી મ્હારી ડાયરીમાં હું તમારું નામ લખી લઉં છું. મ્હારો ઉપરી અમલદાર મને સલાહ આપશે, તો હું તમારી સ્ત્રીને પ્રોસીક્યુટ કરીશ. તે વખતે તમારે સાક્ષી તરીકે હાજર થવું પડશે. જાઓ હવે તમને રજા છે.

ઈન્સપેક્ટર એટલું કહીને, કોન્સટેબલો સાથે ત્યાંથી ચાલ્યો ગયો. અધોવદના કાળમૂખી, પતિના મહા પાપની ચિરસંગિની વિલાસિની, આટલીવારે પોલીસના હાથમાંથી છુટી

પરંતુ લોકોના હાથમાંથી તે છુટે એમ ન હતું! ઉસ્કેરાયેલા લોકો તાળીઓ પાડીને મનમાં આવે મ બોલીને, તેને ખીજવવા લાગ્યા! કોઈ પણ રીતે અહિંથી નાશી છુટાય તે બચાય; એમ ધારી તે માણસની ઠઠમાંથી મહા બળાત્કારે બહાર નીકળી; અને મોટા રસ્તાપર આવી. એટલામાં એક ખાલ 'વીકટોરીયા' ત્યાંથી જતી હતી, તેમાં તે બોલ્યા વિના એકદમ બેશી ગઇ અને ગાડીવાળાને,

'સીધો હાંક' કહી તે પોતાના મનમાં બોલી, "અરેરે! ઘડીવારમાં કેવું બની ગયું? મ્હારો જીવ બહુ ગભરાય છે. હવે તો જેમ જલદી ઘેર જવાય તેમ સારું! મ્હેં તેમને કેટલીવાર ના કહી, પણ તેમણે મ્હારું માન્યું જ નહિ! અતિ બુદ્ધિનું પરિણામ જ ઉલટું!!"

મહાપાપી ધનુભાઇ વિચારતો હતો. "એક આફત તો ગઇ. હવે આ બીજી આફત રહી છે, તે કોણ જાણે શું કરશે! એ પણ મ્હારાથી હોંશીઆર નીકળી. આટલું બધું થયું, તોપણ મ્હોડાંમાંથી એક શબ્દ પણ તેણે બહાર કહાડયો નહિ! એ તો સીધી ઘેર જઇને બેસશે. હવે એની ફિકર નથી."

પરમહંસે માધવદાસના કાનમાં કહ્યું, "જોયું, કેવું અપમાન? જેલ અથવા બીજી સજા એની તોલે આવશે? અને અસલ સજા તો હજુ બાકી છે. તે પણ ધીરજ રાખશો તો તમે જોશો!"

શોકાતુર માધવદાસે દીર્ઘ નિશ્વાસ મૂકી, પરમહંસને ધીરેથી પૂછ્યું, "એ બાળકનું મૃત્યુ શાથી નીપજ્યું, તે મને કૃપા કરીને કહેશો?"

"એમ અધીરા ન થાઓ; જરા ધીરજ ધરો. સૌ પોતાની મેળે તમે જાણુશો!"

"મ્હારાપર દયા કરો;–એકવાર મને કહો"–માધવદાસ દુઃખથી વ્યાકુળ બની પરમહંસના પગમાં પડયા!

"હું તમને કહું છું; પણ તમારી પ્રતિજ્ઞા પ્રમાણે તમે કોઈ પણ રીતનો બદલો લઈ શકશો નહિ!" પરમહંસે કહ્યું.

માધવદાસે ફરી, દ્રઢતાની સાથે તે કબુલ કર્યું.

"વિષ–વિષ! ગુપ્ત–વિષથી પાપીઓએ આવો સર્વનાશ કર્યો છે!!" પરમહંસે ધીરે રહીને, માધવદાસના કાનમાં કહ્યું!

"ઓ ભગવાન્! આ હું શું સાંભળું છું!" એટલું કહી માધવદાસ, પરમહંસના ચર્ણમાં મુર્ચ્છિત થઇને પડયા!

માધવદાસની મુર્ચ્છા ભંગ થયા પછી પરમહંસ તેમને કહેવા લાગ્યા: "જુઓ, જોઇએ; તમારો પૌત્ર જીવે છે કે નહિ?"

પરમહંસના ઉપલા શબ્દો સાંભળી, સૌ આશ્ચર્યચકિત બની ગયાં! સ્મશાનમાં આવેલું શબ જીવતું થાય? આ શું સ્વપ્ન કે સાચું? કે પરમહંસની શાંત્વના?!

પરમહંસ ફરી માધવદાસને કહેવા લાગ્યા, "ઉઠો, જાઓ એક વાર જઇને જુઓ!!"

માધવદાસને આ વખતે, કોઇએ અસીમ બળ આપ્યું હોય, તેમ તેઓ "જય મા, શક્તિ સ્વરૂપિણી!" કહીને ઉઠયા અને શબની પાસે ગયા. શબને જોતાંની સાથે તેઓ આશ્ચર્યચકિત થઇને બોલી ઉઠયાઃ—

"હરિ હરિ! પતિત પાવન! દીનાનાથ! આ હુ શું જોઉ છું!!"

માધવદાસ હર્ષથી, વિસ્મયથી, ફરી પરમહંસના ચર્ણમાં મુર્ચ્છિત થઇને પડયા!

પરંતુ સ્પર્શ માત્રથી તેમને ચૈતન્ય કરી, ફરી પરમહંસ બોલ્યા, "જાઓ, ઉઠો; મુમુર્ષું બાળકની સુશ્રુષા કરો! મુર્ચ્છિતના મ્હોંડે અને આંખે પાણી છાંટો. જય મા સ્મશાનેશ્વરી!" પરમહંસ હુંકાર કરીને ઉભા થયા!

હજારો કંઠમાંથી તે હુંકારનો પ્રતિહુંકાર થયો.

"જય મા શ્મશાનેશ્વરી!"

ચારે તરફથી લોકો એકઠાં થઇ, તે મૃત બાળકને વીંટળાઇ વળ્યાં. સૌએ વિસ્મયપણે જોયું તો, મુમુર્ષું બાળક ધીરે ધીરે આંખ ઉઘાડતો હતો!!

ફરી ગગનભેદી હરિધ્વનિથી આખું સ્મશાન ગાજી ઉઠયું! આ વખતે એક મંડળી હરિ કીર્તન કરતી જતી હતી, તે પણ હરિ

ધ્વનિથી આકર્ષાઈ, અહિં આવી અને તેણે આ આનંદ ધ્વનિમાં યોગ દીધો. શ્મશાન સ્વર્ગમાં ફેરવાઇ ગયું !

આ અદ્દ્ભુત બનાવ જોઇ, ધનુભાઇ મરવા જેવો બની ગયો, પરંતુ ડૉકટર પોતાના મનમાં સમજી ગયો. "એ બીજું કંઇ નહિ; પણ મ્હારા પેલા આર્સેનિકનું 'Antidote;'–લાઇકાર ફેરીડાયે-લિસેટોસનું અવ્યર્થ ફળ ! હા; ફળ તો મળ્યું. પણ બહુ મોડું; ઘણું અસુરું મળ્યું ! દર્દી મર્ણ પામ્યો ન હતો, પણ મુર્ચ્છિત થયો હતો–તે મ્હારાથી પરખાયું નહિ !"

આ વખતે પરમહંસ માધવદાસને કહેવા લાગ્યા, "જેને રામ રાખે તેને કોણ મારી શકે, તે આનું નામ !"

માધવદાસ પોતાના મનમાં બોલ્યા, "હા, ખરું છે. રામ રાખે તેને કોણ મારી શકે? પણ પ્રભુ ! તમે જ મ્હારા રામ ! તમે જ મ્હારા કરુણામય કૃષ્ણ ! તમે જ મ્હારા પ્રત્યક્ષ ભક્તવત્સલ ભગવાન્ !!"

ફરી પરમહંસ માધવદાસ પ્રત્યે બોલ્યા, "હવે માયામાંથી મન કહાડી નાંખો અને જીવનના બાકીના દિવસો ભજન–સાધનમાં ગાળો ! મા ! મા ! મ્હારી રક્ષા કર ! અરે, કેશવ ! ત્હારી માએ તો આજે અદ્દ્ભૂત લીલા દેખાડી ! ડોસી બહુ પુણ્યવતી હતી. નક્કી માનજે કે, તેનો વૈકુંઠવાસ થયો છે ! અહાહા, મા ! આનંદમયી ! હવે મને આજ્ઞા આપ ! ચાલ બેટા સિદ્ધેશ્વર; હવે આશ્રમમાં ચાલ !

"ચાલો પિતા !"

શિષ્યો સાથે પરમહંસ ઉઠીને ઉભા થયા.

માધવદાસની સ્થિતિ આ વખતે કેવી હતી ? તેઓ નવો જન્મ પામ્યા હોય, કંઇ નવું જીવન મેળવ્યું હોય, તેમ તેઓ નવા ભાવે ભાવમય હતા ! તેમની આંખોમાં આનંદનાં આંસુ આવ્યાં હતાં !

ભક્તિના અનાવિલ ઉચ્છ્વાસે તેઓ ગદ્‌ગદીત કંઠે બોલ્યા, " હે ! પતિત પાવન ! દીનાનાથ !– "

બીજું તેમનાથી બોલાયું નહિ. બે હાથ જોડી અતિ દીનભાવે તેમણે પરમહંસના ચર્ણાવિંદમાં પોતાનું મસ્તક મૂક્યું !

" જો જો, પ્રતિજ્ઞા ભૂલશો નહિ; જીવન પર્યંત કોઇને કંઈ કહેશો નહિ. જાઓ બાળકને લઇ જાઓ. સમુદ્રની વિશુદ્ધ હવામાં એને થોડા દિવસ રાખો. સૌ સારું થઇ જશે ! "

માધવદાસને આટલી સૂચના કરી, પછી તેમણે ડૉકટરના કાનમાં કહ્યું. " તમે છાનામાના જે દવા બાળકને પીવડાવી હતી, તે દવાથી બાળક મુર્છિત્ થયો હતો. પણ તમે તેને મરેલો માન્યો. ભાવિએ તમને ભૂલાવ્યા બીજું શું ? "

પરંતુ ડૉકટરથી તે ગર્વ, પોતાને મ્હોંડે પ્રકાશ કરી શકાય તેમ ન હતું. તેના માથા પર તો અત્યારે બ્રહ્માંડ તૂટી પડયું હતું ! તે જ્યાં જોતો, ત્યાં તેને યમદુત જણાતા હતા; અને મૃત્યુની ભયંકર છબી, તેના હૃદયને ચીરી નાંખતી હતી !

અને ધનુભાઈ—બુદ્ધિવાન, સાહસીક ધનુભાઇ,–કેવળ દિંગમૂઢ બની જડની પેઠે ઉભો ઉભો આ અદ્‌ભૂત બનાવ વિષે વિચાર કરતો હતો ! પણ તેને કંઈ સમજાતું ન હતું. " કુદરતના નિયમ પ્રમાણે, શું મરેલું માણસ જીવતું થાય ? કેમ અત્યાર સુધીમાં તો કોઇ નામાંકિત ડૉકટરે અથવા કોઇ ફીલસુફે, એ તત્વને અજવાળામાં આણ્યું નથી ! ત્યારે આમ કેમ બન્યું ? ડૉકટરે તો–ના; તેના પર સંદેહ લાવવા જેવું નથી–એ બધું આ જોગટાએ– "

કંઈ ચાલ્યું નહિ, કંઇ સમજાયું નહિ, ત્યારે પાપીએ સૌ પરમહંસ પર ઢોળી દીધું ! તેમને જાદુગર, મંત્ર તંત્રની સાધનાવાળો, મેલી વિદ્યા જાણનારો, વિગેરે કહી નિંદવા લાગ્યો ! આ જટીલ

રહસ્ય સમજવાને માટે, જે શક્તિ, સામર્થ અને સૌભાગ્ય જોઇએ, તે તેનામાં ન હતાં, એટલે પછી તે શું કહે? પાપીના મનમાં ઇર્ષાનો અગ્નિ સળગી ઉઠયો! તેણે પોતાના મનમાં પ્રતિજ્ઞા કરી, "આ બધા અનર્થનું મૂળ જ પરમહંસ છે! અહાઃ કેવું અપમાન? આપઘાત કરવાની ઇચ્છા થાય છે. પણ ના; હમણા નહિ. એક વખત આનું વેર લઇશ. ત્યાર પછી જે કરવું હશે તે કરીશ!"

આટલી વારે તે કાળ સર્પે નિશ્વાસ મૂકયો! પરંતુ તે પોતાના વિષથી પોતે જર્જરિત થઇ, મૃત્યુયંત્રણા ભોગવવા લાગ્યો! આજુ-બાજુ જોયા વિના, તે ધીરે ધીરે નીચી નજરે ત્યાંથી ચાલ્યો ગયો!

પિસાચ ડૅાકટરે પણ, ધીરે રહીને તેનું અનુસરણ કીધું!

માધવદાસને આ વખતે જોવા, સાંભળવાનો કે વિચાર કરવાનો, અવસર ન હતો. તે પોતાના અંતરમાં ને અંતરમાં, અભય પાદાર્વિંદનું ધ્યાન ધરતા હતા!

ભક્ત ભવાનીશંકરની અવસ્થા પણ એવી જ હતી. તેની આં-ખોમાંથી આંસુઓ પડતાં હતાં; ભક્તિથી તેનું હૃદય પરિપૂર્ણ બની ગયું હતું. તે પોતાના મનમાં સમજ્યો કે, "મ્હારો સમય થયો છે, તેથી જ સ્મશાનમાં મને સદ્ગુરુ મળ્યા!" આજે સ્મશાન તેને મિત્રવત્ ભાસ્યું. પ્રેતાત્મા ધનુભાઇને તેણે જાણી જોઇને બોલાવ્યો નહિ. આ અદ્ભૂત બનાવ જોઇને, તે શાંત ધર્મભીરૂ બ્રાહ્મણ યુવક, પોતાના મનમાં બોલ્યો. "અહો; અર્થનું આવું પરિણામ? ખરેખર, અન્તર્યામી ભગવાને મ્હારા હૃદયમાં આવિર્ભૂત થઇને મ્હારી રક્ષા કરી. નહિ તો ધનુભાઈની સાથે મ્હારી પણ આવી દશા થાત!!"

ભાગ્યવાન માધવદાસે, આજે આનંદથી સમુદ્ર સ્નાન કીધું, અંતર અને બહારથી સમાન પવિત્ર થઇને, તેમણે અનેક પ્રકારનાં ત્યાં દાન ધ્યાન કીધાં! ત્યાર પછી પોતાના મનમાં ઇષ્ટમંત્રનો જાપ

કરતા કરતા, તેઓ સ્મશાનમાંથી પોતાના પ્રાણાધીક મૃત પૌત્રને જીવતો લઇ, એક 'વિકટોરીયા'માં બેશી ઘેર ગયા ! જે વખતે તેઓ 'વિકટોરીયા'માં બેઠા, તે વખતે આજુબાજુ લોકોની ઠઠ જામી ગઇ હતી. આવો અપૂર્વ દેખાવ જોઇને, લોકો આનંદથી હરિધ્વનિ કરવા લાગ્યા ! પરમહંસ બ્રહ્માનંદ સ્વામીનો મહિમા, એક દિવસમાં આખા શહેરમાં પ્રસરી ગયો ! કહેવાની જરૂર નથી, કે આસ્થાવાન, વિશ્વાસુ અને ભગવદ્‌ભક્તો તો ગુપ્ત ઔષધની વાત જાણતા ન હતા. એટલે તેઓ તો ભગવાનના જ વાત્સલ્યપણાનાં ગુણગાન કરવા લાગ્યા !

પ્રકરણ ૪ થું.

તુષાનળ.

વૈદિક યુગમાં તુષાનળથી પ્રાયશ્ચિતની વ્યવસ્થા થતી હતી. પાપીને તુષની અગ્નિમાં બાળવામાં આવતો હતો. અથવા પાપી પોતે પોતાનું પરલોક સુધારવા, તત્વદર્શી ઋષિગણોના વિધાન પ્રમાણે, પોતાના સર્વાંગે ગોમય-મૃતિકા લેપન કરી, તેને તડકામાં સુકવી, પછી તુષની અગ્નિમાં આહુતી તરીકે પોતાનો દેહ બાળીને ભસ્મીભૂત કરતો હતો ! યુગધર્મે એ વ્યવસ્થાનો લોપ થયો છે. પરંતુ પ્રકૃતિની અપરિવર્તનીય વ્યવસ્થા વડે, પાપી નિરંતર પોતાના અંતરમાં ને અંતરમાં એ મહા પ્રાયશ્ચિત ભોગવે છે ! જો કે એથી તેનું બહારનું રૂપ મલિન થતું નથી; અથવા દાવદગ્ધ બનતું નથી. તોપણ તે અંતરમાં ને અંતરમાં હંમેશ બળતો રહે છે, એ વાત નિઃસંદેહ છે. પાપીની એ અંતર પીડા જોવાની, આપણી આંખોમાં શક્તિ નથી અને તેથી તે આપણે જોઇ શકતા નથી. પરંતુ સારી રીતે વિચાર કરવાથી

એ વાત અંતરમાં ઉતરશે અને એના સત્યપણાને માટે પ્રતિતી થશે.

સુંદરીના અવૈધ–પ્રેમમાં મુગ્ધ બનેલા, રૂપોન્મત્ત મનુભાઇની વાત વાચકો વીસરી ગયા નહિ હોય. તે સરળ વિશ્વાસી અને કોમળ અંતઃકરણના યુવકના, આત્મસંગ્રામનું ચિત્ર વાચકોના હૃદયમાં હજુ રમણ કરતું હોવું જોઇએ. પુણ્ય પ્રતિમા સતિ સ્ત્રીના પુણ્યે અને ભક્તિભાવાપન્ન યુવકના સ્વચ્છ સરળ મનના ગુણે, પ્રભુ પ્રસન્ન થયા. અને તેને નિવૃત્તિનો મંગળ માર્ગ દેખાડયો! ત્યાર પછી જાણે પ્રભુનોજ પ્રેરિત હોય, એમ એક સંન્યાસી આવ્યો; અને દૈવબળે તેણે મનુભાઈના એકના એક પુત્રને મૃત્યુના મુખમાંથી બચાવ્યો. એટલું જ નહિ પણ એક ભાવપૂર્ણ સ્વર્ગીય સંગીતથી, તેના અંતરની પાપ છબી, અને તેના મનનું મલિન ચિત્ર, તેના સન્મુખ ધરી તેને જાગૃત કીધો. એ જાગૃતીથી, અને તેની સાથે તેની સતિ સ્ત્રીના પુણ્યમય આકર્ષણથી, મનુભાઇ સુધરી ગયો! આ બનાવને થોડા દિવસ વિત્યા પછી તેના મનમાં, તે નરોત્તમ મહાપુરુષના દર્શનની પ્રબળ ઇચ્છા થઇ; તેમના ચર્ણમાં આત્મ સમર્પણ કરવાની તેને એકાંતિક અભિલાષા જન્મી; અને તેથી તેણે ગૃહત્યાગ કર્યો!

કોઇને કંઈ કહ્યા વિના, તે એકલો ઘરમાંથી નીકળ્યો. અંધારી રાત્રી હતી, અગીયારેક વાગ્યાનો સુમાર થયો હતો. આખા દિવસના પરિશ્રમ પછી લોકો નિદ્રાદેવીની સોડમાં સૂતા હતા. માર્ગમાં આછી આછી વસ્તી જણાતી હતી. દિવસના જેવો કોલાહળ, ગાડી ઘોડાની દોડાદોડ, એ વિગેરેમાંનું અત્યારે કંઇ જણાતું ન હતું. મનુભાઈ ધીરે ધીરે ચાલતો સ્ટેશન પર આવ્યો. ખબર કહાડતાં જણાયું કે, મુંબઈ જવાની ટ્રેન ઉપડી ગઈ છે; અને બીજી ટ્રેન આવવાને હજુ ત્રણ કલાકની વાર છે. હવે શું કરવું? ઘેર પાછા જવું? ના; તેનો દૃઢ નિશ્ચય ફર્યો નહિ. તેથી ટ્રેન આવતાં સુધી સ્ટેશન ઉપરની ધર્મ-

શાળામાં બેસી રહેવું, એવો વિચાર કરીને તે ધર્મશાળામાં આવ્યો. અહિં તેને પૂર્વ પરિચિત પેલા સંન્યાસીનો મેળાપ થયો ! સંન્યાસીએ તેને ગૃહ–ત્યાગનું કારણ પૂછ્યું. અનુતપ્ત અને આત્મ અપરાધે મર્મા-હત્ બનેલા મનુભાઇએ, પોતાના મનનું પાપ તેને સરળપણે જણાવ્યું. અને ત્યાર પછી તે ઈશ્વર–પ્રેમી મહાપુરુષ–યોગીશ્રેષ્ટ પરમહંસ બ્રહ્મા-નંદ સ્વામીનું નામ લઇ, મનુભાઈ બોલ્યો; "એ મહા પાપની નિવૃ-ત્તિને માટે હું તે નરદેવતાના ચર્ણમાં આત્મ સમર્પણ કરીશ ! તેઓ પરમ દયાળુ અને પતિતપાવન છે ! તેમના આશ્રમમાં રહીને, તેમના શિષ્ય અને સાધુઓની સેવા કરીને, જીવનનો બાકીનો કાળ કહાડવા મ્હેં મ્હારા મનમાં નિશ્ચય કર્યો છે ! !" એ સાંભળી તે સંન્યાસી બોલ્યો, "પણ એ તમારાથી બનશે ? તમે હજુ યુવાન છો–તમારું જીવન હજુ અનુરાગથી ઘેરાયેલું છે–સંસારની માયામાંથી મુક્ત થઈને, શું તમે કઠિન બ્રહ્મચર્યવ્રત પાલન કરી શકશો ?"

"મ્હારામાં તેવી સહજ પણ શક્તિ નથી, એ હું જાણું છું. પરંતુ તે પરમ દયાળુ ગુરુદેવની અસીમ કરુણા મ્હારી સહાયતા કરશે ! અને એવા વિશ્વાસથી જ હું આવા દુઃસાધ્ય કઠિન વિષયમાં અગ્રેસર થયો છું. તમે પણ સાધારણ માણસ નથી. મને આશીર્વાદ આપો; જેથી મ્હારી મનકામના પૂર્ણ થાય!" મનુભાઇ બોલ્યો.

ધીરે ધીરે તેમની વચ્ચે મિત્રભાવ ઉપજ્યો. ધર્મ અને માનસિક ઉન્નતિ સંબંધી, તેઓ નાના પ્રકારની ચર્ચા કરવા લાગ્યા. સંન્યાસીએ કહ્યું; "બધાનું મૂળ–ચિત્તશુદ્ધિ છે. મન પવિત્ર થયા વિના કંઈ થતું નથી. સંયમ અને અભ્યાસથી ચિત્તશુદ્ધિ થાય છે !"

"તેનો જ અભાવ છે. તેના વિના હું પ્રબળ ઈંદ્રિય લાલસાથી જ્ઞાનશુન્ય બની કામના પ્રવાહમાં તરણાની પેઠે તણાયો જાઉં છું ! વ્યાકુળતાએ મ્હારા મનને ઘેરી લીધું છે. અનુતાપ અને આત્મગ્લાનિ

મ્હારા અંતરને નિરંતર બાળી મૂકે છે! કહો, દેવ! મ્હારા પાપનું પ્રાયશ્ચિત શું છે, તે મને કહો!" મનુભાઇ પરિતાપ પામીને બોલ્યો.

"મ્હારાથી તે કહી શકાય એમ નથી. હું હજુ સુધી કંઈ જાણતો નથી. ગુરુ કૃપા વિના મ્હારો પણ ઉદ્ધાર નથી!" તે સંન્યાસીએ કહ્યું.

"તમારો પણ ઉદ્ધાર નથી?—એવું બોલશો નહિ. સાધન માર્ગમાં તમે ઘણા અગ્રેસર થયા છો. તમારી અલૌકિક દેવક્રિયા તેનું પ્રત્યક્ષ પ્રમાણ છે! તમારા સુધા કંઠમાંથી નીકળતું સાધન-સંગીત તેનું ઉજ્જવળ ઉદાહરણ છે!" મનુભાઈએ આશ્ચર્ય ચકિત થઇને કહ્યું.

તે સંન્યાસી સહજ હસીને બોલ્યો, "તેવું કંઇ નથી. કદાપી તેવું તમને જણાતું હોય, તો તે બીજું કંઈજ નહિ પણ, કેવળ ગુરુ-દેવની અલૌકિક વિભુતિનું કણાંસ! એમાં મ્હારું કંઇ નથી. હું પણ તમારા જેવો એક દુર્બળ માણસ છું. કોઈ વિશેષ કારણને લીધે મ્હેં આ વેશ લીધો છે!"

"ત્યારે શું તમે સંન્યાસી નથી?"

"ના."

"ત્યારે ગૃહસ્થાશ્રમી છો?"

"ના; તે પણ નહિ. કારણ કે ગૃહસ્થાશ્રમના ધર્મોનું મ્હેં પાલન કર્યું નથી." એમ કહી તે સંન્યાસીએ એક દીર્ઘ નિશ્વાસ મૂકયો!

જ્યારે દુઃખીયાને દુઃખીયું મળે છે, ત્યારે તેમની વચ્ચે સહાનુ-ભૂતિ જન્મે છે. મનુભાઇ પોતાના હૃદયનાં દ્વાર ખોલી, સંન્યાસીની સાથે વાતે વળગ્યો. "તમારા ગુરુ કોણ છે, તે મને કૃપા કરીને કહેશો?"

"હા; કહીશ; પણ તમે તમારી માનસિક વ્યાધી સરળપણે મને કહો. સંકોચથી અથવા કોઈ કારણથી મનમાં કંઈ છાનું રાખશો નહિ! પણ—" એટલું કહીને તે સંન્યાસી અટકયો.

"શું કહો છો, કહો!" મનુભાઈ બોલ્યો.

"પણ એટલું મનોબળ તમારું છે? તમે મ્હારા પર એટલો બધો વિશ્વાસ રાખશો?" સંન્યાસીએ કહ્યું.

"હું જગતમાં કોઇનો પણ અવિશ્વાસ કરતો નથી!" મનુભાઇએ દૃઢતાની સાથે જણાવ્યું.

એ સંન્યાસીની નજરમાં તરતજ ઉતર્યું. તે સંતુષ્ટ થઇને બોલ્યો, "તે હું જાણું છું, તેમ નહિ હોત તો પરમહંસ તમને આટલું બધું આકર્ષણ કેમ કરે? આટલો જલદી તમારો વખત કેમ થાય?"

"પરમહંસ! તમે કયા પરમહંસની વાત કરો છો?" મનુભાઇએ આશ્ચર્યચકિત થઇને પૂછ્યું.

"તમે જેના ચર્ણમાં આત્મસમર્પણ કરવા ગૃહત્યાગી થયા છો, તેજ પતિત પાવન દયામય મ્હારા ગુરુ છે!" સંન્યાસીએ કહ્યું.

"ભક્તવત્સલ પરમહંસ બ્રહ્માનંદ સ્વામીના, તમે મંત્ર શિષ્ય છો?" મનુભાઇએ પાછુ આતુર થઈને પૂછ્યું.

"તેમની પાસે મંત્ર તંત્ર કંઈ નથી. તે કરુણાનો સાગર, કંગાળને જોતાંજ પોતાના ખોળામાં લે છે!!" સંન્યાસીએ શાંતભાવે જણાવ્યું.

"હું પણ કંગાળ છું. અંતરે અંતરે પાપી, તાપી અને દુઃખી છું! મ્હારા પર તેઓ દયા નહિ કરે?!" મનુભાઈએ અતિ દીનભાવે આ વચનો કહ્યાં.

"શા માટે નહિ? તમારા જેવા સરળ, અકપટ વિશ્વાસુ માણસને, તેઓ પોતાના પ્રાણથી પણ પ્રિય ગણે છે! "મ્હારા પર દયા નહિ કરે" એવું તમે પુછો છો?—તેમણે તમારા પર પ્રથમથી જ દયા કરી છે! તમે ભાગ્યવાન છો—અલ્પ પ્રાયશ્ચિતથી તમારી મુક્તિ થશે!" તે સંન્યાસીએ કહ્યું.

થોડી વાર બન્ને જણા કંઈ બોલ્યા નહિ. પણ મનુભાઈની

આંખોમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યાં ! એ જોઇ સંન્યાસીએ સ્નેહથી તેના ખભાપર હાથ મૂકીને કહ્યું; " મને એક શંકા થાય છે. તમે સુખ સાહ્યબીમાં ઉછર્યા છો; તેથી એકદમ તમે સંન્યાસના કઠિન દુઃખો સહન કરી શકશો નહિ. "

" મહાત્મન્ ! મ્હારા મનમાં રાત્રિ દિવસ જે તુષાનળ બળે છે, તેની આગળ બહારના દુઃખોને હું દુઃખ તરીકે ગણુતો નથી ! અને દુઃખ તે શું ? ખાવાપીવાનું અને ફરવા હરવાનું; એજ કે કંઇ બીજું ? પણુ દેવ ! સુખમાં ઘણો વખત વસવાટ કરી હું જે અવસાદ ભોગવું છું; તેથી હું ધારું છું કે, એ માર્ગ ગ્રહણુ કરવાથી જ મને ખરું સુખ પ્રાપ્ત થશે ! ! " મનુભાઇ દ્રઢતાની સાથે બોલ્યો.

" જ્યારે તમારા વિચારો આવા દ્રઢ છે, ત્યારે તમારો માર્ગ તમને ઘણો સુગમ થઇ પડશે. પણુ હું તમને એક વિનંતિ કરું છું, કે તમે મને આમ મોટા નામે બોલાવશો નહિ ! મ્હેં તમને પ્રથમથી જ કહ્યું છે કે, હું સંન્યાસી કે સાધુ નથી. કેવળ એવો વેશ છે; અને તે કોઇ કારણુને લીધે છે ! ! " તે સંન્યાસીએ કહ્યું.

" તોપણુ તમે મ્હારા પૂજ્ય છો; તમારામાં ને મ્હારામાં ઘણો અંતર છે ! " મનુભાઇ બોલ્યો.

" ત્યારે હવે તમારા મનનું પાપ શું છે તે કહો. " સંન્યાસીએ કહ્યું.

" હા કહું છું. તમે જ મને સન્માર્ગ દેખાડયો છે. તમારાં જ સ્વર્ગીય સંગીતથી મ્હારાં જીવનનું પરિવર્તન થયું છે. તમને નહિ કહીશ તો હું કોને કહીશ ? "

એટલું બોલતાં બોલતાં મનુભાઈનું શરીર રોમાંચિત બની ગયું. તેવાં રોમાંચિત શરીરે અને ભક્તિથી ગદ્દગદીત થયેલા કંઠે તે બોલ્યો, " દેવ ! તે સ્વર્ગીય સંગીત મને એક વાર ફરી સંભળાવો ! મધ્ય-

રાત્રીએ આપેલો તમારો એ મોહનમંત્ર, મ્હારા મનમાં રાત્રિ દિવસ રમણ કરે છે! અન્તર્યામી રૂપે મ્હારી પ્રકૃતિ તપાશીને, કોઇ ખરેખરી શુભપળે, એ મંત્રનું તમે મને દાન કર્યું છે! તમારો એ ઉપકાર મ્હારા જેવો પામર કોઇ પણ રીતે વાળી શકે એમ નથી! બોલો, દેવ! બોલો; મધુર કંઠમાંથી પાછો વીણાધ્વની કહાડો! એથી મ્હારા મનની છબી ચિત્રિત થશે, મને અતિ આનંદ થશે; બોલો-"

"વ્યર્થ ગૂથાયો જન્મ, ગાયો નહિ માતૃ નામ!
મગનભિમાનમેં, તન મન તાનમેં;
કયોં ભયો તું અસ્ત, મદ મસ્ત રે!
ગૃહસ્થ બની ધૂળ કમાયો! ગાયો."

સંન્યાસી—એ તો તમારું આત્મ-નિવેદન થયું!

મનુ.—આત્મનિવેદન–નહિ પ્રાર્થના–વિશ્વ માતાના ચણમાં, અનુતાપીનાં ઉન્હાં આંસુ!!

સં.—ત્યારે એ સંગીતનું તમે અંતરમાં ને અંતરમાં ધ્યાન ધરજો!

મ.—હા; હું નિરંતર એનુંજ રટણ કરું છું! પણ મને કહેશો કે, મ્હારા રૂપનો નિસો ઉતર્યો છે કે નહિ?

સં.—રૂપનો નિશો? કોના રૂપનો નિશો?

મ.—એક પરસ્ત્રીના રૂપનો નિશો મને ચઢયો હતો!

સં.—હરકત ન હોય તો, તે સુંદરીનું મને ઓળખાણ આપો.

મ.—સંદરી જ તેનું ખરું નામ છે. ભગવદ્ પ્રેમ મેળવવા, સંસારની માયા જાળ તોડી, વિરાગી થયેલા શિવશંકર તેના સ્વામી છે. એ સુંદરીને હવે હું જનની તરીકે ગણું છું!

આવી રીતે આરંભ કરી તેણે સુંદરી સંબંધી સઘળી હકીકત કંઈ પણ ગુપ્ત રાખ્યા વિના તે સંન્યાસીને કહી.

સં.—ત્યારે બાહ્ય દ્રષ્ટિએ તમે ને તે પતિત નથી?

મ.—ના; જે દુઃખી દિવસે;–મ્હારા બાળકને આપે જીવતદાન આપ્યું તે દિવસે,–મ્હેં આપને કહ્યું હતું. અને આજે પણ કહું છું કે, આપની સમક્ષ હું એક પણ શબ્દ જુઠો બોલ્યો હોઉં તો; મ્હારો એકનો એક પુત્ર–

સં.—ના, ના; એમ બોલશો નહિ. તમારો પુત્ર ચિરંજીવી થાઓ. પણ સુંદરીમાં કંઇ ફેરફાર થયેલો તમારી જાણમાં છે ?

મ.—હા; તે ઉન્માદિનીની પેઠે મ્હારી સ્ત્રીની પાસે આવી પોતાનું પાપ કબુલ કીધું હતું; અને ત્યારથી તે બ્રહ્મચારિણીના વેશે મહાદેવના મંદિરમાં પડી રહી છે! કોઇને મ્હોડું દેખાડતી નથી! મ્હેં પણ તેને ખરા અંતઃકરણથી મા કહીને બોલાવી હતી!

સં.—તમારી વૃત્તિમાં થયેલો ફેરફાર હું ખરો માનું છું. પણ તેનો એ ઢોંગ નહિ હોય તેની શી ખાત્રી?

મ.—ના, ના; તેનો એ ઢોંગ નથી; એવી મ્હારા મનની સંપૂર્ણ ખાત્રી છે.

સં.—ત્યારે તો ઘણું સારું, પણ તમારા જીવનમાં એ શુભ સંયોગ કોણે કર્યો ?

મ.—ભગવાને! પણ પ્રત્યક્ષ ભાવે તો, હું એમાં તમારો જ પ્રભાવ જોઉં છું!" સંન્યાસીએ સહજ હસીને કહ્યું. "મ્હારો પ્રભાવ?"

મ.—હા; તમારો જ પ્રભાવ! તમારું સ્વર્ગીય સંગીત, અને મ્હારા પુત્રની મરણપથારીમાંથી થયેલી આરોગ્યશાંતિ,–એણે જ મ્હારા ચિત્તનું પરિવર્તન કીધું છે! એ બધો તમારો મહિમા!

સં.—મ્હારો મહિમા? કદી ભ્રમથી પણ મનમાં એમ ધારશો નહિ. પણ કહો; એ સિવાય તમે બીજું કંઇ જાણ્યું? ખરું કહો.

મનુભાઇ થોડી વારે બોલ્યો, "હા, એમાં મ્હારી સ્ત્રીનો કંઇક પ્રભાવ છે!"

સંન્યાસી, ઉત્સાહથી દ્રઢપણે બોલી ઉઠયો; " કંઇક કેમ? સંપૂર્ણ રીતે તે સતિના પુણ્યથી જ આવું બનવા પામ્યું છે. જો મહિમા ગાતા હોવ, તો તે પુણ્ય પ્રતિમાનો મહિમા ગાઓ! તેમાં જ પુણ્ય છે! હું કોણ? નિમિત્ત માત્ર."

થોડી વાર બન્ને જણાં કંઇ બોલ્યાં નહિ. પછી સંન્યાસીએ સતિ મહિમા, સતિલક્ષણની વ્યાખ્યા કરતાં કરતાં, તે આદ્યશક્તિ, મહાસતિની વાત કહાડી. મનુભાઇ રોમાંચિત્ત શરીરે સાંભળવા લાગ્યો. તે પોતાના મન સાથે બોલ્યો, "હું કયારે એ મહાભાવે પૂર્ણ બની, સમગ્ર નારીજાતિને માતૃરૂપે દર્શન કરવાને સમર્થ બનીશ?" પછી તેણે સંન્યાસીને કહ્યું, " હવે આપનું ઓળખાણ મને આપશો?"

સં.—મ્હારા ઓળખાણથી શું તમે સુખી થશો?

મ.—શા માટે નહિ? હું તમારા સુખ દુ:ખનો સાથી થઇને રહીશ.

સં.—ત્યારે સાંભળો; મ્હારું જ નામ શિવશંકર–સુંદરી અથવા કાળમૂખીનો હું સ્વામી થાઉં!!

મનુભાઇ આશ્ચર્યચકિત બની ગયો. નિરાધાર પ્રવાસી, માર્ગમાં અચાનક કાળ–સર્પને ફેણ માંડેલો જોઇને, જેવી રીતે ચમકે તેવી રીતે મનુભાઇ ચમકયો! સંન્યાસીના વેશમાં રહેલા શિવશંકરે તે જોયું. સહજ હસીને તે સ્નેહથી બોલ્યો, " બ્હીશો નહિ. હું કાળ–સર્પ નથી કે તમને કરડીશ! એમાં દોષ તમારોયે નથી ને તેનોયે નથી. સમય અને અવસ્થા દોષે એમ બનવા પામ્યું છે! એક રીતે અપરાધી તો હું જ છું. કારણ કે મ્હેં મ્હારું કર્તવ્ય પાલન કર્યું નથી!"

મનુભાઈ અતિશય વિસ્મય બની, પોતાના મનમાં વિચારવા લાગ્યો; " અહો; જે માણસ આવો ત્યાગી અને ક્ષમાશીલ છે, તેના ગુરુ કેવા મહાપુરુષ હશે?!"

"દેવ! મને ક્ષમા કરો. અકપટ, સર્વાન્તઃકરણે મને ક્ષમા કરો!

તમારી ક્ષમા વિના હું કદી પણ તે પતિતપાવનના પાદાશ્રય પામવા-નો નથી ?!" એટલું કહી મનુભાઈ એકદમ અધીરતાથી શિવશંકરના પગમાં મુર્ચ્છિત થઇને પડયો !

થોડી વારે તેને શુદ્ધિમાં લાવી શિવશંકર બોલ્યો, "ચાલો થોડા દિવસ દેશ વિદેશમાં ફરીએ. હજુ તમારી પરીક્ષા બાકી છે. તે પૂરી થયે તમને ગુરુલાભ થશે !"

"તમારો આદેશ હું માથે ચઢાવું છું!" મનુભાઇએ દીન-ભાવે કહ્યું.

"એ આદેશ મ્હારો નથી. પણ ભક્તવત્સલ પરમહંસ દેવનો એ ઉપદેશ છે ! જ્યાં સુધી કામિની–કાંચનની આસક્તિ છે, ત્યાં સુધી વૈરાગ્ય–માર્ગનું અનુસરણ થશે નહિ !"

"ત્યારે હાય ! મ્હારું એ બંધન તૂટશે નહિ ?"

"તૂટશે. એક વરસ પછી તમે ગુરુદેવના પાદપદ્મમાં સ્થાન પામશો ! ચાલો હવે તેમનું પ્રિય કાર્ય કરિયે ! !"

મનુભાઈ કંઇ બોલ્યો નહિ. શિવશંકરે ફરી કહ્યું, "મ્હારો આવેશ–આ જટાજુથ, હું રહેવા દઇશ. અને જ્યાં સુધી બની શકશે ત્યાં સુધી આવા વેશે દેશ વિદેશમાં રખડી, વાક્યે, કથને, કાર્યે અને વ્યવહારે જીવનું કલ્યાણ સાધન કરીશ ! તમે મ્હારી સાથે આવશો ?"

"હા, હવે હું તમારા ચર્ણ છોડીને બીજે કંઇ જવાનો નથી !" મનુભાઇએ કહ્યું.

"તમારા જેવા બીજા બે મ્હારા સાથીઓ છે. આજથી તમે ત્રણ થયા !" શિવશંકર બોલ્યો.

એટલામાં પેલું દેવ–સંગીત, સુધાસ્ત્રાવી કંઠમાંથી ધ્વનિત થયું. મનુભાઈ રોમાંચિત્ત શરીરે સાંભળવા લાગ્યો;

"વ્યર્થ ગૂમાયો જન્મ, ગાયો નહિ માતૃ નામ!
મગનભિમાનમેં, તનમન તાનમેં;
ગૃહસ્થ બની ધૂળ કમાયો! ગાયો.
રમત રહ્યો તરુની સંગ, અંગમે ઉમંગ ધરી;
રંગમેં બેઢંગ રંગ છાયોરે!
ન પાયો, કછુ ન આયો ન આયો રે! ગાયો.
લોહલે આયો, મની હરાયો,
ઉલટ ખેલ ખુબ મચાયો;
છોટમ ફેરા મુક્તકો તેં ગુમાયોરે!
એ કારજ જનિતાને જાયોરે!! ગાયો.

શિવશંકર સહજ હસતાં હસતાં બોલ્યો, "તમે જે સંગીત સાંભળવા માગતા હતા, તે જ સંગીત ગવાયું. હવે તમારા મનની શાંતિ થઇ?!"

મનુભાઇ આશ્ચર્ય ચકિત થઇને વિચારવા લાગ્યો, "એ કોણુ ગાય છે? મ્હારા અંતરનું ચિત્ર આવી રીતે કોણુ ચીતરે છે? હે! પતિત પાવન દયામય ગુરુદેવ, મ્હારી રક્ષા કરો?!"

એટલામાં શિવશંકરના બે શીષ્યો ઉપલું ગાન ગાતા ગાતા, પૂર્વ સંકેત પ્રમાણે શિવશંકરને ધર્મશાળામાં આવીને મળ્યા. શિવશંકર મનુભાઇને બતાવીને તેમને કહેવા લાગ્યો, "તમે બે જણુા હતા, આજથી તમે મ્હારા ત્રણુ પ્રિય સાથીઓ થયા! ચાલો દેશ વિદેશમાં ફરિયે; કામિની–કાંચનનો પ્રભાવ જોઇએ અને લોકહિતમાં પ્રવૃત્ત થઇએ!"

કહેવાની જરૂર નથી કે, સંન્યાસીના વેશમાં જ શિવશંકરે, ચકિત અને ભાવ વિહ્વળ સુંદરીને દર્શન દીધાં હતાં; અને ભૈરવીના રૂપમાં એણે જ કુમદાની પાસે ભીક્ષા માગી હતી. એમ કરવાનું તેને એક જ કારણુ હતું અને તે સુંદરીનું ચરિત્ર જાણુવાનું હતું.

આ બનાવને એક વરસ વીત્યા પછી, તેઓ પરમહંસ બ્રહ્માનંદ સ્વામીના, શાંતિ–નિકેતનમાં આવી પહોંચ્યા. દૂરથી શિવશંકરને આવતો જોઈ, પરમહંસ આહ્લાદથી બોલી ઉઠયા, “ અરે, સિદ્ધેશ્વર! આમ આવ આમ આવ; જો તો ખરો ત્હારો શિવશંકર, કેવા રંગમાં, સાથીઓના સંગમાં આવે છે!! ”

શીષ્ય શિવશંકર, ભક્તિભાવે પ્રણુત થઇ ગુરુદેવને વંદના કરી. મનુભાઇ અને બીજા બે શીષ્યોએ, તેમના ચર્ણમાં પોતાનાં મસ્તક નમાવ્યાં!

પ્રકરણ ૫ મું.

ડૉકટર અને વિલાસિની.

દિવસ નબળા હોય છે, ત્યારે બધી નઠારી બુદ્ધિ સુઝે છે! ઘણુંયે ના કહ્યું, પણ તેમણે કોઈનું માન્યું નહિ; અને પોતાની મમત ચલાવી, ત્યારે અંતે પરિણામ કેવું માઠું આવ્યું? બળ્યો એ પૈસાનો લોભ! આટલું શું થોડું હતું કે, વળી વધારે મેળવવાને માટે તેમણે આવું ઘાતકી કામ કીધું? મુંઓ લોભ પણ કેટલો? જાણે દુનિયાનો બધો પૈસો મ્હારા ઘરમાં ભરી દેઉં! પણ એ બધું કોને માટે? બે જીવને માટે; પાછળ ખાનાર તો કોઇ છે નહિ! હાય! હાય! હવે શું થશે? વાત બધી ઉઘાડી પડી ગઈ છે, અને કદાચ મોટા શેઠ એમની ઉપર કામ ચલાવશે ત્યારે? બધાં એક સાથે કેદમાં પડવાનાં! મને પણ કેવી અવળી બુદ્ધિ સુઝી? હું એમને ચઢાવ્યે ચઢી તો ચઢી; પણ બહાર ઉઘાડે છોગે, વળી ફરવા

નીકળી. દહાડાના ચાલે મને ઘેરી, નહિ તો હું બહાર ફરવા કેમ નીકળત, અને તે મુંઆને હાથે પકડાઇ કેમ જાત ? વખતે તે મ્હારી ઉપર ઠગાઇનો આરોપ મૂકી કામ ચલાવશે ત્યારે ? મ્હારે હાથે કામ પણ એવું જ થયું છે. બધાં ફસાઇ પડયાં છે. કોઇ કોઇની મદદ કરે એવું રહ્યું નથી. હવે શું થશે ? મ્હારો જીવ બહુ ગભરાય છે. કંઇ ચ્હેન પડતું નથી. અધુરામાં પુરું આજે બે દિવસ થયાં, તેઓ મ્હોડું સુદ્ધાં બતાવતા નથી ! એઓ કયાં ગયા હશે ? એમનું શું થયું હશે ? હાય ! હાય ! બે ઘડી કોઈની પાસે બેસીને, મનનો ખુલાસો પણ થાય એમ નથી ! હું મનમાં ને મનમાં મુંઝાઈ મરું છું ! કંઈ સમજણ પડતી નથી ! અરેરે ! મ્હારું શું થશે ?—"

બન્ને આંખો પોતાના હાથવડે દાબી, તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. તેનું રડવું કોઈ પણ રીતે બંધ રહ્યું નહિ. જેમ જેમ તેને પોતાનાં પાપી કૃત્યો સાંભરતાં, તેમ તેમ તે વધારે રડતી હતી ! પાપનો કીડો તેનું અંતર કોરી ખાતો હતો. તેની અસહ્ય વેદનાથી તે અસ્થિર બનીને, રહી રહીને રડતી હતી !

પાછલા ઓરડામાં રામો દીવાબત્તી કરતો હતો, તેણે શેઠાણીને રડતાં સાંભળી. હાથમાંનું કામ પડતું નાંખી, તે વહેલો વહેલો દીવાનખાનામાં આવ્યો. જોયું તો પોતાની શેઠાણી ભોંયપર પડયાં પડયાં રડે છે ! કોઈ દિવસ નહિ અને આજે આમ શેઠાણીને રડતાં જોઈ, રામો વિસ્મય પામ્યો ! તે જૂનો નોકર હતો. વયે વૃદ્ધ અને સ્વભાવે માયાળુ હતો. એટલે વહેલો વહેલો તે તેની પાસે બેઠો અને આતુરતાથી પૂછવા લાગ્યો.

"બાઈ, બાઈ; રડતેશ કા ? કાય ઝાલા ? મલાઁ સાંગાનં ? હં; બાઇ ? બોલત કા નાંહી ? પોટાંત દુઃખતે ? ડોકા ચડલા આહે કાય ? તાપ બીપ તો આલી નાંહી ? હં બાઈ ! બોલાનં ? શેઠલા બોલવીન

આણું ? ડાક્ટરલા બોલવાયલા પાઠવું ? બોલતજ નાંહી; આતા મીં કઈ તર કાય ?" રામો ગભરાયો. ગભરાટમાં ને ગભરાટમાં તેણે બૂમો પાડવા માંડી.

"ભટ, ઓ ભટ; લવકર યે લવકર યે ! અરે, કુઠે મરૂન ગેલા ? બોલત કા નાંહી ? સન્નળ્યાળા આજ તરી ઝાલા આહે કાય ? કોઈ ઉત્તરજ દેત નાંહી—ભટ; ઓ ભટ !—"

"અલ્યા શું છે ? કેમ જીવ ખાય છે ?" એમ બોલતો બોલતો ભટ, રસોડામાંથી દિવાનખાનામાં આવ્યો.

"અરે ! બગતો ખરા. બાઈ, રડતે ! પુસુન પુસુન માઝા ડોકા ચડલા, તરી તી જબાબજ દેત નાંહી ! આતા કાય કરાવા ?"

"બા; કેમ રડો છો ? જીવ બગડી આવ્યો છે ? ચાય મૂકું ? કંઈ ખાવાનું કરી આપું ? બા; બોલોને. કેમ બોલતાં નથી ?"

કંઈ ઉત્તર જ નહિ. જેમ જેમ વધારે પૂછાય, તેમ તેમ તેનાથી વધારે રડાય ! ગરીબ બિચારા નોકર ચાકર, એ રડવાનું કારણ શું સમજે ?

એટલામાં દ્વારવાને આવીને ખબર કહી, "ડાક્ટર સાબ આતે હય!"

"ડાક્ટર સાહબ આલે ? બરા ઝાલા ! આતા ઝટપટ બાઈ બોલાયલા લાગેલ !" રામો આનંદમાં આમ બોલી ઉઠયો !

ડૉક્ટર રતનલાલ દાદર ચઢીને ઉપર આવ્યો. વિલાસિનીને આવી રીતે રડતી જોઇ, તે આશ્ચર્ય ચકિત બની ગયો. વહેલો વહેલો એક ખુરસી ખેંચી, તે તેની પાસે બેઠો; અને આતુરતાથી પૂછવા લાગ્યો:

"કેમ શું થયું છે ? આમ રડો છો કેમ ?"

"કંઇ નહિ !"

"કંઇ નહિ ? ત્યારે આમ ભોંયપર પડયાં પડયાં શા માટે રડો છો?"

"અમસ્થી !"

"તબીયત તો બગડી નથી ? લાવો જોઉં તમારો હાથ; હા; જરા શરીર તપી આવ્યું છે ખરું ! ઉઠો; આ સોફાપર બેસો."

ડૉકટરે વિલાસિનીનો હાથ પકડી, તેને સોફાપર બેસાડી.

"રામા ઠંડું પાણી લાવ. ભટ; તમે જરા ચા મૂકી દો." ડૉકટરનો હુકમ થતાની સાથે ભટ અને રામો, પોતપોતાનું કામ બજાવવા અંદર ચાલ્યા ગયા.

"રડી રડીને આંખો પણ, સુઝાડી દીધી છે! કેમ કંઇ આજે આટલું બધું? કોઇ અહિયા આવ્યું હતું શું?"

"ના."

"શેઠની સાથે તો બોલાચાલી નથી થઈ?"

"ના. તેઓ આજે બે દિવસ થયાં, આવ્યા છેજ ક્યાં!"

"કેમ?"

"કોણ જાણે."

એટલામાં રામો પાણી આપી, ચાની ખબર કહાડવા રસોડામાં ગયો.

"આ પાણી લો; અને મ્હોડું ધોઈ નાંખો!"

વિલાસિનીએ મ્હોડું ધોયું. એટલામાં રામો ચાના બે પ્યાલા ટેબલપર મૂકીને ચાલ્યો ગયો.

ડૉકટરે ચાનો એક પ્યાલો, વિલાસિનીના હાથમાં આપી સ્નેહથી કહ્યું, "લો આ ગરમ ગરમ ચા પીઓ, કે તમારી ગમગીની દૂર થાય!"

બન્ને જણાંએ ચા પીધી. થોડી વાર કોઈ કંઈ બોલ્યું નહિ.

અંતે ડૉકટર બોલ્યો, "તમારા રડવાનું કારણ હું સમજી ગયો. પણ હવે આમ રડવાથી શું વળે? થયું તે થયું; હવે કંઇ તેનો ઉપાય છે!"

"મને બહુ સંતાપ થાય છે. વખતે મોટા શેઠ આગળ પગલાં ભરશે, ત્યારે કેમ થશે?"

"તેવું અત્યાર સુધી તો, કંઈ જણાતું નથી. હવે પછીની વાત કોણ જાણે."

"જો તેમ થયું તો મોટા ભોગ થશે ! ત્રણે જણાં સાથે જવાનાં! કોઈ કોઈની મદદ પણ નહિ કરે !"

"હા, ઘાટ તો બધો એવો જ છે!"

"ત્યારે કેમ્ કરીશું ?"

"સૌ પડશે તેવાં દેવાશે !"

"પણ મને તો બહુ ચિંતા થાય છે ? "

"તમને થાય છે, તેમ બીજાને નહિ થતી હોય ? જુઓને શેઠ પણ એની ચિંતામાં કેવા બની ગયા છે ? પુરું ઘેર પણ આવતા નથી ! "

"જવા દો; એમની વાત મ્હારી આગળ કરશો નહિ ! એમણે તો આ બધું કીધું. લોભમાં ને લોભમાં બધું ખોયું; પોતે દુઃખી થયા અને બીજાને દુઃખમાં નાંખ્યાં ! "

"કરવા ગયાં સીધું અને થઇ ગયું ઉંધું !"

"થયું તે થયું; પણ પાછળ રહેલાંનીએ સંભાળ રાખવીને ? બે ઘડી બેસીને ખુલાસાથી વાત કરે તો, મનને કેટલી ધીરજ વળે! આ તો ઘરમાં ટકતાજ નથી. ઘડી બે ઘડી ઘરમાં આવે છે અને ગાભરા ગાભરા આમ તેમ જોઈ ચાલ્યા જાય છે ! આજે બે દિવસ થયાં તો, તેમનું મ્હોડું સુદ્ધાં જોયું નથી !"

"વળી કંઈ કામમાં રોકાયા હશે ! "

"હવે કામ ? "

"હા; જે કરવાનું છે, તે હવે જ છે. કંઇએ બચાવની બારી શોધવી જોઇએ ને !"

"માથા પર પાણી ફરી વળ્યાં ને હવે બચાવની બારી શોધે, તે ક્યાં જડે ?"

"નસીબ પર હાથ મૂકી, મહેનત કરવી. પછી જે થાય તે ખરું."

"તમે મને ગમે તેમ કહો, પણ મ્હારા મનનું સમાધાન થતું

નથી. મ્હારો જીવ કોઈ કોઈ વખતે બહુ ગભરાઇ જાય છે. તે વખતે એમ થાય છે કે, આપઘાત કરું ? પણ પાછું મનને સમજાવું છું કે, અરે જીવ! આપઘાત કરીને, પાછા સાતે ભવ આપઘાત કરવા ? !"

ના; એવા ખોટા વિચારો કદી પણ મનમાં કરશો નહિ. એથી તમારા શરીર પર ખરાબ અસર થશે. એક તો તમને હીસ્ટીરિયાનું દર્દ છે; તેમાં તમે આમ કરશો તો, દર્દ વધી જશે!"

"એકલી પડું છું, ત્યારે એવા ખોટા ખોટા વિચારો થઈ આવે છે."

"ત્યારે એકલા ન રહેવું!"

"એકલી ન રહું તો શું કરું ?"

"કેમ, ઘરમાં ભટ છે, ચાકર છે, તેમની સાથે વાતચીત કરીને દહાડો કહાડવો!"

"ભટ તે ભટ, ને ચાકર તે ચાકર; તેમની સાથે કંઇ મનની વાત થાય ?"

"ત્યારે કેમ કરવું ?"

"તમે ?—"

"હા; હું આવતો જતો રહીશ!"

"ત્યારે હમણા ?—"

"હમણા તો હું જાઉં છું!"

"તમે જાઓ છો ? મ્હારી રાત કેમ જશે ? વખતે મને તે દિવસની પેઠે, હીસ્ટીરિયા થઇ આવશે, ત્યારે મ્હારું કેમ થશે ? અર્ધી રાત્રે તમને રામો ક્યાં બોલાવવા આવશે ?"

"ઠીક; ત્યારે તમારા માટે દવા લઇને હું પાછો આવું છું!"

"જરા ઉભા રહો; હું રામાને ગાડી જોડાવવા મોકલું છું."

"ના; ગાડીની કાંઇ જરુર નથી ?"

"ઘરમાં છતી ગાડીએ, આપદા વેઠવાની કંઈ જરુર ? ના; ઉભા રહો. તમને મ્હારા સમ છે!"

વિલાસિનીએ સ્નેહથી ડૉક્ટરનો હાથ પકડયો. ડૉક્ટર કંપી ઉઠયો!

"રામા, ઓ રામા !"

"આલો, બાઈ આલો; કાય સાંગતે ?" રામો રસોડામાંથી જવાબ દેતો દેતો વહેલો વહેલો દિવાનખાનામાં આવ્યો.

"ડૉક્ટર સાહેબને માટે ગાડી જોડાવી લાવ. એઓ મ્હારે માટે દવા લેવા જાય છે!"

રામો દોડયો. થોડી વારમાં ગાડી આવી. ડૉક્ટર તેમાં બેસીને પોતાને દવાખાને ગયો.

પ્રકરણ ૬ ઠ્ઠું.

પ્રપંચપર પ્રપંચ!

રાતના નવ વાગ્યા છે. ગિરગામનો મોટો રસ્તો અત્યારે લોકોના કોળાહલથી પૂર્ણ જણાય છે. ગાડી ઘોડાની દોડાદોડથી, "બાજુ બાજુ" ના ગર્વ સુચક શબ્દોથી, સિપાઈ દાદાના જોહુકમી વચનોથી, ગરીબ બિચારા રાહદારીઓ અકળાતા ગભરાતા દોડાદોડ કરી રહ્યા છે! જાણીતા રાહદારીઓ પગથીપર જાય છે, અજાણ્યા વચ્ચે અફળાય છે, ગાડી ઘોડામાં અથડાય છે, અને સિપાઇદાદાના હડસેલા ખાય છે! શ્રીમંતો સેલગાહે નીકળ્યા છે, કોઈ જાય છે, તો કોઈ આવે છે; ધંધાર્થીઓ ધંધા પરથી અને કારીગરો કામપરથી, આવતા જતા જણાય છે. જુઓ; આ બે ઘોડાની બુમ, કેવી વીજળીની પેઠે દોડે છે. તેનો વૈભવી બેસનાર એમ સમજે

હવે મ્હારે ને સ્વર્ગને ચાર આંગળનું જ છેટું છે! અથવા હું જીવતાંજ સ્વર્ગની સહેલ કરું છું! અહો; અલબેલી મુંબઈ નગરી! જેમ ત્હારા વૈભવનો પાર નથી, તેમ ત્હારા વિચિત્રપણાનો અને નીતિ રીતીનો પણ છેડો નથી! અંતે વીજળીના વેગે દોડતી એ બ્રુમ, એક ગલીના નાકાપર ઉભી રહી. શેઠ નીચે ઉતર્યા; અને બ્રુમ કોચમેન તેવી જ રીતે પાછી લઇ ગયો. એક બે મજલાના સાધારણ બાંધણીના મકાનમાં શેઠ પેઠા અને દાદર ચઢીને ઉપર ગયા.

એ મકાનમાં કેવળ બે સ્ત્રીઓ રહેતી હતી. કોઈ પણ પુરુષ ત્યાં ન હતો. બહારના પુરૂષોનો ત્યાં સ્થાયી વાસ હતો એટલે ઘરના પુરુષની તેમને જરુર ન હતી. જરુર હતી તેમને બે માણસની; એક તબલા વગાડનારની ને બીજી સારંગી બજાવનારની. જો કે તે પુરુષ હતા, પણ તેમને તેઓ પુરુષની પંક્તિમાં ગણતી ન હતી. તેમ તેઓ પણ તેની સામું પુરુષની પંક્તિમાં બેસવાને રાજી ન હતાં. તેઓનું રૂપ રંભા અને મેનકાને વિસરાવે તેવું હતુ. તેઓ રૂપમાં દેવાંગનાઓ હતી, પણ કૃત્યમાં વારાંગનાઓ હતી. તેઓ ગુજરાતી ભાષામાં વાતચીત કરતી હતી, પરંતુ તેમની માતૃભાષા ગુજરાતી ન હતી; એ તેમની વાતચીતની વલણ ઉપરથી અને તેમના પહેરવેશ ઉપરથી જણાતું હતું. તેમની નાતજાત જણાય તેમ ન હતી, પણ તેમના પહેરવેશથી તેઓ દક્ષીણી હોય એમ જણાતું હતું.

શેઠને આવતા જોઇ એક જણી બોલી; "અહો! આવો, પધારો! કાલે તો કંઇ જણાયા નહિ?"

શેઠ એક ઈઝીચેર પર બેસતાં બેસતાં બોલ્યા, "આવવાનું મન તો થયું, પણ કામને લીધે આવી શકાયું નહિ!"

"મન થાય ને અવાય નહિ? એ તો નવાઇ જેવું." એક કટાક્ષ નાંખી તે વારાંગના બોલી.

"નવાઈ જેવું શાનું? કામકાજની જંજાળ બહુ, એટલે એમ જ બને!"

"હજારો જંજાળ હોય તોએ શું થયું? જ્યાં મન હોય, ત્યાં ગમે તેવી જંજાળ જરા વારમાં જતી રહે છે!" તે વેસ્યાએ શેઠને લપેટવા માંડયા.

"ચાલો કાલે ન આવ્યા ને આજે આવ્યા, એટલે બદલો વળી ગયો." બીજી વેસ્યા પહેલીને સાનમાં સમજાવતાં બોલી.

"હા; જેમ ગણો તેમ ખરું. પણ હવે—"

"કેમ બહુ ઉતાવળ છે? શેઠ જરા બેસો તો ખરા; પાનબાન ખાઓ, બેચાર ગાયન સાંભળો; પછી બધી વાત કરીએ છિયે!"

"ના ના; તેની કંઈ જરુર નથી; મને એ વાતનો શોખ નથી!"

"શું કહો છો? તમને ગાયન સાંભળવાનો શોખ નથી? સંગીત જેવી વસ્તુ પર તમને શોખ નથી? તમારા જેવા જ્યારે આમ કહેશે ત્યારે અમારો—"

"થવા દો; તમારી ઇચ્છા હોય તો થવા દો; આપણે કંઇ ના નથી!"

"એમ જ જોઇએ. તમારા જેવા કદરદાન અમારી કદર નહિ કરે, ત્યારે બીજું કોણ કરશે?"

બીજી વેસ્યાએ ચાંદીની સુંદર રકાબીમાંથી, શેઠને ઘણા આદરથી પાનની બીડી આપી. એટલામાં પાછલા ઓરડામાંથી તબલા અને સારંગીવાળો આવીને શેઠની સામું બેઠા. પોતપોતાનો સાજ છોડી તેઓ, એક બીજાનો સુર મેળવવા લાગ્યા. તબલચી હથોડી વતી તબલાને ફેરવી ફેરવીને ઠોકવા લાગ્યો. સારંગીવાળો સારંગીની ખુંટીઓ આમળી આમળીને, તેની ઉપર ગજ ફેરવવા લાગ્યો. ઠોકઠાક કરીને સુર મેળવતાં અર્ધો કલાક નીકળી ગયો. બન્ને વારાંગનાઓ તેમની

પાસે બેઠી. આ—આ—ના આલાપની સાથે સારંગીવાળાએ સુર આપ્યો, તબલાવાળાએ તબલાપર થાપ મારી,—કોકીલ સમાન કંઠમાંથી મધુર સ્વર નીકળ્યો !

સખીરે ! કોઇ અયસા કરોરે, પીયાકા ચીત મોહે ચાહ !
જંતર, મંતર, જાદુ, ટોનાં; લાખ જતન કર હારી;
નવલાખ તાવીજ રખે છતીયનપર;
એક ન હો કોઇ કારી ! અયસા.

"વાહ ! વાહ ! કયા કહેના ? સુબાન અલ્લાહ ! બડે જાવ ! બડે જાવ !" સારંગીવાળા ઉસ્તાદે તેની પ્રશંસા કરવા માંડી !

હાવભાવ સાથે મધુરા કટાક્ષથી પાછું તેણે ચલાવ્યું;

સખીરે ! કોઈ અયસા કરોરે;
અયસા કરોરે, મોંપે દયા ધરોરે;
પીયાકા ચીત મોહે ચાહ ! સખીરી.

પહેલીને વીસામો આપવાને માટે, બીજી વારાંગનાએ ગાયનનો બાકીનો ભાગ પૂરો કર્યો:

બીજકી નારી સબ ખેલે સ્યામસેં,
મ્હેં બેરન દુ:ખીયારી !
બીરહ બેદના મોંસે સહી ન જાવે;
અબ ભેટો સ્યામ મોરારી સખીરી.

ગાન સ્થંભ્યું. તેની સાથે સારંગી અને તબલાની થાપ પણ સ્થંભી ! વારાંગનાઓ પાન ખાવા બેઠી, તબલચી અને સારંગીવાળો ઉસ્તાદ બીડીઓ ફુંકવા લાગ્યા. થોડી વાર પછી ઉસ્તાદે સારંગીનો સુર મેળવી, તબલાંની સાથે એક તાર કર્યો. ફરી આલાપની સાથે મધુર કંઠમાંથી મોહક સ્વર નીકળ્યા

કાહે મન મારો, ખડી ગોરી અંગના !
ખડી ગોરી અંગના, ખડી મન મોહના ! કાહે.
સોનેકા બાજૂબંધ રુપેકા કંગના,
લાખ ટકેકા મેરા બાલા જોબના ! કાહે.

"વાહવા ! શાબાશ !" કહી શેઠે બુક પૉકેટમાંથી સો રુપિયાની નોટ કહાડી ને તેની પર ફેંકી !

સ્વાર્થી પર સંગીતની અસર થઇ? હા, થઇ ખરી; પણ તે ક્ષણીક વાર, સો રૂપિયાની નોટ, તેણે કોઈ બીજા જ સ્વાર્થને માટે આપી હતી.

તબલા અને સારંગીવાળા પોતપોતાન સાજ બાંધી, શેઠને નમીને ચાલ્યા ગયા. બન્ને વારાંગનાઓ શેઠની સામે બેઠી.

"આ પ્રમાણે તમે સંગીત પર સારો કાબુ ધરાવો છો. હું નહોતો ધારતો કે, તમે સંગીતમાં આટલાં બધાં નીપૂણ હશો. કારણકે, મ્હેં ઘણે ઠેકાણે એવું જોયું કે, જ્યાં રૂપ હોય ત્યાં કંઠ ન હોય અને કંઠ હોય ત્યાં રૂપના વાંધા હોય ! પણ આ તો બન્ને વાનાં તમારામાં સંપૂર્ણપણે જોવામાં આવે છે !" શેઠે તેને ચઢાવવા માંડી.

"એ તો તમારા ના કહેવા પર, સહજસાજ સંભળાવ્યું. એની ખરી ખુબી તો એક વખત મુજરો કરાવો ત્યારે માલૂમ પડે !" એક વારાંગના ફુલાઇને બોલી.

"ઠીક છે, વળી એક દિવસ બંગલે ઠેરવીશું !"

"હા, એક દિવસ ઠેરવો !"

"તે પણ થશે; હવે પેલી વાતનો તમે શો વિચાર કર્યો ?" સ્વાર્થીએ સ્વાર્થની બાજી ઉકેલી.

"વિચાર તો કર્યો; પણ શેઠ, કામ બહુ કઠણ છે !"

"કઠણ છે ? શા ઉપરથી એમ કહો છો ?"

"શા ઉપરથી તે, વળી માણુસ ઉપરથી ! સામું માણુસ જોવુંને ?"

"માણુસનું શું ગજું ? દેવતાને પણુ એક વખત, તમે તમારા રૂપ અને સંગીતથી ડોલાવી શકો, ત્યાં માણુસ તમારા શા હીસાબમાં ?"

"શેઠ ! માણુસ માણુસમાં પણુ ફેર છે ને !"

"ફેરફાર કંઈ નથી ! તમે ધારો તો ઘડીના છઠ્ઠા ભાગમાં કરી શકો તેમ છે !"

"શેઠ ધારવાથી કંઇ, દરેક વખતે કામ થોડું જ બને છે ?"

"શા માટે નહિ બને ? ભલભલા એમાં ભૂલા પડ્યા છે, ત્યાં એ બાપડાનું શું ગજું ? તમારી મોહિની શક્તિ આગળ એ શું કરી શકવાનો છે ? અરે ! એ તો તમને જોતાંની સાથે તમારા પગમાં પડશે !"

"તમે જ્યારે આટલું બધું કહો છો, ત્યારે તમારા જોખમે અમે એ કામ માથે લઇએ છિયે. પણુ અમને શું આપશો ?"

"હા તે પણુ આપણે નક્કી કરીએ. વારું, તમે એ કામ એકલાં માથે લો છો કે કેમ ?"

"ના એકલાંથી એ કામ નહિ બને !"

"ત્યારે તમે બંને સાથે રહીને કામ કરો તો, તેમાં મને કંઈ વાંધો નથી. જાઓ હું તમને એક હજાર રુપિયા આપીશ. કામ થયે બક્ષીસ જુદી !"

"ના શેઠ, એટલામાં તમારું કામ નહિ થાય !"

"આવા જરા જેટલા કામના, એક હજાર કંઈ થોડા નથી !"

"તમને જરા જેટલું લાગે છે, પણુ એ તો જીવસાટાનું કામ છે !"

"ત્યારે તમારે કેટલા લેવા છે ?"

"બે હજાર !"

"બહુ વધારે છે હો ! પણુ ચાલો એમ તો એમ; તમારી માગણી હું કબુલ રાખું છું, કેમ હવે ખુશી થયાં ?"

"તમારી મહેરબાની છે, એટલે અમે ખુશીજ છિયે!"

"જોજો; પણ હવે ફરી જશો નહિ."

"ફરી તે જવાય? વચન એક છે કે, બે?"

"ત્યારે ઠીક!"

"બાના પેટે કંઈ આપો."

"કેટલા આપું?"

"એક હજાર."

"એક હજાર? એટલા બધા બાનામાં?"

"હાલ આપશો, તો તે વખતે તમને ઓછા આપવા પડશે. આપ્યા પછી કંઇ આપવા છે?"

"હા, તે પણ બરાબર છે."

સ્વાર્થી સ્વાર્થમાં તણાયો. તરતજ તેણે બુક પૉકેટમાંથી સો સો રુપિયાની દશ નોટો તેના હાથમાં ગણી આપી.

"લો, તપાસીને મૂકો ઠેકાણે!"

"એમાં શું તપાસવું છે? તમે કયાં ખોટી લાવો તેમ છે?"

વારાંગનાએ નોટો તપાસીને, ઠેકાણે મૂકી.

"હવે કયારે ચાલશો?"

"તમે કહેશો ત્યારે."

"ઠીક, જયારે જવાનું થશે, ત્યારે એક દિવસ આગમચથી હું તમને ખબર આપીશ."

"તમે કહેશો ત્યારે અમે તૈયાર છિયે."

"ત્યારે હવે મને રજા છે?"

"જરા પાન તો ખાઓ; એવી શું ઉતાવળ છે?"

"ઉતાવળ કંઈ નથી, પણ રાત બહુ ગઈ છે."

"એમ રાતથી બીહીશો, ત્યારે વાત કેમ બનશે?"

વારાંગનાએ મૃદુમંદ હાસ્યે, એક કટાક્ષ નાંખ્યો !

"વાત બનાવવી તમારા હાથમાં છે ને !" શેઠે શરમાઇને કહ્યું.

"પણ બનવું તો તમારે હાથ છે ને ?"

"હવે બનવામાં બાકી શું છે ?"

"એમ કેમ ?"

"એ એમજ; જ્યારથી અહિં આવ્યા, ત્યારથી બની ચુકેલા સમજવા !"

એનું શું કારણ ? પ્રાચીન કાળમાં બુદ્ધિના વધારા માટે, વિદ્વાનો વેશ્યાને ત્યાં જતા હતા; પરંતુ હવે તો કોઇ જાય છે, તો તે નિંદાને પાત્ર થાય છે ! શું તે વખતે હાલના કરતાં કંઇ સારી વેશ્યાઓ હશે ? શું તે વખતના પુરૂષો હાલના કરતાં કંઇ સારા હશે ? કોણ જાણે કે, કેમ હશે. પણ વાચક, આપણે તો હાલની નીતિને અનુસરીને, હવે અહિંથી જતા રહેવુ એમાં જ ત્હારી અને મ્હારી શોભા છે !

પ્રકરણ ૭ મું.

કેવી ગંભીર અન્તર્દૃષ્ટિ ?

શિષ્ય અને ભક્તમંડળની સાથે પરમહંસ બ્રહ્માનંદ સ્વામી, તત્વકથાની આલોચના કરતા બેઠા છે. શિવશંકરનું લાંબા કાળનું સંક્ષેપ પ્રવાસ વર્ણન સાંભળી, તેઓ હસીને બોલ્યા. "તું હોડી ઉતારનો એક પૈસો બચાવી લાવ્યો છે– બીજું તને કંઇ મળ્યું નથી !"

પછી એક નવાગત ભક્તની તરફ જોઇ તેઓ બોલ્યા, "હોડી ઉતારનો એક પૈસો બચાવવાનું શું, તે તમે કંઈ સમજ્યા ?

નહિ સમજ્યા હોય તો સાંભળો; તમે સ્કુલ માસ્તર છો, ઘણા છોકરાઓને તમારે માણુસ કરવાના છે. તેથી આ વાત તમારે બહુ કામની છે. "

પરમહંસ જેને ઉદ્દેશીને બોલતા હતા, તે ધનુભાઇનો બાળમિત્ર ભક્ત ભવાનીશંકર હતો. ભવાનીશંકરનું ભવિષ્યત્ ઉજ્જ્વલ જોઈ, તેને પહેલાંથી સતર્ક કરવાને માટે, પરમહંસે આ વાત ઉપાડી હતી. શિવશકંર કેવળ નિમીત્ત રૂપ હતો.

પરમહંસે કહ્યુ; " ત્યારે સાંભળો; એક ગામમાં બે ભાઇઓ રહેતા હતા. મોટાભાઇ સંસાર ધર્મ છોડી વેરાગી બની કંઇ ચાલ્યો ગયો. નાનાભાઇ ઘણા દુઃખે પોતાનાં નાનાં બાળકોનું, સ્ત્રીનું અને ઘરડાં માબાપનું પોષણ કરતો હતો. પાંચેક વર્ષ ગયા પછી એક દિવસે અચાનક તેનો મોટાભાઇ ઘેર આવ્યો. એક બીજાની સુખદુઃખની વાતો થયા પછી, નાનોભાઇ મોટાભાઇને કહેવા લાગ્યો, " ભાઇ મ્હેં તો ગમે તે રીતે ચલવ્યું. પણ તમે વેરાગી બનીને ઘેર શું લઇ આવ્યા ? ઘરડાં માબાપ હવે ખાધા વિના જીવે તેમ નથી !" મોટાએ કહ્યું, "હુ જે લાવ્યો છું, તે મ્હોંડે કહેવાય એવી વસ્તુ નથી. પણ નજરે જોવા જેવી વસ્તુ છે! તું જોઇશ તો અચંબો પામીશ!" "અહો એવું છે ?" " હા; નદી કાંઠે આવે તો તને બતાવુ !" નાનાભાઇને વખતો વખત સામે પાર જવું પડતુ હતું, તેથી તેણે વિચાર કર્યો, જોઇએ તો ખરાં, મોટાભાઇ કેવી વિદ્યા શીખી લાવ્યા છે ! બન્ને ભાઇઓ નદી કાંઠે ગયા. નાનાભાઇએ માછીને એક પૈસો આપી પેલે પાર ઉતારવા કહ્યું. તેથી મોટાભાઇ તેને હશીને બોલ્યો, "તુ ઘરનો પૈસો આવી રીતે માછીને ખવડાવે છે? જો ત્હેં સાધુનો સંગ કર્યો હોત તો, ત્હારે આમ નકામો ખરચ કરવો પડત નહિ !" એટલું કહી તે નાનાભાઇ કરતાં પહેલાં, પાણીમાં પડતું નાંખી કોઈ યુક્તિ વડે પાર

ઉતરી ગયો. નાનોભાઇ હોડીમાંથી નીચે ઉતરીને બોલ્યો. "ભાઇ તું વિદ્યા તો સારી શીખી લાવ્યો છે; વારું ચાલ; બે ભારા લાકડાંના લઇને ઘેર જઇએ. એમાં તો કંઈ પૈસા બેસે એમ નથી !" એ સાંભળી તે ગુસ્સાથી બોલી ઉઠયો, "તું કેવો મુર્ખ છે કે, એક સાધુને મજુરનું કામ કરવા કહે છે !" નાનોભાઈ તેનો આવો ગુસ્સો જોઇને હસ્તાં હસ્તાં બોલ્યો, "મોટાભાઈ, આવું જ કે તમારું સાધુપણું ? પાંચ-વરસ ઘર તજી તમે બહાર રખડયા અને માત્ર હોડી ઉતારનો એક પૈસો બચાવવાની વિદ્યા શીખી લાવ્યા ! એમાં ઘરડાં માબાપનું દુઃખ શું ગયું અને તમારું પણ એથી શું વળ્યું !!"

એટલું કહી પરમહંસ હશી પડયા. શિષ્યો પણ હસવા લાગ્યા. ભવાનીશંકર વિચાર કરવા લાગ્યો, "અભિમાન નામે ખોટું છે ! ધર્મનું કહો કે, વિદ્યાબુદ્ધિનું કહો, અભિમાન કોઈ પણ વસ્તુનું સારું નથા ! પરમહંસે મ્હારી ઉપર આ વાત કહી. ખરેખર, ધનુભાઈનું આવું પરિણામ જોઈ મને મ્હારા સદ્‌વર્તનનું અભિમાન ઉપજયું હતું. અહો ! કેવી ગંભીર અન્તર્દષ્ટિ ! પ્રભુ રક્ષા કરો !!"

પરમહંસ ફરી બોલ્યા, "તેથીજ કહું છું ભાઈ શિવશંકર ! તું બહુ વરસ રખડીને હોડી ઉતારનો એક પૈસો બચાવવાની વિદ્યા શીખી લાવ્યો. બીજું કંઇ શીખ્યો નહિ. ઉંહું; મ્હોંડા પર અભિમાનની કેવી છાપ પડી છે ? બહુ ભાષણ કરવાં પડયાં હશે નહિ વારુ ?!"

"ના પ્રભુ ! બે ચાર કર્યાં હશે !"

"ઠીક કર્યું નહિ—પહેલાં પોતે તૈયાર થાવ અને પછી બીજાને તૈયાર થવા કહો !" પછી મનુભાઇ તરફ જોઇને પરમહંસ બોલ્યા, "ત્હારી સાથે આ કોણ છે ? એમને કોઇ વખત જોયાં હોય એમ લાગે છે ! સિદ્ધેશ્વર, જો તો ભાઇ, એઓ પહેલા આવ્યા હતા તેજ છે કે કોઇ બીજા ? હા–હા–તેજ–તેજ ! ભાઇ, તમારું નામ તો મનુભાઇને ?"

મહા અપરાધીની પેઠે, ભયથી જડ જેવો બની, અતિ દીન વચને મનુભાઇ બોલ્યો; "હા, મહારાજ!"

પર.—તમે પેલા ધનુભાઇની સાથે આવ્યા હતા કેમ?

મનુભાઈ એ પહેલાંના જેવા વિનીતભાવે જણાવ્યું, "હા, મહારાજ"

પર.—તેની કંઇ ખબર અંતર રાખો છો કે?

મનુ.—ના, મહારાજ! ઘણો વખત થયાં હું તેને મળ્યો નથી.

પર.—તમારા સોબતીને માગવા પ્રમાણે મળ્યું, પણ તેનાંથી જીરવાયું નહિ! હવે તમારી ખબર કેવી છે તે કહો! વખત વરતી ગયા કે નહિ? તેને કેમ છે? કેમ શિવશંકર, એ લોકો તો ડુબતાં ડુબતાં બચી ગયા ખરા!

શીવ.—પ્રભુ! એ સૌ આપની કૃપા વડેજ થયું!

"મ્હારી કૃપા; ના–માની કૃપા; એમ કહે. પણ તું આવતો કેમ રહ્યો? તેને દેખા દઇને ન્હાશી આવ્યો, એ ત્હેં ઠીક કર્યું નહિ; તું પાછો જા." શિવશંકરને એટલું કહી તેઓ મનુભાઇ પ્રત્યે બોલ્યા, "ભાઇ; તમે પણ ઘેર જાઓ. ઘરમાં મ્હારી સતિ સાવિત્રી મા બેઠી છે. તેને મૂકીને તમારે કંઇ પણ જવું નહિ!!"

"પિતા! પિતા! હવે મ્હારી પરીક્ષા કરશો નહિ! મ્હારા માથા પર આ પાદપદ્મ મૂકો! નહિ તો હું માથું કુટીને મરી જઇશ!!

એટલું કહી મનુભાઇ, પરમહંસના પગમાં મુર્ચ્છિત થઇને પડયો.

પરમહંસે તેને વહેલો વહેલો ઉઠાડયો. તેના મ્હોંડાંપર તેમણે શીતળ પાણી છાંટયું અને તેના શરીરપર અને માથાપર મમતાથી હાથ ફેરવી તેઓ બોલ્યા, "ભાઇ! માથા પર નારાયણ વસે છે! તેના પર પગ મૂકાય? હવે ભય નથી–ઘેર જાઓ. જગતજનની તમારું સારું કરશે!!"

ત્યાર પછી મનુભાઇને દૂર બોલાવી, તેઓ ધીરે ધીરે તેને કહેવા લાગ્યા, "ત્હેં સુંદરીને મા કહી છે! મનમાં પણ તેને મા જેવી ગણજે. ત્હારી માનું મ્હોડું તો ત્હેં જોયું છે, તે માનું મ્હોડું સંભારી, તેને તું મા કહેજે! એમ કરવાથી પછી ત્હારે કંઇ કરવા જેવું રહેશે નહિ!!"

એટલું કહી તેઓ પોતાના મનમાં બોલ્યા, "હા; જગદંબાનું આટલું મોટું મ્હોડું મનમાં ધારવું, તે કંઇ નાની સુની વાત નથી! આવી સ્થિતિમાં પોતાની માનું જ મ્હોડું મનમાં ધારે તો બસ છે! છોકરાંને ખરેખરી ચોટ લાગી છે. અરે; સાધુની પત્નીનો ધર્મ નાશ? અં. હં. એમ થાત તો એનો વંશ રહત નહિ! પણ એમ થાય કેમ? એના ઘરમાં સતિ સ્ત્રી છે–તે સતિના પુણ્યફળ–અને એનું મન પણ સરળ–તેથી એ બચી ગયો! નહિ તો એ મરત અને બીજાને પણ મારત! મા! એની રક્ષા કર! કામગંધે અંધ થઇ, ફરી એ ફસાય નહિ! મોટી આશા બાંધી એ ત્હારે શરણે આવ્યો છે! મા; એને ખોળે લે! એનાં પાપ મને આપ, પણ એની રક્ષા કર!!"

ત્યાર પછી તેઓ પ્રકાશપણે બોલ્યા, "જાઓ, ભાઇ ઘેર જાઓ; કોઇ કોઇ વખત અહિં આવતા જજો. શિવશંકર! બાપુ; તને પણ મ્હારે એજ કહેવાનું છે. ના કહીશ નહિ. એમાં શ્રેય નથી. બાર વરસ સુધી ત્હેં બ્રહ્મચર્યવ્રતનું પાલન કર્યું છે. તેથી હવે તું યોગ્ય ગૃહસ્થ થઇશ. વળી ઘરમાં ઘરડી મા છે. જુવાન સ્ત્રી બાપને ઘેર પડી રહે અને તું આમ દેશ વિદેશમાં રખડયાં કરે એ ઠીક કહેવાય નહિ! હા; તે માટે તું નચિંત રહેજે. નિંદાખોરોની વાતો પર ધ્યાન દઇશ નહિ. પ્રયોજન જોઇને તે માતંગી માને, ભૈરવી માની પેઠે શાન્ત–શીતળા–પ્રસન્નવદના કરી લેજે! તેવી શક્તિ ત્હારામાં છે, અને તે પણ એવી સ્થિતિમાં છે; એટલે તેને વધારે મહેનત નહિ પડે! બરાબર ત્રણ વરસ સુધી અનન્યમને દેવાર્ચના અને બ્રહ્મચર્યવ્રતનું

પાલન કરવાથી તેના મનનો મેલ ધોવાઈ જશે. એટલે મ્હારી મા તને ફરી પહેલાંના જેવી તેજસ્વી લાગશે!"

શિવ.–પ્રભુ! આપનાં દર્શન—

પરમ.—હાં; અહિયાં આવતો જજે. કોઈ કોઇ વખત આવીને ત્હારું ગાન તાન સંભળાવજે અને માની પ્રાર્થનામાં મને સહાયતા કરજે. વળી સિદ્ધેશ્વર, નાનુભાઇ, ગોપાળદાસ વિગેરે અહિંયા છે, તેમને પણ કોઈ કોઇ વખત મળવાને માટે આવજે. હું પણ એક દિવસ ત્હારે ઘેર આવી, મ્હારી તે આનંદમયી માનાં દર્શન કરી જઇશ! તું બાપુ! હવે નિશ્ચિંત મને ઘેર જા. પણ મ્હારી એક વાત ધ્યાનમાં રાખજે. જેની તેની સાથે તર્ક કરીશ નહિ અને વાદવિવાદમાં પડીશ નહિ. વળી બોલવાનું પણ થોડું રાખજે. અને જો ગીતા વાંચતી વખતે, "ગીતા–તાગી, તાગી, તાગી" એમ દશ વખત મનમાં જાપ જપજે! એમ તાગી બોલતાં બોલતાં, ત્યાગ આવશે. ગીતાનો અર્થ પણ એજ છે! રામ નામ ઉચ્ચારવાંને બદલે લૂંટારો રત્નાકર, "મડા–મડા" બોલતો હતો, અંતે તારક બ્રહ્મ તેને રામ રૂપે દેખાયા હતા! પછી ભવાનીશંકર તરફ આંગળી દેખાડી તેઓ બોલ્યા, "આમને તું ઓળખે છે? વાતચીત તો કર, તને બહુ આનંદ થશે. પોતે છોકરાં ભણાવે છે અને થોડામાંજ સંતોષ માને છે. પણ બાપુ! તમને પણ મ્હારે એજ કહેવાનું છે! સંસાર ધર્મ સંભાળો અને ભીતર ભગવા ધારણ કરો! તેથી તમારાં ત્રણે જણની મનકામના પૂર્ણ થશે! જાઓ; ભગવતી તમારાં ઉપર પ્રસન્ન છે!"

એટલામાં માધવદાસ શેઠ, કંઇક આગળ આવીને બોલ્યા "મહારાજ! મને કંઇ આજ્ઞા?"

પરમ.—તમે એમ સમજો છો કે, હું તમને ભૂલી ગયો છું? ના; તમારું તો બહુ કામ છે. છોકરાને ભવાનીપ્રસાદને સોંપ્યો છે? હં, માણસ સારો છે. જુનો અને વિશ્વાસુ છે. વેપાર રોજગાર પણ

એને જ સોંપી દો. સાધારણ બુદ્ધિનો માણસ ગણી, તેને સઘળું સોંપવાને માટે તમારું મન પાછું હઠે છે કેમ? પણ અસાધારણ બુદ્ધિવાળાએ કેવું સત્યાનાશ વાળી મૂક્યું તેનો વિચાર કરો! પણ હાં; તે ક્યાં છે? તેનું શું થયું? તેની કંઇ ખબર અંતર રાખો છો કે?

માધવ.—ક્ષમા કરો. તેની ખબર અંતર હવે મ્હારે રાખવી ન પડે એવો આર્શીવાદ આપો! ભવાનીપ્રસાદની સાથે એક લાખ રુપિયા મોકલાવી, તેનો પેઢી સાથેનો સંબંધ કહાડી નાંખ્યો છે. તેને એટલાંથી જ સંતોષ છે!

એ સાંભળી પરમહંસ હસ્યા અને પોતાના મનમાં બોલ્યા, "તેને તો કોઇ વાતથી સંતોષ થાય એમ નથી! દાવ સાંધીને વખતે મને પણ તે ફસાવાને આવશે! ભગવતી ત્હારો ભરોંસો છે. મા! તે વખતે તું સંભાળજે!!"

પછી તેઓ માધવદાસ શેઠને કહેવા લાગ્યા, "ત્યારે તમે તો એક વારકી છુટ્ટી માગો છો કેમ? ના બાપુ, તેમ નહિ બને. તમારા વડે તો હજારો માણસો પોષાય છે. માટે તમે તો ઘેર બેઠાં દાન ધ્યાન કરો. કળીકાળમાં તો દાન જ શ્રેષ્ટ છે. એક મોટું અન્નસત્ર ઉઘાડો. અનાથ અપંગોને ખવડાવો. અન્નપૂર્ણાની પ્રતિષ્ટા કરી તેની પુંજા કરો; તમારાં દુઃખ શોક સૌ ન્હાશી જશે! વળી એક દિવસ જગદંબાને થાળ ધરાવો. મોટાં મોટાં હાંડાંઓમાં ખીચડી રાંધી માને ધરાવો અને પછી તે મહાપ્રસાદી, અનાથ અપંગોને આ ખુલ્લા મઠમાં બેશીને ખવડાવો!"

માધવદાસ બોલ્યા, "મ્હારાં ધન્ય ભાગ્ય છે! પ્રભુ, કયો દિવસ નક્કી કરો છો?" પરમહંસે થોડી વાર વિચાર કરીને કહ્યું, "આવતી માઘી પૂર્ણિમા ઉપર એ ઉત્સવ કરો. નગરમાં દાંડી પીટાવો કે, અનાથ—અંપગો એ દિવસે પેટ ભરીને માની પ્રસાદી જમી જાય!"

માધવદાસ આનંદથી બોલી ઉઠયા, "જેવી આજ્ઞા. એવો ઉ-

ત્સવ હું વરસો વરસ કરીશ. અને તેનો સઘળો ખર્ચ હું આપીશ!"

પરમ.—ઠીક તેમ કરો. ધનનો એવી રીતે સદ્વ્યય કરતા જાઓ–ફરી કંઇ આપદ્ વિપદ્ રહેશે નહિ!

માધવ.—આપ જ્યાં પ્રસન્ન છો, ત્યાં મ્હારે આપદ્ વિપદ્ શી? હવે સુમતિ આપો, કે જેથી હું માયા મોહમાં ફસાઉં નહિ!

પરમ.—જગદંબાએ તમારા મનની ગતિ ફેરવી દીધી છે! તમે તેની કૃપા મેળવી છે!

મા–મા–મા–આ કંગાળની સામું જો! હું તો બહુ પાપી છું. મને પાર ઉતાર મા!–અરે શિવશંકર! પેલું માનું સ્તોત્ર ગાને. ત્હારા મ્હોડે બહુ મીઠુ લાગે છે. ગા–ગા—સુર લંબાવીને ગા.

શિવશંકરે સપ્તમમાં સુર ચઢાવી, ગંભીર પ્રકૃતિને વધારે ગંભીર કરી, મધુર કંઠે ગાવા માંડયું:–

વિશ્વ વ્યાપિણી જેહ, સર્વભૂત એકાકાર!
તેની પૂજા,–આત્મપૂજા, ભેદાભેદ નહિ લગાર!
કર જીવ પરસેવા!
એથી મળશે મીઠા મેવા!
એ પૂજામાંહિ સમાયો, સૃષ્ટિનો સઘળો સાર!!

ગાન સાંભળતાં સાંભળતાં, અને ગાનમાં વિશ્વજનનીનું વિશ્વરૂપ જોતાં જોતાં, તે વિશ્વ પ્રેમિક, પરમયોગી સિંહનાદે 'મા–મા' કહેતાં, સમાધી પ્રાપ્ત થયાં! સિદ્ધેશ્વર વહેલો વહેલો ગુરુને ખોળામાં લઇ, તેમના કાનમાં અતિ ગંભીર સ્વરે માતૃનામનું મહામૃત રેડવા લાગ્યો! થોડી વારે પરમહંસ બેઠા થયા અને ગદ્ગદીત કંઠે કહેવા લાગ્યા, "મા! આનંદમયી! આજે હું ગોપાળ બન્યો! આજે તો ત્હારા ખોળામાં બેસીને હું મહી માખણુ ખાઇશ! મને મહી આપ મા! આપ મા; આપ! ગુરુ, ગુરુ, ગુરુ! હરિ, હરિ, હરિ!!"

પ્રકરણ ૮ મું.

શાંતિ-નિકેતન.

સાયંકાળનો સમય છે. પરમહંસ બ્રહ્માનંદ સ્વામીના, "શાંતિ-નિકેતન"ની સામું એક પડદાવાળી સીધરામ ઉભી છે. તેમાં એક યુવક અને બે યુવતીઓ બેઠી છે. તે સ્ત્રીઓ પૂર્ણયૌવના અને સુંદર રૂપવાન છે. બન્ને વસ્ત્રાલંકારોથી ભુષિત થયેલી છે. તાંબુલરાગથી તેમનાં અધર રંજિત થયેલાં છે; અને તેમણે પહેરેલાં સુક્ષ્મ વસ્ત્રોમાંથી કોઇ અવનવી સુગંધ બહાર ફેલાય છે! તેમની ચંચળ ચકિત દ્રષ્ટિમાં, જાણે કાંઇ માદકતા હોય, કંઇ આકર્ષણ હોય એમ જણાય છે! જાણે સાક્ષાત મેનકા ને રંભા, મૃત્યુલોકમાં વિહાર કરવાને માટે સ્વર્ગમાંથી ઉતરી હોય એવું દેખાય છે! તે બન્ને યુવતી-વેશ્યાઓ છે!

વેશ્યા?—હા. શહેરની શોભારૂપ ગણાતી વારાંગના! એ વારાંગનાઓને અંદર બેઠેલો યુવક, ધીરે ધીરે કંઇ શીખવે છે. એથી યુવતીઓ હશે છે અને એક બીજીના શરીર પડે છે! તેઓ કંઇ સોહાગથી, કંઇ આનંદથી, મનમાં મગ્ન થાય છે અને વચ્ચે વચ્ચે તે યુવકને ફસાવવાને માટે પ્રયત્ન કરતી જાય છે!

પણ તે યુવક તેવો ન હતો. તેનામાં બીજા ઘણા દોષો હશે. પણ કામિની અને કુલટાનું આકર્ષણ, તેને કંઇ કરી શકે તેમ ન હતું! તે પોતાની મતલબમાં જ મશગુલ હતો. એ મતલબ કેવી રીતે પાર પડે, કેવી રીતે કામ સરે; એના વિચારમાં જ તે રોકાયેલો હતો.

વેશ્યાઓના એ સમજવામાં આવ્યું. પોતાના સ્વાર્થ સિવાય, બીજું કંઈ નહિ સમજનારાં માણસને, સરળ હાવભાવ, કટાક્ષ કે

મધુર હાસ્ય અથવા બીજું કંઇ કરી શકે તેમ નથી, એવી તેમની ખાત્રી થઇ! અસલ કામ પૂરું થયા વિના, તેની પાસેથી ઇનામ મેળવાની આશા રાખવી એ પણ વ્યર્થ છે; એવું તેમના સમજવામાં આવ્યું! તેથી તેઓએ પોતાનું સ્વાભાવીક નિર્લજપણું મૂકી, અસલ કામના આરંભમાં મન લગાડયું!

"ત્યારે શેઠ! ગાડીને આમ દૂર શું કરવા ઉભી રાખી છે. બાગ તો પેલો જણાય છે તેજ ને." એક વેસ્યા બોલી.

"હા; પણ જરા અંધારું થવા દો. એટલે પછી અંદર જજો!" તે યુવક બોલ્યો.

"ત્યારે અંધારામાં અમારે શિકાર કરવો પડશે નહિ વારું ?" બીજી વેસ્યાએ હસતાં હસતાં પૂછ્યું.

"હા; એ માણુસનો શિકાર છે, અને તે બધો તમારી હોંશીયારી પર આધાર રાખે છે." તે યુવકે પણ હસતાં હસતાં કહ્યું.

"તે તો ઠીક; પણ કંઇ ટંટો ફીસાદ થાય અને પોલીસને બોલાવશે ત્યારે ?" પહેલી વેસ્યાએ કંઇક સંદેહથી પૂછ્યું.

"તેની તમે શા માટે બ્હીક રાખો છો ? ઘડી ઘડી તમને કહું છું કે, તેવું કંઇ પણ થશે નહિ. કારણ કે એક તો તે સાધુ છે. સ્વભાવે ક્ષમાશીલ છે; અને તેની સાથે લોકલજ્જા–માનભય, એ સૌ રહેલાં છે. તેથી મરી જશે તોયે પોલીસનું નામ નહિ લે. કદી ચેલાઓ ધાંધળ કરવા આવે તો, ઉલટું તેમને ગળે પડવું! 'આ લુચ્ચાઓ અમારા પર બળાત્કાર કરે છે!' એવી બૂમો પાડજો; એટલે અમે દોડી આવીશું! હું છું; તમારાં બે માણુસો છે, અને આ ગાડીવાન છે. તેથી તેઓ તમને કંઇ કરી શકવાનાં નથી!" તે યુવક તેમને સમજાવવા લાગ્યો.

"ના તેની કંઇ બ્હીક નથી. એવાં ધાંધળોની અમને નવાઇ

નથી. પણ તે એક સાધુ–"

તેને બોલતાં અટકાવીને તે યુવક બોલ્યો, "તેજ જોવાનું છે. તે ખરેખરો સાધુ હોય તો પગે પડીને ચાલ્યા આવવું. અને જો ઢોંગી હોય તો પછી તે તમારા સહજ હાવભાવથી લોભાઇ જશે! મ્હારે જોવાનું તે જ છે. અહા! કેવા ભોળા અને વિશ્વાસુ માણસોને એ લુચ્ચાઓ રાત દિવસ ઠગે છે!!"

તે પાપી પછી પોતાના મનમાં બોલ્યો, "આવી અંધારી રાત્રે, એકાંત જગ્યામાં, આ બે વેસ્યાઓના હાથથી, જોઇએ પરમહંસ કેવા ચોખ્ખા રહે છે?"

આ વેસ્યાઓથી, પાપીની મતલબ પૂરેપૂરી સમજાઇ નહિ. પણ થોડી ઘણી સમજાઇ. કોઇ કારણને માટે તેણે આ નીચ ઉપાય હાથ ધર્યો છે. એટલું જ તેમના સમજવામાં આવ્યું. ગમે તેવી પણ પૈસાની લોભી જાત–પૈસાને માટે તે સૌ કંઇ કરી શકે તેમ હતું. પૂરી એક રાત્રિ નહિ–પણ કલાક બે કલાકની રમત–અને તેની મજુરી બે હજાર રુપિયા! વેસ્યાના જીવનમાં, આ વાત કાંઇ નાની સુની નથી! વળી તે ઉપર બક્ષીસની આશા છે તે તો જુદી! શેઠ દેખાય છે તો ઉદાર; આંગળીમાં હીરાની વીંટી ઝગઝગાટ કરી રહી છે! ઘડિયાળ અને સોનાનો છેડો પણ હજારની કીંમતનો છે! મજુરીની સહજ વાત કરતાં, તેણે એકદમ બન્ને જણીઓને બે હજાર રુપિયા આપવા કબુલ કર્યું હતું; અને તેજ પળે સો સો રુપિયાની દશ નોટો, તેણે સપાટાબંધ ગણી આપી હતી! બાકીના અર્ધા રુપિયા કામ પૂરું થયે તેણે આપવા કહ્યું હતું, અને કામ તે બીજું શું? એક સાધુનું કોઇ પણ રીતે સાધુત્વ ભંગ કરવું! જો તે ખરેખરો સાધુ હોય તો ચાલ્યા આવવું અને ઢોંગી હોય તો, જરી વાર રંગ કરવો; અને તે પણ બન્ને જણીઓએ મળીને! આવો લોભ, આ વેસ્યાઓ કેમ

ફરીને જતો કરે ? એક ટંટા ફીસાદની બ્હીક હતી. વખતે કંઇ ફસાઇ જવાય એવી તેમને ધાસ્તી હતી. પણ પાપીના કહેવા ઉપરથી, તે ધાસ્તી પણ તેમણે નહિ જેવી ધારી !

જોતજોતામાં અંધારું થઇ ગયું. શેઠે ગાડીવાનને આશ્રમની સામું ગાડી ઉભી રાખવાનું કહ્યું. ત્યાર પછી તે સેતાને પેલી વેસ્યાઓને કહ્યું, "હવે તમે ઉતરો. ચાલો હુ તમને અંદર મૂકી આવું !"

બન્ને વેસ્યાઓ ગાડીમાંથી નીચે ઉતરી. પાપીએ બે ચાદરો તેમને આપીને કહ્યું, "આ બે ચાદરો છે, તે તમે એકેક જણીઓ ઓઢી લો, કે કોઇ તમને ઓળખે નહિ !"

"ના ના, એની કંઈ જરુર નથી. આવા અંધારામાં અમને કોઇ ઓળખવાનું નથી !" એક જણી બોલી.

"તમે જાણો છો ?—પહેલાંથી ચેતેલાં હોઇએ તે સારું–હા; હવે બરાબર થયું–આ લો"

એમ કહી તે પાપીએ બુકપૉકેટમાંથી મનીબેગ બહાર કહાડી અને બન્ને વેસ્યાઓના હાથમાં તેણે પાંચ પાંચ ગીનીઓ મૂકી !

"વળી આ શું ?" એકજણી હસ્તાં હસ્તાં બોલી.

"એતો તમારી પાનસોપારી ! બક્ષીસ તો જૂદી છે. તેની સાથે એને કંઇ લાગતુ વળગતુ નથી. કરાર પ્રમાણે અર્ધા રુપિયા તો મ્હેં તમને આપ્યા છે. હવે જોઇએ તમારી હોંશીયારી કેવી છે ? તેને ફસાવો ત્યારે તો આ બધું આપ્યું લીધું પ્રમાણ !–જુઓ આ દીવો બળે છે, તેજ ઘર. ચાલો, હુ તમને મૂકી આવું. હું પણ આટલાં તેટલામાં જ સંતાઇ રહીશ. કંઇક ગરબડ થાય તો, "બંધુ હો !" કહીને મને સંકેત કરજો !"

એ સાંભળી વેસ્યાઓ હસી. તે વખતે ગાડીવાને બીડી પીવા દીવાસળી સળગાવી હતી. તેના અજવાળે તેમણે ગીનીઓ ખરી ખોટી

જોઇ લીધી! ખરી માલુમ પડવાથી તે તેમણે પોતાના માણુસને સોંપી દીધી! ત્યાર પછી ઉત્સાહથી, લોભથી અને બીજો દાવ મારવાની મતલબથી, તે પ્રેતનો હાથ પકડી, તેમણે ધીરે ધીરે આ પુણ્યાશ્રમમાં પગ મૂકયો!

ચક્રીનો ચક્ર અને ભગવાનનો મહિમા! શું થાય છે અને કેમ બને છે; તે હવે જોઇએ!

પ્રકરણ ૯ મું.

પ્રાયશ્ચિતનો પ્રારંભ!

પરમહંસ બ્રહ્માનંદ સ્વામી, પથારીમાં સુતા સુતા ગંભીર મને મહામાયાની વિચિત્ર લીલાનું ધ્યાન ધરે છે. ધ્યાનમાં જગદંબાના પાદપદ્મ અંતરમાં ધારણ કરી, તેની શાન્ત, શીતળા, વરાભયદાયિની, આનંદમયી મૂર્તિનું નિરક્ષણ કરે છે! તેમનું હૃદય આનંદથી ઉભરાઇ ગયું છે અને તેમની આંખમાંથી અવિશ્રાંત આંસુઓ પડે છે! શિષ્યો અને સેવકો પાસેના ઓરડામાં ખાવા બેઠા હતા, પરમહંસના ઓરડામાં કોઈ ન હતું. એક દીવો ધીમે ધીમે બળતો હતો.

આ વખતે તે પ્રેત, પેલી બે પ્રેતિનીઓને લઇને આશ્રમના બારણામાં ઉભો રહ્યો. જોયું તો આશ્રમનાં બારણાં ઉઘાડાં હતાં અને પરમહંસ એકલા સૂતા હતા.

આવો અણધાર્યો પ્રસંગ હાથ લાગવાથી, તે નરપ્રેત આનંદથી અધીરો બની જઇ, વેસ્યાઓને વધારે ઉત્સાહીત કરવાને માટે ધીરે રહીને બોલ્યો, "ખરેખરો લાગ છે! ઘરમાં કોઇ નથી. આ જુઓ; તે એકલો સૂતો છે. જાઓ જલદી જાઓ અને એકદમ તેની છાતી

પર જઇને ઉભાં રહો! બીજા એક હજાર રુપિયા તમને વધારે બક્ષીસ મળશે!!"

લોભથી, મોહથી અને દુરાકાંક્ષાથી, એક જણી ઉન્મત્ત બની ગઈ. પણ બીજી ખંચકાઇને કહેવા લાગી, "પણ—"

પિસાચે ઉત્તર દીધો, "હવે પણ બણ કંઇ નહિ! આવો વખત ફરી ફરીને મળવાનો નથી. જાઓ જલદી જાઓ. હું ગાડી આગળ ઉભો રહું છું. કોઇ પણ વાતની બ્હીક રાખશો નહિ; જાઓ–"

"ના ભાઇ; તમારા રુપિયા પાછા લો—મ્હારું તો શરીર ધ્રુજે છે!"

"અરે; એમ તે કંઇ થાય?—"

એટલું કહી તે નરપિસાચે તેને ધક્કો મારીને આગળ કરી. પણ બીજી વેસ્યા તો હિંમતથી અંદર ગઇ. એ જોઈ તે નર પિસાચ હરખાયો અને કાર્ય સિદ્ધિને માટે નિઃસંદેહ બની ત્યાંથી વહેલો વહેલો જતો રહ્યો.

યોગાત્મા યોગીશ્વર, આ વખતે મહાયોગના આવેશમાં મગ્ન હતા. બાહ્યજ્ઞાન શૂન્ય બની, તેઓ માની મોહિની મૂર્તિનું અંતરમાં ને અંતરમાં ધ્યાન ધરતા હતા!

એ પાપિણીઓમાંની એક જણી તો, બ્હેબાકળી બની, અંદર એક બાજુએ ઉભી રહી. પણ બીજી એકદમ પરમહંસની સામું ધશી, તેમની પથારી પાસે આવી! પણ કોણ જાણે શા કારણથી, તે પોતાના ધારવા પ્રમાણે કંઇ કરી શકી નહિ! કેવળ તેનો ધ્રુજતો હાથ, પરમહંસના પગ પર પડયો. પણ પરમહંસના પગનો સ્પર્શ થતાંની સાથે તેનો હાથ અકડાઇ ગયો!

અજાણતાં પગમાં કાંટો ભોકાયાથી, જેમ બૂમ પાડી ઉઠાય, તેમ પરમહંસ બૂમ પાડીને બેઠા થયા! બેઠા થતાંની સાથે તેમની

નજર, પેલી એક બાજુએ ઉભેલી વેસ્યાપર પડી!

" આ શું? તમે? મા, જગદંબા, આજે વેસ્યાના રૂપમાં? મા, મા, આજે તો સશરીરે આવ્યાં! ભલે આવ્યાં મા; આવો! સંતાનને સ્તનપાન કરાવો!!"

"પિતા! પિતા!" કહેતી તે ધ્રુજતી અભાગિણી એકદમ મુર્ચ્છિત થઇને પડી!

" મા! પડી ગયાં? સંતાનની પાસે બ્હીક શી? આવો, મા આવો! હુ ગોપાળ બની, ત્હારું મહી-માખણુ ખાઇશ!!"

પરમહંસ ખરેખર, વાત્સલ્ય રૂપ ધારી શ્રીગોપાળ મૂર્તિની પેઠે આનંદથી ઉભા થયા! તેજ પળે મુર્ચ્છિત પડેલી વેસ્યા ઉપર તેમની નજર ગઇ! "તું વળી કોણુ છે? તુ મ્હારી માની દાસી છે? હાં; તેથી જ મ્હારું બિછાનું ખંખેરવા તુ આવી હતી કેમ? પણુ ત્હારા નખ આટલા બધા તીક્ષ્ણુ કેમ? મ્હારો પગ બધો લોહી લુહાણુ થઈ ગયો!!"

આશ્ચર્ય!—પાપિણીના સ્પર્શથી, પરમહંસના પગમાંથી લોહી નીકળતું હતું! તેઓ લોહી દેખાડીને ફરી પાછા તેને કહેવા લાગ્યા, "આવી રીતે પગે હાથ ફેરવાતો હશે? જા; હુ ત્હારું મહી નહિ ખાઉં!—આ મ્હારી માનું ખાઇશ! મા-મા-મા-!!"

પરમહંસનો કંઠસ્વર સાંભળી, સિદ્ધેશ્વર એકદમ આવ્યો. આશ્રમમાં સ્ત્રીઓને જોઇ, તે ચકિતની પેઠે બોલી ઉઠ્યો, "આ-કોણુ?"

સંતાન સમાન પ્રિય શિષ્યને જોઇ, પરમહંસ આનંદથી બોલી ઉઠ્યા, "ઓ બેટા; સિદ્ધેશ્વર તું આવ્યો? જો તો ખરો, મ્હારી આનંદમયી મા-આજે વેસ્યાના રૂપમાં આવી છે!"

"પિતા, પિતા, આ શું? આ હુ શું જોઉં છું? આ પુણ્યાશ્રમમાં વેસ્યાનું આગમન?!"

"વેસ્યા કેવી બાપુ? એ તો મ્હારી મા છે! ઇચ્છામયી મા આજે વેસ્યાના રૂપમાં આવી છે! મા! વેસ્યા રૂપિણી, પરમેશ્વરી! સંતાનને સ્તનપાન કરાવો મા!!"

સિદ્ધેશ્વર વ્યાકુળ બનીને બોલ્યો, "પતિત પાવન! ભાવરૂપી જનાર્દન! તમે કોનું સ્તનપાન કરો છો?–આ તો પિસાચી–રાક્ષસી–નર્કની સાક્ષાત્ પ્રેતિની છે!!"

"તે ગમે તે હોય બાપુ!–પણ એ તો મ્હારી આનંદમયી મા છે! હું આનંદમયી માની અમૃતધારા પાન કરીશ!"

સિદ્ધેશ્વર, જ્ઞાનશૂન્ય થઇને પડેલી, પેલી વેસ્યાને જોઇને બોલ્યો, "પ્રભુ એ તો મુર્ચ્છિત થઇને પડી છે–એને ભાન નથી!"

પરમ.—એમ કે? ત્યારે તો હું આ માની દાસીનું મહી–માખણ ખાઇશ! એ પણ મ્હારી જગદંબાની અંશરૂપિણી છે!

એ સાંભળી તે રાક્ષસી ભયભીત બની ગઇ! તેણે 'કૃષ્ણચરિત્ર' સાંભળ્યું હતું. તેને એકદમ 'પુતના વધ'ની કથા સાંભરી આવી. તેથી તે ધ્રુજતાં ધ્રુજતાં બોલીઃ—

"પિતા! ક્ષમા કરો, ક્ષમા કરો! અમારી મોટી ભૂલ થઇ છે. ફરી કોઇ દિવસ અહિં આવીશું નહિ! તમારા પગે પડું છું અમને જવા દો–ક્ષમા કરો!!"

પરમ.—જવાનું કહો છો?–મા–! એમ બીહો છો કેમ?

સિદ્ધેશ્વરે કંઇક ક્રોધથી તેને પૂછ્યું "તમે કોણ છો અને અહિંયા શા માટે આવ્યાં છો?" પિસાચીએ પોતાને મ્હોંડે સઘળું પાપ કબુલ કર્યું. જે માટે તેઓ અહિં આવી હતી, અને જેના કહેવાથી, પૈસા ખાઇને તેમણે આ કામ કર્યું હતું, તે બધું તેણે કહી દીધું! સિદ્ધેશ્વર ગભરાઇ ઉઠયો!

પણ પરમહંસ હસ્તાં હસ્તાં બોલ્યા, “ તેમાં શું થયું ? બહુ સારું થયું મા ! મ્હારે જે ભોગવવાનું હતું, તે હું ભોગવી ચુકયો ! તમે પૈસાને માટે આ કામ કર્યું—પૈસા તો તમને મળ્યાને ! ”

“ મહારાજ ! હવે એ વાત પૂછશો નહિ—અમે તો મહા પાપી છીએ ! ”

“ અરે વાહ ! એમ બોલો છો ? તમે તો મ્હારી ઉગ્રચંડી મા છો ! અને આ કોણ છે ? ”

“ એ પણ મ્હારી સાથે છે. ભયથી મુર્ચ્છિત થઇને પડી છે ! ”

“ ના, ના; એ તો મ્હારી કમળા મા છે ! અરે સિદ્ધેશ્વર ! મ્હારી માને મ્હેં શાન્ત શીતળા કમળા મૂર્તિમાં, સારી રીતે જોઇ નથી; માટે એને શુદ્ધિમાં લાવ ! ”

સિદ્ધેશ્વરે, તે મુર્ચ્છિત પડેલી વેસ્યાના મ્હોડાં પર પાણી છાંટયું અને થોડી વાર પવન નાંખ્યો, એટલે તે ઉઠીને બેઠી થઇ ! તે સજળ નયને હાથ જોડીને પરમહંસની સામું જોઇ રહી !

પ્રેમના પ્રસાદ હસ્તાં હસ્તાં બોલ્યા, “ મા ! એક વાર તો બોલો ! સંતાનને છળવા માટે આવ્યાં હતાં, તે કામ તમારું પુરું થયું; હવે તો એક વાર સ્વરૂપ મૂર્તિમાં પ્રકટ થાઓ ! મા ! આનંદમયી ! મા—મા—મા—! ! ”

એમ બોલતાં બોલતાં પરમહંસ, સમાધી પ્રાપ્ત થયા ! તેમના મુખપર દિવ્ય હાસ્ય પ્રકટી નીકળ્યું અને તે હાસ્યમાં સ્વર્ગની પ્રભા વિભાષિત થવા લાગી !

રૂપ જીવની વેસ્યા, તે અપરૂપ રૂપ છબી જોઇ, સમાધી અવસ્થામાં તે સાધક શ્રેષ્ટનો અલૌકિક ભાવ જોઇ, એકદમ અવાક્ બની ગઇ ! અનુતાપ અને આત્મ ગ્લાનિથી બન્ને જણીઓ મરવા જેવી બની ગઇ ! કોઇ પણ રીતે અહિંથી નાસી છુટાય તો બચાય એમ તેમના મનમાં થવા લાગ્યું !

"ગંભીર નાદે 'મા–મા' ધ્વનિ કરી, ભક્ત શિષ્યે ગુરુને ચૈતન્ય કર્યા. એટલામાં ત્યાં બીજા ભક્તો, શિવશંકર, માધવદાસ, મનુભાઇ, ભવાનીશંકર વિગેરે આવી પહોંચ્યા. આ બધું જોઇ સાંભળી, તેઓ પણ આશ્ચર્ય ચકિત બની ગયા!

અંતે શિવશંકર બોલ્યો, "કોના કહેવાથી તમે આ કામ કર્યું? તે પાપી કયાં છે?"

પહેલી વેસ્યાએ તે પાપીનો પરિચય આપ્યો.

"ચાલો તે કયાં છે? અમને બતાવો!"

આ વખતે પેલી બીજી વેસ્યાને બોલવાની હિંમત આવી. "હા; ચાલો બતાવું, તે આટલા તેટલામાં ઉભો હશે. અમને બન્ને જણીઓને તે ગાડીમાં બેસાડીને લાવ્યો હતો. હજુ ગાડી પણ બહાર જ ઉભી છે."

"એમ કે? ત્યારે તો તે જમામર્દને, જરુર એક વાર નજરે જોવો જોઇએ!" પરમહંસ કંઇ વિચાર કરીને બોલ્યા.

શિષ્યગણ ફાનસો લઇને તૈયાર થયા. પરમહંસ ફરી વેસ્યાઓ પ્રત્યે બોલ્યા:–

"ચાલો મા! જગદંબાની અંશ સ્વરૂપિણી! તમને ગાડીમાં બેસાડું! અહા, તમને બહુ કષ્ટ પડયું મા! સંતાનના નમસ્કાર લો મા!!"

સઘળા અવાક્ બની ગયા. અહા, કેવું અદ્‌ભુત ચરિત્ર—કેવું અદ્‌ભુત માતૃભાવ સાધન!

આગળ પરમહંસ, અને પાછળ ફાનસો સાથે શિષ્યમંડળ અને વારાંગનાઓ!

આ તરફ સમુદ્ર કીનારા ઉપર, તે મૂર્તિમાન પ્રેત આમ તેમ આંટા મારતો હતો. એટલામાં કેટલાંક માણસોને ફાનસોની સાથે પોતાની તરફ આવતા જોઇને તે એકદમ ચમકયો. "આ શું? આ-

ટલાં બધાં માણસો કેમ? સાથે ફાનસો લઇને કોણ આવે છે? ત્યારે શું—ઓ: બાપરે!!"

એટલું બોલતાંની સાથે, એકદમ મર્મભેદી ગંભીર આર્તનાદ કરી, તે પ્રેત પૃથ્વીપર પડયો!

"આ કોણ? આ કોણ?" એમ બોલતાં બોલતાં, સઘળા તે પ્રેતની આજુબાજુ વીંટળાઈ વળ્યા અને તરત જ તેને ઓળખીને સૌ કોઇ આશ્ચર્ય ચકિત થઇને બોલી ઉઠયા:-

"અરે! આ તો મહાપાપી ધનુભાઇ છે!!"

"જુઓ, જુઓ; બરાબર જુઓ!" પરમહંસ શિષ્યો પ્રતિ એટલું કહી મનમાં બોલ્યા; "માધવદાસના છોકરા બદલ એ વેર લેવા આવ્યો હતો!" માધવદાસ પણ પોતાના મનમાં સમજી ગયા!

તે પિસાચને જોઇ બન્ને વેસ્યાઓ બોલી ઉઠી, "આ રહ્યો તે પાપી—એણે જ અમને પૈસાની લાલચ આપી, આ મહાપાપ કરવાને લલચાવ્યાં હતાં!!"

માધવદાસ બોલી ઉઠયા "કરને જો! સૌ અહિંયાજ છે. એને સાપ કરડયો હોય એમ લાગે છે. હાં; હાં; આ રહ્યો સાપ! જુઓ કેવું ગુચ્છું વાળીને બેઠો છે! ઓ: બાપરે!!—"

માધવદાસ ચમકીને પાછા હઠી ગયા. પરમહંસ બોલ્યા:-

"બ્હીશો નહિ. હવે એ કોઇને નહિ કરડે. આ જુઓ; તમારી બૂમ સાંભળીને એ સુસવાટા ભેર ન્હાશી જાય છે. ઉંહું મારશો નહિ!!"

"સાપના રૂપમાં એનો કાળ આવ્યો હોય એમ લાગે છે!"

"તેમ હશે—મ્હારી મા જ સાપના રૂપે આવી હશે?"

આ વખતે ભવાનીશંકર આશ્ચર્ય ચકિત થઇને બોલી ઉઠયો, "મહાખળનું મહાપ્રાયશ્ચિત, મહાખળદ્વારા પૂરું થયું! ધન્ય છે વિધિના વિધાનને!!"

પરમહંસ હશીને બોલ્યા, "ના બાપુ! એ પ્રાયશ્ચિત નથી, પણ એ માત્ર સુચના છે."

માધવ.—આ શું કહો છો પ્રભુ? એ પાપી પાછો જીવશે?

પરમ.-હા; આવરદા હોય તો કોણ કોઇને મારી શકે એમ છે? ક્રોધ કરશો નહિ. કૃષ્ણના જીવપર કરુણા કરો!!

"ગુરુ ગુરુ ગુરુ! શિવ, શંકર, કરુણામય!" બોલતાં બોલતાં માધવદાસનો કંઠ રુંધાઇ ગયો!

પરમ.—તમે હવે બધાં મળીને એક વાર હરિ ધ્વનિ કરો!

એકદમ નિસ્તબ્ધ ગગન ભેદ કરી, ગંભીર હરિ ધ્વનિ થઇ, સમુદ્રની ખળખળ ધ્વનિ, તે પવિત્ર ધ્વનિને ધીરે ધીરે ઉંચે લઇ ગઇ!

પરમહંસ જ્યાં ઉભા હતા, ત્યાં એક ઘાસના જેવો નાનો છોડ ઉગેલો હતો. તરત જ તેમણે તે છોડનાં પાંચ સાત પાંદડાં તોડયાં અને તે માધવદાસના હાથમાં આપીને બોલ્યા, "લો; આ પાંદડાંને મસળીને એનો રસ કહાડો;-સિદ્ધેશ્વર! તું સમુદ્રની માટી લાવ. ભવાનીશંકર; એ તમારો બાળ મિત્ર છે–તેથી તમારું ઉતરીય પલાળીને થોડું પાણી લાવો. અને મનુભાઈ; તમે આ તમારા જુના સોબતીને પકડી રાખો! એને સાપ કરડયો છે. આ પાંદડાંના રસથી હમણાં ઝેર ઉતરી જશે!"

પરમહંસની આજ્ઞાનો તરત જ અમલ થયો. તેમણે પોતાના હાથે સમુદ્રની માટીની સાથે, પેલાં પાંદડાંનો રસ સારી પેઠે મેળવ્યો, અને તેને જ્યાં સાપ કરડયો હતો, ત્યાં તેનો લેપ કર્યો. ભવાનીશંકરે આણેલું પાણી તેના મ્હોડાંપર છાંટી, પરમહંસના કહેવાથી પાછી સૌએ હરિ ધ્વનિ કરી અને તેની સાથે ધનુભાઈ આળસ મરડીને બેઠો થયો! પણ તેજ પળે તેને પૂર્વ સ્મૃતિ થઈ આવી. એટલે પોતાની સામું ઉભેલી, વેસ્યાઓ પ્રતિ તે ઉત્સાહભેર બોલ્યો, "કેમ કેવી ખબર છે? કામ થયું કે નહિ?"

"ના બાપુ! કામ થયું નહિ. પણ આ બુઢ્ઢા બ્રાહ્મણ પર આટલો બધો ગુસ્સો તે હોય ?"

આ વખતે પિસાચ ચમકયો. પોતાની સામું તેણે સઘળાંને ઉભેલાં જોયાં—આ પરમહંસ બ્રહ્માનંદ સ્વામી,—આ તેનાં પ્રતિપાળક—શેઠ માધવદાસ—આ બાળમિત્ર ભવાનીશંકર અને મનુભાઈ—સઘળાંને તે વિસ્મયની પેઠે જોવા લાગ્યો! તે ગભરાઇને બોલી ઉઠયો, "આ શું? આ બધાં અહિયાં ક્યાંથી?" તરતજ તેણે પોતાની આંખો મીંચી દીધી અને પરિતાપથી તે પાછો પોતાના મનમાં બોલ્યો; "હું ક્યાં છું?"

આ વખતે પેલી ઉન્મત્ત બનેલી વેસ્યા, ગર્જના કરી બોલી ઉઠી. "અરે ચંડાળ! તને સાંપ કરડયાં છતાં, તું મરી ગયો નહિ? અરે, પાપી! પૈસાનો લોભ દેખાડી, તું આ સદાશીવનો યોગભંગ કરવાને માટે અમને લઈ આવ્યો હતો? ધિક્કાર છે તને!!"

પરમ૦—ના, મા, ના; પુરુષ માણુસને તમારાથી એવાં કટુ વચન કહેવાય નહિ! જાઓ મા, હવે જાઓ! લીલા કરવા આવ્યાં હતાં—તે લીલા પૂરી થઈ; હવે ઘેર જાઓ! બાપુ! તમે પણ ઘેર જાઓ! મનમાં કંઇ લાવશો નહિ!—એમ જ બને! એ કંઇ તમારું કામ નથી. ના—મનમાં એવું લાવશો નહિ! એ સઘળું મ્હારી માએ કીધું છે! ભાઈ, સિદ્ધેશ્વર, ફાનસ લઇને આગળ ચાલ. હવે આશ્રમમાં જઇએ!"

કરુણા અને ત્યાગનું આ કેવું અલૌકિક દૃશ્ય! આ તે કરુણા કે પ્રેમની પીયુષ ધારા?

પ્રતિહિંસાના મૂર્તિમાન પિસાચ ઉપર, જેઓ આવી રીતે પ્રેમ કરી શકે, તે જો મહાપુરુષ ન હોય તો, બીજો કોણ મહાપુરુષ હશે? હે પતિત પાવન! ગુરુદેવ!!—

પ્રકરણ ૧૦ મું.

પ્રશ્ચાતાપ.

"ના; હવે નહિ. મને છોડી દો. નહિ તો કોઈ દિવસ વિના મોતે મરવું પડશે !"

"વ્હાલાં ! તમને તે છોડાય ? ત્યારે આ રુપ, આ યૌવન, આ પૈસો, કોને માટે ? એમ બીહો છો કેમ ? તમે કહેશો તો, આપણે અહિંથી પરદેશ ચાલ્યા જઈશું !"

મુંબઈથી ઘણે દુર, નિર્જ્જન સમુદ્ર કાંઠે આવેલા એક બંગલામાં, ડૉક્ટર રતનલાલ અને વિલાસિની આમ વાત કરતાં બેઠાં છે. અંધારી રાત હતી. જનમાનવનો શબ્દ સંભળાતો નહતો; અને જનમાનવની વસ્તી પણ તે ઠેકાણે નહિ જેવી હતી. નગરનો કોલાહલ દૂર મુકી, લોકચક્ષુના સંપૂર્ણ અંતરાળે રહી, આ પાપી ને પાપીણી નિશંકપણે, પાપની સર્વવિધ લીલા રમવાને માટે, આવો એકાંત બંગલો ભાડે રાખીને રહ્યાં હતાં ! જ્યારથી વિલાસિની ગોરા ડૉક્ટરના વેશમાં, પોલીસના હાથમાં પકડાઇ, ત્યારથી તે ભયભીત બની ગઇ હતી. અને ધીરે ધીરે તેણે પતિનો સહવાસ પણ ત્યાગ કર્યો હતો ! તેનો પતિ પણ વિષ–પ્રયોગની વાત ઉઘાડી પડી જવાથી, અને અતિશય ચતુરાઇથી આરંભેલું કામ નિષ્ફળ નીવડવાથી, એક રીતે નિરાશાથી ઘેરાયેલો, ચિત્તભ્રમ જેવો બની ગયો હતો ! કોઈ પણ વસ્તુપર હવે તેને મમતા નહતી. પોતાના જીવનનો ઇષ્ટ મંત્ર–પૈસો–જેને માટે તેણે અનેક કાળાં કર્મો કર્યાં હતાં; તે પૈસો–પણ અત્યારે તેને ઝેર જેવો લાગતો હતો ! અપમાન અને આત્મ ધિક્કારથી, તેના મનમાં

તુષાનળ સળગ્યો હતો અને તેની જ્વલંત અગ્નિમાં તે મહાપાપી અત્યારે બળતો હતો !

તોપણ હજુ એક ભયાનક વિષ, તેની નશેનશમાં ભરાઈ રહ્યું હતું ! હજુ એક ઉત્કટ ચિંતા, તેના ચિત્તને નિરંતર સળગાવી મૂક્તી હતી !–તે ચિંતા બીજી કંઈ નહિ, પણ પ્રતિ હિંસા–વેર–બદલો–લેવાની હતી ! પરમહંસ બ્રહ્માનંદ સ્વામી, પ્રેમના અવતાર હતા—તેમણે માધવદાસના પૌત્રને બચાવ્યો અને તેથી તેનો પ્રપંચ ઉઘાડો પડી ગયો–તેથી તેમની ઉપર એ પાપી, વેરભાવ રાખી તેનો કોઈ પણ રીતે બદલો લેવા માંગતો હતો ! આ વેર–બુદ્ધિએ તેને જ્ઞાન શૂન્ય બનાવી દીધો; અને તેને એક મોટામાં મોટું પાપ કરવાને ઉશ્કેર્યો. તેનું ફળ કેવું નીવડયું, તે આપણે આગલા પ્રકરણમાં જોઈ ગયા છીએ.

જ્યારે એ વિષોક્ત બાણ, એમને એમ પાછું ફર્યું, ત્યારે પ્રકૃત્તિના નિયમ પ્રમાણે, એ બાણનો જ્યાંથી પ્રયોગ થયો હતો, ત્યાં તે આવીને ઉભું રહ્યું. અંતે એ બાણ તેની જ છાતીમાં ભોંકાયું ! તેની અસહ્ય વેદનાથી તે અસ્થિર બની ગયો ! પરંતુ એ વાત કરતાં પહેલાં, ડૉકટર અને વિલાસિનીની થોડી ઘણી કથની કરી લઈએ.

પોતાનો પતિ, સદા ઉન્મત્તની પેઠે, દુરાશાથી ઘેરાયેલા ગાંડાની પેઠે, ફરે છે. તેને આહારપર રુચી નથી, વિલાસપર આસકતી નથી, અને ભોગમાં પ્રવૃત્તિ નથી. અવસાદ અને વિફળ મનોરથથી તે એક જડભરત જેવો બની ગયો છે ! આવી સ્થિતિમાં આ ભોગવિલાસમાં પચેલી, અને કામના સ્ત્રોતમાં તણાયેલી સ્ત્રી, કેવી રીતે સ્થિર રહી શકે ? વળી પોતાની સામું પોતાના મનનો માન્યો નાયક સદા વિરાજમાન હતો. પૈસાની ખોટ નહતી. તેમજ વખત પણ સર્વ રીતે અનુકૂળ હતો. કારણ કે તેનો પતિ રાત દિવસ બહાર રખડતો હતો.

તે ક્યાં રહે છે, શું કરે છે, તે કોઇ જાણતું નહતું. તે કોઇ કોઇ વાર ઘરમાં આવતો હતો અને ઘડી બે ઘડી ચકિતની પેઠે આમ તેમ ચાલ્યો જતો હતો!

આવી અવસ્થામાં જે બનવું જોઇએ, તે બન્યું! ડૉકટરની સાથે એ પાપિણી પાપકર્મમાં પડી! તે પહેલાંથી થોડી ઘણી ભ્રષ્ટ હતી. હવે પૂરેપૂરી ભ્રષ્ટ બની! દુરાચારી પતિના ઉત્તેજનથી, અને હીરટીરિયાના ખોટા બહાનાથી, તે ઘણા દિવસ થયાં એ પાપમાં પચવાનું કરતી હતી! હવે તેને કોઇ કહેનાર કે જોનાર નહતું. એટલે તે પોતાના હાથે પાપમાં પચી ગઇ! ડૉકટર લોભી હતો. દુર્બળ મનનો હતો. કામનો કુતરો હતો—તેને આવું મળવાથી આનંદ થયો. પણ ભય તેને મૂકીને ગયો નહિ! પાપના અનુષ્ટાનની સાથે સાથે તે સદા મરણ ભયથી ભયભીત રહેવા લાગ્યો! મરણ આવતાં પહેલાં તેનું હજારવાર મરણ થયું! કીડીને પોતાનો જીવ બહુ વહાલો હોય છે, પણ ગોળનો સ્વાદ તેણે ચાખ્યો છે; અને તે પોતે જાણે છે કે, હમણાં હું કોઇના પગ નીચે કચડાઇને મરી જઇશ. તોપણ તે ગોળનો લોભ મૂકતી નથી! ડૉકટરની સ્થિતિ પણ કીડીના જેવી જ હતી!

વિલાસિની આમાંનું કંઇ સમજતી નહતી, એવું નહતું. તે પોતાના મનને સમજાવતી હતી કે, જ્યાં સુધી બને ત્યાં સુધી કોઈ જાણે નહિ, તેમ બધું ચલાવવું. પણ બહાર ઉઘાડાં પડીને માબાપના મ્હોડાંપર મેંશ ચોપડાવવી નહિ!

મેંશ તો બહાર ઉઘાડું પડે ત્યારે જ ચોપડાયેલી કહેવાય! અને માબાપનું નાક પણ લોકો જાણે ત્યારે જ કપાયેલું ગણાય! અરે, ધિક્કાર છે, ત્હારા નીતિ—જ્ઞાનને! ધિક્કાર છે ત્હારા વિવેક વિચારને!!

તેથી જ પતિની આંખમાં ધૂળ નાંખવાને માટે, અને કોઇ જાણી કે જોઇ શકે નહિ, તે માટે તેણે ઘર છોડયું! વસ્તીથી દૂર એકાંતમાં, આજે આ બંગલો, તો કાલે બીજો બંગલો, એમ જુદા જુદા બંગલા

બાડે રાખી, તે નવઅનુરાગથી પોતાના મનના માન્યા નાયકની સાથે આમતેમ ઉડવા લાગી!

ઉપર જે ચિત્ર, અંકિત થયું છે, તે એજ અવસ્થાનું છે. પાપી કહે છે; "ના; હવે નહિ. મને છોડી દો; નહિ તો કોઇ દિવસ વિના મોતે મરવું પડશે!"

પાપિણી તેનો ઉત્તર દે છે; "વ્હાલા! તમને તે છોડાય? ત્યારે આ રૂપ, આ યૌવન, આ પૈસો, કોને માટે? એમ બીહો છો કેમ? તમે કહેશો તો આપણે અહિથી પરદેશ ચાલ્યાં જઇશું!"

"પણ તે કોઇ દિવસ, આપણને હાથોહાથ પકડશે ત્યારે?"

"પણ તે જાણ્યા વિના પકડશે કેવી રીતે? આપણે ક્યાં એક ઠેકાણે ઠરીને રહીએ છીએ?"

"તેને કોઇ રીતે ખબરી પડી ત્યારે?"

"ત્યારે હું એમ કહીશ કે, મ્હારું શરીર સારું રહેતું નથી; તેથી હું હવા ફેર કરવાને માટે આ બંગલામાં રહી છું. મને અહિની હવા માફક આવી છે; અને મારું શરીર પણ અહિયા સારું રહે છે!"

"અને મ્હારું પૂછશે, ત્યારે શું કહેશો?"

"કહીશ કે એઓ ડૉકટર છે, અને આપણા વિશ્વાસુ છે, તેથી મ્હેં એમને સાથે રાખ્યા છે!"

તે પોતાના મનમાં સારી રીતે સમજતી હતી કે, એ બધી મનને સમજાવવાની વાતો છે. પણ ડૉકટરને ધીરજ કેવી રીતે દેવી?

ડૉકટર પણ એમ સમજતો હતો. પણ હવે તેના હાથમાં ઉપાય નહતો. કારણકે, પોતાનો સઘળો ખર્ચ તે આપતી હતી અને પોતાનો પરિવાર પણ તેનાં જ પૈસાવડે પોષાતો હતો! તે પહેલાં હતો, તેવો અત્યારે છે. તે કંઇ શીખ્યો નથી, કે કંઇ કમાયો નથી. તે ખાલી ડીગ્રીને વગોવતો પારકી આશાએ જીવે છે! તેથી વિલાસનીને તે બીજું શું કહી શકે? પણ અંતે તેણે દયામણું મ્હોડું કરીને એ-

ટક્યું તો કહ્યું:—"કદી તેને વહેમ પડયો અને કોઇ રીતે આપણુને તેણે હાથોહાથ પકડયાં; તો જરુર તે મને માર્યા વિના નહિ મૂકે!"

વિલાસિની આનો કંઇ પણ જવાબ નહિ દેતાં, તે પોતાના મનમાં હશી અને મનમાં બોલી:—

"ગુપ્ત પ્રેમ કરવા નીકળ્યો છે, અને મોતથી તો આમ બીહે છે!"

ડૉક્ટર વિચારવા લાગ્યો "એક તરફ વિલાસિનીનો ગુપ્ત પ્રેમ–અને બીજી તરફ મ્હારે હાથે થયેલો વિષ–પ્રયોગ! સ્મશાનમાં સૌ ઉઘાડું પડી ગયું છે; અને જો શેઠ મને કોર્ટમાં ધસડે તો, જન્મ કેદ કે દેશનીકાલની સજા નક્કી થઇ સમજવી! હાય! એવું મ્હેં શા માટે કર્યું? એણે તો પૈસાને લોભે એમ કર્યું? હું એની સાથે શા માટે સામેલ થયો? પૈસાને માટે–વિલાસિનીને માટે! પણ હાય! જ્યારે જીંદગી સુધી કેદમાં સડવાનો વખત આવશે, ત્યારે એ પૈસો મને શું ખપ લાગશે? એ વિલાસિની મ્હારે શું કામ આવશે? અરેરે! મ્હારાં ધરડાં માબાપ મ્હારાં દુઃખે મરી જશે! તેમની કોણ સંભાળ લેશે? હાય, હાય! મ્હેં બહુ ખોટું કામ કીધું! હવે મને બહુ પ્રશ્ચાતાપ થાય છે; પણ હવે તે શા કામનો?"

મર પાપી–ભયથી, મોહથી અને શંકાથી, તુ એમ રહી રહીને મર! તુ ભીરુ છે, કાયર છે, પારકી આશે જીવનારો છે. ત્હારામાં ઉધમ કરવાની શક્તિ નથી, ત્હારામાં વિવેક–વિચાર નથી, ધર્મજ્ઞાન નથી, મરણનો ભય તને રાત દિવસ લાગે છે! એ ભયથી જ તુ સદા મરતો રહે! મરણની પહેલાં આવી રીતે તુ રહી રહીને મરજે! આલોક જ ત્હારા પાપનું પ્રાયશ્ચિત છે. પરલોકનું પ્રાયશ્ચિત હજી ત્હારે ભોગવવાનું છે! વખત આવે તે પણ તું ભોગવજે!!

પ્રકરણ ૧૧ મું.

ઉન્માદ !

"અરે, હાય! અંતે પરિણામ આવું જ આવ્યું? મ્હારી બુદ્ધિ વૃત્તિ, મ્હારી યુક્તિ પ્રયુક્તિ, મ્હારા પ્રપંચ, મ્હારા કાવાદાવા, કંઇ કામ ન લાગ્યા? અપમાન, ધિક્કાર અને નિરાશાએ મને ઘેરી લીધો છે! શક્તિહીન બનાવી દીધો છે! મને હવે કંઇ ઉપાય સુઝતો નથી! મ્હારાં પાપો, મ્હારાં અઘોર પાપો; હવે મને સાલે છે! હવે મને ડંખે છે! તેની અસહ્ય વેદનાથી હવે હું અસ્થિર થાઉં છું! ચિત્તભ્રમ જેવો બની જાઉં છું! હાય! ત્યારે શું મ્હારી ઉપર કોઇ છે? શું કોઇ અદ્રશ્ય શક્તિ, મ્હારી ઉપર આધિપત્ય ચલાવે છે? હા; તેમ ન હોય તો આમ કેમ થાય? મ્હારા દરેક પ્રયત્નો નિષ્ફળ કેમ જાય? હાય! પૈસા; જીવનના સારરૂપ માની લીધેલા પૈસા; નિર્દય, ઘાતકી અને પિસાચવૃત્તિ કરાવનારા પૈસા; ત્હેં મને શું સુખી કર્યો?! ત્હારા માટે હું વિશ્વાસઘાતી થયો, એક નિર્દોષ બાળકનો હત્યારો થયો; કૃતધ્ની થયો; પાપી થયો; તે છતાં ત્હેં મને સુખી ન કર્યો! હાય, હાય! હવે હું કયાં જાઉં? કોને કહું? મને અસહ્ય વેદના થાય છે! મ્હારો જીવ જાય છે! અરે! કોઇ આવો! મને બચાવો, બચાવો!!"

મર્માન્તિક વેદનાથી અસ્થિર થઇને તે પૃથ્વીપર પડયો. એટલામાં અચાનક તેના કાનમાં, કોઇ "અર્થ-વિષ" એવા શબ્દો બોલીને ચાલ્યું ગયું! ચિંતાથી ઘેરાયેલો પાપી ચમકી ઉઠયો! "વિષ" શબ્દનો પ્રતિધ્વનિ તેનું અંતર ચીરીને બહાર નીકળ્યો! આખું વિશ્વ

તેને વિષમય ભાસવા લાગ્યું ! પાપી પોતાની મેળે બોલી ઉઠયો; "હાય! મને કોઇ ઝેર દઇને મારી નાંખશે ત્યારે ?"

નિર્જન સમુદ્ર કાંઠાપર પડયો પડયો, પાપી આવી રીતે પશ્ચાતાપ કરે છે! અંધારી રાત હતી. આકાશ વાદળાંઓથી ઘેરાયેલું હતું. પાપીનું હૃદયાકાશ પણ તેવાં જ કાળાં વાદળાંઓથી છવાયેલું હતું. નિરાશા, દુરાશા, અવસાદ અને આત્મ ગ્લાનિથી, તેનું માથું ફરી ગયું હતું ! વેરભાવથી એક નિષ્કલંક આત્માને, વેસ્યાઓથી કલંકિત કરવા તે ઉશ્કેરાયો, પણ તેમાં તે નિષ્ફળ નીવડયો; અને પોતાને સર્પદંશમાંથી ઉગારી તે મહાત્માએ, સામો અપકાર પર ઉપકાર કીધો !—એ બીના તેને શલ્યની પેઠે સાલવા લાગી ! તે શૂન્યવાદી હતો, નાસ્તિક હતો, નિર્દય પ્રકૃતિનો હતો, પણ વારંવારની નિષ્ફળતાએ તેને એકદમ ચિત્તભ્રમ બનાવી દીધો.

જેને પોતાની જાતપર વિશ્વાસ નથી, એવો અવિશ્વાસી, મહાપાપી હવે આખા વિશ્વને અવિશ્વાસની નજરે જોવા લાગ્યો ! એ અવિશ્વાસ તો તેનો સદાનો હતો. પણ હમણાં અવસ્થાભેદે અને જુદા જુદા બનાવોએ, તેણે મોટું રૂપ ધારણ કીધું ! અને તેથી જ પાપીના અંતરમાં ઘડી ઘડી આ પ્રશ્ન થયા કરતો હતો, "હાય ! મને કોઇ ઝેર દઇને મારી નાંખશે ત્યારે ?"

વિના કારણ સાધુ પ્રતિ અત્યાચાર–તે પરમયોગીના યોગભંગ માટે અતિ નીચ ઉપાયનું અવલંબન—અરે; ધર્મ શું આવો અત્યાચાર સહન કરે ? વળી પોતાના આશ્રયદાતા–પ્રતિપાળક શેઠનું, સર્વસ્વ લૂંટી લેવાને માટે, તેના એકના એક પૌત્રને વિષદાન–એ મહાપાપોના પ્રાયશ્ચિતોનો હવે આરંભ કેમ ન થાય ? તેથી જ તેનું માથું ફરી ગયું. જે માથાને માટે તે મગરુર હતો. તે માથું બગડી ગયું ! તેને ભયે બ્હીકે, અને શંકાએ ઘેરી લીધો !

"આ કોઇ આવ્યું! આ કોઇ મને પકડે છે! આ કોઇ મને ઝેર ખવડાવે છે! ઓ: ઝેર—ઝેર—જ્યાં ત્યાં હું ઝેર જોઉં છું!!" પાપીનું અંતર ચીરી તેમાંથી ઘડી ઘડી આવી ધ્વનિ નીકળવા લાગી!

પરમહંસની પાસેથી ગયા પછી, પેલી વેસ્યાઓએ, તેને ગાળો દઇને, માર મારીને તેની પાસે જે કંઇ હતું તે બધું લૂટી લીધું! તેની કીંમતી ઘડિયાળ, છેડો, હીરાની વાટી અને મનીબેગ સૌ તેમણે લઈ લીધું; અને તેને સમુદ્ર કાંઠે એકલો મૂકીને, તેઓ ચાલી ગઇ. વેસ્યાઓએ તો તેને સમુદ્રમાં ફેંકી દેવાનો વિચાર કીધો હતો. પણ તેના સોબતીઓની એવી હિંમત ચાલી નહિ! તે એકલો હતો. ચાર પાંચ માણસ આગળ તે શું કરી શકે? અપમાન અને આત્મ ગ્લાનિથી, તે કેવળ મરણપ્રાય બની ગયો હતો. એટલે મુંગે મ્હોડે આ બધું તેણે સહન કીધું! પણ પાછળથી તે આત્મ ધિક્કારથી ઉન્માદ ગ્રસ્ત બની ચકિતભાવે પોતાની મેળે બોલી ઉઠયો; "ઓ ઝેર ઝેર!—મને કોઇ ઝેર ખવડાવે છે!"

અંધારી રાત,—માથા ઉપર અનંત આકાશ,—સામું વિશાળ સમુદ્ર,—કયાં જવું? શું કરવું? એના વિચારમાં પાપી ઉઠયો અને જ્યાં પગ લઇ જાય, ત્યાં તેણે જવા માંડયું!

એટલામાં પવનનું તોફાન થયું. જોતજોતામાં તે બહુ વધી ગયું, સમુદ્ર પણ તેથી ડોલવા લાગ્યો. થોડીવારે મુસળધારે વરસાદ પડયો. ગંભીર ગર્જના થવા લાગી. વિજળીઓ ચમકવા લાગી! પ્રકૃતિએ ભીષણ સંહાર મૂર્તિ ધારણ કરી!!

દુર્ભાગી ઉન્માદ, સમુદ્ર કાંઠે ચાલ્યો જાય છે. થોડી દૂર ચાલ્યા પછી તે દુઃખથી, શોકથી, અવસ બની ગયો. તે ઉભો રહીને વિચારવા લાગ્યો, "સમુદ્રમાં પડીને મ્હારા જીવનો અંત આણું?" પાછો વિચાર ફરી ગયો. "ના એમ એકદમ આપઘાત કરવો નહિ!—

જોઇએ હવે શું થાય છે? ઓઃ ઝેર–ઝેર!—આ પાણીમાં પણ ઝેર જણાય છે!!"

સમુદ્રે પણ તેને સ્થાન આપ્યું નહિ. તેથી જણાય છે કે, પાપીને હજુ વધારે દુઃખ ભોગવવાનું છે! તેમ ન હોત તો તેને આવા અસહ્ય દુઃખમાં, જીવવાની ઇચ્છા થાત નહિ! તે ધીરે ધીરે ચાલ્યો જાય છે, એવામાં તેને દૂરથી દીવાનું અજવાળું જણાયું. આશામાં ને આશામાં અંધારામાં અથડાતો, લથડીઆ ખાતો, જે દીશામાંથી, અજવાળું આવતું હતું, તે દીશામાં પાપી જવા લાગ્યો! માથાપર મુસળધાર વરસાદ પડતો હતો, અને ગંભીર મેઘ ગર્જનાની સાથે વિજળીના ચમકારા થતા હતા! વરસાદથી તેનાં પહેરેલાં લુગડાં પલળી ગયાં હતાં, ભૂખ અને દુઃખથી તેનામાં ચાલવાની શક્તિ નહતી, તો પણ તે ધીરે ધીરે ચાલવા લાગ્યો! માનસિક દુઃખે પીડાતાં આ પ્રેતનું, તેની તરફ ધ્યાન નહતું. કારણ કે અંતરનાં દુઃખ આગળ, તેને બહારનાં દુઃખો દુઃખ તરીકે જણાતાં નહતાં!

અંતે તે એક બંગલા આગળ આવી પહોંચ્યો. બંગલો એકાંત હતો. આજુબાજુ વસ્તીનું નામ નહતું. આ બંગલાની બારીમાંથી જ તેને દીવાનું અજવાળું જણાયું હતું! કંઇ આશ્રય મળશે, એવી આશાએ દુર્ભાગી ઉન્માદ, બંગલાના કમ્પાંઉમાં પેઠો અને ઓટલા આગળ આવીને ઉભો રહ્યો!

ઓટલાપર ખાટલો પાથરી દ્વારવાન સૂતો હતો. એટલામાં વિજળીનો ચમકારો થયો અને તેની સાથે તે જાગ્યો, પોતાની સામું એક મનુષ્ય મૂર્તિ જોઇને તે ચમકીને બોલી ઉઠયો, "કૌન હયરે?"

મૂર્તિ મૌન ભાવે ઉભી રહી! દરવાનજી ફરી હિંમત લાવીને બોલ્યા, "તુમ આદમી, ચોરના કોઇ ડાકુ હય?"

તો પણ ઉત્તર નહિ! લાચારીએ ભૈયાજીએ ફાનસ ચેતાવ્યું.

હાથમાં ફાનસ લઇ નીચે ઉતર્યા વિના, ઓટલાપર ઉભા ઉભા તેમણે જોયું કે, એ મૂર્તિ કોણ છે?

પણ તે મૂર્તિને જોતાં જ ભૈયો ચમક્યો, વિસ્મિત થયો અને મનમાં ને મનમાં બોલી ઉઠયો; "અરે, રામ, રામ! મેરે આંખમેં કેયા પરદા આ ગયા હય, જો ખુદ અપને શેઠકો નાહીં પયછાન શકતા?" પછી તે પ્રકાશપણે બોલ્યો, "હજુર! શેઠ સાહબ! માફ કરો!!" એમ કહી તેણે બે ચાર સલામો નીચા વળી વળીને કરી!

ધનુભાઇએ પોતાના ભૈયાને ઓળખ્યો. "તમે અહિયાં કયાંથી? શું મ્હારા ત્યાંથી તમે નીકળી ગયા છો?"

ભૈયાજી બોલ્યા; "શેઠજી! મેં આપકા નીમક પરવર્દા ગોલામ હું! આપકે કદમોં પર મેંને સારી જીંદગાની બસર કી હય–ઔર કરૂંગા!!"

"ત્યારે તમે અહિયા કેમ? આ બંગલામાં કોણ રહે છે?" ધનુભાઇએ આશ્ચર્ય પામીને પૂછ્યું.

ભૈયાજી ગભરાયા, કંઇ વિચારમાં પડી ગયા; અંતે બોલ્યા; "શેઠાનીને યહ બંગલા કીરાયે રખ્ખા હય!"

"તે ક્યાં છે?"

"ઉપરમેં."

"બીજું કોણ છે?"

"એ રામ–ધરમ રાખે?—જુઠા બાત હમ નાહીં બોલેંગા!" એટલું મનમાં લવી, ભૈયાજી બોલી ઉઠયા, "ડાકટર સાબ—આપકા દોસ્ત!"

એ શબ્દો સાંભળતાંની સાથે, જાણે પાપીના માથાપર વજ્રપાત થયો! તે કંઇ પણ બોલ્યા વિના એકદમ ઉપર ગયો.

પ્રકરણ ૧૨ મું.

ગુપ્ત પ્રેમનું પરિણામ.

ઉપર જઇને તેણે જોયું તો, તેને તેનાં કૃત કર્મનાં ફળ હાથો હાથ ફળ્યાં હોય એમ જણાયું! ડૉકટર અને તેની સ્ત્રી, સ્ત્રી પુરુષની પેઠે એક બીજાનામાં સૂતાં છે, અને નાના પ્રકારના રસાલાપ કરે છે. એક પળમાં તે સમજી ગયો કે, કેવળ બુદ્ધિબળ અને પારકું વિત્ત હરણ કરવાની કુશલતા, એ માણસની ઉન્નતિનાં ખરેખરાં સાધન નથી. પણ તેની અંદર બીજું કંઇ છે. ઉપર પણ એક જણ વસે છે, જે સર્વની ગતિ વિધી જોયાં કરે છે!

છેક રહી રહીને આજે એ વાતનો તેને વિચાર થયો! “હાય! તેની તરફ નાસ્તિકપણું દેખાડી, મ્હેં મ્હારા હાથે, મ્હારો નાશ કર્યો છે!” પરંતુ તેનો એ પ્રશ્ચાતાપ વ્યર્થ હતો અને તેનો આવો અનુ-તાપ પણ નિષ્ફળ હતો! આખી જીંદગી કૃષ્ણના દ્વેશી બની, કૃષ્ણના જીવને વીના કારણ પીડી, કૃષ્ટની વખતે, “હા, કૃષ્ણ—હા, કૃષ્ણ!” કરવાથી, કંઈ કૃષ્ણની કરુણા થાય નહિ!

અચાનક મૂર્તિમાન યમને સન્મુખ જોતાં, દેહીને જેવો ભય ઉપજે, તેવો ભય ધનુભાઇને અચાનક જોતાં ડૉકટરને ઉપજ્યો! વિ-લાસિનીને પણ તેમ થયું. પરંતુ ડૉકટરની તુલના આગળ તેનો ભય નહિ જેવો હતો. દુર્ભાગી ડૉકટર મૂળથી જ ભીરુ હતો. તેને મરવાનો ભય સૌથી વધારે હતો; તેથી ધનુભાઇરૂપી કાલાન્તક યમને પોતાની સામું જોઇ, તેણે પલંગમાંથી છલંગ મારી અને એકદમ ઓરડાની બહાર નીકળી ગયો! આજુબાજુ કંઈ પણ જોયા વિના તે વહેલો વહેલો દાદર ઉતર્યો અને જીવ લઇને નાઠો! આ વખતે પણ પ્રકૃતિની

પહેલાંના જેવી જ ભીષણ સંહાર મૂર્તિ હતી; વૃષ્ટિ પણ તેવી જ મુસળ ધારે પડતી હતી.

પતિના પાપની સાથી, ભ્રષ્ટા વિલાસિનીએ, આમાંનું કંઈ પણ કર્યું નહિ! અચાનક પોતાના પતિને જોઇ, તેને લજ્જા અને ભય ઉપજ્યો ખરો; પણ ડૅાકટરની પેઠે તેને પ્રાણનો ભય ન હતો! તેથી તે છાની માની નીચી નજરે બીછાનામાં બેશી રહી!

પોતાના હાથે પોતાનો વિનાશ કરી, પાછળથી પ્રશ્ચાતાપ કરતો ધનુભાઇ, થોડી વાર સ્તબ્ધપણે ઉભો રહ્યો. શું કરવું? શું કહેવું? એ તેને કંઈ સમજાયું નહિ! કારણકે બાહ્ય પ્રકૃતિની સાથે તેની અંતર પ્રકૃતિમાં પણ અત્યારે તુમુલ સંગ્રામ થતું હતું. અને તેથી તે અવ-સન્ન બની ગયો હતો! આવી સ્થિતિમાં ક્રોધ ક્યાંથી ઉપજે?

ક્રોધ ઉપજ્યો નહિ, પણ દુઃખ ઉપજ્યું. અતિ ભયંકર, પ્રાણ-ધાતી દુઃખ ઉપજ્યું. એ દુઃખથી તે ભાંગી પડયો! અરેરે, દુર્ભાગી જે તરફ જુવે છે, તે તરફ તેની નષ્ટ બુદ્ધિના પરિણામ જણાય છે! હવે તેને સમજાયું કે, કર્મ ફળ તે આનું નામ! કરણી તેવી પાર ઉતરણી તે આજ! હવે તેની ખાત્રી થઇ કે, ધર્મ છે, પરમેશ્વર છે, પાપપુણ્ય છે, કંઈ પણ મીથ્યા નથી. મીથ્યા છે કેવળ, આત્મ શક્તિનું અભિમાન અને અસત્ય આચરણ!

તેથી એક વાર–કેવળ એક વાર–અતિ મ્લાન દ્રષ્ટિએ, વ્યભિ-ચારિણી પત્નીને જોઇને તે બોલ્યો, “ વિલાસિની! ત્હેં શા દુઃખે મને ભૂલી જઇને, એ નીચને ત્હારા હ્રદયમાં સ્થાન આપ્યું?!”

વિલાસિની બોલી નહિ. ધનુભાઇ પાછો બોલ્યો. “ શા દોષે મ્હારો ત્યાગ કરીને, તું મ્હારે આધારે જીવનારા–મ્હારા એક ગુલામ જેવા–માણસના પ્રેમમાં પડી?”

આ વખતે પણ તે કંઇ બોલી નહિ. તોપણ તે ન જુવે તેમ નજર ઉંચી કરી તેણે પોતાના પતિને એક વાર ધ્યાન દઇને જોઇ લીધો ! જોતાં તેની ખાત્રી થઇ કે, તેનામાં ઉન્મત્તપણાનાં પૂર્વ લક્ષણો છે, તોપણ એ ઉન્મત્તપણાની ઉગ્ર મૂર્તિ નથી ! તેનો સ્વર પણ એ-વી જ શાખ પુરતો હતો !

ધનુભાઇ પાછો વ્યથિત અંતઃકરણે બોલ્યો, "હાય ! તું શા માટે મહાપાપમાં પડી ? શા માટે ત્હેં પતિની સાથે વિશ્વાસઘાત કર્યો ?"

આ વખતે પાપિણી બોલી. બોલવાનો અવસર હાથ લાગવાથી તે બોલી; પતિના તીરસ્કાર વાક્યોથી, તેની લજ્જા અને ભય ભાંગી જવાથી તે બોલી;—

"મહાપાપ ? વિશ્વાસઘાત ? કેમ, મ્હારી આખી જીંદગીમાં એ શબ્દો તો, મ્હેં તમારા મ્હોંડે કદી સાંભળ્યા નથી ! તમે મને જે પ્રમાણે શીખવ્યું, તે પ્રમાણે હુ શીખી ! એમાં મ્હારો દોષ નથી !"

ધનુ૦—મ્હેં શું પરપુરુષની સાથે, તને વ્યભિચાર કરવાનું શીખવ્યું હતુ ?

વિલા૦—વ્યભિચાર ? એ પણ તમારે મ્હોંડે, હુ આજે નવું જ સાંભળું છું ! તમે તો સતિત્વને માનતા નહતા; અને મને પણ માનવાને ના પાડતા હતા ને ?

ધનુ૦—તેથી શું આવી રીતે કુળને કલંક લગાડયું ? બાપદા-દાની આબરુપર પાણી ફેરવવું ?

વાતે વાત વધી. વ્યભિચારિણી નિર્ભયપણે બોલી.

"જુઓ, સાંભળો, ગુસ્સો કરશો નહિ. તમે તો કુળને માનતા નહતા. હા–માન આબરુને માનતા હતા–પણ તમે તો ઘણીવાર મને કહેતા હતા કે, પૈસાથી જ માન આબરુ છે ! પૈસા વિના કંઇ નથી !

દુનિયામાં પૈસાથી જ બધું આવી મળે છે! તે પૈસા તો તમને મળ્યા ને? હવે શા માટે માન આબરુની તમે બ્હીક રાખો છો?"

પાપી પાતએ અત્યંત દુઃખથી પોતાનું કપાળ કૂટયું! "હાઃ ધર્મ! મ્હારી સ્ત્રીના મ્હોડે, મ્હારે આવાં શબ્દો સાંભળવાનો વખત આવ્યો?"

આ વખતે વિલાસિની સ્પષ્ટપણે બોલી, "તમે ધર્મનું નામ કદી પણ મ્હોંડે લાવશો નહિ! એક રીતે તમે જ મ્હારા સ્ત્રી ધર્મનો નાશ કર્યો છે! ડૉકટર તો નીમીત્ત માત્ર છે! તમે મને નહોતા કહેતા કે, સુખ જ મનુષ્ય જીવનનું એક માત્ર લક્ષ્ય છે! આત્મ પ્રતિષ્ટા જ મનુષ્યનો મોટામાં મોટો ગુણ છે! પૈસામાં જ સૌનો સાર સમાયેલો છે! અને ધર્મ એ તો મૂર્ખ માણસનો લવારો છે! કોની શીખવણીએ મ્હેં મારી જાત વટાળી? કોના કહેવાથી એક ધાર્મિક હિંદુ સ્ત્રી થઇને, મ્હેં ન ખાવાનું ખાધું અને ન પીવાનું પીધું? પરપુરુષની સાથે નિર્લજ્જપણે હસવું, બહુરૂપીના વેશે જ્યાં ત્યાં ફરવું, એ બધું મને કોણે શીખવ્યું? તમે નહોતા કહેતા કે, રતનલાલને પ્રેમ-જાળમાં ફસાવ્યા વિના, મ્હારું કામ થશે નહિ, મને પૈસો મળશે નહિ; અને પેલા છોકરાને ઝેર દઇને મારી નાંખવાની સુગમતા થશે નહિ!–"

"ઓઃ ઓઃ ઓઃ!–" એમ બોલતાં, બોલતાં, પાપી પતિ તે જ ઠેકાણે બેસી ગયો! તે કર્કશ સ્વરે બોલ્યો, "ઝેર–ઝેર–તે ઝેરે જ મ્હારો નાશ કર્યો છે! મને પણ કોઇ ઝેર દઇને મારી નાંખશે!!"

વિલાસિની બોલી, "તમને તો કોઈ ઝેર દઈને નહિ મારે, પણ તમારી કેળવણી પામીને હું તો એક ઝેરી સાંપણ જેવી બની ગઇ છું! અરેરે! કુલટાને પણ ધર્મ છે; પણ મને નથી! હિંદુ સ્ત્રી

થઇને–તમે મને દારૂ પીતાં શીખવી. એ દારૂએ મને મસ્ત બનાવી દીધી છે. અને એ મસ્તપણુાથી મ્હેં મ્હારો અમૂલ્ય નિધિ નષ્ટ કર્યો છે!—ડાકટરનો કંઇ દોષ નથી!”

“હાય! ઈશ્વર!!” કહી હતભાગી સ્વામી અત્યંત દુઃખથી તરફડીઆ ખાવા લાગ્યો!

વિલાસિની એકદમ ક્રોધથી બોલી, “ઇશ્વરનું નામ તમે શા માટે લો છો? એ નામ લેવાનો તમને શું અધિકાર છે? આખી જીંદગીમાં તમે કદી પણ એ નામ લીધું નથી! કદાચ કોઇ એ નામ લેતું, તો તેની તમે મશ્કરી કરતા હતા! “ઇશ્વર–એ તો દુર્બળ મનની શાંત્વના છે. ધર્મ અજ્ઞાનીઓનું અવલંબન છે. પાપપુણ્ય વિકૃત મસ્તિકની કલ્પના છે.” એવું એવું કહીને તમે જ મ્હારો આલોક ને પરલોક બગાડયો છે! તેથી જ તમારી સ્ત્રી થઇને હું વ્યભિચારિણી બની છું, પરપુરૂષના પ્રેમમાં પડી છું! તમારી કુળવણીએ મને ભોગ વિલાસમાં મત્ત બનાવી દીધી છે! તેણે જ મને ભયંકર પાપમાં ડૂબાવી દીધી છે! હવે મને શું કહો છો? શું પૂછો છો?”

આ વખતે પાપી ધનુભાઈ ઉઠીને ઉભો થયો, અતિ દ્રઢપણે તે બોલ્યો, “મ્હારા કર્મનાં ફળ મને મળ્યાં છે! મ્હારા પાપનો મને બહુ પશ્ચાતાપ થાય છે! હવે મોંત વિના મ્હારો છુટકો નથી–કહે મ્હારું મોંત કેવી રીતે થાય?”

“મોંત? તે ત્હારા જેવા પાપીને, એકદમ ભેટવાનું નથી!” અચાનક જાણે કોઇ ધનુભાઇના કાનમાં આવા શબ્દો કહીને હસ્તું હસ્તું ચાલ્યું ગયું!

ધનુભાઇ ચમકયો. ધ્રુજતા શરીરે તે બહાર આકાશ તરફ જોઇ રહ્યો. પણ તેને કંઇ જણાયું નહિ! કેવળ પ્રકૃત્તિની ભીષણ સંહાર મૂર્તિ તેના જોવામાં આવી! હજુ પણ મુસળધારે વરસાદ પડતો હતો!

ત્યારે તેના કાનમાં આવું કોણ કહી ગયું હશે?—નિર્જન સમુદ્ર કાંઠે પણ એક વખત તેણે આવી જ રીતે, "અર્થ–વિષ" એવી ધ્વનિ સાંભળી હતી! એ શું અદ્રશ્યની મહાવાણી હશે, કે એ મહાપાપીની અંતરની પાપચિંતાની સ્પષ્ટ પ્રતિધ્વનિ હશે? કોઇ કહી શકે, કે એ શું હશે!

ગમે તેમ હોય, પણ પાપી તે વખતે ઉઠયો અને ધીરે ધીરે ત્યાંથી તેણે ચાલવા માંડયું. એ જોઇ વિલાસિની બોલી, "કયાં જાઓ છો? આવી અંધારી રાત્રે, વરસાદમાં કંઇ જશો નહિ. અહિયાં સૂઈ રહો!"

"ના; ઝેર!–ઝેર!–તું મને ઝેર દઈને મારી નાંખવાની ગોઠવણ કરે છે—તે હું સમજી ગયો! ના; તે હું ખાવાનો નથી! આ જો; હું તો ચાલ્યો! હાઃ હાઃ હાઃ—"

હસતો હસતો પાપી પ્રાણભયે નાઠો! મુસળધાર વૃષ્ટિ માથાપર વહન કરી તે મુઠ્ઠીઓ વાળીને નાઠો! આ વખતે તેનામાં ખરેખરાં ઉન્માદનાં લક્ષણો જોવામાં આવ્યાં.

વિલાસિની આ બધું જોઇ, સાંભળીને સ્તંભિત બની ગઇ; આર્દ્ર બની ગઇ. પણ રડી શકી નહિ. પાપિણીનું હૃદય શુષ્ક હતું. આંખમાં આંસુ આવે કેવી રીતે?

એટલામાં પવનનું મોટું તોફાન થયું. મુસળધારે વરસાદ તો વરસતો હતો. પણ મેઘની ગર્જનાથી, વિજળીના ચમકારાથી, દશે દીશા કાંપવા લાગી! પાપિણીની પાપચિંતા પૂરી થતાં ન થતામાં તે બંગલો જે ઘણાં વરસનો જુનો બાંધેલો હતો, અને બહુ જીર્ણ બની ગયો હતો—તે બંગલો વરસાદ અને પવનના આવા તોફાનથી એકદમ બેશી ગયો! અને તેની સાથે આ મહાપાપિણી પણ જીવતી દટાઇ ગઇ!!

દ્વારવાને, પવન અને વરસાદની ગતિ જોઇ-અથવા પોતાના શેઠને અચાનક અહિયાં આવેલો જોઇ-ખૂન અને મારામારી થવાની બ્હીકે-પહેલાંથી જ તેણે એ સ્થાનનો ત્યાગ કરી, માળીની ઓરડીમાં આશ્રય લીધો હતો. તેનો આત્મા નિષ્પાપ હતો, એટલે આવા ભયંકર આપઘાતે તેનો પ્રાણ શા માટે જાય ?

પણ ડૉકટરનું શું થયું? તે પાપી પ્રાણ ભયે ન્હાશી જેમ તેમ બાગની બહાર આવ્યો. પણ એ સ્થાને તેને નિરાપદ ન લાગ્યું. વખતે અહિયા આવીને ધનુભાઇ તેને ગોળીથી મારે ત્યારે ?

તે મોટા રસ્તાપર આવ્યો. ત્યાં આગળ એક મોટું વડનું ઝાડ હતું તેની નીચે તે બેઠો. તોપણ ભય તો જેમને તેમ જ રહ્યો! વખતે અહિયા આવીને પણ ધનુભાઇ તેને ગોળીથી મારે ત્યારે ?

પરંતુ માણસની ગોળી, આવા મહાપાપીને પુરતી નહિ ગણી, તે દંડમંડના ધણી, ભયંકર વજ્રરૂપે તેની સન્મુખ આવિર્ભુત થયાં! પળમાં તેની આંખોપર અને મનપર અંધકાર પથરાવી, તેનો અન્તરાત્મા, ચાકત, સ્તંભિત અને કંપિત બનાવી, પેલા વીશાળ વડના ઝાડ ઉપરથી તેના માથાપર પડયાં!! એક પળમાં તેનો પ્રાણ લઇ ત્યાંથી તેઓ અન્તર્હિત થયાં અને અન્ય મૂર્તિ ધારણ કરી, વળી કોઇ પુણ્યાત્માને બચાવવાને માટે પ્રસ્તુત બની ગયાં !

બીજે દિવસે આ ભયંકર અકસ્માત, મુંબઇના વર્તમાનપત્રોમાં જુદી જુદી રીતે લોકોના વાંચવામાં આવ્યો !

પ્રકરણ ૧૩ મું.

વિષ–વ્યાધી !

બે મહા પાપનાં મહા પ્રાયશ્ચિતો. પ્રકૃતિના કઠીન હસ્તથી જુદાં જુદાં બે ભાવે સંપન્ન થયાં. હવે બધાનું મુળ–અતિ ભીષણ ધર્મદ્રોહી મહાપાપ અવશેષ છે ! તે પાપનું પ્રાયશ્ચિત શું ? દીર્ઘકાળ વ્યાપી–માનસિક તુષાનળ ! તેથી જ કરાળ કાળસર્પના દંશનથી તેનું મૃત્યુ થયું નહિ !–અતિ ભીષણ વૃષ્ટિથી, વાયુના પ્રચંડ તોફાનથી પણ તે બચી ગયો ! તે રહી રહીને ધીરે ધીરે બળશે; પણ એકદમ ભસ્મીભૂત થશે નહિ ! કારણકે પ્રકૃતિનો એવો જ નિદેશ જણાય છે ! તે એકી વખતે ધર્મદ્રોહી, ઇશ્વરદ્રોહી, સમાજદ્રોહી, જ્ઞાન પાપી છે;—તેનાં અનુષ્ટિત મહાપાપનું પ્રાયશ્ચિત, એમ એકદમ સંપન્ન થઈ શકશે નહિ ! તેણે કોઈના મ્હોંડેથી, અથવા આત્મ–હૃદયની પ્રતિધ્વનિ રૂપ મનની ભાષાથી, સાંભળ્યું હતું કે, “ મોત ત્હારા જેવા પાપીને એકદમ ભેટવાનું નથી ! ” તે વાત ખરી જ હતી !

ખરેખર, એ મહાપાપીનાં મહાપાપની સીમા નથી ! “ પાપને માટે જે પાપ કરે તે પાપી છે. પણ જે પોતે જ પાપ છે, પાપમાં જ જે પચેલો છે; તેને પાપી કહી શકાય નહિ ! ત્યારે તે કોણ ? મૂર્તિમાન–સેતાન !

એ સેતાને પોતાને હાથે, જે બે શિષ્યો મુંડયા હતા, તેઓ પોતપોતાનાં કર્મફળ ભોગવીને ચાલ્યાં ગયાં ! હવે તેમના ગુરુને કેવાં ફળ ભોગવવાં પડે છે, તે ભગવાન્ જાણે !

હતભાગીના મનમાં વિષે વાસ કર્યો હતો. તેથી તે ઇશ્વરને માનતો નહતો, પાપ પુણ્યને ગણતો નહોતો, તે કેવળ પૈસાને માનતો

હતો અને તેને જ સૌને સાર ગણુતો હતો! એ પૈસાને માટે તેણે પોતાના મનનું વિષ—એક નિર્દોષ બાળકના મુખમાં રેડયું અને પોતાના શિષ્ય અને સાથીરૂપ બે વ્યક્તિને એ વિષ-મંત્રથી દિક્ષિત કર્યાં ! તેઓ બન્ને જણાં પૈસાચિક ભોગવિલાસમાં એકદમ અંધ બની ગયાં. અને પોતપોતાના કર્મ પ્રમાણે, ફળ ભોગવી આ સંસારમાંથી સદાને માટે વિદાય થઇ ગયાં!

પરંતુ જે આ વિષ-મંત્રનો આપનાર છે, અને જેનાં કુટીલ કૃત્યોથી આવું અનીષ્ટ બનવા પામ્યું છે, તેનો તેના બે સાથીઓ જેવો, સહજ પ્રાયશ્ચિતથી છુટકો કરવાની પ્રભુની ઇચ્છા નહતી ! તેથી જ તેનું અંતઃકરણ વિષમય બની ગયું. તે આખા વિશ્વ બ્રહ્માંડમાં વિષની પ્રતિ છબી જોવા લાગ્યો ! વળી છેલ્લે છેલ્લે તે નર પ્રેત, પરમહંસ બ્રહ્માનંદ સ્વામી જેવા મહાપુરુષને પણ, વેસ્યારૂપી વિષ દાન દેવાને તૈયાર થયો ! પરમ ન્યાયી જગત્પિતા, તેના આવા અઘોર પાપોના પ્રમાણુમાં શીક્ષા કર્યા વિના શું રહે તેમ છે ?

ના; તેથી જ પહેલાં તેનું માથું ભમી ગયું. વિષ રૂપી મનની વ્યાધિ, તેના માથામાં સમાઇ ગઇ. જે માથું ઉંચકી તે વારંવાર કહેતો હતો કે, પરમેશ્વર નથી, ધર્મ નથી, પાપ પુણ્ય નથી, સૌ મિથ્યા છે; તેજ માથાની અંદર એ વિષ-વ્યાધિએ પ્રવેશ કીધો ! તેનું માથું ફરી ગયું અને એ મહા વ્યાધિને લીધે તે પોતે પોતાનો અવિશ્વાસ કરવા લાગ્યો, પોતે પોતાના શ્વાસ પ્રશ્વાસથી ચમકવા લાગ્યો, અને પોતે પોતાની ચિંતામાં ચલિત થવા લાગ્યો ! "આ ઝેર !—આ ઝેર !—મને કોઇ ઝેર ખવડાવે છે ! "

આવી અવસ્થામાં તે રસ્તામાં રખડવા લાગ્યો. તેણે અનેક કાળાં ધોળાં કરી મેળવેલો પૈસો, લોકો લૂંટી ગયા. તે ઘરબાર વિનાનો બની ગયો. તેને ખાવા પીવાનું કે બે ઘડી નીરાંતે બેસવાનું ઠેકાણું

નહતું. તે આખો દિવસ આમતેમ રખડતો અને રાત્રે થાકીને કોઈના ઓટલાપર સૂઈ રહેતો હતો! કદી તેને ભૂખ લાગતી, તો કોઇને ત્યાં જઇને ખાવાનું માંગતો. દયા લાવી કોઇ ખાવાનું આપતું તો, તે 'આમાં ઝેર છે!' એમ કહીને ખાધા વિના ન્હાશી જતો! કોઈ તેને ગાંડો કહીને ઉપેક્ષા કરતું ત્યારે તે કહેતો હતો કે, "ત્હારા મ્હોડાંમાં ઝેર પડે! તું મને ગાંડો કહે છે? મને ગાંડો સમજીને ઝેર ખવડાવે છે?"

વખતે કોઈ તેનું ઓળખીતું અથવા સગુંવહાલું, હેતથી તેને ઘેર તેડી જતું અને ઉત્તમ રીતે પીરસીને તેને ખાવા બેસાડતું; તો તે હા; હા; કરીને હશીને ઉઠી જતો. અને તે વખતે તેમને તે કહેતો કે, "તમે મને ઝેર ખવડાવો છો? ના; હું ખાવાનો નથી!" એમ કહીને તે ત્યાંથી ન્હાશી જતો હતો!

કદી આવી રીતે કોઈ ઓળખીતા માણુસના આગ્રહથી, તે તેના ઘેર જતો, તો તેને જે કંઈ ખાવાનું આપવામાં આવતું, તેને તે હાથ પણ અડકાડતો નહિ! પણ ઘરનાં નાનાં નાનાં છોકરાંઓ ખાવા બેઠાં હોય, અને તેમના ભાણામાં એઠું પડયું હોય તો, તેમાંથી તે બે ચાર કોળીઆ વહેલો વહેલો ખાઇ લેતો હતો! કારણ કે તે પોતાના મનમાં એમ સમજતો હતો કે, "છોકરાંઓને માબાપ ઝેર આપે નહિ!" પરંતુ જો ઘરધણી તેને તેજ થાળીમાં બીજું ખાવાનું પીરસે તો તે ખાવાનું બંધ કરતો; "ના; હવે હું નહિ ખાઉં! નક્કી તમે આમાં ઝેર ભેરવ્યું છે!"

દુર્ભાગીની પાસે થોડા ઘણા પૈસા હતા, તેમાંથી કેટલાક તેણે જાણી જોઇને ફેંકી દીધા હતા; અને બાકીના કેટલાક ચોર અને બદમાસોએ તેની પાસેથી લૂંટી લીધા હતા! હવે તેની પાસે પૈસામાં કેવળ એક બે રુપિયા હતા, જ્યારે બહુ ભૂખ લાગતી, ત્યારે તેમાંથી તે કંઇ વેચાતું લઇને ખાતો હતો!

પરંતુ કેવાં દુર્ભાગ્ય! પોતાને હાથે ખરીદેલી ખાવાની વસ્તુ, પણ તેનાથી ખવાતી નહતી! કોઇ ખાવાની વસ્તુ વેચાતી લઇને, ખાતી વખતે તેને વિચાર થતો કે, "દુકાનદારે, કોઇને મારી નાંખવાને માટે આ વસ્તુમાં તો ઝેર નહિ ભેળવ્યું હોય? ના; એ ખાવું નહિ!" તેજ વખતે તે વસ્તુને રસ્તામાં ફેંકીને દુર્ભાગી ન્હાસી જતો. કોઇ દિવસ બહુ ભૂખ લાગે તો, ન છુટકે કંઈ ખાતો; તોપણ તે બહુ બીહી બીહીને ખાતો હતો!

બહુ તરસ લાગી હોય, તરસથી કંઠમાં સોસ પડતો હોય, તાળવું સુકાતું હોય. અને તેથી બોલાતું પણ ન હોય, છતાં તેને કોઇનું પાણી પીવાની હિંમત થતી નહતી! "એ પાણી ઝેરવાળું તો નહિ હોય? મને નહિ અને બીજા કોઇને મારવા માટે, આ ઘરધણીએ પાણીમાં ઝેર નાંખ્યું હશે ત્યારે?" એવા વિચારથી તે પાણી પીધા વિના ન્હાશી જતો! કોઇ દિવસ બહુ તરસ લાગે, ત્યારે નળ ઉપર જઇને પાણી પી આવતો. અંતે તેમાં પણ તેને વહેમ આવ્યો! નળનું પાણી પીવાનું પણ તેણે પડતું મૂક્યું!

પરંતુ હાય! પેટની જ્વાળા જેવી તેવી નથી! ભૂખની આગળ કંઈ ભાન રહેતું નથી! તેથી જ્યાં જમણવાર હોય, અથવા અનાથ અપંગોને કોઇ ધર્માત્મા જમાડતો હોય, ત્યાં તે જઇને ઉભો રહેતો. અને તેમની દેખાદેખી તે પણ પત્રાળી લઇને બેસી જતો! સૌની પેઠે એને પણ પીરસવામાં આવતું; પણ દુર્ભાગી તે ખાતો નહિ. ખાવાનું એમને એમ પડી રહેતું અને તે સૌની સામું ટગર મગર જોયા કરતો! જ્યારે અનાથ અપંગો ખાઇને ચાલ્યા જાય, ત્યારે તેમની બાજમાંથી એઠું ખાઇને તે પોતાની ભૂખ નીવારણ કરતો હતો! કારણ કે, તે પોતાના મનમાં એમ સમજતો હતો, કે "જ્યારે આ લોકો જમી ગયાં છે, ત્યારે એમાં ઝેર નહિ હોય!"

પ્રકરણ ૧૪ મું.

પાપનું પ્રાયશ્ચિત !

આજે માઘી પુર્ણિમા છે. પરમહંસ બ્રહ્માનંદ સ્વામીના, "શાંતિ–નિકેતન" માં આજે મોટો આનંદ ઉત્સવ થઇ રહ્યો છે. અસંખ્ય માણસોના સમાવેશથી ત્યાં એક અપૂર્વ શોભા બની રહી છે. પરમહંસની આજ્ઞા પ્રમાણે, માધવદાસ શેઠે નગરમાં દાંડી પીટાવીને ગરીબ ગરબાંને જમવા બોલાવ્યાં છે. જગદંબાના મંદિરમાં મોટાં મોટાં વાસણોમાં દાળ, ભાત, શાક અને બીજા મીષ્ટાનો રાંધીને તૈયાર મૂકવામાં આવ્યાં છે. આશ્રમની ખુલ્લી જગ્યામાં ગરીબોને બેસાડવામાં આવ્યાં છે. એક એક હારમાં, હજારો લુલા, લંગડા, અનાથ અપંગો પત્રાળી લઇને બેશી ગયાં છે. ઓછામાં ઓછા અઢીસોં હોંશીયાર રસોઇયાઓ, તેમને પીરસવાને માટે તૈયાર થઇને ઉભા છે !

પત્રાળીમાં પીરસાઈ રહ્યું કે, અનાથ અપંગો હરિ ધ્વનિ કરી જમવા બેશી ગયા ! પરમહંસ સહાસ્ય વદને ઉભા ઉભા એ શોભા નીરખવા લાગ્યા. ભક્તજનો તેમની આસપાસ વીંટળાઇને ઉભા રહ્યા. બધા અપંગોએ પ્રીતિપૂર્વક ઉત્તમ રીતે ભોજન કર્યું ! ઓછામાં ઓછા એક લાખ માણસોને જમાડતાં, સવારની સાંજ પડી. એટલે ભક્તવૃંદ માની પ્રસાદી લેવાને માટે બેશી ગયો. તેઓ જમીને હાથ ધોતા હતા, એટલામાં એક રસોઈયાની બૂમ તેમના કાને ગઇ !

" અલ્યા ઓ ગાંડા ! આમ ફાંફાં શું મારે છે ? આ પીરસ્યું છે, તે ખાને ! "

"કેમ શું છે? એને શા માટે હેરાન કરો છો?" પરમહંસ જાતે તે રસોઇયાને પૂછવા લાગ્યાં.

"મહારાજ! એ બેશીને ખાતો નથી. તેમજ પોતાના લુગડામાં ખાવાનું પણ લેતો નથી. એઠાં પત્રાળાં ઉપર એની નજર છે. કાગડા, કુતરાં એઠું ખાય છે, તેમાંથી એ ખાવા જાય છે!"

"વારું, જુવો જોઇએ, એ શું કરે છે? તમે એને કંઇ કહેશો નહિ!"

પરમહંસ તેને જોતા ઉભા રહ્યા. તે ગાંડો પત્રાળીમાં પીરસેલો મહાપ્રસાદ મૂકી, છત્રીસ વર્ણની એંઠી પત્રાળીમાંથી, કાગડા, કુતરાંની પ્રસાદીમાંથી, વીણી વીણીને ખાવા લાગ્યો!

એ જોઇ પરમહંસ પોતાના મનમાં કંઈ હસ્યા, અને પોતાના મનમાં કંઇ રડયા! ત્યાર પછી તેઓ અતિ મધુર કંઠે, અતિ સ્નેહ સ્વરે તેને કહેવા લાગ્યા;

"અરે; બાપુ! તને સારી રીતે પીરસ્યા છતાં, તું કેમ ખાતો નથી; અને આ એંઠી બાજોમાંથી શું કરવા વીણી વીણીને ખાય છે?"

ગાંડાના કાને આ શબ્દો પડતાંની સાથે, તે પરમહંસને ટગર ટગર જોવા લાગ્યો; અને પછી તે હસતો હસતો બોલ્યો, "એ પત્રાળીમાંનું પીરસેલું ખાઇને મ્હારે મરી જવું નથી તો! હં; મને બધી ખબર છે. તમે મને ઝેર દઇને મારી નાંખવાના છો, તે શું હુ જાણુતો નથી? ના, ના; એ હું નહિ ખાઉં! એમાં તો ઝેર છે-ઝેર છે-હિઃ હિઃ હિઃ—હુ તો આજ ખાઇશ!!"

કરુણાના સાગરે–પ્રેમના અવતારે–તેને ઓળખ્યો. હતભાગીને માટે તેમની આંખોમાં આંસુ આવ્યાં! માધવદાસને હાંક પાડી તેઓ તેમને પૂછવા લાગ્યાઃ

"આ માણુસને ઓળખો છો?"

"કોઈ ગાંડા જેવો જણાય છે."

"હા, ગાંડો તો છે. પણ ધ્યાન દઇને જુઓ જોઇએ, એ કોણ છે ?"

"ના, મહારાજ ! મ્હારા ઓળખ્યામાં આવતો નથી !"

"ભવાનીશંકર, તમે ?"

"ના; પ્રભુ ! હું પણ એને ઓળખતો નથી !"

"મનુભાઈ ! તમે ઓળખો છો ?

"ના; મહારાજ ! એ મ્હારી ઓળખાણમાં હોય, એવું મને લાગતું નથી !"

"એ બીજો કોઈ નહિ; પણ તમારો ધનુભાઈ છે ! !"

સઘળા ચમકીને બોલી ઉઠયાઃ

"આ ધનુભાઇ ?—ધનુભાઇની આ દશા ?"

સ્તંભિત અને વિસ્મીત બની, બધાં ધનુભાઇને જોવા લાગ્યાં.

બે ચાર વાર તેમને મ્હોંડે પોતાનું નામ બોલાતું સાંભળી, તે હતભાગી ચમકી ઉઠયો.

"હં; હં; મને ઓળખી કહાડયો–ઓળખી કહાડયો,–હવે મને એ લોકો ઝેર દઇને મારી નાંખશે !–ચાલ, ત્યારે ન્હાશી જાઉં ! ઝેર, ઝેર; ઓઃ ! મને ઝેર ખવડાવીને આ લોકો મારી નાંખવા માંગે છે ! ના, ભાઇ ના;–હું નહિ–હું નહિ–મને કોઈ ઝેર દેશો નહિ !"

એમ બોલતાં બોલતાં, તે ન્હાશી ગયો ! માધવદાસ, ભવાનીશંકર, મનુભાઇ વિગેરે આશ્ચર્ય ચકિત બની પરમહંસ સામું જોઇ રહ્યા !

આ વખતે પરમહંસ માધવદાસ પ્રત્યે બોલ્યાઃ

"માણુસના મારમાં અને પરમેશ્વરના મારમાં, કેટલો બધો ફેર છે, તે જુઓ!"

સ્તંભિત માધવદાસ અધોવદને ઉભા રહ્યા!

પરમહંસ કહેવા લાગ્યા, "તમે તે દિવસ વર્તમાનપત્રમાં, અકસ્માત વિજળી પડવાથી એક માણુસનું અને બંગલો બેસી જવાથી એક બાઈનું મોત થયેલું વાંચતા હતા, તે બીજું કોઇ નહિ, પણ પેલો ડૉકટર અને આ હતભાગીની સ્ત્રી હતી!"

સઘળાં આશ્ચર્ય ચકિત બની ગયાં! અહો? કામિની અને કાંચનનું આ પરિણામ? પરમહંસ સિદ્ધેશ્વર તરફ જોઇને બોલ્યા, "કેમ બાપુ? કામિની-કાંચનનું પરિણામ જોયું? માયાની અદ્ભુત લીલા જોઇ?"

સિદ્ધેશ્વર તે વખતે રોમાંચિત શરીરે બોલી ઉઠયો;

"કામિની જનની-કાંચન બંધન!"

માધવદાસ, ભવાનીશંકર, મનુભાઇ, શિવશંકર, વિગેરે ભક્ત મંડળે એ ધ્વનિની પ્રતિધ્વનિ કરી.

"કામિની જનની—કાંચન બંધન!"

ત્યાર પછી પરમહંસ, ભક્તિથી ગદ્ગદીત કંઠે બોલ્યા:

"હવે તમે બધાં મળી, માની પ્રાર્થના કરો, જેથી મા એ હતભાગીનો ઉદ્ધાર કરે! મા! જગત્ જનની! પ્રસન્ન થાઓ! એનાં પાપ મને આપો! પણ એને ખોળે લો! મા; મા; કરુણામયિ—"

એમ બોલતાં બોલતાં, આ મુક્ત પુરુષ હજારો માણુસની મેદની વચ્ચે સમાધિ પ્રાપ્ત થયા! તે વખતે હજારો કંઠમાંથી, એકી વખતે ગગનભેદી, "મા-મા-" ની ધ્વનિ નીકળી અને તે સ્થાનને તેઓએ અમૃતમય, આનંદધામ જેવું બનાવી દીધું!

પરમહંસ થોડી વારે ઉઠીને બેઠા થયા.

એટલામાં એક ભક્તે, દોડતાં દોડતાં આવી પરમહંસને ખબર કહી.

"પ્રભુ! પ્રભુ! પેલો ગાંડો મરી ગયો! દોડતાં દોડતાં તે અચાનક રસ્તામાં પડયો અને તેની સાથે તેનો જીવ નીકળી ગયો!"

"હાં; ઘણી શુભ ખબર આપી બાપુ! મને બહુ આનંદ થયો! એ મરી નથી ગયો, પણ બચી ગયો! જગત્ જનનીએ એને ખોળે લીધો! માધવદાસ, મનુભાઇ, તમે બધાં ઉઠો; જાઓ, હરિ ધ્વનિ કરતાં એને અગ્નિ સંસ્કાર કરી આવો! એ શત્રુરૂપે આપણાં બધાંનો મિત્ર હતો! તમે એકવાર બધાં હરિ ધ્વનિ કરો!"

એમ કહેતાં કહેતાં, પરમહંસ પોતે હરિ ધ્વનિ કરી ઉઠયા:

તે વખતે હજારો માણસોએ એ મહાધ્વનિની પ્રતિધ્વનિ કરી, આકાશ અને મેદની ગજાવી મૂકી!

પરમહંસ આનંદ પામીને બોલ્યા;

"માધવદાસ! આજે તમારો શ્રમ સાર્થક થયો! જગત્ જનનીએ તમારું અન્ન ગ્રહણ કર્યું! જય; મા સિદ્ધિદાયિની! જય; મા કરુણામયિ!! જય! જય!!"

સમાપ્ત.

વિવેચક.

ઇ. સ. ૧૯૧૩ ના જાન્યુઆરી માસથી આ માસિક બહાર પડયું છે. એમાં ગુજરાતી ભાષાના વિદ્વાન લેખકોના, ધાર્મિક, સાંસારિક, નૈતિક અને સાહિત્યને લગતા લેખો નિયમીતપણે પ્રકટ થાય છે. વારસીક લવાજમ પોસ્ટેજ સહિત દોઢ રૂપિયો. બે આનાની પોસ્ટ ટીકીટ બીડનારને નમુનો મોકલવામાં આવશે.

હીરાભાઇ દાદાભાઇ દેશાઇ.

વ્યવસ્થાપક.

લાછરસ. (ગુજરાત) આર. એસ. રેલ્વે.

સત્સંગ.

સુરતના દુર્વ્યસન નિષેધક, જીવદયા પ્રબોધક અને નીતિ વર્ધક મંડળ તરફથી આ પત્ર મહિનામાં બે વાર પ્રકટ થાય છે. એમાં જીવદયા, ધર્મનીતિ અને દુર્વ્યસન નિષેધને લગતા વિષયો દર વખતે જુદા જુદા વિદ્વાનોના પ્રસિદ્ધ થાય છે. વારસીક લવાજમ એક રૂપિયો પોસ્ટેજ છ આના.

દલપતરામ ઠાકોરરામ ભટ્ટ.

સેતાન ફળીઆ—સુરત.

શા. ધરમચંદ હેમચંદ સરૈયા.

બરાનપુરી ભાગળ સુરત.

અમારે ત્યાં માથામાં નાખવાનાં અનેક પ્રકારનાં ઉત્તમ ખુશબોદાર ફેનસી તેલો, અત્તરો, કોલન વૉટરો, સેંટ, લવન્ડર, તથા માથામાં નાખવાનું ખુશબોદાર ધુપેલતેલ મળે છે. અમારે ત્યાંના તેલો દેશ પરદેશમાં ઘણા જાય છે. અને તે પોતાના ઉત્તમપણાને લીધે વધારે વખણાય છે. એ સિવાય કપડાં રંગવાના દરેક જાતના રંગો, કેસર, કંકુ, ગુલાબજળ, અગરબત્તી, તથા ઉંચું લોબાન અમારે ત્યાં છુટક તેમજ જથાબંધ મળે છે. તથા દરેક જાતના પતંગના તેમજ તાબુતના કાગળો પણ અમારે ત્યાં મોટા જથામાં વેચાય છે. ગ્રાહકોને એકવાર અમારી દુકાનની મૂલાકાત લેવાને માટે ખાસ ભલામણ કરીએ છીએ.